


જૂલે વર્ન



બુલેટ ટ્રેન





સમયની પાર
જોઈ શકતા
લેખકની
વૈજ્ઞાનિક,
રોમાંચક અને
અદ્ભુત કથાઓ

ભાવાનુવાદ
સાધના નાયક દેસાઈ

VISIT…

LANZAROTE Caliente.com



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

'બુલેટ ટ્રેન' એ જૂલે વર્નની વૈજ્ઞાનિક સાહસકથાઓનો સંગ્રહ છે. આ લેખકે આજથી એક સદી પહેલાં કરેલી કલ્પનાઓ આજે વાસ્તવિક બની રહી છે ત્યારે નાનાથી મોટા સૌ વાચકોને આ કથાઓ વાંચવાનો વિસ્મયપ્રેરક ઉત્સાહ જાગે એ સહજ છે.

આ સંચયમાં માત્ર વિજ્ઞાનકથાઓ જ નથી, પણ બ્રહ્માંડમાં અને દરિયાઈ પેટાળમાં જળવાઈ રહેલાં રહસ્યોનો તાગ પામવા એક સામાન્ય માનવી કેવાં કેવાં સાહસો કરે છે તેનું સાહસસૌંદર્ય પ્રગટાવતી સાહસકથાઓ પણ છે.

આજના સમયમાં **'૨૮૮૯ના વર્ષમાં'** ની વાત જ વાચકના વિસ્મય અને કુતૂહલની ક્ષિતિજો ખોલી નાંખે છે! **'આદમના અનુજો'** માં આવતા ડૉ. સાફર અને ડૉ. ઝરટોગના સાહસોની વાત હોય કે કલાકના ૧૮૦૦ કિ.મી.ની ઝડપે દોડતી **'બુલેટ ટ્રેન'** ની રોમાંચક વાત હોય — પ્રત્યેક કથામાં આવતું વૈજ્ઞાનિક રહસ્ય વાચકને છેક સુધી જકડી રાખે તેવી કથાશૈલી જૂલે વર્નની વિશેષતા છે.

આવી તો અનેક કથાઓ આ સંગ્રહમાં છે જે સૌ વાચકોને આંગળી પકડી વૈજ્ઞાનિક સાહસની રોમાંચક સફર કરાવશે.



Join Our Telegram Channel
ForBooks And Magazines
@magazineandbookpdf
टेलेग्राम डाउनलोड करने के बाद सर्च बार में
हमारी चैनल का नाम सर्च करे और जॉइन हो जाइए

બુલેટ ટ્રેન

જૂલે વર્ન

ભાવાનુવાદ: સાધના નાયક દેસાઈ



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ

અર્થબાગ

મુંબઈ ૪૦૦ ૦૦૨

ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'

રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર

અમદાવાદ ૩૮૦ ૦૦૧

ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at: www.rrseth.com

Email: sales@rrseth.com

Bullet Train

Short Stories based on Science

Written by Jules Verne

Translated into Gujarati by Sadhana Naik Desai

Published by R. R. Seth & Co. Pvt. Ltd.

Mumbai ☐ Ahmedabad

2015

EISBN: 978-93-5122-082-4

© અનુવાદનાં: આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. ૨૦૧૧

પ્રકાશક

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

મુંબઇ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Visit us at: www.rrsheth.com

E-mail: sales@rrseth.com

અર્પણ

આ કાર્ય કરવાની ક્ષમતા છે મારી,

મારા કરતાં વધારે વિશ્વાસ હતો તેમને.

મારા પૂજ્ય પિતાશ્રી **દોલતરાય નાયક**

પૂજ્ય માતા શ્રીમતી **સુમતિબહેન નાયકનાં** ચરણોમાં

આ મારું પ્રથમ પુસ્તક સમર્પિત

પ્રસ્તાવના

એક લેખક, એક સ્વપ્નદ્રષ્ટા, એક વૈજ્ઞાનિક, એક ભવિષ્યવેત્તા એવા જૂલે વર્નનું પાર્થિવ શરીર ભલે આજથી ૧૦૫ વર્ષ પહેલાં કાળચક્રમાં વિલીન થઈ ગયું હોય, પરંતુ એક પ્રેરણામૂર્તિ તરીકે તેઓ અનેક શોધકો, વૈજ્ઞાનિકો તથા લેખકોના અંતરમાં તેમ જ કલ્પનામાં જીવંત છે અને એમના વાચકોનો પ્રેમ તેમને અનંતકાળ સુધી જીવંત રાખશે જ એમાં બેમત નથી.

આધુનિક વિજ્ઞાનકથાઓના લેખનની શરૂઆત કરનાર આ મહાન લેખકનો જન્મ ૧૮૨૮ની ૮મી ફેબ્રુઆરીએ ફ્રાન્સમાં થયો હતો. ૧૮૫૮માં માત્ર ૩૦ વર્ષની ઉંમરે તેમની કથાને તે સમયના મોખરાના મૅગેઝિનોમાં સ્થાન મળ્યા બાદ પાછું વળીને જોવાનું રહ્યું જ નહીં. એક પછી એક કૃતિઓ બહાર પડતી ગઈ અને તેઓ જગત આખાના માનીતા લેખક બની ગયા. સપનાંઓ અને કલ્પનાની આંગળી પકડી તેમણે એક નવા યુગની છડી પોકારી, પરંતુ તેમણે વાસ્તવિકતાની ધરતી ક્યારેય છોડી નથી. સપનાંના આ મહાલયોને તેમણે વિજ્ઞાનના સિદ્ધાંતોના મજબૂત પાયા ઉપર ચણ્યા છે એમ કહી શકાય. તેમની પ્રત્યેક કથામાં વાચક પણ એમની સાથે કલ્પનાના તરંગો ઉપર સવાર થઈ એક નવા જ વિશ્વની અદ્‌ભુત યાત્રા કરી લે છે. એમની કોઈ પણ કલ્પના હકીકતથી વેગળી નથી લાગતી, કારણ કે તેમની પ્રત્યેક કલ્પના ગળે ઊતરી જાય તેવી તર્કસંગત દલીલો અને નિયમોની નક્કર ભૂમિ પર ચણાયેલી છે.

તેમણે ફક્ત નવલકથાઓ જ નથી લખી. નાની નાની વાર્તાઓ પણ લખી છે. એનો ખ્યાલ મને તેમનાં પુસ્તકોનું અધ્યયન કરતી વખતે આવ્યો. ૧૮૭૪માં પ્રગટ થયેલી 'ડૉ. ઓક્ષ એક્સપેરીમેન્ટ્સ' અને ૧૯૧૦માં પ્રગટ થયેલી 'યસ્ટરડે ઍન્ડ ટુમોરો' આ બે પુસ્તકોમાં તેમની નાની નાની વાર્તાઓનો સમાવેશ થયેલો છે. તેમની અનેક નવલકથાઓનો ગુજરાતીમાં ભાવાનુવાદ થયો જ છે. મેં મારી પસંદગી તેમની લઘુકથાઓ પર ઉતારી. તેમની આ કથાઓ વાંચતી વખતે મને ખ્યાલ આવ્યો કે જૂલે વર્ને ફક્ત વિજ્ઞાનકથાઓ જ નથી લખી, તેમણે હળવી રમૂજ કથાઓ, આધિભૌતિક કહી શકાય તેવી રહસ્યકથાઓ, સાહસકથાઓ તેમ જ ગંભીર પ્રેમકથાઓ પણ લખી છે. તેમના લેખનના આ પાસાંઓને ઉજાગર કરે એવી નવ કથાઓનો આ કથાસંગ્રહમાં સમાવેશ કર્યો છે. જુદી જુદી વિષયવસ્તુ ધરાવતી નવલિકાઓ વાચકને જૂલે વર્નની જુદી જ દુનિયામાં યાત્રા કરાવશે એવી આશા છે.

ક્યાંક વાંચ્યું હતું કે વર્નના સમયમાં જ ઇંગ્લૅન્ડની પાર્લમેન્ટમાં કેટલાક સભ્યોએ માગણી રજૂ કરી હતી કે વિજ્ઞાનના તમામ ક્ષેત્રોમાં માનવીએ કરેલી નવી નવી શોધોનો હવે અંત આવી ગયો હતો અને હવે નવી કોઈ શોધ કરવાનું ક્ષેત્ર બાકી રહ્યું ન હતું. એવી શોધોને રજિસ્ટર કરવા માટેની પેટન્ટ ઑફિસ અને તે પાછળનો ખર્ચો બિનજરૂરી બની ગયો હતો માટે સરકારે એ ઑફિસ બંધ કરી દેવી જોઈએ, પણ એવી માગણી સ્વીકારાઈ ન હતી. જોકે તે સ્વીકારાઈ હોત તો પણ વિજ્ઞાનની હરણફાળ ઉપર

એની કોઈ જ વિપરીત અસર થઈ ન હોત. વર્નનું અવસાન ૧૯૦૫માં થયું. વીસમી સદીની એ માત્ર શરૂઆત જ હતી.

આપણે જોયું કે વીસમી સદીનો પૂર્વાર્ધ માનવજાત માટે ખૂનખાર યુદ્ધોથી ભરેલો હતો. પ્રથમ વિશ્વયુદ્ધ, રશિયાની બોલ્શેવિક ક્રાન્તિનું યુદ્ધ તથા બીજા વિશ્વયુદ્ધ દરમિયાન દુશ્મનને નેસ્તનાબૂદ કરવા માટે એક એકથી ચડિયાતાં ઘાતક અસ્ત્રશસ્ત્રની શોધોનો એ રિવર્સ ગિયરનો વિકાસ હતો. જેમાં માનવજાતની સુખસગવડ માટે નહીં, પણ વિનાશ માટે જ વિજ્ઞાનનો વિકાસ થયો હતો. એને કારણે માનવીના ખૂનખરાબા વધુ ઝડપી અને સામૂહિક સ્વરૂપના બન્યા હતા. એના ચરમબિંદુ રૂપ અણુબૉમ્બની સર્વભક્ષી ભયાનક સંહારલીલા સાથે એ સદીનો અત્યંત ઘૃણાસ્પદ અને રક્તભીનો પૂર્વાર્ધ પૂરો થયો હતો.

કરોડો માણસોની સામૂહિક હત્યા તથા સંસ્કૃતિ અને સંસ્કારના વિધ્વંશ પછી માનવોને થોડું પણ આત્મજ્ઞાન લાધ્યું હોવાનું આપણે અનુભવ્યું છે. બીજા વિશ્વયુદ્ધના અંત સાથે સામૂહિક સંહારનો યુગ પૂરો થયાનું ગણી શકાય. એ વિનાશની રાખ ઉપર જ વિજ્ઞાને ફરીથી માનવીની સુખસગવડની દિશામાં પ્રગતિ આરંભી હોવાનું ગણી શકાય. જોકે સૂક્ષ્મ સ્વરૂપે લો ઇન્ટેન્સિટી વૉર જેવા ઠંડા યુદ્ધની સ્થિતિ ચાલતી હતી. તેમાં પણ માણસોના મોત નીપજે છે, પણ એ તો માનવીની પ્રકૃતિ છે. માનવીને સામાજિક પ્રાણી કહેવા સાથે તે એક યુદ્ધખોર પ્રાણી છે એમ કહેવું જ પડે તેમ છે. તે સંદર્ભે એમ કહેવાયું છે કે માનવી પોતાના સમાજમાં રહીને પણ પોતાના માનવબંધુઓ સાથે લડતો જ રહેશે અને એવો સંઘર્ષ છેલ્લા બે માણસો રહેશે ત્યાં સુધી અટકશે જ નહીં. એ બે પૈકીના એકનો અંત આણ્યા બાદ બાકી રહેલો છેલ્લો માણસ આપઘાત જ કરશે. એ વિચારે કે હવે એની પાસે લડવા કોઈ માણસ નથી. જોકે અનાદિકાળથી ચાલી આવેલી સંહારલીલા બાદ પણ માનવીની સંખ્યામાં જે રીતે વધારો થઈ રહ્યો છે, તે આધારે એવી શ્રદ્ધા રાખી શકાય કે એવી સ્થિતિ કદી આવશે જ નહીં, પરંતુ માનવીમાં રહેલી યુદ્ધખોર વૃત્તિ એને અન્યો સાથે લડતો તો રાખશે જ. ભગવત્ગીતામાં જણાવ્યા પ્રમાણેના ષડ્રિપુઓ — કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર (ઈર્ષાવૃત્તિ) આ વૃત્તિના પાયામાં રહેલ છે. તેની વિગત અહીં અપ્રસ્તુત છે.

વિજ્ઞાનની પ્રગતિની સાથેસાથે વિનાશનાં પરિબળોમાં પણ થઈ રહેલી વૃદ્ધિથી વર્ન જેવો આર્ષદ્રષ્ટા સભાન હોય જ. તેના પડઘા તેની ઘણી કથાઓમાં જોઈ શકાય છે. એક હજાર વર્ષ પછીની દુનિયાની કલ્પનામાં પણ રાજ્યો-રાજ્યો અને મહાસત્તાઓ વચ્ચે પ્રદેશો અંગેના ક્ષુલ્લક વિવાદને એણે વણી જ લીધા છે. સબમરીન, વિમાનો તેમ જ રૉકેટોની પરિકલ્પનાઓ એના લાભ અને ગેરલાભોનાં વિવિધ પરિણામો સાથે એણે દર્શાવી છે અને તે અંગેની ચિંતા પણ એમણે વ્યક્ત કરી હતી.

માનવીમાં રહેલી અમર્યાદ એષણાઓ અને તેને કોઈ પણ ભોગે હાંસલ કરવા માટે વિજ્ઞાન જેવા અમાપ શક્તિના સ્રોતનો અવિવેકપૂર્ણ ઉપયોગ સમગ્ર માનવજાતનો નાશ કરી શકે છે, એ હકીકત જૂલે વર્ને પોતાની અનેક કથાઓમાં રજૂ કરી હતી.

આ અમર્યાદ એષણાઓ અને તેને માટેનો સંઘર્ષ, આ અસીમ પ્રગતિ અને એ માટે કુદરતને નાથવાની સતત દોડભાગ — ત્યાર બાદ શું? શું માનવી ક્યારેય કુદરતને નાથી શકશે ખરો? આ પ્રશ્ન આવા મહાન ભવિષ્યવેત્તાને ન થયો હોય એ તો કેમ બને? આજના યુગમાં ગ્લોબલ વૉર્મિંગ, ધરતીકંપ,' સુનામી જેવી કુદરતી વિપદાઓ સામે પર્યાવરણવાદીઓ લાલબત્તી ધરી રહ્યા છે ત્યારે સામાન્ય માણસને પણ એ વિચાર આવી જ જાય છે કે આ વૈજ્ઞાનિક પ્રગતિ પછી શું?

પૃથ્વીના પ્રલય અને મહાવિનાશની કથાઓ કોઈ પણ સંસ્કૃતિ માટે નવી નથી. દરેક સંસ્કૃતિમાં મનુની નાવડી તેમ જ નોહાની આર્કની કથાઓ વારંવાર કહેવાતી આવી છે, પરંતુ પ્રલય બાદ શું? નવજીવન? આ જવાબ જેટલો સરળ છે, નવજીવનની શરૂઆત શું એટલી સરળ હોઈ શકે ખરી? વિજ્ઞાનની આટલી પ્રગતિ માનવીને પ્રલયથી બચાવી શકે ખરી? બધું જ નષ્ટ થયા બાદનું નવજીવન કેવું હોઈ શકે? સર્વજ્ઞાતા હોવા છતાં કંઈ પણ ન કરી શકવાની સહદેવ જેવી સ્થિતિથી વધુ દુઃખદાયી પરિસ્થિતિ શી હોઈ શકે? **'આદમના અનુજો (ઈટર્નલ આદમ)'** મોતિયાથી ધૂંધળી બનેલી આંખો સાથેની લગભગ મૃત્યુશૈયા પરથી લખાયેલી જૂલે વર્નની છેલ્લી લાંબી લઘુકથા હતી. આ કથાને વિજ્ઞાનકથા કહેવી કે ખૌફકથા કહેવી તે નિર્ણય વાચકો પર જ છોડવો વધુ યોગ્ય છે. સતત વિજ્ઞાન અને એની મદદથી સધાતી પ્રગતિને અનુમોદન આપતા અને વિકાસની છડી પોકારનારા લેખકની આ કથાનો નિરાશાવાદી અંત વાચકને ડરાવવા માટે પૂરતો છે. માનવીની પ્રગતિને બદલે વિનાશની વાતોનું નિરૂપણ તેમણે આ કથામાં કર્યું છે. અંતિમ અવસ્થામાં માનવીના ભાવિ વિશે શ્રદ્ધા ગુમાવેલી સ્થિતિ છતાં ધર્મમાં આસ્થાને કારણે ટકી શકાયું હતું. તેમણે વિજ્ઞાનના આધારે માનવીના ભાવિ જીવન અંગે કરેલી બધી જ કલ્પનાઓ જ્યારે સાચી પડતી જાય છે, ત્યારે ક્યાંક આ કલ્પના તો સાચી નહીં પડે ને? એવો ડર બની રહે છે.

આકાશમાં ઊડતા વિમાનોની કલ્પના જૂલે વર્ને તેમની અનેક કથાઓમાં કરી છે. આજના આધુનિક હવાઈજહાજો કરતાં પણ વધુ ઝડપી, સગવડભર્યાં વિમાનો તેમ જ તેની સાહસભરી મુસાફરીની વાત તેમણે આલેખી છે, પરંતુ બલૂનયાત્રાની રોમાંચકતાના આકર્ષણથી તેઓ મુક્ત રહી શક્યા નથી. તેઓ બલૂનયાત્રાનો ઇતિહાસ વાચકો સમક્ષ મૂકવા માગતા હતા અને તે માટે તેમણે આ અદ્ભુત કથાનકની મદદ લીધી. **'આકાશી ડ્રામા' (અડ્રામા ઇન ઍર, અ વૉયેજ ઇન બલૂન)** એક ઇતિહાસ કથા છે એમ કહી શકાય. પવન વગરના આકાશમાં ધીરેધીરે ઊડતા બલૂનની જેમ જ શરૂ કરેલી આ કથા ધીરેધીરે વાચકને જકડી લે છે. છેવટે તોફાની પવનમાં સપડાયેલા બલૂનની ગતિને પામે છે. વાર્તાના અંત સુધી રહસ્યમય વાતાવરણ જાળવી રાખ્યું છે, પરંતુ બલૂનના ઇતિહાસને ઉત્તેજનાભરી કથા સાથે વણી લેવામાં તેઓ સફળ નીવડ્યા છે. એક વાર વાંચવાનું શરૂ કર્યા બાદ આ કથાને અધૂરી મૂકી શકાય તેમ નથી.

૨૮૮૯ના વર્ષમાં (ધ ડે ઑફ એન અમેરિકન જર્નાલિસ્ટ ઇન ૨૮૮૯) એક કલ્પના કથા છે અને તેનો એક અજબ ઇતિહાસ છે. આ વાર્તા સૌથી પહેલી વાર અંગ્રેજીમાં પ્રકાશિત થઈ હતી. 'ધ ફોરમ' નામના અમેરિકન સામયિકના ૧૮૮૯ના ફેબ્રુઆરી માસના અંકમાં. પાછળથી એ ઘણા ફેરફારો સાથે ફ્રેન્ચમાં પ્રકાશિત થઈ

હતી. જોકે એના તંત્રીએ જણાવ્યું હતું કે પુનર્પ્રકાશન પહેલાં એમણે 'અંગ્રેજીની મૂળભૂત પ્રત'નો વારંવાર અભ્યાસ કરવો પડ્યો હતો. જૂલે વર્ને આ કથા ૧૮૮૯માં લખી હતી. તેમાં એક હજાર વર્ષ પછીની એટલે કે ૨૮૮૯ના વર્ષ સુધીની માનવ દુનિયાની કલ્પના કરી તેનું શબ્દચિત્ર રજૂ કર્યું હતું. જોકે વર્ન બાદના માત્ર સો કે સવા સો વર્ષમાં માનવજાતે વિજ્ઞાનની મદદથી પોતાને માટે જે સુવિધા અને સગવડો ઊભી કરી છે, તેનાથી તો ખુદ આજનો માનવી પોતે જ આશ્ચર્યચકિત થાય છે. જ્યારે વર્નની કલ્પનાની દુનિયા તો હજી નવસો વર્ષ દૂર છે. વિજ્ઞાનની શોધો અને વિકાસના હવે વરસોવરસના સરવાળા કરવાનું ગણિત સાવ અપૂરતું અને અસંબદ્ધ બની જાય એવી સ્થિતિ છે. એ માટે તો ગુણાકાર જ કરવો પડે એમ છે. વિકાસની ઝડપ જોતાં એમ કહી શકાય કે એવું ગુણાકારનું ગણિત પણ હવે ટૂંકું પડી રહ્યું છે. એ માટે તો ચક્રવૃદ્ધિ વ્યાજની ગણતરી જ લાગુ પાડવી પડે. કલ્પનાઓથી ભરપૂર આ કથામાં લેખકે ઘણી ગંભીર બાબતોને આવરી લીધી છે. જૂલે વર્ને એ સમયના સમાજજીવનમાં કેટલીક બાબતોનું જે નિરીક્ષણ કર્યું હતું, એનું કટાક્ષમય નિરૂપણ આ વાર્તામાં દેખાઈ આવે છે. ભવિષ્યની શોધોનું એમણે કરેલું આલેખન તો સમય પર જ છોડી દેવું યોગ્ય છે, પરંતુ એમને વિદ્યુતની અસીમ શક્તિ પર અપાર ભરોસો હતો. એમના અન્ય એક પુસ્તક 'કાર્પેથિયન કાસલ્સ'માં એમણે 'ટેલિફોટે' શબ્દનો પ્રયોગ કર્યો હતો. છબિઓને વિદ્યુતતારો દ્વારા એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલવાની પ્રક્રિયા માટે જ તેમણે આ શબ્દપ્રયોગ કર્યો હતો. ટેલિફોન પરથી જ આ શબ્દ ઉદ્ભવ્યો છે.

ફ્રેન્ચ વિવેચક એટીને ક્લુઝેલના મતે આ વાર્તામાં દર્શાવેલ ઘણી શોધોના મૂળિયાં વર્નના સમકાલીન આલ્બર્ટ રોબીડા નામની વ્યક્તિ દ્વારા કરેલ આગાહીઓમાં જાય છે. આ બંને લેખકો વચ્ચે વિચારોની આપ-લે કરવાનો મિત્રતાભર્યો સંબંધ રહ્યો હશે એમ કહી શકાય, કારણ કે આલ્બર્ટે રજૂ કરેલો સબમરીનનો વિચાર એણે જૂલે વર્નની "૨૦,૦૦૦ લીગ્સ અંડર ધ સી"માં દર્શાવેલ 'નોટીલસ' સબમરીન પરથી લીધો હોય એમ સાફ જણાઈ આવે છે. આ કથાની કેટલીક નાટકીય ઘટનાઓ મૂળભૂત અંગ્રેજી પ્રતમાંથી બાદ કરી દેવાઈ હતી, કારણ કે વર્નને એવો ડર હતો કે તે સમયના વાચકોને માટે એ વાત ચોંકાવનારી બની રહેશે. જોકે એમની અન્ય એક ટૂંકી વાર્તા **'એન એક્સપ્રેસ ઑફ ધ ફ્યુચર'** પણ વિજ્ઞાનના સિદ્ધાંતોને આધારે ભવિષ્યની આગાહી કરતી સ્વપ્નકથા છે. આજે પણ **બુલેટ ટ્રેનની** જૂલે વર્નની કલ્પના હકીકત બની શકી નથી. વિજ્ઞાનના સિદ્ધાંતોની મદદથી કાબિલેતારીફ ઝડપી મુસાફરી દ્વારા સમયને મ્હાત કરવાના આ કાબિલેતારીફ વિચારને તેમણે આ નાનકડી કથા દ્વારા વહેતો મૂક્યો હતો એમ કહી શકાય. તેમની કલ્પનાઓ ફક્ત હવામાં ફેલાયેલા તરંગો નહીં, પરંતુ વાસ્તવિકતા પર આધારિત (બાબત) હતી. આ કથા એ બાબતને ઉજાગર કરે છે. કથામાં વર્ણવેલ પ્રત્યેક બાબતને તેમણે ઝીણામાં ઝીણી વિગતો સાથે સમજાવી છે.

'ગુનો અને સજા' (ડ્રામા ઇન મેક્સિકો તેમ જ ધ ફર્સ્ટ શિપ્સ ઑફ મૅક્સિકન નેવી) ના નામે પ્રકાશિત થયેલી આ કથા ગુનેગાર અને તેમને થયેલી સજાનું દિલધડક વૃત્તાંત છે. નિર્દોષને મારનારા ક્યારેય બચી શકતા નથી એવો કવિન્યાય આ કથાનો મુખ્ય સૂર છે, એમ કહી શકાય. આ વાર્તાની પશ્ચાદ્ભૂમિમાં મેક્સિકો, સ્પેન અને

અમેરિકા વચ્ચેની તે સમયની રાજકીય તેમ જ યુદ્ધકીય પરિસ્થિતિને તેમણે વણી લીધી છે. નાયકના દર્દનાક મૃત્યુ બાદ, ખલનાયકો સામે બદલો લેવાની આ કથાને વધુ ડરામણી બનાવવા જૂલે વર્ને અકુપુલ્કોના ટાપુઓથી મેક્સિકો જતાં વચ્ચે આવતી દુર્ગમ અને બિહામણી પર્વતશ્રેણી, ત્યાંનું વિષમ હવામાન, તે પ્રદેશમાં વસવાટ કરતી વૈવિધ્યસભર વસતીનો તથા જ્વાળામુખી જેવા કુદરતી પરિબળોનો આશરો લીધો છે.

૧૮૮૬માં પ્રથમ વાર **ફ્રીટ-ફ્લેકના** નામે પ્રકાશિત **ડૉ. ટ્રિફ્લગસ — એક અજીબોગરીબ કથા (ડૉ. ટ્રિફ્લગસ — અ ફેન્ટાસ્ટીક ટેલ)** એક આધિભૌતિક કહી શકાય તેવી કથા છે. આધુનિક સમયમાં લખાતી એબ્સર્ડ વાર્તાઓની કોટીમાં મૂકી શકાય તેવી છે. ધનની લાલસા માનવીને ક્યારેક અમાનવીય અને ક્રૂર બનાવી દેતી હોય છે. સારા-નરસાનો ભેદ ભૂલી માનવી વિદ્યા જેવી અમૂલ્ય ભેટનો ઉપયોગ પણ ફક્ત ધન ઉપાર્જન માટે જ કરે, તો કુદરતે જ એનો ન્યાય કરવો પડે છે. ધન પાછળની આંધળી દોટ માણસના આત્માને એવી રીતે કચડી નાખે છે કે માનવી પોતાની જાતને પણ ઓળખી શકતો નથી. આ કુદરતના ન્યાયની કથા છે, પરંતુ **'કેદી નં. ૨૨૨૪' (ધ ફેઇટ ઑફ જીન મોરેનાસ)** શીર્ષક ધરાવતી એક પક્ષીપ્રેમની કથામાં ક્યાંય કુદરતનો ન્યાય દેખાતો નથી. બિનશરતી બલિદાન એ પ્રેમની પહેલી શરત છે. કથાનો પ્રવાહ એટલો જોરદાર અને રસપ્રદ રીતે આગળ વધે છે કે છેવટ સુધી વાચક તેના તાણાવાણામાં જકડાયેલો રહે છે.

'અશિકારીની શિકારકથા' (ટેન આવર્સ હન્ટિંગ) ૧૮૮૬માં અને **'જીલ બ્રાલ્ટર'** ૧૮૮૭માં લખાયેલી આ બંને કંઈક અંશે હળવી અથવા તો રમૂજી કહી શકાય એવી કથાઓ છે. કામના અતિશય ભારણને કારણે જૂલે વર્નની તબિયત નાદુરસ્ત રહેતી હતી. તેમના પિતરાઈ જ્યોર્જીસ તેમના માટે ચિંતિત રહેતા હતા. જૂલે વર્નને આરામ મળી રહે તે હેતુથી તેમણે એમને શિકાર પર આમંત્રિત કર્યા હતા. વર્ને જવાબ વાળ્યો હતો કે, "તમને તો ખબર જ છે કે મારા જીવનમાં શિકારના નામે મેં ફક્ત જેન્ડાર્મીસ(ફ્રેન્ચ પોલીસ)ની ટોપીને જ ઉડાવી હતી. હું આ વાતને ત્યાંથી આગળ વધારવા નથી માગતો." આ જેન્ડાર્મીસની ટોપીની ઘટના સાચી છે કે નહીં, તે તો ખબર નથી, પરંતુ આ નાનકડી વાર્તાની પ્રેરણા કદાચ એમાંથી જ મળી હશે. હળવાશના મૂડમાં લખાયેલી આ કથા વાચકને પણ હળવા બનાવી દે તેવી છે. તો જીલ બ્રાલ્ટર કંઈક વિચિત્ર કહી શકાય એવી વસ્તુકથા સાથે પ્રગટ થયેલી તેમની છેલ્લી વાર્તાઓમાંની એક છે. એનું મૂળ શીર્ષક "લે ચેમીન ડે ફ્રાન્સ" હતું અને ૧૮૮૭માં પ્રગટ થઈ હતી. એનો અનુવાદ "ફેન્ટસી ઍન્ડ સાયન્સ ફિક્શન"માં પ્રકાશિત થયો હતો ત્યાર બાદ અમેરિકન વાર્તાસંગ્રહ, "ધ બેસ્ટ ફ્રોમ ફેન્ટસી ઍન્ડ સાયન્સ ફિક્શન"માં પણ આ વાર્તાને સ્થાન મળ્યું. આ વાર્તાસંગ્રહના આઠમા પુસ્તકનું સંપાદન એન્થની બુચરે કર્યું હતું. જૂલે વર્ન આમ તો બ્રિટિશરોના ચાહક હતા, પરંતુ એ દેશના વિસ્તારવા અંગે એમને અણગમો હતો. ખાસ કરીને જીબ્રાલ્ટરનો બ્રિટિશ સામ્રાજ્યમાં સમાવેશ પરત્વે એમને રોષ હતો, પરંતુ એ સત્યને તેઓ નકારી શકે તેમ ન હતા, તેથી જ કદાચ આ હાસ્યકથાના સહારે તેમણે ગ્રેટ બ્રિટનની મજાક ઉડાવવા પ્રયાસ કર્યો છે.

આ ભાવાનુવાદ હું કરી શકીશ, એવા વિશ્વાસ સાથે મારાં પૂ. માતાપિતાએ મને સતત પ્રેરણા આપી છે. તેમની પ્રેરણા તેમ જ માર્ગદર્શન વિના આ ક્ષેત્રે પદાર્પણ શક્ય બન્યું ન હોત. તેમનાં અમૂલ્ય સૂચનોએ મારામાં આત્મવિશ્વાસ જગાડ્યો છે. હું ઈશ્વરની આભારી છું, મને આવાં માતાપિતા આપવા બદલ. મારી દીકરી અદિતિ દેસાઈએ મને સતત આ કાર્ય સાથે જોડેલી રાખી, આ કાર્ય પૂર્ણ કરવાનું મનોબળ પૂરું પાડ્યું છે. પ્રત્યેક વાર્તાની શરૂઆતમાં કથાનકને અનુરૂપ પંક્તિઓ મૂકેલી છે. મારી દીકરી શચી દેસાઈએ આ પંક્તિઓ લખી આપી છે, તેનું પણ સાહિત્ય ક્ષેત્રે આ નાનકડું ડગલું છે. મારી બંને દીકરીઓનો આભાર હું માનું એટલો ઓછો છે. મારા પતિ શ્રી ભૂપેન્દ્રકુમાર દેસાઈનો મારા પ્રત્યેક કાર્યમાં અવિરત સાથ રહ્યો છે. હું તેમની પણ આભારી છું. લેખનની અદ્ભુત દુનિયામાં આ નાનકડા પુસ્તક દ્વારા પદાર્પણ કરવામાં નિમિત્ત બનવા માટે આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ. પ્રકાશનગૃહના ચિંતનભાઈ શેઠ પરિવારની પણ હું આભારી છું.

આશા છે, મારા આ પ્રયાસને જૂલે વર્નના ચાહકો તરફથી ઉમળકાભર્યો પ્રતિસાદ મળશે.

સાધના નાયક દેસાઈ

૦૧, ઇશાવાસ્યમ્, ફ્લૅટ્સ

૪૭, 'પ્રતાપગંજ, વડોદરા

મો. ૯૪૨૭૫ ૦૬૭૪૭

E-mail: desai_sadhana@yahoo.co.in

અનુક્રમણિકા

MAGAZINE AND BOOK PDF

Join Our Telegram Channel
ForBooks And Magazines
@magazineandbookpdf

टेलीग्राम डाउनलोड करने के बाद सर्च बार में
हमारी चैनल का नाम सर्च करे और जॉइन हो जाइए

જે ધરતી છે જીવનનો આધાર

તે જ આપે ક્યારેક પડકાર

હે મનુષ્ય, ભલે તું કરે અપાર પ્રગતિ

વિજ્ઞાન કરે અપ્રતિમ ગતિ

પરંતુ

તારી આ દોડ, આ બદલાવ કયાં સુધી?

હું નહી બદલાઉં ત્યાં સુધી!

(૧)

આદમના અનુજો

ડૉ. ઝરટોગ સાફર! અહીની ભાષામાં એનું પૂરું નામ હતું, ઝરટોગ સાફર — આઈ — સર, એટલે કે સાફર કબિલાની એકસો એકમી પેઢીના ત્રીજા પુરુષ પ્રતિનિધિ.

આ મહાશય ડૉ. ઝરટોગ સાફર અત્યારે ઢળતી બપોરના સમયે પોતાના શહેર બાસિદ્રાના રાજમાર્ગ ઉપર ધીમી ગતિએ ચાલતા ચાલતા પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા. બાસિદ્રાનગર હાર્સ-ઇટેન-શૂ એટલે કે ચાર મહાસાગરોની વચ્ચે આવેલા, પૃથ્વી પરના એકમાત્ર સામ્રાજ્યની રાજધાની.

હા, પૃથ્વી એટલે ચાર મહાસાગરો અને તેની વચ્ચે આવેલો એકમાત્ર વિશાળ ભૂખંડ અને એના ઉપરની માનવવસતી, બસ એટલું જ!

આ ચાર મહાસાગરો એટલે એ જ ભાષાના શબ્દો પ્રમાણે 'ટુબેલોન' એટલે ઉત્તર સાગર, 'ઇથોન', એટલે દક્ષિણ સાગર અને 'સ્પોન' તથા 'મેરોન' એટલે પૂર્વ અને પશ્ચિમના સાગરો. એ સાગરો વચ્ચે આવેલો માત્ર એક અને અખંડ ટાપુ તે હાર્સ-ઇટેન સાહુ, એની ઉપર વસેલી પ્રજાનો દેશ એટલે મહાર્ટ-ઇટેન-શૂ.

આ ખંડની વિશાળતાનો અંદાજ તો એના અક્ષાંશ અને રેખાંશના આંકડાઓ જ આપી શકે! ૧૪° પૂર્વ અને ૭૨° પશ્ચિમ રેખાંશો તથા ૫૪° ઉત્તર અને ૫૫° દક્ષિણના અક્ષાંશો વચ્ચેનો મહાકાય ભૂભાગ (ઉત્તરમાં બર્લિનથી દક્ષિણના કેપહૉર્ન સુધી લંબાયેલા મહાખંડની ધરતી). આ ખંડની ભૂમિને બાદ કરતાં પૃથ્વીના બાકીના સમગ્ર ભાગ ઉપર મહાસાગરોનું આવરણ છે. આ ઘૂઘવતા મહાસાગરોની વચ્ચે આવેલો એકમાત્ર ભૂખંડ. એક કાંઠેથી સીધી લીટીમાં હંકારવામાં આવેલું જહાજ એ સ્થળની બરાબર સામેની બાજુએ વિના રોકટોક પહોંચી જાય. મહાસાગરોના ખારા પાણી એ મહાખંડના ઊંચા

ખડકાળ કિનારાને અહર્નિશ પખાળતા આવેલા. પૃથ્વીને પાટે આ એકમાત્ર ભૂભાગ સિવાય અન્ય કોઈ પણ છૂટો ભાગ કે ટાપુ જણાયો ન હતો.

સ્પોન-શૂ એટલે કે પૂર્વ સાગરને કિનારે આવેલું આ બાસિદ્રાનગર વિષુવવૃત્તની નજીક ૨૦° ઉત્તર અક્ષાંશ ઉપર હતું. એના ઉનાળાના મધ્યાહ્ન બાદના સૂરજની બળબળતી ગરમીથી ડૉ. ઝરટોગ સાફ્ર પરસેવાથી રેબઝેબ અને થાકેલા હતા. એમની ચાલ ધીમી પડી ગઈ હતી. જોકે આજની એમની ધીમી ચાલ માટે થાક કે દાહક ગરમી ઉપરાંત પણ એક વધારાનું કારણ હતું. એમના જેવા વિદ્વાન પુરુષની બુદ્ધિશક્તિ પણ જવાબ શોધવામાં ટૂંકી પડે એવો એક કોયડો વિદ્વાનોની સભામાં આજે રજૂ થયો હતો.

ચાર સાગરો વચ્ચેના આ હાર્સ-ઇટેન-શૂ સામ્રાજ્યના ૧૯૫મા સ્થાપના દિવસનો એ સમારોહ હતો. સામ્રાજ્યના ખૂણેખૂણેથી આવેલા અનેક પંડિતો આ સમારોહના માનવંતા મહેમાનો હતા. સૌએ સામ્રાજ્યના ઉજ્જવળ ભાવિ સંબંધમાં વિદ્વતાપૂર્ણ વિધાનો રજૂ કર્યાં હતાં. એક પ્રખર વક્તા તરીકે એ સમારોહમાં ડૉ. ઝરટોગનું ઘણું માનભર્યું સ્થાન હતું. સમારોહનું સમાપન તો રાબેતા મુજબનું જ હતું. જેમાં હાર્સ-ઇટેન-શૂના આ મહાન દેશને પ્રગતિની ટોચે પહોંચાડનાર આ દેશના બારમા સમ્રાટ મોગર-સીની દીર્ઘદૃષ્ટિભરી કાર્યપદ્ધતિની ભૂરીભૂરી પ્રશંસાથી જ થયું હતું. જણાવાયું હતું કે આ મહાન પ્રજાનાયકને લીધે જ આ રાષ્ટ્રને આજની ભવ્યતા સાંપડી હતી અને રાષ્ટ્ર વધુ ઉજ્જવળ ભાવિ તરફ હરણફાળ ભરી રહ્યું હતું.

વિદ્વાન વક્તાઓના વક્તવ્યો પણ અભ્યાસપૂર્ણ હતાં, પરંતુ મુખ્ય મુદ્દો તો હજારો વર્ષોના લોહિયાળ જંગો અને અનિશ્ચિત ભૂતકાળને પાછળ છોડીને જીવનના પ્રત્યેક ક્ષેત્રે પૂર્ણતાએ પહોંચેલી આજની પ્રજાના ભાવિ અંગેનો હતો. બધી રીતે વિકસિત આ સંસ્કૃતિની અને માનવીની વધુ ને વધુ પ્રગતિની વાતો સૌ કરી રહ્યા હતા, પરંતુ ડૉ. ઝરટોગ કંઈક બીજી જ બાબત અંગે વિચારી રહ્યા હતા. એક અજીબ પ્રશ્ન એમને સતાવી રહ્યો હતો. એ પ્રશ્ન અનુત્તર જ હતો. એ મૂંઝવતા પ્રશ્નનો જવાબ કઈ રીતે મેળવવો એ અંગે એ વિચારી રહ્યા હતા. એનો ઉત્તર શોધવા માટે પૃથ્વીના એકમાત્ર ભૂખંડ પર વસેલા માનવીના અનાદિકાળથી આદિ અને મધ્યયુગના સમયના ઇતિહાસ ઉપર સંશોધન કરવાનું એમને જરૂરી લાગ્યું હતું. એમને આશા હતી કે એ રીતે જ એમને મૂંઝવી રહેલા પ્રશ્નનો જવાબ મળી શકશે. એમનો આ પ્રશ્ન, આ વિચાર સાવ અકારણ પણ ન હતો. એ પ્રશ્ન હતો — માનવીની અતિવિકસિત આજની સ્થિતિનું ભાવિ શું?

મહાર્ટ-ઇટેન-સાહુ એટલે કે ચાર મહાસાગરોની વચ્ચે આવેલા આ મહાખંડ ઉપર હજારો વર્ષ પૂર્વે સાવ જંગલી અને પ્રાથમિક અવસ્થામાં માણસો વસતા હતા. એ માનવોને એકબીજા વિશે પણ કદાચ કોઈ માહિતી ન હતી. આજના અહીંના સમાજમાં પ્રવર્તમાન કેટલીક રૂઢિઓ અને માન્યતાઓનાં મૂળ હજારો વર્ષના અંધકારઘેરા એ યુગના માનવ વ્યવહારોમાં રહેલા હોવાનું મનાતું હતું.

એનાથી પણ આગળના સમયમાં જો કોઈ માનવ સમુદાયનું અસ્તિત્વ હોય તો, તેઓ કેવા હતા? એમણે શું કર્યું હતું અને પોતાની પાછળ છોડેલી વિકાસની કેડીઓનું શું થયું હતું? તે તમામ બાબતો એવા એ અતિપુરાણા ઇતિહાસના અભેદ્ય પડદા પાછળ ઢંકાયેલી જ રહી હતી. એની કોઈ પણ પ્રકારની છાપ પ્રકૃતિના તત્ત્વો પર પણ અંકિત થઈ શકી ન હતી. હવે એ વિશે આગળ તર્ક દોડાવીએ તો પણ કેવી રીતે? ઇતિહાસના કોઈ બનાવના ઝાંખા પ્રકાશનું એક કિરણ પણ એ અંધારઘેરા સમય સુધી પહોંચી શક્યું ન હતું.

આવા અનાદિકાળ પછી આવેલો ઇતિહાસ પણ કોઈ સળંગસૂત્રી વિકાસનો ન હતો. જે કાંઈ જાણી કે સમજી શકાયું હતું, તે એટલું જ હતું કે એમાં કેવળ લોહિયાળ સંઘર્ષ જ હતો. શરૂઆતમાં એ સંઘર્ષ વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે હતો. એમાંથી વિજયી બનેલા માણસોએ પોતાનાં કુટુંબો રચ્યાં. એક પુરુષે એક સ્ત્રીને જીતીને બનાવેલા કુટુંબમાં તેમનાં સંતાનોનો પણ સમાવેશ થતો હતો. આ કુટુંબો પોતાના અસ્તિત્વ માટે અન્ય કુટુંબો સાથે સંઘર્ષમાં આવવા લાગ્યાં. ત્યાર બાદ અનેક કુટુંબોના બનેલા નાનામોટા સમાજો કે જાતિઓ વચ્ચે પણ સદીઓ અને સહસ્રાબ્દી સુધી સંઘર્ષ વિસ્તરતો જ રહ્યો. અન્ય ઉપર કેવળ બળના આધારે આધિપત્ય જમાવવાની એ રક્તરંજિત ગાથા હતી. એનો સમયાવધિ લગભગ આઠેક હજાર વર્ષનો મૂકી શકાયો હતો.

આ લોહિયાળ સમય બાદ બીજો યુગ શરૂ થયો હોવાનો પુરાવો મળ્યો હતો. તેમાં માનવીની બુદ્ધિશક્તિ અને સ્મરણશક્તિ કંઈક વધુ તેજ બન્યાં હતાં. આમ છતાં આ યુગમાં પણ ભૂમિગત વાસ્તવિકતા ભિન્ન ન હતી. રૂઢિઓ, પ્રણાલિઓ, દંતકથાઓ કે પુરાણકથાઓ ઉપર આધારિત એનો ઇતિહાસ હતો. જેની સ્મૃતિ માણસને રહેતી હતી અને સ્મૃતિઓ દ્વારા જ એ જીવિત રહ્યો હતો. સંઘર્ષ અને યુદ્ધોની બાબતમાં પ્રથમ યુગની સરખામણીમાં આ બીજા યુગની સ્થિતિ કોઈ પણ રીતે સારી ગણી શકાય તેવી ન હતી.

ત્યાર બાદ શરૂ થયો હતો ૬૦૦ વર્ષનો ત્રીજો યુગ. જે લગભગ ૨૦૦ વર્ષ પૂર્વે જ પૂરો થયો હતો. તે પણ કોઈ રીતે ગર્વ લેવા જેવો ન હતો. એ સમગ્ર સમાજ પણ જાણે કે લોહીતરસ્યા સૈન્યોનો જ બનેલો હતો. એકબીજાને તાબેદાર બનાવવા, તે ન થાય તો તેનો નાશ કરવા કૃતનિશ્ચયી સરદારો અને તેમના સૈન્યોએ આ મહાર્ટ-ઇટેન-શૂની ધરતી ફરતેના ચારે મહાસાગરોનાં પાણીને લોહીના લાલ રંગે રંગી દીધું હતું.

આમ છતાં ૨૦૦ વર્ષ અગાઉ પૂરા થયેલા એ યુગના અંત ભાગમાં બળવાન લોકોએ પોતાની સર્વોપરિતા સ્થાપી હતી. એમનાં શસ્ત્રોના ભયથી એમના પગ નીચે દબાયેલાઓ માટે અન્ય કોઈ વિકલ્પ ન હતો. એ રીતે ઉપરથી લદાયેલી શાંતિ, સેંકડો નહીં, પણ હજારો વર્ષોની લોહિયાળ લડાઈઓને અંતે આવી હતી. જેના પરિણામે ત્રણ રાષ્ટ્રો બન્યાં હોવાનું જણાયું હતું.

ચાર સાગરોની વચ્ચેની એકમાત્ર ધરતીના આ ત્રણ રાજ્યો પણ શાંતિથી રહી શકે તેમ ન હતું. એ ત્રીજા યુગના અંત સુધીમાં મહાર્ટ-ઇટેન-શૂ પ્રદેશની મધ્યમાં

આવેલા એન્ડાર્ટી-હાઇ-સામગોર એટલે કે પિત્તળ જેવાં પીળા ચહેરાવાળી નિષ્ઠુર પ્રજાએ બંને બાજુના પ્રદેશો પર પોતાનું આધિપત્ય સ્થાપી દીધું. દક્ષિણના ભાગે રહેતા એન્ડાર્ટી-મહાર્ટ-હોરીસ એટલે કે બરફના પ્રદેશના નિવાસીઓ તેમ જ ઉત્તર અને પશ્ચિમ પ્રદેશના એન્ડાર્ટી-મીતા-પિસુલ એટલે કે સ્થિર તારકના દેશના નિવાસીઓને પણ તેમણે જીતી લીધા હતા.

પિત્તળ જેવા પીળા ચહેરાવાળી એ પ્રજાએ જીતાયેલી પ્રજામાં ઊઠેલા વિરોધને ક્રૂરતાથી કચડી દીધો હતો અને એ રીતે છેલ્લાં ૧૯૫ વર્ષોથી આ પૃથ્વી ઉપર માત્ર એક જ મોટું કહી શકાય એવું રાષ્ટ્ર રચાયું હતું. જેનું નામ અન્ડાર્ટી-ઇટેન-શૂ હતું. વિરોધનો અંત આવતાં સંઘર્ષોનું સમાપન થયું, અને અહીંની પ્રજાનો યુદ્ધમુક્ત શાંતિનો યુગ શરૂ થયો હતો.

ચોથા યુગમાં હવે આ એક જ સામ્રાજ્યની આણ પ્રવર્તતી હતી. બાસિદ્રા એની રાજધાની હતી. રાજકીય એકતા સાથે ધીમેધીમે ભિન્નભિન્ન જાતિઓ વચ્ચે પણ સુમેળ સધાતો ગયો. પીળા મુખવાળાઓ, બરફસ્તાનીઓ કે અચળ તારકની પ્રજાનો સ્વતંત્ર રીતનો ઉલ્લેખ હવે ભૂતકાળની વાત બની ગઈ હતી.

પરંતુ હવે શું? અહીંની હવામાં એક નવા જ પ્રકારના યુગનાં પગરણ મંડાયા હોય તે રીતના નવા જ વિચારોનો અણસાર વિદ્વાનો અનુભવી રહ્યા હતા. કોઈ કહી શકે તેમ ન હતું કે આવી વિચારસરણીનું ઉદ્ભવસ્થાન ક્યાં હતું? પરંતુ કેટલાક પંડિતોનું મંતવ્ય હતું કે પ્રજાની ભાષામાં જ કેટલાક એવા શબ્દોનો અનાયાસ જ વપરાશ શરૂ થયો હતો કે જેમાં એ અતિ પુરાણા કાળની સ્મૃતિઓ જાણે કે તાજી થઈ રહી હતી. પ્રજામાં જેનો ઉપયોગ શરૂ થયો હતો એવા ગતિશીલતા, પ્રેમ, નજીકપણું તથા રાષ્ટ્રીયતા જેવા શબ્દો અગાઉ કદી પણ ઉપયોગમાં લેવાયા ન હતા. આ પ્રકારની નવીન વિચારસરણીને અનુરૂપ હોઈ શકે એવા નવા જ માહોલની જરૂર પડે એવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું હતું.

ઉદ્ભવનાં સમાન મૂળિયાં, બાહ્ય દેખાવ, નૈતિક વલણ, પરસ્પરનું હિત અને ક્યારેક તો કોઈ પ્રાદેશિક કે હવામાન ઉપર આધારિત જુદા જુદા સમૂહો સ્વયંભૂ રીતે રચાઈ રહ્યા હોય તેવી અનુભૂતિ થવા લાગી હતી. તેના વધતા વિસ્તાર સાથે તેમની ખાસિયત અને લાક્ષણિકતાઓના સંદર્ભમાં એવા સમૂહો વધુ બોલકા બન્યા હતા. જાણે કે અસંતોષે તેમનામાં સ્થાન લીધું હતું.

આ પ્રકારનો ઉજાગર અને ઉગ્ર બની રહેલો ઉત્ક્રાંતિવાદ આ પ્રજાને ક્યાં લઈ જશે? હજારો વર્ષના યુદ્ધો બાદ માંડમાંડ રચી શકાયેલી એકતા શું ખરેખર વેરવિખેર થઈ જશે? મહાર્ટ-ઇટેન-શૂ જેવો દેશ વળી પાછો વિભાજનની પ્રક્રિયા તરફ પાછો વળશે? હાલની એકત્વની સ્થિતિ સુધી આવવા માટે અગાઉનાં હજારો વર્ષ સુધી ચાલેલા મહાવિનાશક હત્યાકાંડો થયા હતા. શું આ દેશ ફરી પાછો એ સમયમાં પાછો જશે? આ દેશ ફરીથી મૃતશરીરોની સ્મશાનભૂમિ બની જશે? અંધકારમય ભાવિની ભવિષ્યવાણી ભાખતા આ ભયંકર વિચારને વિસારે પાડવા ડૉ. સાફરે પોતાના માથાને એક ઝાટકો આપ્યો. ખરેખર શું બનવાનું છે, તે તેઓ પોતે કે અન્ય કોઈ જાણી શકે એમ ન હતું. એ

સ્થિતિમાં આવા તરંગી વિચારને આધારે અત્યારે મગજને તંગ કરવાની કોઈ જરૂર તેમને લાગી નહીં.

સમાપ્ત થયેલા એ સમારોહ દરમિયાનની ચર્ચાને અને તેના સમાપનને સૌએ આનંદથી વધાવી લીધા હતા. ત્યાર બાદની આજની ચર્ચામાં પણ રાજી થવા માટેનાં કારણો ઓછાં ન હતાં. મહાર્ટ-ઇટેન-શૂ રાષ્ટ્રના ઇતિહાસના મૂળમાં ઊંડા ઊતરીને આજદિન સુધી એમણે ઉઠાવેલી ભારે જહેમતને પરિણામે તેઓ ચોક્કસ નિષ્કર્ષ પર આવ્યા હતા. એમણે વિકસાવેલી વિચારધારા અને તેને અનુરૂપ વિકાસનો સિલસિલાબંધ ઇતિહાસ વિદ્વાન શ્રોતાઓ સમક્ષ રજૂ કર્યો હતો. શરૂઆતના આદિ-અનાદિ યુગોમાં અને તે પછીના સેંકડો-હજારો વર્ષમાં આ રાષ્ટ્રના સમાજે ભલે સાવ ધીમો, મુશ્કેલ અને અપ્રિય ઘટનાઓથી ભરેલો માર્ગ લીધો હોય, પરંતુ પોતાની એવી પશુવત્ સ્થિતિમાંથી મુક્તિ મેળવીને આજે વિકાસ અને પ્રગતિના જે શિખર ઉપર તે ઊભો છે, તેનો અર્વાચીન ઇતિહાસ ગૌરવવંતો જ છે. પશુદશામાં જીવેલા નગ્ન અને નિરાધાર આદિ વડવાઓની સરખામણીમાં આજે આપણે ક્યાં છીએ એ સંબંધમાં એમણે કરેલી રજૂઆતને સૌએ ઉત્સાહભેર વધાવી હતી. સહસ્રાબ્દીઓ અને સદીઓના એના અસ્તિત્વ દરમિયાન માનવી-માનવી વચ્ચે ભલે વિચારભેદ અને ધિક્કારની લાગણી રહી હોય, તો પણ ડૉ. સાફરની રજૂઆત પ્રમાણે માણસે એક ક્ષણ માટે પણ પ્રકૃતિનાં પરિબળો સામેના ઉગ્ર સંઘર્ષમાં રુકાવટ ઊભી થવા દીધી ન હતી. પ્રકૃતિ સામેના એ સંઘર્ષમાં આદિથી અંત સુધી ધીમી પણ મક્કમ ગતિએ એણે વિજયને જ હાંસલ કર્યો હતો. શરૂમાં એની પ્રગતિ અત્યંત ધીમી હતી, એ હકીકત સ્વીકાર્ય હતી, પરંતુ છેલ્લાં ૨૦૦ વર્ષ દરમિયાન રાજકીય સિદ્ધાંતો અને સંસ્થાઓ સ્થિર અને મજબૂત બની હતી. એને કારણે તેને આનુષાંગિક સ્થપાયેલી વૈશ્વિક શાંતિને પરિણામે માનવજાતે વિજ્ઞાનના ક્ષેત્રમાં વિકાસની હરણફાળ ભરી હતી. માનવજાતનું અસ્તિત્વ એના શરીરના આધારે નહીં, પરંતુ એની બુદ્ધિના આધારે ટકેલું છે એ એમણે સિદ્ધ કર્યું. હજારો વર્ષ સુધી ચાલેલા મૂર્ખામીભર્યા સંઘર્ષોમાં વેડફાતી આવેલી બુદ્ધિશક્તિને એણે વિકાસના માર્ગે વાળી દીધી હતી. હજારો વર્ષમાં જે થઈ શક્યું ન હતું. તે માત્ર છેલ્લાં ૨૦૦ વર્ષમાં જ સિદ્ધ થઈ શક્યું હતું. પ્રકૃતિનાં સાધનોનો પોતાના વિકાસમાં વિનિયોગ અને તે અંગેના જ્ઞાનમાં પણ અસામાન્ય કહી શકાય તેવો વધારો થયો હતો.

સૂરજની બળબળતી ગરમીમાં શરીર દાઝી રહ્યું હોવા છતાં ધીમી ચાલે ચાલી રહેલા ડૉ. સાફર માનવજાતની પ્રગતિનો મનોમન નકશો દોરી રહ્યા. સ્વભાવગત મર્યાદાઓ અને પ્રકૃતિનાં બળવત્તર તત્ત્વોના પ્રતિરોધો છતાં, આદિ માનવથી આજ સુધીના માણસે વિકાસની કેડી ઉપર જે રીતે પગરણ માંડ્યાં હતાં, તેમાંની મોટા ભાગની હકીકતો તો ઇતિહાસની અંધારી ગર્તામાં દટાઈ ગઈ હતી. એની સ્મૃતિને જાળવવા માટે લેખિત સ્વરૂપની ભાષાની જરૂર પડે છે. વિકાસની કેડી ઉપરના એના પ્રયાસો અને વિચારોને સદાકાળ જાળવવા માટે માણસે સૌ પ્રથમ લેખનની શોધ કરી હતી. સંદેશા-વ્યવહારના વિકાસને કારણે એવા વિચારોની અગણિત નકલો, સાર્વત્રિક રીતે વિતરણની સુવિધા ઉપલબ્ધ બની હતી. લેખનની આ એક જ શોધે એના વિકાસના વ્યાપમાં અનેકગણો વધારો કર્યો હતો. એને લીધે જ સૈદ્ધાંતિક તથા વ્યવહારુ, શોધો

સાર્વત્રિક બની શકી હતી. પોતાની શોધના કારણે જ માણસ ધરતી ઉપરાંત એના પેટાળમાં પણ ઊંડો ઊતરી શક્યો હતો. ઊર્જાના સ્રોતસમા કોલસાના ભંડારો શોધીને તેને બહાર લાવી શક્યો હતો. પાણીની વરાળમાં સંતાયેલી શક્તિને જાણી શક્યો હતો અને તેની જ મદદથી રેલપરિવહન જેવાં ભારેખમ વાહનોને તથા મશીનોને ચલાવી શક્યો હતો. વનસ્પતિમાંથી વસ્ત્રોનું નિર્માણ કરી શક્યો હતો અને ધાતુ કે પથ્થરોનો મનમાન્યો ઉપયોગ પણ કરી શક્યો હતો.

ગણિત જેવા વિષયમાં એણે અનેક કોયડાના ઉકેલ શોધ્યા હતા, તો ખગોળ વિજ્ઞાનની પ્રગતિ પણ એને જ આભારી હતી. સાત ગ્રહોના મંડળને લઈને અવકાશને પ્રકાશિત કરી રહેલા સૂર્ય અને તારાઓ અંગે પણ જાણકારી મેળવી હતી. માત્ર ૫૦ વર્ષ પહેલાં જ આકાશી વીજ અને વાદળોના ગડગડાટ વચ્ચેનો સંબંધ શોધ્યો અને એ વીજશક્તિને પોતાની અહર્નિશ સેવા કરતી દાસી બનાવી હતી. માનવ આજે દૂરદૂર સંદેશાઓ મોકલી શકે છે. આવતી કાલે પ્રકાશ અને ધ્વનિને પણ દૂરદૂરના સ્થળ સુધી મોકલી શકવાની ક્ષમતા ધરાવી શકનાર માનવી મહાન છે, અમાપ વિશ્વ કરતાં પણ મોટો છે, આવતી કાલે સર્વ પર આધિપત્ય જમાવવાની એનામાં ક્ષમતા છે એવા ઉજ્જવળ ભાવિ વિશે કોઈના પણ મનમાં શંકા રહી ન હતી.

જ્ઞાન અને વિજ્ઞાનની કેડી પર હરણફાળ ભરીને અહીં સુધી આવેલા માનવી સમક્ષ હજી પણ કેટલાક અનુત્તર પ્રશ્ન ડૉ. ઝરટોગના મતે હતા. આ વિશ્વનો અધિપતિ બની રહેલો આ માનવી કોણ છે? ક્યાંથી આવ્યો હતો? જીવનને વધુમાં વધુ સુવિધામય બનાવવાની એની આ વણથંભી કૂચનો આખરી મુકામ કેવો હશે?

ડૉ. સાફરની અન્ય વિદ્વાનો સાથે આ પ્રશ્નો અંગે ઘનિષ્ઠ ચર્ચા થઈ હતી. પ્રશ્નો ગહન હતા અને તેના સંતોષકારક ઉત્તરો ઝડપથી મળી શકે એવી શક્યતા ન હતી. એ રીતે વાદસભામાં થયેલી ચર્ચા આખરે તો ચર્ચા જ રહી હતી. જોકે આ કોયડાને સમજવાની દિશામાં વિદ્વાનોએ ભારે રસ દાખવ્યો હતો. એમાં પણ ડૉ. ઝરટોગે રજૂ કરેલા વિચારોથી ત્યાં હાજર સૌ પ્રભાવિત થયા હતા અને તે સાર્વત્રિક રીતે સ્વીકાર પણ પામ્યા હતા. એને પડકારી શકે એવો એક પણ સૂર એ સભામાં રજૂ થયો ન હતો.

ડૉ. ઝરટોગના વિચારોના પાયામાં મુખ્યત્વે ત્રણ બાબતો હતી.

પ્રથમ બાબત હતી ભૂસ્તરશાસ્ત્ર સંબંધી. પૃથ્વીનું સર્જન થયું ત્યારથી માંડીને માણસે એના તળમાં ઊતરીને તેની તલાશ કરી શકે તેવી સ્થિતિ ઊભી થઈ ત્યાં સુધીની પૃથ્વીની ઉપરનું સ્તર હવે એટલી હદે સ્થિર થયું હતું કે વિજ્ઞાનીઓ એની ઉંમર પણ નક્કી કરી શક્યા હતા. તેમણે વૈજ્ઞાનિક પરીક્ષણ કરીને આ ઉંમર ૪,૦૦,૦૦૦ વર્ષની આંકી હતી. જ્યારે મહાર્ટ-ઇટેન-શૂ દેશની ઉંમર ૨૦,૦૦૦ વર્ષની ગણી હતી. સાગરના પાણીની નીચે ઢબુરાયેલો એ પ્રદેશ હતો, પરંતુ પેટાળમાંની હલચલને કારણે મહાખંડ જેટલો એ ભાગ પાણીની બહાર નીકળી આવ્યો હતો. એની ઉપરના દરિયાઈ કાંપ તથા અન્ય જળસૃષ્ટિના અવશેષોને કારણે વૈજ્ઞાનિકો એ માપ નક્કી કરી શક્યા હતા.

ડૉ. ઝરટોગને વધારાની જે બે બાબતો આધારરૂપ જણાઈ, તે હતી પ્રાણીજગત અને વનસ્પતિજગતના સમાન કુળ વિશેની. ડૉ. સાફર પુરવાર કરી શક્યા હતા કે

તમામ પ્રકારની વનસ્પતિઓનો અસલી સંબંધ દરિયાઈ જીવો સાથે જ હતો અને હજી પણ તે જળવાઈ રહ્યો હતો. એ જ રીતે પ્રાણીઓનો સીધો સંબંધ પણ દરિયાઈ જીવો સાથે જ હતો. અત્યંત ધીમી છતાં સતત ચાલી રહેલી ઉત્ક્રાંતિની પ્રક્રિયા દ્વારા થોડા ફેરફાર સાથે શરૂમાં તેઓ પોતાના મૂળ સ્થાન સાથે અનુરૂપ બન્યા હતા, પરંતુ તે પછી એ જીવોએ ભિન્ન આકાર ધારણ કર્યો હતો. પેદા થયેલા આ અનેકવિધ જીવોથી જ પૃથ્વી અને આકાશ ભરેલાં હતાં, પરંતુ એમણે કરેલાં તારણો સર્વગ્રાહી ગણી શકાય તેવાં ન હતાં, કારણ કે એવા વર્તુળની બહાર પણ થોડા એવા જીવો અને વનસ્પતિ હતા કે જેના મૂળને દેખીતી રીતે જ સાગર સાથે જોડી શકાય તેમ ન હતું.

ડૉ. ઝરટોગના સિદ્ધાંતની આ એક નબળી કડી હતી. તદ્ઉપરાંત એમણે પોતે જ સ્પષ્ટતા કરી હતી કે માણસજાતને અન્ય પ્રાણીઓની સાથે કોઈ રીતે જોડી શકાય તેમ ન હતું. બંનેની પાયાની જરૂરિયાત જેમ કે શ્વાસ-ઉચ્છ્વાસની પ્રક્રિયા, ખોરાક તથા હલનચલન એક જ પ્રકારના હતા. તેમ છતાં બંનેની બાહ્ય વર્તણૂક, શરીરનાં અંગોની રચના તેમ જ બુદ્ધિશક્તિ — વગેરે અનેક બાબતોમાં બંને વચ્ચે ભિન્નતા રહી હતી. ઘણા ફેરફારો થયા હોવા છતાં મોટા ભાગના પ્રાણીઓને તેમના મૂળ પૂર્વજ એવા સાગરજીવો સાથે જોડી શકાય તેમ હતું, પરંતુ માણસની બાબતમાં એવી કોઈ કડી મળી ન હતી. આમ, અપવાદો હોવા છતાં ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંતોનું ઉદારતાથી અર્થઘટન કરવાનું ડૉ. ઝરટોગને જરૂરી લાગ્યું હતું.

એમની પૂર્વધારણાનું સમર્થન થાય તેવા પુરાવા જમીનમાં ઊંડે છુપાયેલા હોવાની ડૉ. સાફરની માન્યતા હતી. એ માટે વર્ષો સુધી સંભવિત સ્થળોએ તેઓ ખોદકામ કરાવતા રહ્યા હતા. જોકે તેમાંથી જે પુરાવા મળ્યા તે તેમના સિદ્ધાંતનું સમર્થન નહીં, પણ વિખંડન કરે એવા હતા અને એ મૂંઝવણ એમને જંપવા દેતી ન હતી. વનસ્પતિ અને જીવજંતુના કોહવાટ બાદ ઉત્પન્ન થતી માટી કે હમસના બે સ્તરો વચ્ચે કાંપના ગાઢા સ્તર મળ્યા હતા અને એ કાંપમાંથી જીવસૃષ્ટિના જે અવશેષો મળ્યા હતા, તેમાં મહાર્ટ-ઇન-શૂના કિનારાની આસપાસ વર્તમાનમાં અસ્તિત્વ ધરાવતા જીવોનું અસ્તિત્વ મળ્યું હતું. આ પ્રકારના અવશેષોને આધારે શું તારવી શકાય તેમ હતું? ભૂસ્તરશાસ્ત્રીઓ જ્યારે એમ કહેતા હોય કે એ યુગની સૃષ્ટિ પણ વર્તમાનમાં સાગરમાં પાંગરેલી સૃષ્ટિ જેવી જ હતી, તો તેને કેવી રીતે નકારી શકાય? અને એ જ રીતે ડૉ. સાફરે સિદ્ધાંત તારવ્યો હતો કે આજની સફળ જીવસૃષ્ટિ, પ્રાણીઓ અને વનસ્પતિઓનાં અનાદિ મૂળ સાગરમાં જ હતાં. મહાકાય જીવોના અપવાદને બાદ કરતાં દરિયાઈ અને જમીન ઉપરના જીવો સંબંધમાં એટલું જ જાણી શકાયું કે અગાઉની જીવસૃષ્ટિમાંથી જ પાછળની એટલે કે પ્રવર્તમાન સૃષ્ટિ સર્જાઈ હતી.

આ પ્રકારની સ્થિતિઓના સામાન્યીકરણ માટે અન્ય સંશોધનો પણ થયાં હતાં. હમસ એટલે કે જીવો અને વનસ્પતિના કોહવાટથી બનેલા. ઊંડાણના સ્તરોમાં અને તેનાથી પણ વધુ ઉપરના કાંપના સ્તરોમાં માનવઅસ્થિઓના અસંખ્ય નમૂનાઓ મળી આવ્યા હતા. જેની રચનામાં અદ્વિતીય કહી શકાય એવું કશું જ ન હતું. ડૉ. સાફરનો સિદ્ધાંત જે પ્રતિપાદિત કરતો હતો તેવી સ્થિતિને સમર્થન કરે એવું કાંઈ જ નવીન તત્ત્વ એમાં ન હતું. આજના અને અનાદિ માનવી વચ્ચેના જીવનવિકાસના એક એવા

મધ્યવર્તી સ્વરૂપની એમણે જે સંકલ્પના કરી હતી તેવું અહી કંઈ જ મળ્યું ન હતું. ડૉ. સાફરે તો એ પ્રશ્નમાં ઊંડા ઊતરવાનું જ બંધ કરી દીધું હતું. કેમ કે નષ્ટ થઈ ગયેલા એ યુગના માણસના અસ્થિપિંજરો પણ અદ્દલ આજના માણસ જેવા જ હતાં. એમાં કોઈ ખાસ તફાવત ડૉ. સાફરને જણાયો ન હતો.

આમ છતાં પાછળથી એક નાની બાબત તરફ એમનું ધ્યાન ખેંચાયું હતું, જેની અવગણના કરી શકાય એમ ન હતું. અંદાજે ૩૦૦૦ વર્ષ અગાઉની માનવ ખોપરીઓ મળી આવી હતી જે ત્યાર બાદના અવશેષોની સરખામણીમાં ઘણી નાની હતી. એટલે કે શરૂની નાની ખોપરી પછીના સમયમાં મોટી ખોપરીના અવશેષો મળ્યા હતા, પરંતુ વિકાસના પાછળના તબક્કામાં ખોપરીઓનો આકાર વળી પાછો નાનો જણાયો હતો. મધ્યયુગમાં દેખાયેલો વિકાસ પાછળથી રીવર્સગિયરમાં મુકાયો હોય તેવી સ્થિતિ એ ઉપરથી જણાઈ હતી. ખોપરીઓ જેમ મોટી તેમ એમાં રહેલું માણસનું મગજ પણ મોટું હતું અને એ વધુ કાર્યશીલ હોવાનું જણાયું હતું. મધ્યયુગના એ માનવોની મોટી ખોપરીઓના સભાન સંશોધનને આધારે ડૉ. સાફર એવા નિષ્કર્ષ પર આવ્યા હતા કે સંપૂર્ણ રીતે ભુલાઈ ગયેલા એ કાળના માણસોનાં મગજ, ત્યાર બાદ ઉદ્‌ભવેલી એટલે કે એના પોતાના સમાજની સંસ્કૃતિના માણસોના મગજની સરખામણીમાં વધુ વિકસેલાં હતાં અને તેમાં ડૉ. ઝરટોગના પોતાના વર્તમાનયુગના માણસોનો પણ સમાવેશ થતો હતો. મધ્યકાળના વિકાસના એ તબક્કા બાદનો વિકાસ ઊતરતા ક્રમનો હતો એવી સ્થિતિ હોવાની એમને પ્રતીતિ થઈ હતી. જે એમને માટે આઘાત પમાડે એવું હતું. છેલ્લાં ૧૭૦૦ વર્ષ દરમિયાન વિકાસમાં વધારો નહીં કે સ્થિરતા પણ નહીં, પરંતુ ડૉ. સાફરને એ વિકાસ ઊતરતા ક્રમનો જણાયો હતો. ઉત્ક્રાંતિના તબક્કાની એ પીછેહઠ જેવી પરિસ્થિતિ હતી.

વર્તમાનના એટલે કે એના પોતાના યુગના માનવીના આ પ્રકારના રીવર્સ ગતિના વિકાસક્રમથી ચોંકેલા ડૉ. સાફરે પોપડાઓમાં વધુ ઊંડા ઊતરવાનું નક્કી કર્યું હતું. સખત થઈ ગયેલી એ માટીના પોપડાઓને આધારે એમણે મૂકેલા અંદાજ પ્રમાણે તે પંદર કે વીસ હજાર વર્ષથી વધુ પુરાણા ન હતા અને એની પણ નીચેનો છેલ્લો સ્તર એમના આશ્ચર્ય વચ્ચે વળી પાછો વનસ્પતિ અને જીવોના કોહવાટથી બનેલો હમસનો એક વધુ સ્તર હતો અને એની નીચે નક્કર કાળા ખડકો જ હતા. વિવિધ પ્રકારના એ ખડકોની નીચે જવાનો તો કોઈ અર્થ જ ન હતો.

પરંતુ આ છેલ્લી ઊંડાઈના સ્તરમાંથી મળેલા માનવ અસ્થિઓ તથા સાથે મળેલી અન્ય વસ્તુઓથી ડૉ. ઝરટોગ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. એ હાડકાં અને ખોપરીઓ તો નિશંક માણસની જ હતી અને એનો સમય ૨૦,૦૦૦થી ૪૦,૦૦૦ વર્ષ પૂર્વેનો નિશ્ચિત થઈ શક્યો હતો. એવા એ યુગનાં અસ્થિઓ સાથે અનેક પ્રકારની વસ્તુઓ મળી આવી હતી. એમાં હથિયારો હતાં તો વિવિધ પ્રકારનાં યંત્રો પણ હતાં. માટીનાં વાસણોનાં ઠીકરાં કે ટુકડાઓ હતા, તેમ જ પથ્થર ઉપર કોતરાયેલી કોઈ અજ્ઞાત ભાષાનાં ચિહ્નો પણ હતાં. સખત પથ્થરમાંથી વ્યવસ્થિત અને ઘનિષ્ઠ રીતે કોતરવામાં આવેલા ટુકડાઓ પણ હતા. સ્થાપત્ય ઉપરાંત એમાં પથ્થરના અકબંધ ટુકડાઓ પણ હતા.

ડૉ. ઝરટોગ એના આધારે તારવી શક્યા હતા કે ૪૦,૦૦૦ વર્ષ પૂર્વે એક માનવ સંસ્કૃતિ પૃથ્વીના આ ભાગમાં વિકસી હતી જે વર્તમાન માનવીના વિકાસ કરતાં વધુ વિકસિત હતી. પૃથ્વીના પેટાળમાં દબાયેલા એ પુરાવાઓને આધારે ડૉ. ઝરટોગ જે તારણ પર આવ્યા હતા તેનો સ્વીકાર સર્વ વિદ્વાનોએ કર્યો હતો, પરંતુ ડૉ. પોતે જ પોતાના એ સંશોધન બાબતે શંકાશીલ હતા. તેઓ માની જ શકતા ન હતા કે માનવવંશના ૨૦,૦૦૦ વર્ષ પૂર્વેના આદિપૂર્વજે વિકાસની ઉચ્ચતમ સીમા પાર કરી હતી. એ વંશ અને એમના અનુજો વચ્ચે ૨૦,૦૦૦ વર્ષનો ફાસલો તેમના મનને જચતો જ ન હતો. એમને પ્રશ્ન થતો કે અવશેષ મળ્યા બાદના આજ સુધીના બીજા ૨૦,૦૦૦ વર્ષ સુધીના ગાળામાં એ પૂર્વજોના વંશજોનું શું થયું હશે? તેઓ ક્યાં અદૃશ્ય બન્યા હશે? અને અત્યારે જે સંસ્કૃતિ છે, જે ૨૦,૦૦૦ વર્ષ પૂર્વેની સંસ્કૃતિ કરતાં ઘણી પાછળ છે. તેણે ખરેખર તો ત્યાર બાદના ૨૦,૦૦૦ વર્ષના ગાળામાં એમણે સાધેલી પ્રગતિની પાંખે ચઢીને એમના અનુગામીઓએ તો જબરજસ્ત ઉડાન ભરી હોવી જોઈતી હતી. તેને બદલે આ ૨૦,૦૦૦ વર્ષ પછી પોતે જ તેના વંશજો હોય તો...? પ્રગતિની વાત તો દૂર રહી, પણ ઘણા પાછળ હતા. એમણે કરેલી આ પ્રગતિ પણ છેલ્લાં ૨૦૦ વર્ષની શાંતિને પરિણામે જ શક્ય બની હતી. એની આગળના હજારો વર્ષનો ઇતિહાસ તો મારામારી અને કાપાકાપીથી ભરપૂર રક્તરંજિત હતો. તો પછી અગાઉના એ વિકસિત માનવસમાજના વંશોનું શું થયું?

ડૉ. ઝરટોગ મગજ ઘસતા જ રહ્યા. આવું કઈ રીતે બની શકે તેનો જવાબ એમના ફળદ્રુપ ભેજામાંથી પણ મળતો ન હતો અને સમગ્ર મંથનમાંથી નવનીત જો એવું કલ્પનાતીત જ નીકળવાનું હોય, તો એ માટેની જહેમતનો અર્થ શો? ૨૦,૦૦૦ વર્ષના સંઘર્ષને અંતે પૂર્ણ વિકસિત એક માનવ સભ્યતા સંપૂર્ણપણે નષ્ટ થવાની હોય અને નવેસરથી જ એકડો ઘૂંટવાનો હોય, એ સ્થિતિ કોઈ પણ તર્કના ચોકઠામાં બંધ બેસે તેવી ન હતી. આ અપ્રિય વિચારસરણીને તાત્કાલિક કોઈ સમર્થન સાંપડવાની શક્યતા ન હતી. આથી કોઈ પણ તારણ પર પહોંચવાને બદલે આ બાબતને ભૂલી જવાનું એમને જરૂરી લાગ્યું. વહેલા-મોડા આ કોયડાનો ઉકેલ મળશે જ એવી એમની માન્યતા હતી. તેમ છતાં હાલ તુરત એની ઉપર પડદો પાડવાનું એમણે નક્કી કર્યું.

પૃથ્વીનો ગોળો આવિર્ભાવ પામ્યો ત્યાર બાદ શરૂઆતમાં એના ભૂતળમાં અનંત ઊથલપાથલનો સિલસિલો ચાલુ હતો. પૃથ્વીનો ઉપરનો પોપડો ઠંડો થયો અને સ્થિર બન્યો, ત્યાં સુધી પૃથ્વી કોઈ પણ પ્રકારના જીવન માટેનું પારણું બની શકે એવી શક્યતા જ ન હતી. બીજા ભાગમાં એનો સૌથી ઊપલો સ્તર ઠંડો પડ્યો. પ્રમાણમાં વધુ સ્થિર બન્યો અને એ પછી જ સૌ પ્રથમ એના ઉપર અને સાગરોમાં સરળ સ્વરૂપની સામાન્ય કહી શકાય તેવી જીવસૃષ્ટિ ઉદ્‌ભવી. આરંભની સાદી શરીર રચનાથી ઉત્ક્રાંતિના અનેક તબક્કાઓ પાર કરીને સંકુલ છતાં સંપૂર્ણ કહી શકાય એવી શરીર રચના ધરાવતા માનવીનો આવિર્ભાવ થયો હતો. બીજા તબક્કાનું એ સૌથી મહાન પ્રદાન કહી શકાય.

ઉદ્‌ભવ થતાંની સાથે જ કુદરતે મૂકેલી વિશિષ્ટતાઓને સહારે પોતાના જીવનને વધુ સહજ અને સરળ બનાવવા માટે એની પ્રવૃત્તિ શરૂ થઈ ગઈ હતી. શરૂઆતની

એ દિશાની એની ગતિ ધીમી લાગે તેવી હતી, છતાં મક્કમતાપૂર્વકની એ ઊર્ધ્વગતિ હતી. પોતાની સૃષ્ટિ સંબંધી સકળ જાણકારી અને વિશ્વ ઉપર આધિપત્ય જમાવવાની જ એ દોડ હતી.

મનોમન ચાલી રહેલા આ વૈચારિક સંઘર્ષથી શ્રમિત અને ત્રસ્ત ડૉ. ઝરટોગ સાફર ધૂંઆપૂંઆ થતા પોતાના મુકામે આવ્યા. વિચારમગ્ન દશામાં ઘરમાં પણ તેઓ એક ખૂણેથી બીજા ખૂણા સુધી આંટા મારતા જ રહ્યા, ‘‘આવી સ્થિતિ સ્વીકારી પણ કેવી રીતે શકાય?’’ તેઓ બબડતા રહ્યા. ૪૦,૦૦૦ વર્ષ ઉપર ઉદ્‌ભવેલી અને ધીમી પણ મક્કમ ગતિએ વિકસેલી એક માનવસંસ્કૃતિ ભલે આજના સમાજની કક્ષાએ પહોંચી ન હોય, તો પણ એણે મેળવેલું જ્ઞાન, એણે મેળવેલી સિદ્‌ધિઓ પુરાવાની એક લકીર પણ છોડ્યા સિવાય અદૃશ્ય બની જાય? અને એમના પછી આવેલા એમના વંશજોએ પોતે આ પૃથ્વીના પટ પર પ્રથમ વાર જ પેદા થયા હોય, તે રીતે શૂન્યથી જ શરૂઆત કરવાની? અને ખરેખર જો એમ જ હોય તો અત્યારના માનવે કરેલી આજદિન સુધીની પ્રગતિ અને સંપૂર્ણત્વ પ્રાપ્ત કરવાની દિશામાં એની આ દોડનો શો અર્થ? જે પછીની પેઢીઓને કોઈ પણ રીતે ઉપયોગી જ ન બનવાની હોય!! ૨૦,૦૦૦ વર્ષના સંઘર્ષને અંતે માનવીએ પ્રાપ્ત કરેલી આ તમામ સિદ્‌ધિઓ એ રીતે તો પાણી ઉપરના પરપોટા જેટલી જ ક્ષણભંગુર અને કેવળ સંજોગો ઉપર આધારિત ગણાય તેવી હતી.

સમય વીતવા છતાં વૈચારિક મૂર્છામાંથી તેઓ બહાર આવી શક્યા ન હતા... ‘‘નહીં, નહીં — એવું શક્ય જ નથી.’’ પોતાના મન સાથે તેઓ વાત કરતા રહ્યા, ‘‘એવું બની શકે જ નહીં, માનવી પ્રવર્તમાન જગતનો અધિષ્ઠાતા છે. તે સંપૂર્ણ રીતે નષ્ટ થાય તેવો વિચાર કે સ્થિતિ અસ્થાને છે.’’ માનસિક રીતે વિકળ અને અસ્વસ્થ બનેલા ડૉ. ઝરટોગે થોડો આરામ કર્યો, ભોજન લીધું. વિચારોની શૃંખલા એને કારણે અટકી ગઈ. સ્વસ્થતા પ્રાપ્ત થતાં દૈનિક કામગીરી સંભાળી લીધી, પરંતુ એમાંથી પરવારતાં પોતાની વર્તમાન સંસ્કૃતિના ભાવિ સંબંધી વિચારોએ ફરીથી એમના મનનો કબજો લીધો. પ્રકૃતિ સાથે માનવીના તાદાત્મ્યની એક સંપૂર્ણ વિચારસરણી રજૂ કરવાની એમની પ્રબળ ઇચ્છા હતી, પરંતુ એની નબળી કડી બાબતમાં પોતે એટલા જ સભાન હતા. માનવીનું પ્રાગટ્ય અને એના વિકાસ બાદની સ્થિતિનો પોતાને સમજાયેલો એ પ્રશ્ન હતો, જેનો ઉત્તર હજી સુધી એમની પાસે હતો નહીં. દેખીતી હકીકતોને આધારે પોતે તારવેલાં તારણો સાથે તર્કયુક્ત દલીલોના જોરે અન્યોને સહમત કરી શકાય છે, પરંતુ એમાં રહેલી અંતર્ગત ક્ષતિઓ કે નબળાઈઓને અવગણવાનું એમને પોતાને માટે આસાન ન હતું. વિદ્વાનોમાં પણ અગ્રણી ડૉ. ઝરટોગની એ જ મુશ્કેલી હતી. પોતે અભણ હોત તો આ અનુત્તર પ્રશ્ને એમને એટલો સંતાપ આપ્યો ન હોત, પરંતુ અહીં તો પોતે વિકસાવેલા અને સર્વસામાન્ય બનેલા સિદ્ધાંતની સૌથી નબળી કડીથી પોતે પૂરેપૂરા સભાન હતા. સિદ્‌ધિઓના જે શિખર ઉપર આવવામાં માનવજાતને ૨૦,૦૦૦ વર્ષ સુધી સંઘર્ષ કરવો પડ્યો તે શિખર ઉપરથી જ પોતાનાં સંતાનો અને તેની પેઢીઓને એનાથી પણ વધુ ઊંચાઈએ કૂદકા મારવાની તક મળશે એવી એમની દૃઢ માન્યતા હતી. તેને બદલે એમણે વળી પાછા અજ્ઞાનઘેરી અંધારી ગર્તામાં ધકેલાઈ જવાની વાસ્તવિકતા સમજીને ડૉ. ઝરટોગ અત્યંત દુ:ખી થઈ

ગયા. આદમ-ઇવથી માંડીને આજદિન સુધીની હજારો પેઢીઓના પરિતાપ અને પરિશ્રમ એમને કેવળ નિરર્થક વ્યાયામ જ લાગવા માંડ્યો.

દેખીતી રીતે તો એવી એ પુરાણકથા માટે હાલના તબક્કે કોઈ ગંભીર પીઠિકા હતી જ નહી. એની શરૂઆત પણ શૂન્યમાંથી જ થઈ હતી. એ માટે એક પરિપાટી કે રૂઢિ જ ઊતરી આવી હતી. અજ્ઞાનતા અને અબૂધપણામાંથી જ પોષણ મેળવીને માનવીએ ચિરંજીવિતા મેળવી હતી. સમયના પ્રલંબ પટાર ઉપર એવી માન્યતા ફેલાતી જ રહી હતી. આદિમાનવ, હા, ‘આદમ’ નામે ઓળખાતો અને દંતકથા બની ગયેલો એ જ આદમ હતો. આદમ શબ્દપ્રયોગ ક્યાંથી ઊતરી આવ્યો તેનો પણ કોઈને ખ્યાલ આવતો નથી. એન્ડાર્ટી-ઇટન-શૂ પ્રદેશની ભાષાનો નહી એવો શબ્દ પ્રયોગ હતો, છતાં અનાદિકાળથી તે ચાલી આવેલો હતો.

આ ફિલસૂફીભર્યા પ્રશ્નના જવાબને સાવ ક્ષુલ્લક જણાવી શોધવાનું ટાળનાર અગણિત મહાવિદ્વાનો માટે ડૉ. ઝરટોગનો અભિગમ નારાજગીનો હતો. એમાંનો કોઈ ડૉ. ઝરટોગના પ્રશ્નમાં પ્રદાન કરી શકવાની ક્ષમતા ધરાવતો ન હતો. એમનો આધારહીન વિવાદ ડૉ. ઝરટોગને પસંદ ન હતો.

ક્ષુબ્ધ મન સાથે તેઓ બગીચામાં ઘૂમતા રહ્યા. જો કે એ એમનો દૈનિક કાર્યક્રમ હતો. અસ્તાચળે પહોંચવા ઢળેલો સૂરજ તેના છેલ્લા કિરણો બાસિદ્રા ઉપર વરસાવી રહ્યો હતો. નજીકમાં જ આવેલા સાગર ઉપર ફૂંકાઈ રહેલા ગરમ પવનમાં વૃક્ષોનાં પાંદડાં ફડફડાટી બોલાવી રહ્યાં હતાં. ડૉ. ઝરટોગ એ વૃક્ષોની છાયામાં જ ઘૂમતા હતા. પોતાને સતત પજવી રહેલા વિચારોના આક્રમણને એમણે થોડા સમય માટે દૂર હડસેલી દીધું. થોડી હળવાશ અનુભવી. ખુલ્લી હવાને માણવામાં મગ્ન બની ગયા. વૃક્ષો ઉપરના ફળફૂલ તરફ તેઓ આકર્ષાયા. ઘર તરફ પાછા વળતાં સહજ રીતે જ એમની નજર હાલની પ્રયોગશાળાના વિસ્તરણ માટે ખોદાયેલા ઊંડા પાયામાં પડી. આજના મહાપર્વના દિવસે કામ બંધ હતું. ખોદકામ કરનારા મજૂરો પાયામાં જ ખોદકામના હથિયારો નાખીને રજા માણવા ઊપડી ગયા હતા.

કોઈ ખાસ કારણ ન હોવા છતાં ડૉ. ઝરટોગ થયેલા કામનો અંદાજ મેળવવા પાયા માટે ખોદેલા ખાડામાં ઊંડે સુધી પગથિયાં ઊતર્યા. અનાયાસ જ ખાડાના એક ખૂણાના ભાગમાં કોઈ ચમકતો પદાર્થ જમીનના સ્તરમાં ખૂંપેલી હાલતમાં નજરે પડ્યો. કુતૂહલ ખાતર જ થોડા પગલાં નીચે ઊતરી એ ભાગ પર એમણે હાથ ફેરવ્યો. કોઈ સખત પદાર્થ જણાયો. એમણે ખોદકામનું સાધન લઈ એ પદાર્થની આસપાસની માટી હટાવી. કોઈક અજાણી ધાતુની નાની પેટી તેમના હાથમાં આવી. સંભાળપૂર્વક એ એને ઊંચકીને બહાર લાવ્યા. પેટી વજનદાર હતી. રાખોડી રંગની એ પેટી પર દાણા ચીટકાડ્યા હોય તેવી તેની બાહરી સપાટી હતી. લાંબા સમય સુધી જમીનમાં ઢબુરાઈ રહેલી હોવાથી પેટી પર ઝાંખપ હતી. એની ઊંચાઈના એક ભાગ નીચેના બે પડ વચ્ચે તિરાડ દેખાઈ, જેમાં કોઈ પદાર્થ હોવાનું જણાયું. કુતૂહલતાથી જ ઊપલું પડ ઊંચકવા તેમણે પ્રયાસ કર્યો. ઊપલા પડની ધાતુ તરત જ ઝીણો ભૂકો બનીને નીચે વેરાઈ ગઈ. અંદર એક બીજી નાની અજ્ઞાત ધાતુની પેટી હતી અને તે અકબંધ હતી. બહાર તથા અંદરના પડની ધાતુ ડૉ. ઝરટોગથી પણ અજાણી હતી. એમની જિજ્ઞાસા વધી. એ બીજી પેટી પણ

આસાનીથી ખોલી શકાઈ. સમયની અસર એના પર નહિવત જ હતી. ખોલતાં જ તેમના આશ્ચર્ય વચ્ચે વીંટો વાળેલા કાગળોનું એક બંડલ દેખાયું. કાગળ ઉપર વ્યવસ્થિત રીતે ચિતરાયેલી સંજ્ઞાઓ જોઈ તેમને તરત જ ખ્યાલ આવી ગયો કે એ કોઈ પ્રાચીન લખાણ હતું. ડૉ. સાફરે એવું લખાણ અગાઉ ક્યારેય જોયું ન હતું. કોઈ અતિ વાંછિત વસ્તુ અનાયાસ મળી જાય, તેને કારણે જે લાગણી અને ઉશ્કેરાટ વ્યાપે તેવી જ સ્થિતિ ડૉ. સાફરની હતી. પળનો પણ વિલંબ કર્યા વગર પોતાની પ્રયોગશાળામાં એમણે જાતને કેદ કરી લીધી. સંભાળપૂર્વક કાગળના એ વીંટાને ખોલી, બરડ બની ગયેલાં એનાં પાનાને જતનપૂર્વક ટેબલ ઉપર પાથરી દીધા.

આશ્ચર્યની મૂર્છામાંથી બહાર આવી સ્વસ્થ બનવાનું એમને માટે મુશ્કેલ હતું. શું હશે એ કાગળમાં? કોણે આ સ્થળે મૂક્યું હશે? એમાંથી શી જાણકારી મળશે? આવા અનેક પ્રશ્નો એમના મનમાં પેદા થયા. પ્રશ્નનો જવાબ તો શોધવાનો જ હતો અને મહાવિદ્વાન, ઇતિહાસવિદ્ ડૉ. ઝરટોગ સાફરે એનો રીતસરનો અભ્યાસ શરૂ કર્યો.

એમને ખ્યાલ આવી ગયો કે હાલની સંસ્કૃતિથી અજ્ઞાત એવી કોઈ નષ્ટ પામેલી સંસ્કૃતિનો એ દસ્તાવેજ હતો. એ કોઈક અજાણ ભાષામાં લખાયેલું લખાણ હતું. પ્રવર્તમાન ભાષાઓ સાથે એમાં કોઈ સમાનતા ન હતી. દેશના જ્ઞાત ઇતિહાસમાં પણ એની કોઈ નોંધ ન હતી. કોઈ અજ્ઞાત ભાષામાં લખાયેલા એ લખાણને ડૉ. ઝરટોગ જ ઉકેલી શકે તેમ હતું. અગાઉ ધરતીમાંથી મળેલી માટીની ઠીકરી ઉપર તથા પથ્થરો અને મૂર્તિઓ ઉપરની સંજ્ઞાઓનો એમણે જ અભ્યાસ કર્યો હતો. એની સાથે કાગળમાંના લખાણની સંજ્ઞાઓને મેળવીને એમણે એ ભાષા ઉકેલવા માંડી.

કોઈ સાવ અજાણી ભાષાને ઉકેલીને તેને સમજવાનું કામ આસાન ન હતું. દિવસો નહીં, પણ મહિનાઓના અથાક પરિશ્રમને અંતે ધીમેધીમે એ ભાષાને ઉકેલવામાં થોડી પ્રગતિ થઈ. શબ્દેશબ્દ અને વાક્યસમૂહને ઉકેલીને આખરે આ ચાર સાગર વચ્ચેના દેશની ભાષામાં એનો અનુવાદ કર્યો અને તે પછી એનું વ્યવસ્થિત અધ્યયન શરૂ કર્યું. કોઈ અજ્ઞાત ભૂમિના રોઝારિયો નામના સ્થળેથી ૨૪મી મે નામની તિથિએ તેની શરૂઆત થઈ હતી. જેને અક્ષરશ: વાંચવાની ડૉ. સાફરે શરૂઆત કરી. એને આશા હતી કે અગાઉ એમણે વિચારેલા અપ્રિય અંત સંબંધી કોઈ સુખદ પુરાવો આ લખાણમાંથી એમને મળી રહેશે.

રોઝારિયો મે, ૨૪મી.

મારે જે કહેવાનું છે, તે આ લખાણ દ્વારા વ્યક્ત કરવાની શરૂઆત સાવ ભિન્ન અને વિપરિત એવા માહોલમાં મેં હજી હમણાં જ કરી છે. એ માટે મેં રોજરોજની નોંધ લખવાની રીત અપનાવી છે:

લેખનની શરૂઆત આમ તો ૨૪મી મેના રોજ કરી છે, પરંતુ લખવા પૂર્વે જે ભયાનક બનાવોનો સિલસિલો ચાલ્યો, તેમાંથી મળેલા કપરા અનુભવોને ભવિષ્યની પેઢીઓ સમક્ષ મૂકવાનો અને એમને આ યુગનો ખ્યાલ આવી શકે તે હેતુથી રજૂ કર્યો છે. અનુભવોની આ વીતકકથા કઈ ભાષામાં મારે લખવી તે પ્રશ્ન પણ મને સતાવે છે.

અંગ્રેજી અને સ્પેનિશ ભાષા હું વિના મુશ્કેલીએ બોલી શકું છું, પણ ફ્રેન્ચ મારી માતૃભાષા છે. આથી હું તેમાં જ લખવાનું પસંદ કરીશ.

૨૪મી મેના દિવસે મેં મારા કેટલાક મિત્રોને રોઝારિયોમાં આવેલા મારા વૈભવી વિલામાં મળવા બોલાવ્યા હતા. આ નગર કેલિફોર્નિયાના અખાતમાં, મૅક્સિકોની ધરતી પર, પ્રશાંત મહાસાગરને કિનારે આવેલું છે. અથવા વાસ્તવિક વાત કરું તો — એ નગર આવેલું હતું, કારણ કે દસ વર્ષ ઉપર અહીં મેં વસવાટ કર્યો હતો. આજે એનું અસ્તિત્વ છે કે નહીં તે કહી શકવાની સ્થિતિમાં હું નથી.

અમેરિકાના મૅક્સિકો રાજ્યમાં મળેલી ચાંદીની ખાણો મને મારા વતનથી અહીં દૂર ખેંચી લાવી હતી. દસ વર્ષ ઉપર અહીં મેં મુકામ કરીને મારી માલિકીની ખાણોમાં ઉત્ખનન કરાવ્યું હતું. નસીબે યારી આપી હું ધનવાન બન્યો હતો. અહીંથી કમાઈને સ્વદેશ પાછા ફરવા માટે અત્યંત આતુર હતો, પરંતુ જે સ્થિતિમાં આજે હું આ લખી રહ્યો છું તેના સંદર્ભમાં મારું એ ધન, પેસિફિક મહાસાગરના કાંઠા પાસેની પર્વતમાળામાં આવેલા એક ઊંચા ડુંગરની અર્ધઊંચાઈએ સમથળ જગ્યામાં મેં બંધાવેલો મારો વૈભવી વિલા અને મારી ઉત્કંઠા, તમન્ના બધું જ યાદ કરીને લૂખું હસવા સિવાય હું આજે કાંઈ જ કરી શકું તેમ નથી.

મારા એ વિલાની ફરતે વિશાળ બગીચો હતો. એના મેદાનની પાછળ એ ડુંગરની સીધી ઊંચાઈએ આવેલી ટોચ ઉપર ૧૫૦૦ વાર જેટલી સમથળ જગ્યા હતી. એની ટોચ પર નાના સપાટ ભાગ સુધીનો આટાપાટાવાળો પાકો રસ્તો મેં જ બંધાવ્યો હતો. મારા વતન ફ્રાન્સમાં બનેલી અને ૩૫ હોર્સપાવરની તાકાત ધરાવતી મારી ખુલ્લી મોટરમાં શૉફર મને એ ટોચ પર અનેક વાર લઈ ગયો હતો. ત્યાં જવામાં મને અનહદ આનંદ થતો. વીસ વર્ષનો મારો યુવાન પુત્ર જીન મારા વિલામાં મારી સાથે જ રહેતો હતો. ફ્રાન્સમાં મારા સંબંધી કુટુંબની અનાથ બનેલી પંદર વર્ષની પુત્રી હેલિના પણ મારી સાથે જ રહેતી હતી. એમની સાથે પાંચેક વર્ષ અહીં રહ્યા હોઈશું. જીન ૨૫ વર્ષનો થયો અને હેલિના વીસ વર્ષની. બંનેનું સુખદ-સરસ જોડું બને એવી મારી અંતરની ઇચ્છા હતી.

અમારી ત્રણની સાથે અમારી સેવામાં, અમારાં કપડાંની કાળજી રાખનાર એક જર્મેઇન નામનો નોકર હતો. મારી મોટરનો શૉફર મૉડેસ્ટી આઇમોન હતો તથા બે સામાન્ય નોકરો એડી અને એની પત્ની મૅરી હતાં. મારો માળી જ્યૉર્જ, તેની પત્ની આના અને તેની પુત્રી પણ અમારી સાથે હતાં. તેઓ સૌ અમારા આ ત્રણ માણસોના નાનકડા કુટુંબની સેવામાં રહેતાં.

૨૪મી મેના એ દિવસે અમારા પાંચ મહેમાનો સહિત અમે આઠ માણસો મોડી સાંજના સમયે ઇલેક્ટ્રોજેનિક દીવાઓના પ્રકાશમાં મારા એ વીલાના વૈભવી ભોજનખંડમાં ટેબલ ફરતે બેઠાં હતાં. અમારા ત્રણ ઉપરાંત બાકીના પાંચ માણસોમાં ત્રણ ઍંગ્લો સેક્સન એટલે કે અંગ્રેજો હતા અને બે મૅક્સિકનો હતા. મારા બે મિત્રો બાથર્સ્ટ અને ડૉ. મોરેના હતા. બંને વિદ્વાનો હોવા છતાં અનેક બાબતોમાં ક્યારેક ક્યારેક તેઓ સહમત થઈ શકતા ન હતા. એ બંને શ્રેષ્ઠ અને ઉમરાવ કુળના હતા. બે અંગ્રેજો

પૈકીના વિલિયમ્સન રોઝારિયા શહેરનો મોટો મત્સ્ય ઉદ્યોગપતિ હતો. જ્યારે રાઉલિંગ સફળ વેપારી હતો. મહેમાનો પૈકીનો પાંચમો સિનોર મેન્ડોઝા કાયદાની કોર્ટમાં મુખ્ય ન્યાયાધીશ હતો. તે માનસિક રીતે સ્વસ્થ અને પ્રમાણિક હતો.

ભોજન દરમિયાન શું વાતો થઈ તે અત્યારે યાદ નથી. અમે નિરાંતે સિગાર ફૂંકતા હોવાનું યાદ છે. ત્યાર બાદ મિત્રો વચ્ચે જે ગરમાગરમ ચર્ચા થઈ તેમાં વિવાદ હોવા છતાં મૈત્રીભાવે આક્ષેપો પ્રતિઆક્ષેપો થતા રહ્યા. ચર્ચાનો કેન્દ્રીય સૂર માનવજાતે કરેલી અદ્‌વિતીય પ્રગતિ માટે સંતોષ વ્યક્ત કરવા અંગેનો હતો. એ મુદ્દાની ચર્ચા કેવી રીતે શરૂ થઈ તેનો આજે તો ખ્યાલ નથી, પરંતુ એ બાબતમાં ડૉ. બાથર્સ્ટ અને મોરેના વચ્ચે કંઈક વ્યંગાત્મક શૈલીમાં વાર્તાલાપ થયાનું યાદ છે.

"મારું ચોક્કસ માનવું છે કે આદિમાનવ આદમ અને ઇવ જો આજે આ પૃથ્વી પર આવે તો તેના વંશવારસોએ આજદિન સુધીમાં સાધેલી પ્રગતિ જોઈને જરૂરથી આશ્ચર્યમાં ડૂબી જાય." ડૉ. બાથર્સ્ટેએ જણાવ્યું. આ સાંભળીને કટ્ટર ડાર્વિનવાદી અને નૈસર્ગિક ઉત્ક્રાંતિમાં માનનારા ડૉ. મોરેનાએ એમને પૂછ્યું, "આદમ અને ઇવની ઇડન-ગાર્ડનની પરિકથામાં ખરેખર તમે શ્રદ્ધા ધરાવો છો?" ડૉ. બાથર્સ્ટે જણાવ્યું કે તે ઈશ્વરના અસ્તિત્વમાં માને છે અને આદમ તથા ઇવની કથામાં બાઇબલમાં જણાઈ હોવાથી તેમાં તેમને જરૂર શ્રદ્ધા હતી. મોરેનાએ પ્રતિવાદ કરતાં જણાવ્યું કે તે પણ પોતાના વિચારોનો પ્રતિવાદ કરનારના જેટલી જ શ્રદ્ધા સૃષ્ટિના સર્જનહારમાં ધરાવે છે, પરંતુ પ્રથમ માનવી તરીકેનું આદમ અને ઇવનું અસ્તિત્વ એક દંતકથારૂપે જ માનતા હતા. એમને મન એ પાત્રો માનવજાત માટે પ્રતીકાત્મક જ હતાં. એ સંજોગોમાં પોતે જો એવું માનતા હોય કે બાઇબલમાં જ પ્રાથમિક જીવનના ઉદ્‌ભવ માટે સર્જનહારની વાત જણાવી હતી, તો તેમાં અધાર્મિક કે ધર્મવિરોધી કશું જ ન હતું. એમની માન્યતા પ્રમાણે તો પૃથ્વી ઉપરના તમામ જીવો જીવનના મૂળભૂત સેલમાંથી જ ઉત્ક્રાંતિના તબક્કાઓમાંથી પસાર થઈ હાલના જીવો બન્યા હતા. ડૉ. બાથર્સ્ટે વધુમાં જણાવ્યું હતું કે એમાં વચગાળાના તબક્કાઓમાંથી પસાર થવાની જરૂર ન હતી.

વાતચીતમાં વધુ ઉત્તેજના ઉમેરાય તે પૂર્વે જ બંને વિચારકો ભિન્નભિન્ન ક્ષેત્રોમાં થયેલ પ્રગતિને વાગોળી રહ્યા. રસાયણ અને ભૌતિકશાસ્ત્ર, તબીબી વિજ્ઞાન — જેમાં અસાધ્ય રોગો માટે અસરકારક દવાઓ તથા સર્જરીની શોધોને તથા ખગોળવિજ્ઞાનની પ્રગતિને બંનેએ બિરદાવી. માનવજીવનને વધુ સગવડભર્યું બનાવતી અનેક નાની-મોટી શોધોનો પણ ઉલ્લેખ થયો હતો. વરાળ એન્જિનનો, વિવિધ ક્ષેત્રોમાં ઉપયોગ ઉપરાંત વેપાર-રોજગારની તથા અન્ય ક્ષેત્રની અદ્‌વિતીય પ્રગતિની પણ નોંધ લેવામાં આવી. સો માણસોનું કાર્ય કરી શકતા યંત્રો, ફોટોગ્રાફી, માનવીના જીવનની દિશા બદલી નાખનાર વીજળીની શોધ અને તેના ઉપયોગના ઉલ્લેખ વિના આ ચર્ચા અધૂરી જ રહે તેમ હતું. જળ, સ્થળ અને હવામાં સ્વતંત્રપણે પોતાની શક્તિને આધારે આવ-જા કરતાં વાહનો અને સંદેશાવ્યવહારનાં સાધનોએ દુનિયાને સાવ નાની બનાવી દીધી હતી, તેની પણ ઘણી ચર્ચા થઈ હતી.

આ સમગ્ર ચર્ચામાં મારું પ્રદાન અલ્પ પ્રમાણમાં જ હતું. છતાં અમે સૌ સહમત હતા કે માનવજાતે પોતાની બુદ્‌ધિશક્તિનો અદ્‌ભુત વિકાસ કર્યો હતો અને ગર્વથી કહેવાની

સ્થિતિમાં હતા કે પ્રકૃતિ ઉપર આપણે નિર્ણયાત્મક વિજય મેળવ્યો હતો.

ચર્ચા દરમિયાન વચ્ચે થોડી શાંતિ જળવાઈ. એનો લાભ લઈ ન્યાયાધીશ મેન્ડોઝાએ એક નવો જ વિચાર રજૂ કર્યો. એમણે પોતાના મૃદુ અવાજમાં જણાવ્યું, "એવી પણ કેટલીક સંસ્કૃતિઓ હતી જે તેમના વિકાસની ટોચ પર પહોંચી હતી, પરંતુ પાછળથી પોતાની વિશિષ્ટતાઓનો એક પણ પુરાવો છોડ્યા વગર જ અદૃશ્ય બની ગઈ હતી. એમનો વિકાસ આપણી આજની પ્રગતિ કરતાં વધુ ન હોય, તો પણ સમકક્ષ તો હતો જ." સૌને આશ્ચર્ય થાય એવી એ રજૂઆત હતી. સૌએ એ માટે કુતૂહલ દર્શાવ્યું, "એવી કઈ સંસ્કૃતિઓ?"

"યાદ છે તમને બેબિલોન સંસ્કૃતિ?" એમણે સ્વસ્થતાથી પૂછ્યું.

બેબિલોનનું નામ સાંભળી અમે સૌ ખડખડાટ હસી પડ્યા. એમાં ઉપાલંભ હતો. બેબિલોન જેવી પ્રાથમિક દશાની સંસ્કૃતિને વર્તમાનની વિજ્ઞાન આધારિત વિકાસકથા સાથે સરખાવવાનું કોઈ રીતે યોગ્ય ન હતું. તેમણે સહેજ પણ ક્ષોભ પામ્યા વિના પોતાની રજૂઆતનાં વધુ ઉદાહરણ આપ્યાં, "ઇજિપ્તની નાઇલ સંસ્કૃતિ પણ એ કક્ષામાં આવી શકે. ઉપરાંત સાગરમાં લુપ્ત થયેલી આટલાન્ટીસ નગરની સંસ્કૃતિ એવી જ ભવ્ય હતી. કેવળ દંતકથા તરીકે એની ઉપેક્ષા કરવામાં આપણું અજ્ઞાન જ પ્રદર્શિત થાય છે. એના કરતાં પણ વધુ જૂની માનવસંસ્કૃતિઓ હશે જેનો વિકાસ થયો હશે અને આપણે જાણી શકીએ એવી કોઈ પણ નિશાની મૂક્યા વિના લુપ્ત થઈ ગઈ હશે." ન્યાયાધીશ મેન્ડોઝાનું આ વક્તવ્ય વર્તમાનમાં પ્રર્વતમાન વિચારોથી સાવ વિપરીત, ન માની શકાય એવું અને વિચિત્ર જણાતું હોવા છતાં, અંતે સાચું પુરવાર થવાની ક્ષમતા ધરાવતું હતું. અમે એમની સાથે સંમત ન હતા. છતાં એમનું માન જાળવવા એમની વાતો ગંભીરતાથી લીધી હોવાનો સૌએ દેખાવ કર્યો. એક મિત્રે આ વાતને તાત્ત્વિક રીતે સમજાવતા હોય એ રીતે જણાવ્યું કે, "એવી સંસ્કૃતિઓ ભૌતિક વિકાસમાં આપણા કરતાં પાછળ હોઈ શકે છે, પરંતુ અભૌતિક અને નૈતિક મૂલ્યોમાં આપણી કક્ષાએ જરૂર પહોંચી જ હશે." આ વિચારને આગળ વધારતાં બાથર્સ્ટે જણાવ્યું કે આપણી આ ચર્ચાનો એક મહત્ત્વનો મુદ્દો એ છે કે, "આવી છૂટીછવાઈ નાની નાની સંસ્કૃતિઓ પણ આપણી સાથે જ ઉત્પન્ન થઈ હતી, પરંતુ એવા કેટલાક માનવસમૂહો તથા તેમણે સાધેલી પ્રગતિ, કોઈ અજ્ઞાત કારણો કે સંજોગોમાં લુપ્ત થઈ શકે છે, પરંતુ તેનાથી સમગ્ર માનવજાતે કરેલી પ્રગતિને આંચ આવી શકી નથી. માનવીની પ્રગતિ સમગ્રપણે લુપ્ત ત્યારે જ થઈ શકે જ્યારે આખી માનવજાતનો એકાએક અંત આવી જાય." સૌને પ્રશ્ન એ થયો કે આ વિચાર સંપૂર્ણપણે સ્વીકાર્ય બની શકે ખરો?

આ બધી વાતો આમ તો હળવી ચર્ચા જ ગણી શકાય. આમ છતાં અમારી આસપાસમાં જ કાર્યકારણથી પર હોય તેવી ઘટનાઓ એ જ સમયે મારા કૅમ્પસની બહાર આકાર લઈ રહી હતી. એનો અમને અણસાર સુધ્ધાં આવતો ન હતો. ડૉ. બાથર્સ્ટે પોતાનો પ્રશ્ન કર્યાની એક મિનિટમાં જ, ન્યાયાધીશ મેન્ડોઝાનો સંશયવાદ એના બિહામણા સ્વરૂપમાં અમારી સમક્ષ સાકાર બનવાનો હતો, એની તો અમને કલ્પના પણ ક્યાંથી હોય? એનાથી અજાણ એવા અમે સૌ માનવસંસ્કૃતિ શાશ્વત અને સાતત્યપૂર્ણ હતી એવા આત્મવિશ્વાસમાં નચિંત હતા. અમે વાતો કરતા જ રહ્યા.

કેટલાક મિત્રો ખુરશીમાં ઝૂલતા હતા, તો કેટલાક ટેબલ પર હાથની કોણીનો ટેકો લઈ આરામથી બેઠા હતા. ન્યાયાધીશના નિરાશાવાદી વિધાનો પ્રત્યેની નારાજગી તેઓના મનમાં ઘોળાયા કરતી હતી. ડૉ. બાથર્સ્ટની દલીલોથી એમના વિચારો સંપૂર્ણપણે ધ્વસ્ત થઈ ગયા હોવાનું અમે માન્યું હતું. એમની વાતોને અર્થહીન ગણીને અમે હસી જ કાઢી હતી.

પરંતુ બરાબર એ ક્ષણે જ અમારી ધરતીના પેટાળમાં કાંઈક અસામાન્ય બની રહ્યાનું અમે અનુભવ્યું. કોઈ મહાપ્રલય થઈ રહ્યાની લાગણી અમને થઈ. ધરતી દરૂજી રહી, અમારો વિલા પણ ડોલવા લાગ્યો. ક્ષણભરમાં તે તૂટી પડશે અને અમે નીચે દટાઈ જઈશું એવું લાગ્યું. ભયભીત થઈ અમે ઝડપથી બહાર નીકળી આવ્યા. અમારા પૈકીના થોડાએ હજી તો ઉંબરની બહાર પગ મૂક્યો અને પત્તાંના મહેલની જેમ મારો વિલા મોટા ધડાકા સાથે ધરાશાયી બન્યો. પાછળ આવી રહેલા ન્યાયાધીશ મેન્ડોઝા અને સેવક જર્મેઇન એના કાટમાળ નીચે દટાઈ ગયા. ક્ષણભર એમને બચાવવા માટે અમને પાછા વળવાની ઇચ્છા થઈ, તે જ ક્ષણે મારો માળી રેલે અને તેની પત્ની બાગને છેડે આવેલા એમના રહેઠાણમાંથી બૂમો પાડતાં દોડી આવ્યાં. એમના અવાજમાં ભયાનક ડર હતો.

“દરિયો આવે છે સાહેબ, આપણી ચારેબાજુ દરિયાના પાણી ઊંચે ચઢી રહ્યાં છે.”

મારી વિલાની સામે અહર્નિશ ઘૂઘવતા પ્રશાંત મહાસાગર તરફ મારી નજર ગઈ, હું સ્તબ્ધ બન્યો. અમારી ચારે બાજુએ એક સમયનો ધીરગંભીર પ્રશાંત સાગર અજગરની જેમ અમને ગળી જવા માટે જાણે અમારી ફરતે ભરડો લઈ રહ્યો હતો. માહોલ સંપૂર્ણ રીતે બદલાઈ ગયો, જે પ્રકૃતિને અમે સદાની અવિચળ સ્થિતિમાં માનતા હતા. તે જ પ્રકૃતિ અમારી હજારો વર્ષની મહેનત ઉપર સાચા અર્થમાં પાણી ફેરવી રહી હતી. પ્રકૃતિનાં તત્ત્વો એનાં ખુલ્લાં બિહામણાં જડબાની અંદર માનવજાતના સમગ્ર અસ્તિત્વને ઉતારી રહ્યાં હતાં. હૈયું બેસી જાય એવી અકલ્પ્ય ઘટના અમારી ચોતરફ બની રહી હતી. ક્ષણભરની સ્તબ્ધતા બાદ જિજીવિષાની પ્રબળ ભાવના મારા મનમાં જાગી ઊઠી. અમારી ફરતે ઝડપથી ચઢી રહેલાં પાણીમાં મારા નિવાસસ્થાન સહિત અમે સૌ ગરક થઈ જઈએ તે પહેલાં અહીંથી ઝડપથી ભાગી છૂટવાનો જ પહેલો વિચાર આવ્યો. માનવીની મહત્તા પ્રકૃતિના એ તત્ત્વો પર વિજય મેળવીને તેના ઉપર આધિપત્ય જમાવવામાં નહીં, પરંતુ એને સમજવામાં અને સમગ્ર બ્રહ્માંડના સારરૂપ પોતાનો માનવપિંડ છે, તે રીતે લેવામાં રહેલી છે. પોતાની સામેના કોઈ પણ પડકારનો સ્વસ્થ મને સામનો કરવામાં જ માનવીનું માનવપણું રહેલું છે. હું ભલે નાશ પામીશ, પણ માનસિક રીતે જરા પણ વિચલિત થયા વિના.

સ્વસ્થ બનતાં જ મેં જોયું કે મારી સામેની ડુંગરમાળા ધીરેધીરે ધરાશાયી થઈ પાણીમાં અદૃશ્ય બની રહી હતી. મારા વિલા ફરતેના ભવ્ય બગીચાની કિનાર સુધી પાણી આવી ગયાં હતાં. નિચાણમાં આવેલું માળીનું મકાન પણ અદૃશ્ય બન્યું હતું. અમારા આધારરૂપ આ જમીન એકધારી રીતે પૃથ્વીના પેટાળમાં ઊંડે ઊતરી રહી હોવાનું જણાતું હતું અને એ ખાલી જગ્યા પૂરવા દરિયાનાં મોજાં ધમપછાડા કરતાં હતાં.

જીવ બચાવવા, અહીંથી ભાગી છૂટવા અમારી પાસે ત્રણ મિનિટ કરતાં પણ ઓછો સમય હતો. મેં મારા શૉફરને બૂમ પાડી, ''ગાડી ઝડપથી લાવો.''

અમે ગૅરેજ તરફ દોડ્યા. શૉફર સતર્ક હતો. હાજર સ્ટોકમાં હતું તે પેટ્રોલ ઝડપથી ગાડીમાં રેડી દીધું. મશીન ચાલુ કરવાનું હેન્ડલ ઘુમાવ્યું. એન્જિન ચાલુ થયું અને અમે સૌ ઝડપથી એમાં કૂદ્યા. ટેકરીની ટોચ ઉપરના માર્ગે જવા ગાડીને નીચલા ગિયરમાં નાખી, ગાડી ઝડપથી ચાલુ કરી, ગૅરેજનો દરવાજો બંધ કરી રહેલા માળી રેલેએ ચાલુ થયેલી ગાડી ઉપર ચડવા કૂદકો માર્યો. તે પાછળના કોઈ ભાગને પકડીને ઘસડાવા લાગ્યો. ગાડી ઊભી રાખીને એને અંદર લેવા જેટલો પણ સમય ન હતો. ગાડીમાં એની વહનશકિત કરતાં અધિક માણસો હતા. સમય સામેની આ દોડમાં અને ધીમા હતા. ચઢતા પાણીની છલકો ચકરાકાર માર્ગ ઉપર ઊંચે જઈ રહેલી અમારી ગાડીનાં પૈડાંને અડી રહી હતી. આ ગતિએ ટોચ પર પહોંચતા અમને બે કલાકનો સમય લાગે તેવી સ્થિતિ હતી.

ગાડી અધિકતમ ઝડપે ઉપર ચઢી રહી હતી, પરંતુ ચઢતા પાણી સાથેનું અંતર ઘટતું ન હતું. સ્થિર ગતિથી વધી રહેલાં પાણીમાં અમારી પાછળના રસ્તાને ગરક થતો અમે જોઈ રહ્યા. અમારી સામે આવી રહેલા વળાંકને પસાર કરતાં શૉફરે જણાવ્યું કે, ''અડધો રસ્તો પૂરો થયો, હજી અડધો બાકી છે. ટોચે પહોંચતાં હજી કલાક થશે.''

ટેકરીની ટોચ... અમારા શરીરમાંથી ધ્રુજારી પસાર થઈ રહી... ઉપર પહોંચતાં સુધી પાણી ક્યાંય પણ અટકે નહી તો શું થાય? એટલી ઊંચાઈએ ગયા પછી પાછું નીચેની ખીણમાં ધકેલાઈ જવાનું? પાણીનો એક જબરજસ્ત હલકારો આવ્યો. અમારી બાજુની ટેકરી પાણીમાં ગરક થઈ હોવાની એ અસર હતી. એના ફીણ સાથેની છાલક અમને ભીંજવી ગઈ. અમારી ગાડી ઉપર ચઢતી જ રહી, ત્યાં અચાનક ગાડીને નાનો સરખો આંચકો લાગ્યો. ઝડપમાં થોડો વધારો થયો, કારણ તરત જ સમજાઈ ગયું. માળીની પત્ની ચિત્કાર કરી ઊઠી. ગાડીની પાછળ બળપૂર્વક વળગી રહેલા એના પતિની હાથની પકડ છૂટી ગઈ હતી. એ પાણીમાં ફેંકાઈ ગયો હતો. પાછળથી ધસી રહેલા પાણીમાં એ અદૃશ્ય બન્યો. એને બચાવવા ગાડી રોકવાનો કોઈને વિચાર સુદ્ધાં આવ્યો નહી. ગાડી ઉપર ધસતી જ રહી, પાણી પણ સાથેસાથે ઉપર ચઢતું જ રહ્યું.

અમે ચોક્કસ ઊંચાઈએ પહોંચ્યા. શૉફરે ગાડી એકાએક ઊભી રાખી. શિખરની ટોચ સાથે આવેલા રસ્તાના અંત તરફ એણે આંગળી ચીંધી. હવે જો પાણી નહીં જ અટકે તો શું? ''રસ્તો બંધ''ના લાકડાંના પાટિયાંની પેલે પાર સીધી ઊંચાઈના ખડકો હતા. તો નીચી ઊંડી ખીણ હતી, જેમાં પાણી સિવાય કાંઈ જ દેખાતું ન હતું.

હવે? ગાડીમાંથી ઊતરી ટોચ પરની નાની સપાટી ઉપર અમે સૌ ઊભા રહ્યાં. ચારે તરફ પાણી જ પાણી. અમે સૌ બાવરાં બની ગયાં. અમને અમારા અંતની ઘડી નજીક લાગી. સતત અમારો પીછો કરી રહેલાં પાણી હવે અમને ક્યારે ગળી જાય તેની અમે ભયભીત નજરે રાહ જોઈ રહ્યાં. માળીની પત્ની તથા પુત્રીના ડૂસકાં સિવાય ચારેકોર હતી ફક્ત નીરવતા. સૌનાં મન સ્તબ્ધ હતાં, હૃદયના ધબકાર સિવાય ત્યાં કંઈ જ ન હતું. અચાનક આ વિષાદ વચ્ચે રાહતની એક લહેર અમે સૌએ અનુભવી. અમારાથી

થોડા ફૂટ દૂર પાણી ચઢતાં અટકી ગયાં. જોકે ગાડીની ફરતે ઊભા રહીને દૂરદૂર સુધી ચિંતામગ્ન બનીને આંખો ખેંચવા સિવાય અમે કાંઈ જ કરી શકવાની સ્થિતિમાં ન હતાં. આ ભયાનક સ્થિતિમાંથી સાંગોપાંગ બહાર નીકળી શકાશે? આ એક જ પ્રશ્ન સૌના મનમાં ઘૂમરાતો હતો.

અંધકારના ઓળા વધુ ગાઢ બન્યા. એના આંચલ નીચે ચોતરફની દુનિયા અદૃશ્ય બની ગઈ. ચિંતાના ભારે બોજ હેઠળ સૌ દબાયેલા હતાં, છતાં ખુલ્લા આકાશ નીચે, ખુલ્લી જમીન ઉપર અમારી આંખો ક્યારે બંધ થઈ ગઈ તે ખબર જ ન પડી. અચાનક ભારેખમ ગડગડાટીના અવાજથી ઝબકીને હું જાગી ગયો. કેટલા વાગ્યા હશે? ખબર પડી નહીં, કારણ કે પછી હજી સર્વત્ર અંધારું જ હતું. ધીરે ધીરે અમને સમજાયું કે એ ગડગડાટીનો અવાજ અમારી પાછળ પાણીમાં ગરક થયેલા રસ્તા તરફથી આવ્યો હતો. રસ્તો પાણીમાં ફસકી ગયો લાગતો હતો. એમાં પડેલા ખાડાઓમાં પાણી જોશથી ધસી રહ્યું હતું. એ પાણીની છાલક અમારા સુધી પહોંચતી હતી. પાછી શાંતિ સ્થપાઈ ગઈ, આંખો મીંચાઈ ગઈ. તે ઊઘડી ત્યારે દિવસ ઊગ્યો હતો.

૨૫મી મે.

સૌની ચકળવિકળ નજર ચારે તરફ ઘૂમી વળી. નજર સામેની વાસ્તવિકતાથી અમારાં મગજ શૂન્ય બની ગયાં હતાં. માનસિક પરિતાપ અસહ્ય બન્યો હતો. અહીંથી બચી શકીશું એવી ઝાંખી આશા પણ સૂર્યપ્રકાશમાં નષ્ટ થઈ ગઈ. ચોતરફ પ્રશાંત મહાસાગરના ઘૂઘવતાં પાણીએ અડ્ડો જમાવી દીધો હતો. ક્ષિતિજ સુધી લહેરાઈ રહેલાં પાણીની નીચે અમારી આસપાસની સમગ્ર સૃષ્ટિ અદૃશ્ય બની ગઈ હતી.

અમારી દશા દયનીય હતી. આ અસીમ જળરાશિની વચ્ચે એકલા અટૂલા આ નાનકડા ટાપુ ઉપર અમે જીવંત હતાં. એ સ્થિતિ અમારે માટે આશ્વાસનરૂપ હતી કે અકલ્પનીય વ્યથાના નર્ક સમાન હતી, તેની અમે કલ્પના પણ કરી શકીએ તેમ ન હતું. ગઈ કાલે અમારી સાથે ઝાંખાં-ભૂરાં ગિરિશિખરોનો સમુદાય હતો. આજે એ સમુદાય મહાસાગરની સપાટી નીચે વેરવિખેર થઈ ગયો હતો. અમે જ્યાં ઊભા હતા તે ડુંગર નીચો હોવા છતાં કુદરતની અકળ કળાના પરિણામે બેસી ગયો ન હતો. એ કેમ બન્યું તેની કોઈને જાણ ન હતી. ગોળાકાર ક્ષિતિજ વચ્ચે બચી ગયેલી આ એકમાત્ર ટેકરીની ટોચ પર અમે ઘેરાઈ ગયાં હતાં. અમને ખબર ન હતી કે ક્યાં સુધી અમારો પડાવ અહીં રહેવાનો હતો.

અહીં પહેલાં મારો સુંદર વિલા હતો. અન્યોનાં પણ પોતાનાં નિવાસસ્થાનો હતાં. આજે અમારો સૌનો કહી શકાય એવો એકમાત્ર ટાપુ જ છે. ૧૦૦૦ વાર લાંબી અને ૫૦૦ વાર પહોળી અમારી આ દુનિયાને જાણવા માટે એક નજર પૂરતી હતી. એમાંથી જ સમગ્રનો ખ્યાલ આવી જાય તેમ હતું. અગાઉ અમારા આ ટાપુ પર ઉત્તર-દક્ષિણે અને પશ્ચિમે અમારા સ્થાનથી ૧૦૦ વાર જેટલી ઊંચાઈની એક ટેકરી હતી. પૂર્વનો છેડો ઢોળાવવાળો હતો, જેની સાથે સાગરનાં મોજાં અથડાતાં હતાં. એક તરફ ઊંડી ખીણ હતી. ઊંચી ટેકરીઓની પાછળ ડુંગરોના ઉત્તુંગ શિખરોની હારમાળા હતી. એની પાછળ મૅક્સિકો દેખાતું હતું. આ દૃશ્ય હવે અતીતમાં ફેરવાઈ ગયું હતું.

અહીં રહી ગયેલાં ગણ્યાગાંઠ્યા માનવીઓ વહેલી સાંજે મોતના મુખમાંથી જીવ બચાવવા ભાગી છૂટ્યાં હતાં. ગઈ કાલ સાંજ સુધી અમારી પાસે બધું જ હતું. અત્યારે અમે સૌ અકિંચન હતા. પાણી ન હતું, ખોરાક ન હતો. માથા પર રક્ષણ માટે કોઈ છત ન હતી. શરીર ઉપર પહેરેલાં કપડાં સિવાય કશું જ નહીં. સાવ એકલા અને અટૂલા હતા. હૃદયવિદારક એ સ્થિતિ હતી. મોં વકાસીને અમે સૌ એકબીજાંને જોતાં જ રહ્યાં. ગઈ કાલની ગરમાગરમ ચર્ચા બાદ, હવે બોલવા માટે શબ્દો પણ મળતા ન હતા. આવી દારૂણ સ્થિતિમાં હાસ્યની લકીર પણ કોઈના મોં પર દેખાવી અસંભવિત હતી. ડુંગરની ટોચના એ કાળમીંઢ ખડકની નાની અમથી સપાટી ઉપર શૂન્યમનસ્ક સૌ બેઠા રહ્યા. સામે અંધારઘેરું ભાવિ મોં ફાડીને ઊભું હતું. ધીમું મોત એ જ અમારું અવશ્યભાવિ હતું. કોઈને ખબર ન હતી કે અમારો અંત ક્યારે આવશે!!! એ જ તો અમારું ભાવિ હતું. એમાં મીનમેખ ફેરફારને અવકાશ ન હતો.

૪થી જૂન.

વર્જિનિયા સ્ટીમર ઉપર

૨૫મી મેનો એ યાદગાર દિવસ. આ પૃથ્વી ઉપર અમારી જાણમાં અમે જ માત્ર જીવિત હોવાનું લાગતું હતું. બાકીની માનવજાતનું શું થયું એ જાણવા અમારી પાસે કોઈ જ સાધન ન હતું. સાંજ સુધીમાં તો ભૂખતરસથી પીડિત અમે સૌ શુધબુધ ખોઈ બેઠાં હતાં. પછી શું થયું તે અમને ખબર નથી. જ્યારે હું ભાનમાં આવ્યો ત્યારે જણાયું કે ટેકરી ઉપરના અમે કુલ ૧૫ માણસોમાંથી વિલિયમ્સ અને રાઉલિંગ ભૂખ અને તરસથી મોતને ભેટ્યા હતા. બાકીના તેરની પણ એવી જ દશા હતી. જોકે જીવિત હતાં. ઑસ્ટ્રેલિયાના મેલબૉર્ન બંદરેથી માલ ભરીને અહીં મૅક્સિકોના રોઝારિયો બંદરે આવવા નીકળેલા આ બ્રિટિશ વેપારી જહાજે અમને બચાવી લીધા હતા.

પ્રશાંત મહાસાગરના નીચેના ભાગના ખળભળાટનો એમને અણસાર આવ્યો હતો, પરંતુ મૅક્સિકો સહિતના આખેઆખા અમેરિકન મહાખંડને એ ગળી જશે એવો તો ખ્યાલ સરખોયે તેમને ન હતો. સામાન્ય ગણતરી પ્રમાણે રોઝારિયો નજીક આવ્યા ત્યારે એમણે સાગરના ઘૂઘવતાં પાણી સિવાય બીજું કાંઈ ન જોયું. એકમાત્ર બેટના સ્વરૂપમાં આ ટેકરી નજરે પડતાં, નાની નૌકા ઉતારી કૅપ્ટન મોરીસે અહીં મોકલી આપી હતી. બેભાન અવસ્થામાં પડેલા પૈકીના બે શરીરો મૃત હતા. બાકીનાને જહાજ ઉપર લાવી તેની સારવાર કરવામાં આવી હતી. એમાંથી માત્ર નવ માણસો જ બચી શક્યા હતા.

આ વિશાળ પૃથ્વી ઉપર 'વર્જિનિયા' જહાજ જ અમારું આશ્રયસ્થાન હતું. બે હજાર ટનની એની ક્ષમતા હતી. વરાળ એન્જિન ઉપરાંત સઢને આધારે પણ હંકારી શકાય એવું એ મિશ્ર વેપારી જહાજ હતું. ટાપુ પરથી બચી ગયેલા અમે નવ માણસોમાં મારો પુત્ર જીન, પાલ્યા હેલિના, શૉફર સાઇમોન, માળીની વિધવા પત્ની એના, એની બે પુત્રીઓ ઉપરાંત મારા બે મિત્રો ડૉ. બાથર્સ્ટ તથા ડૉ. મોરેના હતા. તદુપરાંત જહાજના વીસ નાવિકો હતા. કુલ ઓગણત્રીસ માણસોની અમારી આ નાનકડી દુનિયા હતી.

જાન્યુઆરી-ફેબ્રુઆરી

હું અને મારી સાથેના અઠ્ઠાવીસ માનવોના જીવનની અત્યારે સૌથી કપરી ઘડી હતી. એની સંપૂર્ણ અનિશ્ચિત ભાવિ અંગેની નોંધ ટપકાવવાનો મારો નિર્ણય, અમારા પછી જો ખરેખર કોઈ પેઢી જન્મ લે તો તેમને જાણકારી મળી શકશે એવા આશયથી કરાયો હતો. આ જહાજને અમારું કાયમી વતન બનાવ્યા બાદ મેં એ લેખનની શરૂઆત કરી હતી. એ અગાઉની સ્થિતિ અંગે જેટલું યાદ કરી શકાયું તેની નોંધ પણ રાખવાનું શરૂ કર્યું. રાત અને દિવસ સિવાયનાં તમામ માપ વિસારે પડ્યાં હતાં. અઠવાડિયાં કે મહિનાઓનું માપ મગજમાંથી સંપૂર્ણ રીતે અદૃશ્ય થયું હતું. આથી જ તારીખ વારની તવારિખ હવે શક્ય રહી ન હતી. પ્રસ્તુત પણ ન હતી.

જહાજમાં આવ્યાને આઠ માસ થઈ ગયા. અમારે માટે અગ્નિપરીક્ષાનો મહાકષ્ટદાયક સમય હતો. ઓગણત્રીસ માનવો માટે પાયાની આવશ્યકતાઓ માટે અહીં જહાજમાં કોઈ અમર્યાદીત પુરવઠો તો હતો જ નહીં અને તાત્કાલિક નવી ક્ષતિપૂર્તિની કોઈ શક્યતા ન હતી. આથી ખોરાક-પાણી વગેરે તમામમાં ભારે રેશનિંગ લાદવું પડ્યું.

મૅક્સિકોના રોઝારિયો ટાપુ ઉપરથી અમને ઉપાડ્યા બાદ જહાજને પૂર ઝડપે પૂર્વ તરફ હંકારવામાં આવ્યું. શરૂમાં અમારા જીવનનો આધાર બની ગયેલો ટાપુ હવે અમારી દૃષ્ટિની બહાર હતો. કૅપ્ટને સૂર્યની ગતિને આધારે મૅક્સિકોનો ભૂભાગ શોધવા પ્રયાસ કર્યો, પરંતુ એ ભૂભાગ સમગ્રપણે પાણીમાં ગરકાવ હતો. એનો કોઈ જ પત્તો ન હતો.

કુદરતની આ ભયંકર ખાનાખરાબીનું ચિત્ર હવે અમારા મનમાં સ્પષ્ટ થવા લાગ્યું. ભયભીત નજરે અમે એકબીજાને જોતાં રહી ગયાં. કોઈ માનવા તૈયાર ન હતું કે મૅક્સિકો નામનો આખો દેશ પાણીમાં સંપૂર્ણ રીતે ડૂબી ગયો હતો. આ એક અકલ્પનીય ઘટના હતી. અમેરિકા મહાખંડ માટે પણ આ એટલું જ સાચું હોઈ શકે તેમ હતું. એની ખાતરી કરવા અને જો મળી શકે તો કોઈ ભૂભાગની તલાશ માટે કૅપ્ટને જહાજને ઉત્તર તરફ વાળ્યું. બાર દિવસના પરિભ્રમણ બાદ પણ જમીન હોવાનો અણસાર સુદ્ધાં કોઈને મળ્યો નહીં. ત્યાર બાદ ફરીથી દક્ષિણની સફર શરૂ કરી. બધું જ પાણીમાં ડૂબી ગયાની અમારે જાતે જ ખાતરી કરવી હતી. વિષુવવૃત્ત સોંસરવો ઉત્તર અને દ્રુવો સુધીનો એ મહાખંડ ખરેખર પાણીની નીચે સૂતો હતો.

સૌ અફસોસ કરી રહ્યા હતા કે જ્યારે મહાજાતિ માનવવંશનું સંપૂર્ણ નિકંદન નીકળી ગયું હોય, ત્યારે અમે — કેવળ ૨૯ જીવને કુદરતે શા માટે જીવંત રાખ્યા હશે? અમારા પ્રથમ આશ્રયસ્થાને જેવા અમારા એ ટાપુ ઉપર જ ભૂખે તરસે અમારા બે સાથીઓ અગાઉ મોતને ભેટ્યા હતા. તેવું જ અમારું ભાવિ પણ લખાયેલું લાગતું હતું. જહાજનું બળતણ ગમે ત્યારે પૂરું થઈ જાય તેમ હતું. મધદરિયે સ્થગિત થઈ ગયેલા જહાજની અને એના ઉપર આધારિત માણસોની શું દશા થઈ શકે તેનો અમને ખ્યાલ હતો, તેથી જ કૅપ્ટન મોરીસે તા. ૧૪મી જુલાઈના રોજ અમે જ્યારે આર્જેન્ટિનાના બુએનોસ-એરિસ ઉપર હતા, ત્યારે એના એન્જિનો બંધ કરાવી દીધાં અને જહાજના સઢો ખોલી નાખ્યા. જહાજના સૌ કર્મચારી અને અમારી સમક્ષ કૅપ્ટને પરિસ્થિતિની

સમીક્ષા કરી. જે મુશ્કેલીઓનો સામનો અમે કરી રહ્યા હતા તે અંગે સ્પષ્ટતા કરી. પરિસ્થિતિ હળવી બનાવી શકાય તે માટે સૌ પાસેથી સૂચનો મંગાવ્યાં. સ્થિતિ એ જ હતી કે સૌ કોઈનાં મગજ બહેર મારી ગયાં હતાં. સૂચન કરવા જેવું પણ શું હતું? જ્યાં સાવ મર્યાદિત પુરવઠા ઉપર, અનિશ્ચિત સમય સુધી નભવાનું હતું. એ સ્થિતિ પૂરતી ન હોય તેમ રાત્રી દરમિયાન વિનાશક વાવાઝોડું ફૂંકાયું. જગતના ભૂમિખંડોને ગળી ગયા બાદ હવે તો એક જ મહાસાગર બની ગયો હતો. ઝંઝાવાતમાં એ પણ હવે માઝા મૂકી રહ્યો હતો. અમારા જેવા ક્ષુલ્લક જંતુઓને ગળી જવા તે તત્પર હોય તેવો ભય સૌને લાગ્યો. પવનની થપાટોનો વીંઝણો કોઈ પણ પ્રકારના વિરામ વિના, સતત, અવિતરપણે પૂરા પાંત્રીસ દિવસ વીંઝાતો રહ્યો.

કરાલરાત સમા એ ઝંઝાવાતનો પણ અંત આવ્યો. હવામાન ફરીથી સ્વસ્થ બનતાં કૅપ્ટને એના લંગર હટાવી મુસાફરી આગળ શરૂ કરી. હવે એ મુસાફરી કેવળ સઢને આધારે જ હતી. દિશામાપક સાધનોને આધારે એ સ્થળ ૪૦° ઉત્તર અક્ષાંશ અને ૧૧૪° પૂર્વ રેખાંશ હોવાનું જણાયું. એ સ્થાન ચીનના બેઇજિંગ નગરની નજદીક હતું. ત્યાંથી પોલિનેશિયા, ઑસ્ટ્રેલિયા અને વળી પાછા ઉત્તરની વાટ પકડી. અહીં તિબેટ તથા હિમાલયનું પણ નકશા ઉપર સ્થાન પકડાયું. વિશ્વના સૌથી ઊંચા શિખરોમાંના કોઈકના દર્શનની અપેક્ષા ફળી નહી. અમારે હવે તો માનવું જ રહ્યું કે જગતના તમામ ખંડોની ધરતી સાગરની નીચે હતી. ધરતીનું એકમાત્ર પ્રતીક એવી રોઝારિયા બંદરની નજીકની ચોટી જેને કારણે સમગ્ર માનવજાતના પ્રતિનિધિરૂપ અમારા નવ માણસોના જીવ બચ્યા હતા, તે જ કેવળ સાગરના પાણીની બહાર રહી હતી.

એ ખંડો, તેના નગરોમાં જીવતી કરોડો માનવીઓની વસ્તી ઘડીના છઠ્ઠા ભાગમાં નષ્ટ થઈ ગઈ હતી અને બાકી રહેલા અમે. અમારું ભાવિ પણ એનાથી જુદું હોવાની શક્યતા દેખાતી ન હતી. જહાજમાંના પુરવઠા ઉપર સખત નિયંત્રણ હોવા છતાં અમારે માટે નાશ પામવાનો દિવસ હવે બહુ દૂર ન હતો. અસીમ સાગર ઉપર દિશાવિહીન બનીને ચાલતી અમારી આ અનંત યાત્રાને ક્યાંક કિનારો સાંપડે એવી આશા ધીમેધીમે ધૂંધળી બનતી ગઈ.

પૃથ્વીના નકશામાં ખંડો અને દેશની વાંકીચૂકી હદ રેખાઓ ઉપર આંગળી ચલાવતા ચલાવતા વિચારવું કે જેને આપણે શાશ્વત સમજતા હતા તેમાંનું કાંઈ નહી, કાંઈ કહેતાં કશું જ બચ્યું ન હતું. કરોડો માનવો અને અસંખ્ય જીવોથી સતત ધમધમતી રહેતી આ પૃથ્વીને પાટે, એમાંનો એકાદ ટુકડો પણ પગ ટેકવવા મળે તે માટે મહિનાઓથી ચાલતી રહેલી આ અનંત લાગતી રઝળપટ્ટીને અંતે પણ અમારો કરુણાંત નજીક હોવાની પ્રતીતિ હૃદયવિદારક હતી. જે પૃથ્વી, તેના ખંડો, ઉપખંડો અને મહાસાગરોને અમે ભરપૂર પ્રેમ કર્યો હતો. તે પૃથ્વી દયાહીન બનીને વિનાશની ઘડીએ અમને રિબાવી રહી હતી.

મારા આ લેખનની દર્દનાક છતાં આક્રોશભરી વાતો માટે વપરાતા શબ્દો યોગ્ય છે કે કેમ તે કહેનાર કોઈ જ નહી હોય! માનવ સહિતની સમગ્ર જીવસૃષ્ટિ ઉપર આવી પડેલી આ મહાવિનાશકારી અને અદ્‌વિતીય સ્થિતિના અમે બાકી રહેલા મુઠ્ઠીભર

કમનસીબ પ્રેક્ષકોની વેદનાને વાચા આપવા માટે, કોઈ પણ ભાષાના શબ્દો પર્યાપ્ત ન જ બને.

ભારતીય ઉપખંડના ઉત્તુંગ શિખરો ઉપર પગ મૂકવાની ધરતી બચી હશે એવી આશા ઠગારી નીકળતાં હવે અમારું વર્જિનિયા જહાજ ઉત્તરમાં પામીર પર્વતમાળા થઈને યુરોપના સ્થળ તરફ ગયું. ઉરલની પર્વતમાળા એની સકલ જીવસૃષ્ટિ સાથે સાગરને તળિયે જઈ બેઠી હતી. ઉત્તરથી દક્ષિણ અને પૂર્વપશ્ચિમ એમ અમારી હડિયાપટ્ટી અવિરામ ચાલુ જ રહી. નિરર્થક બની રહેલી નિરંતર મુસાફરીના ત્રાસથી અમે ટેવાઈ ગયા હતા. દુનિયાભરના મહાનગરો ઉપરથી અમારું જહાજ પસાર થતું ત્યારે નિરપેક્ષ ભાવે સૌ આંગળી ચીંધતા રહ્યા કે અહીં હતું મૉસ્કો, ત્યાં હતું બર્લિન... વિયેના, રોમ, ટ્યુનિસ, સેન્ટ લુઇશ, મેડ્રીડ વગેરે વગેરે. એ અંગેની અમારી લાગણીની શરૂની તીવ્રતા હવે બુઠ્ઠી બનતી ચાલી. કેવળ નામો બોલતાં હતાં... બીજું કશું જ નહી.!!

આમ છતાં મેં સ્વસ્થતા જાળવી રાખી હતી. અપૂરતા ખોરાકને કારણે કૃશ બનતી કાયામાં હજી પણ લાગણીશીલ હૃદય આઘાતો ઝીલવા સલામત રહ્યું હતું, પરંતુ માનવધૃતિ કોઈ અમર્યાદ અવસ્થા નથી હોતી. મને યાદ છે એ ૧૧મી ડિસેમ્બરનો દિવસ હતો. કૅપ્ટન મોરીસે નકશાને આધારે મને બતાવ્યું હતું કે, "આપણે અત્યારે ફ્રાન્સના પેરીસ ઉપર થઈને પસાર થઈ રહ્યા છીએ." પેરીસ... મારું પેરીસ, જેની ગલીઓ મેં વર્ષો સુધી ખૂંદી હતી. જ્યાં મારા મિત્રો અને સ્વજનો રહેતાં હતાં. એ મારું પેરીસ, એ મારો દેશ ફ્રાન્સ... હું મારી લાગણીઓને કાબૂમાં રાખી શક્યો નહીં. પહેલી વાર મારી આંખોમાંથી આંસુઓ વહી રહ્યાં. બાજુમાં જ ઊભેલો મારો શૉફર પણ ડૂસકાં ભરી રહ્યો હતો. કોણ કોને આશ્વાસન આપે?!

આ પછીના વધુ ચાર દિવસ ઉત્તર તરફની અમારી દોડ ચાલુ જ રહી. ત્યાંથી અમે દક્ષિણ પશ્ચિમમાં વળ્યાં. કઈ દિશામાં ક્યાં જઈને ક્યારે પાછા વળવું એનો કોઈ અંદાજ કે કોઈ કાર્યક્રમ ન હતો. અમે દિશાવિહીન હતાં. એક દિશામાંથી બીજીમાં જવાને કોઈ વિશિષ્ટ કારણ ન હતું. ગમે તે દિશામાં વહાણને હંકારો, અમારે મન તેનું કોઈ મહત્ત્વ ન હતું. લંડન ઉપરથી પસાર થયાના નવમા દિવસે અમે સૌએ બિસ્કિટનો છેલ્લો ટુકડો મોંમાં મૂક્યો. ખોરાક ખતમ થઈ ગયો. સૂકી બની ગયેલી અમારી સૂની આંખોમાંથી આંસુ પાડતા અમે એકબીજાંને જોતાં જ રહ્યાં. હવે પછી શું? કોઈ પાસે જવાબ ન હતો.

અચાનક કૅપ્ટન મોરીસે જહાજના એન્જિનોને ચાલુ કરવાનો આદેશ આપ્યો. એની પાછળ એમનો શો આશય હતો તે કોઈએ પૂછ્યું, નહી. આદેશનો અમલ થયો. જહાજની ઝડપ વધી, પરંતુ તેથી શું? કોઈને કંઈ તફાવત પડતો ન હતો. વધુ બે દિવસ પસાર થઈ ગયા. મોટા ભાગના સાથીઓ પથારીમાંથી ઊઠવાની શક્તિ પણ ગુમાવી બેઠા હતા. કૅપ્ટન પોતે, સાયમોન, થોડા કર્મચારી તથા હું નબળાઈ હોવા છતાં જહાજનું સંચાલન કરતા રહ્યા. વધુ પાંચ દિવસ વીત્યા. કાર્યરત માણસોની સંખ્યામાં ઘટાડો થયો. વધુ ૨૪ કલાક — અને અમે સૌ અશક્ત બની જઈશું! ઊભા રહેવાની પણ શક્તિ નહી રહે!!

છેલ્લા સાત માસથી અમે સૌ દુનિયાભરમાં પથરાયેલા એકમાત્ર મહોદધીમાં શૂન્યમનસ્ક બનીને ભટકતા રહ્યા હતા. મને યાદ છે જાન્યુઆરી આઠમી તારીખનો એ દિવસ, જોકે હું ચોક્કસ નથી, કેમ કે આ દિશાશૂન્ય રઝળપટ્ટીમાં દિવસો અને મહિનાઓના કૅલેન્ડરે પોતાનું મહત્ત્વ ગુમાવી દીધું હતું.

એ દિવસે સુકાન હું સંભાળી રહ્યો હતો. અશક્તિ હોવા છતાં ત્યાં ઊભા રહીને હું જહાજના હોકાયંત્ર ઉપર મારી નજર માંડી રહ્યો હતો. મનમાં એક ઝબકારો થયો. કાંઈ સરતચૂક તો નથી થતી ને તેની ખાતરી કરવા ધારીધારીને મેં જોયા કર્યું. મને ખાતરી થતાં જ હું બૂમ પાડી ઊઠ્યો. હતી એટલી શક્તિ કેન્દ્રિત કરીને, સૌ સાંભળે તે રીતે મેં બરાડો પાડ્યો, ‘‘જમીન, જમીન, જહાજની જમણી બાજુએ જમીન!’’ ઘોર નિરાશાને પગલે આવેલા આ શબ્દોની વીજળીક અસર થઈ. ભૂખથી પીડાતા કૃશ શરીરવાળા સૌ પોતપોતાની બંકબેડમાં ટૂંટિયું વળીને સૂતેલા હતા, તે સૌમાં ચેતનાનો સંચાર થયો. જહાજની જમણી બાજુના કઠેરા પાસે આવીને સૌ એ દિશામાં જોવા લાગ્યા, નજર ખેંચવા લાગ્યા. મહિનાઓની વિટંબણાભરી ત્રસ્ત જિંદગીમાં વિલાયેલા સૌનાં મોં ઉપર ખુશીની લહેરખી આવી ગઈ.

‘‘હા, જમીન છે.’’ દિશાને ઢાંકી રહેલાં વાદળો હઠતાં, સૂરજના પ્રકાશમાં સામેનું ચિત્ર સ્પષ્ટ બનતાં કૅપ્ટન મોરીસે અનુમોદન આપ્યું. દુનિયાભરના જળવિસ્તારોમાં ખાંખાંખોળાં કરવા છતાં નજરે ન પડેલો ભૂભાગ અહીં સામે એટલાન્ટિકમાં હતો. સાગરતળમાંથી બહાર ઊપસી આવેલો એ ભૂખંડ જ હતો. બપોરના ત્રણ વાગ્યાના અરસામાં એની નજીક પહોંચતાં વળી પાછા સૌ હતાશ થયાં. અમારું જહાજ જ્યાં પહોંચ્યું હતું ત્યાં દરિયાનાં પાણીમાંથી સીધી ઊંચાઈએ નીકળેલા ઊંચા ઊંચા ખડકોનો જ એ કિનારો હતો. કોઈ પણ સ્થળે જહાજને લાંગરી શકાય એવી અનુકૂળતાનો અભાવ હતો. ખડકોની સ્થિતિ જોઈ સૌને આશ્ચર્ય થયું. વરસો સુધી દરિયો ખેડનારા કૅપ્ટન વગેરે પણ એને ઓળખી શક્યા નહીં કે કયા ખંડનો એ ભાગ હતો. સંપૂર્ણ રીતે પ્રાથમિક અવસ્થાનો અવાવરું એવો ભૂખંડ માનવ વસવાટને માટે કોઈ પણ રીતે યોગ્ય ગણી શકાય તેવો જણાતો ન હતો.

હાલનો દારૂણ વિનાશ ત્રાટક્યો તે પૂર્વે અમે જે દુનિયામાં જીવતા હતા. તેનો કોઈ પણ ભાગ લીલોતરી વિનાનો ન હતો પરંતુ અહીં તો હતો નિબિડ કાંઠો અને વેરાન ધરતી. જ્યાં વનસ્પતિનું એક તણખલું પણ ન હોય એવું સ્થળ કોઈએ જોયું પણ ન હતું. અમારી સામે હતા ઊંચા ઊંચા કાળમીંઢ ખડકોના ખડકલા, જેમાં જીવનની કોઈ નિશાની મળવાની સંભાવના ન હતી.

કાંઠાના એ ખડકોની ફરતે અમારી રખડપટ્ટી શરૂ થઈ. બે દિવસ અમે ઘૂમતા રહ્યા, જહાજ લાંગરી શકીએ અને અમે પગ રાખી શકીએ તેવી કોઈ યોગ્ય જગ્યાની શોધમાં. છેક બીજા દિવસની મોડી સાંજે કિનારાની અંદર ઘૂસેલો અખાત જેવો ખાંચો નજરે પડ્યો. થોડે ઊંડે જતાં જહાજને થોભાવવા લંગર નાખી શકાય તેવું સ્થળ શોધી કાઢ્યું. લંગર ઉતાર્યું. હોડી પાણીમાં ઉતારી થોડા સાથીઓ, જેમનામાં હજી શક્તિ હતી, તેમણે કાંઠા તરફ પ્રયાણ કર્યું. મહિનાઓના રઝળપાટ અને નિરાશામાં ડૂબેલા અમે, અંતે કોઈ નવતર ધરતીને કાંઠે પગ મૂક્યો. ભૂખથી મૃત્યુને આરે પહોંચી ગયેલા અમારા

સૌ માટે ખોરાકની શોધનો અગ્રતાક્રમ હતો. અમારા આશ્ચર્ય વચ્ચે કિનારા ઉપર અને અંદરના ખડકોમાં અસંખ્ય કાચબાઓ અને માછલીઓનો પુરવઠો હતો. અન્ય કોઈ ખોરાક ન મળે તો પણ આ દરિયાઈ જીવો અમને લાંબો સમય ટકાવી શકે તેમ હતું. દરિયાઈ ખોરાક મળતાં સૌમાં શક્તિનો પુન:સંચાર થયો. થોડા જ દિવસોને અંતે ભૂખંડ ઉપર વધુ ઊંડે સુધી જવાની તૈયારી શરૂ કરી. ચારેબાજુ ખડકોના ખડકલા હતા, તે સાથે જ દરિયાઈ વનસ્પતિ અને કાંપના થર પર થર લદાયેલા અને તે સુકાઈ રહ્યા હોવાનો ખ્યાલ આવ્યો. આ સ્થળેથી અનેક વાર પસાર થયા હોવાનો અમને ખ્યાલ હતો. આથી એકાએક એનું અસ્તિત્વ અમારે માટે આશ્ચર્યકારક બની રહ્યું. ધરતીના પેટાળમાં થઈ રહેલી હિલચાલને પગલે, આ પ્રચંડ ભૂખંડ દરિયામાંથી સોંસરો ઊંચકાઈ આવ્યો હોવો જોઈએ એમ અમને લાગ્યું. દરિયાઈ જીવો અને વનસ્પતિ તથા કાંપ ઉપર બનેલી ખડકાળ જમીન ઉપર નાનાંમોટાં ખાબોચિયાં ખારાં પાણીથી ભરેલાં હતાં. એની ઉપર માનવવસ્તીનો કોઈ અણસાર ન હતો. કાંપ અને કાદવના સમાતંર થરોની હાજરીનું કારણ પણ સ્પષ્ટ હતું કે ખડક તાજેતરમાં જ ઊંચકાઈ આવ્યો હતો. પાણી ઓસરી જતાં બાકી રહેલો ખડકનો આ પોપડો પ્રખર તડકામાં સુકાઈ રહ્યો હતો.

દિશામાપક યંત્ર પ્રમાણે અમે ૧૭-૨૦° ઉત્તર અક્ષાંશ અને ૨૫-૫૫° અંશ પશ્ચિમ રેખાંશ ઉપર હતા. નકશા પ્રમાણે એ સ્થળે દરિયો હતો અને કેપવર્ડની સીધી લીટીમાં અમે હતા. અહીંની સ્થિતિ માનવવસવાટ માટે ગમે તેટલી પ્રતિકૂળ હોવા છતાં અમને એક ઠેકાણું મળ્યાનો સંતોષ હતો. સૌએ રાહત અનુભવી અને વર્જિનિયા જહાજનો તમામ સામાન કાંઠા ભેગો કરવાનો નિર્ણય લેવાયો. જહાજને એના સ્થળે લંગરોના બંધનથી સ્થિર અને સલામત કરવાનું પણ એટલું જ જરૂરી હતું. દિવસો સુધીની જહેમતથી નાની-મોટી બધી જ વસ્તુઓ સલામત રીતે કાંઠા ઉપર આવી ગઈ. એ કામ પૂરું થતાં જ, હવે અહીંના અમારા નવા જીવનની શરૂઆત કરવાનો સમય થયો.

* * *

અહીં સુધીના પાનાં અકબંધ જણાયાં હતાં. જોકે પોતાની ભાષામાં ઉતારવામાં ડૉ. ઝરટોગ જેવા વિદ્વાનને પણ ભારે જહેમત કરવી પડી હતી, પરંતુ એ મુઠ્ઠીભર માનવોએ એમનું નવજીવન શરૂ કર્યા બાદના જીવનની નોંધ માટેના પાનાંમાં હવે મુશ્કેલી લાગવા માંડી. ઘણાં પાનાં કોરાં હતાં. લખાણવાળાં પાનાંનો ભાગ ચૂંથાઈ ગયો હતો અને તેમાંનો ઘણો ભાગ અવાચ્ય હતો. પાનાંના અનેક ટુકડા થઈ ગયા હતા. એમાંથી થોડુંઘણું ઉકેલી શકાયું તે નીચે મુજબ હતું. જોકે હવેનાં પાનાંઓમાં આગળ-પાછળનો કે કોઈ સંદર્ભ મળતો ન હતો. તે માત્ર વર્ણન જ હતું.

* * *

સાગરતળમાંથી અચાનક બહાર આવેલા વિશાળ ભૂખંડ ઉપર મુકામ શરૂ કર્યા બાદ ધીમેધીમે અહીંનું વાતાવરણ અમને સૌને કોઠે પડવા લાગ્યું, પરંતુ અમે અહીં ક્યારે ઊતર્યા હોઈશું? મેં કૅપ્ટન મોરેનાને પૂછ્યું,. તેઓ સમયની બાબતમાં વધુ સજાગ હતા. એમણે કહ્યું, "છ માસ, એમાં થોડા દિવસના છૂટના મૂકવા." ખોટા ન પડાય તે માટે એમણે ખુલાસો કર્યો. આ સારી નિશાની હતી. અમે અમારા જૂના સમયના બંધનમાંથી

મુક્ત બન્યા હતા. સમયની જાળવણી કરવામાં સમય આપવાને બદલે અમારું સૌનું ધ્યાન અત્યારે અમને સૌને જીવિત રાખવામાં વધુ કેન્દ્રિત હતું. એ માટે ખોરાકની શોધને અગ્રતાક્રમ અપાયો હતો. શરૂમાં મળતી માછલીઓનો ભંડાર હવે ખૂટવા આવ્યો હતો. કાચબા, તેના ઇંડા તથા ખાદ્ય હોય તેવી દરિયાઈ વનસ્પતિની શોધમાં જ દિવસો વીતવા લાગ્યા. એનાથી થાકેલા શરીરો માટે ઊંઘ જરૂરી હતી. જહાજના સઢ કાપીને થોડા તંબુઓ બનાવ્યા. હવે પછી વધુ સારાં રહેઠાણ બાંધવાનો અમે સંકલ્પ કર્યો.

એક ઉત્સાહવર્ધક ઘટના બની. વર્જિનિયા જહાજને ખાલી કરતી વેળા ઘઉંની એક ગૂણ મળી આવી હતી. એમાંની અડધી ગૂણ ત્યાંની કાંપ-કીચડની બનેલી સમથળ જમીન ઉપર વાવવાનો પ્રયોગ કર્યો. સાગરતળની વનસ્પતિના કોહવાટથી બનેલી એ જમીન ફળદ્રુપ હતી. અમને ખાતરી હતી જ કે અમારી ખેતી ઘણી સારી થશે. ઘઉંની અડધી ગૂણનો બ્રેડ બનાવવા માટે રાખવાનો જહાજના કર્મચારીઓનો આગ્રહ હતો. તેમનું માન જાળવવામાં આવ્યું. સમય જતાં ઘઉં ઊગ્યા. લણણી પણ થઈ. સૌને માટે એ આનંદની ઘટના હતી. અવારનવાર પડતા વરસાદથી ખારી જમીન અને ખારાં પાણીનાં નાનાં-મોટાં ખાબોચિયાંમાંથી ધીરેધીરે ખારાશ ઘટતી ગઈ. પીવાના પાણીનો પણ પ્રશ્ન હવે ન હતો. જહાજના ભંડકિયામાંથી સસલાંની બે જોડી પણ મળી આવી હતી. એનો ગુણાકાર થાય તે માટે ધીરજ ધરવી પડી, છતાં એ પણ પૂરક ખોરાક હતો.

* * *

બે વર્ષ વીત્યાં. ઘઉંની ફસલ વારંવાર થતી રહી. વાવણીનો વિસ્તાર વધતો ગયો. સૌને માટે પૂરતું અનાજ મળતું થયું. હવે નાનાંમોટાં પક્ષીઓ પણ દેખાવા લાગ્યાં. એમનો વધતો વિસ્તાર આશ્ચર્યજનક હતો.

શરૂમાં અમારી ૩૯ માનવીઓની વસાહત હતી. એમાં થોડાના મૃત્યુ થવા છતાં સંખ્યા વધવા લાગી હતી. મારો પુત્ર અને પાલ્યાનાં ત્રણ સંતાનો હતાં. સમૂહમાં અન્ય સ્ત્રીઓ પણ હતી. એમણે પણ આ વધારામાં યોગદાન આપવાનું શરૂ કર્યું. નવી ધરતીમાં જન્મેલાં એ બાળકો તંદુરસ્ત હતાં. એમણે તો અમારી અગાઉની સંસ્કૃતિ જોઈ જ ન હતી. એમને માટે આ જ એમની સંસ્કૃતિ હતી. આ જ એમની દુનિયા હતી. જૂની વિકસિત સંસ્કૃતિ સાથે સરખામણી કરવાનું એમની પાસે કોઈ જ સાધન ન હતું.

અહીંના વસવાટને દસ વર્ષ વીતી ગયાં છતાં એ સમગ્ર ભૂભાગ સંબંધમાં અમારી જાણકારી નહિવત્ જ હતી. અમારા વસવાટ નજીકના થોડા માઇલની ભૂમિ જ અમારી જાણીતી હતી. પર્યાપ્ત ખોરાકની વ્યવસ્થા થયા બાદ જીવન માટે સંઘર્ષ કરવાનો ન રહેતાં અમે અન્ય બાબતો પર ધ્યાન આપી શક્યાં. વિશાળ એવી અમારી નિવાસભૂમિ માટે વધુ માહિતી મેળવવા ફરીથી વર્જિનિયાને સેવામાં લીધું. છ માસની તૈયારી બાદ અમારા મહાદ્વીપની ફરતે અમે પ્રદક્ષિણા કરી શક્યાં.

અમારી એ મુસાફરી ધારવા કરતા ઘણી લાંબી ચાલી હતી. સમગ્ર મહાખંડની ફરતે ફરીને મૂળ સ્થાને પાછા, ગઈ કાલે જ અમે આવ્યાં. અમારી આ ધરતીના કાંઠા પૂરેપૂરા ખડકાળ હતા. એમાં ઝાઝો ફરક જણાયો નહીં. મુસાફરી દરમિયાન અનુકૂળ

સ્થળોએ જમીન પર ઉતરાણ કરી અને અંદરના ભાગોમાં ગયા હતા. અમને આશા હતી કે અમારી સંસ્કૃતિનો પ્રલય થયો તે અગાઉ ભૂતકાળમાં આટલાન્ટિકમાં ડૂબી ગયેલી મનાતી અન્ય સંસ્કૃતિઓના અવશેષો બહાર આવી ગયા હશે. એઝોરસ અને મડીસની એવી પ્રગતિશીલ સંસ્કૃતિઓ એની પાછળ એક પણ નિશાની છોડ્યા વગર લુપ્ત થઈ ગઈ હતી. એવા સંભવિત સ્થળોએ, લાવાના જામી ગયેલા થરના ટેકરાઓ જોવામાં આવ્યા હતા.

જોકે અમારી શોધયાત્રા દરમિયાન માનવસર્જિત કેટલીક એવી નિશાનીઓ મળી હતી, જેની અમને કોઈ કલ્પના ન હતી. લાવાના એ થરોમાં અડધી દટાયેલી માટીનાં વાસણોની ઠીકરીઓ મળી આવી હતી. જે એઝોરસ પ્રજાની ગણી શકાય તેમ ન હતું. ડૉ. મોરેનાનો એ અભિપ્રાય હતો કે અતિ પ્રાચીન કાળની એ નિશાની હોવાની સંભાવના હતી. આ એક અજીબોગરીબ સ્થિતિ હતી કે એક પછી એક લુપ્ત થયેલી ત્રણ ભિન્ન સંસ્કૃતિઓ અમારી સમક્ષ હતી. એમાં છેલ્લી અમારી હતી, જે અતિવિકસિત હતી.

પરંતુ એ સંભાવનાઓ ભૂતકાળની હતી. શું સાચું હતું અને શું ગલત હતું તે કહી શકવાની સ્થિતિમાં અમે નથી. એમાં વધુ ઊંડા ઊતરવા કરતાં વર્તમાન માટે જ જીવવાનું અમારે માટે જરૂરી હતું. હવે જીવતા રહેવા માટેનો સંઘર્ષ ન હતો. છતાં નાનકડો જે સમાજ નવેસરથી ઊભો થઈ શક્યો છે, તેને અમારી આથમતી પેઢીના વારસાથી માહિતગાર કરવાનું અને તે તેમને સોંપવા માટે પ્રવૃત્ત બનવાની જરૂર હતી. અમારા ભૂખંડના જે ભાગમાં અમે વસવાટ શરૂ કર્યો હતો તે ભાગ બાકીના ભાગની સરખામણીમાં વધુ અનુકૂળ જણાયો છે. અમારી પરિક્રમામાં જણાયું હતું કે અન્ય ભાગોમાં પ્રાકૃતિક લીલોતરી હતી જ નહીં. અહીં ધીમેધીમે લીલી વનસ્પતિની શરૂઆત થઈ. અમે વાવેલા ઘઉંના છોડ તથા અગાઉ નહીં જણાયેલા ઘાસની જડ પણ ઊગીને વિકસવાની શરૂઆત થઈ અને ધીમેધીમે સમગ્ર ભૂખંડ પર એનો ફેલાવો વધવા લાગ્યો. અમારી જાણમાં હતી તેવી વનસ્પતિ અને જીવો ઉપરાંત અહીંના વાતાવરણને અનુરૂપ નવા જ જીવો અને નવી વનસ્પતિઓ પણ વિકસવા લાગ્યાં. એના કદ અને પ્રકારમાં પણ આશ્ચર્યજનક ફેરફાર જણાવા લાગ્યા. અમને લાગ્યું કે એવો સમય પણ આવી શકે, જ્યારે આ નવી જાતો, અમે જેને જાણતા હતા તે જૂની જાત સાથે સંઘર્ષમાં આવે. વનસ્પતિ માટે જે લાગુ પડતું હતું તે જ પ્રાણીજગતને પણ લાગુ પડે તેમ હતું. દરિયાઈ જીવજંતુઓમાં પણ કેટલાક હવે આકાશમાં ઊડી શકે તેવી સ્થિતિ જણાવા લાગી.

હવે અમે વયસ્ક બની ગયા હતા. કૅપ્ટન મોરીસનું અવસાન થયું. ડૉ. બાસ્થર્ડ ૬૫ અને ડૉ. મોરેના ૬૦ વર્ષની ઉંમરે પહોંચી ગયા. હું પણ ૬૮નો થયો હતો. અહીં આવનારા પૈકીના અમે જ પીઢ હતા અને હવે જીવનની પાછલી બાજુના ઢોળાવ ઉપર ઝડપથી નીચે સરકી રહ્યા હતા. અહીંથી ચિરવિદાય લેવી પડે તે પહેલાં પૂરા કરવાનાં કેટલાંક મિશનો માટે અમારે હવે ઉતાવળ કરવી રહી. મારા દીકરાની પેઢીના યુવાનો પણ હવે આધેડ બન્યા હતા. તેમણે રચેલી નવતર પેઢીને, અમારી પેઢી જે જીવિત હતી તે અને જે મૃત્યુને ભેટી હતી, તેનો ઝાઝો ખ્યાલ હોવાની સંભાવના ન હતી. અમે જે સંઘર્ષમાંથી

પસાર થયા તે પછી પાંગરી રહેલી આ પેઢીને નવા પડકારો માટે સજ્જ કરવાનું અમારું એ મિશન હતું.

પરંતુ અમે પ્રાપ્ત કરેલું જ્ઞાન, અનુભવો અને વિકાસ એ પેઢીને યથાતથા સ્વરૂપમાં વારસામાં મળી શકશે ખરા? એ પ્રશ્ન મને સતત સતાવતો હતો, પરંતુ જે રીતે નવતર પેઢીની સંખ્યામાં સરવાળો નહીં, પણ ગુણાકાર થઈ રહ્યો હતો. તે ઉપરથી મને આશા જાગે છે કે અમે જરૂર સફળ બની શકીશું. એ સાથે જ એક પ્રકારની વિપરીત મનોદશા પણ વિકસી રહી હતી. સંકટમાં જીવેલા અને સતત સંઘર્ષ કરતા રહેલા અમે સૌ વયસ્કોની બુદ્‌ધિશક્તિનો જે રીતે હ્રાસ થઈ રહ્યો હતો તે ઉપરથી લાગે છે કે નવતર પેઢીને એ માટે સજ્જ કરી જવાનું કદાચ શક્ય નહીં બને, કદાચ એવી જરૂર ન રહે.

મૃત્યુને ભેટેલા કૅપ્ટન મોરીસ સહિતના અમે સૌ વયસ્કો એ કરી શક્યા હોત, પરંતુ અફસોસ, અમારી બુદ્‌ધિશક્તિ અહર્નિશ વધતી જતી ખોરાકની જરૂરિયાતમાં જ ખર્ચાઈ જતી હતી. ખોરાક, પાણી અને છત્રની પ્રાથમિક જરૂરિયાતો માનવીને આસાનાથી સુલભ થઈ શકતી હોય, તો જ માણસ વિકાસની દિશામાં વિચારી શકે. અહીંની પરિસ્થિતિમાં અમારે માટે એ શક્ય બન્યું જ નહીં. ખોરાક માટે દિવસભરનો રઝળપાટ અને રાત્રિની નિંદ્રા... એમાં કોઈ નવીન વિચારબીજના વાવેતરની તો શક્યતા જ દૂરની ગણી શકાય.

અફસોસની વાત છે કે જે પૂર્ણ વિકસિત સંસ્કૃતિના અમે ગણ્યાંગાઠ્યાં પ્રતિનિધિઓ હતા, તે નવીન પેઢીને અમારા જ્ઞાનનો વારસો સોંપ્યા વિના જ ઝડપથી અંત તરફ ધસી રહ્યા હતા. આવી પાછાં પગલાંની ગતિ શું પશુવત્ અસ્તિત્વની હશે? અમારી આસપાસ, અમારા સાવ નાનકડા સમાજમાં જે બની રહ્યું હતું તે સ્થિતિ મારા આ પ્રશ્નનો જવાબ હકારમાં આપતી હોય તેવું લાગે છે.

જહાજના મૂળ કર્મચારીઓમાંના કેટલાક સાવ અણઘડ અને અસંસ્કારી હતા. જહાજી જવાબદારી માટે જ્યાં કેવળ શારીરિક સક્ષમતા જ જરૂરી હતી તે માટે જ લેવાયા હશે, પરંતુ એ સિવાય એમનો વ્યવહાર શારીરિક બળ આધારીત જ રહેતો હતો. તેમનું જીવન પહેલેથી જ પશુવત્ હતું. હું તથા મારો પુત્ર જીન પણ પૂર્વે પ્રાપ્ત કરેલા જ્ઞાન અને અનુભવોને લગભગ ભૂલી ચૂક્યા હતા. બંને વિદ્વાનો ડૉ. બાથર્સ્ટ અને ડૉ. મોરેનાએ કેવળ ખોરાકની શોધ જ કરવાની હતી. એમાં બિનજરૂરી હોવાથી બુદ્‌ધિશક્તિને એમણે ભૂલી જ જવાનું પસંદ કર્યું હતું. લાગતું હતું કે અમારું બૌદ્‌ધિક જીવન ખતમ થઈ ગયું હતું. નવતર પેઢીને અમારા જ્ઞાન અને અનુભવની સાથે એમની દુનિયાના નવપ્રયાસ કરવા પ્રવૃત્ત કરવાની અમારી મનિષા વિસારે પડી ગઈ. સારું હતું કે થોડાં વરસ અગાઉ કૅપ્ટન મોરિસની દોરવણી હેઠળ અમે અમારા ભૂખંડની પરિક્રમા કરી શક્યા હતા અને થોડી જાણકારી પ્રાપ્ત કરી શક્યા હતા, પરંતુ હવે શું? કૅપ્ટન કાળના ખપ્પરમાં હોમાઈ ગયા અને વર્જિનિયા જહાજ પણ એવા સાહસ માટે સક્ષમ રહ્યું ન હતું. નવીન પેઢીને એનો કોઈ લગાવ ન હતો કે ન હતી એવી કોઈ લગન!

અહીંના વસવાટને પ્રારંભે અમે ઠંડી, ગરમી, વરસાદથી બચવા, રક્ષણ મેળવવા માટે સૌ પ્રથમ સઢના તંબુ બનાવ્યા હતા. વધુ સારા નિવાસ માટેનું આયોજન મનમાં હતું જ, શરૂઆત પણ કરી હતી, પરંતુ એ કામ પૂર્ણ થઈ શક્યું ન હતું. થોડુંક થયેલું તે પણ બાંધકામ સામગ્રીના અભાવે વેરવિખેર હતું. સઢના તંબુઓ આમ પણ લાંબું રક્ષણ આપી શકે તેમ ન હતાં. પરિણામે જ્યાં અનુકૂળ સ્થળ મળે ત્યાં સૌ ખુલ્લામાં જ પડી રહેતા હતા. એમાં કઈ ઋતુ હતી તેનું કોઈ મહત્ત્વ ન હતું.

શરૂમાં પહેરેલાં કપડાં હતાં તે ફાટી ગયાં પછી થોડો સમય દરિયાઈ વનસ્પતિના રેસાઓ વાપરવા લાગ્યા. જે વાતને વર્ષોનાં વહાણાં વાયાં હતાં, અમારી દૃષ્ટિએ સભ્ય સમાજના પ્રતીકસમાં કપડાંનો ખ્યાલ જ ભુલાઈ ગયો અને તે સમયે અમે જેને જંગલી કહેતા હતા તેવા જ અમે પણ બની ગયા. અનાદિ કાળના આદમ અને ઇવની જ નિર્વસ્ત્ર દશામાં સંકોચ વિના અમે ખોરાકની શોધમાં જ ગૂંથાયેલાં રહેવા લાગ્યાં. ખોરાકની શોધ એ જ જાણે જીવનનું એકમાત્ર કામ હતું. લક્ષ્ય હતું. જે અમારો પરમ મંત્ર બની ગયો હતો.

મારો પુત્ર જીન પણ હવે દાદો બની ગયો હતો. તેને ઝાંખો ખ્યાલ હતો કે હું તેનો પિતા હતો. અમારા શૉફર મોડેસ્ટી સાયમનને પણ ઝાંખી સ્મૃતિ હતી કે એક સમયે હું તેનો માલિક હતો, પરંતુ હવે લાગે છે કે તેઓ માટે કે મારી ઉંમરના અમારા સૌ માટે, અમે માનવીના વંશજો છીએ, જે એક સમયે આ પૃથ્વીના અધિષ્ઠાતા હતા, એ બાબત સંપૂર્ણપણે ભુલાઈ જવાની છે. મારાં સંતાનોને તો લેખનનો થોડો ખ્યાલ હશે, પરંતુ તેઓના સંતાનોની બબ્બે પેઢી મારી નજર સામે હોવા છતાં તેમને લેખન-વાંચનનો જરાપણ ખ્યાલ નથી. પોતાના વિચારો વ્યક્ત કરવા શબ્દો શોધવાની પણ તેમને મુશ્કેલી પડે છે. ધારદાર દાંતોવાળી એ નવીન પેઢી માટે હવે માત્ર એક જ કામ રહ્યું છે અને તે છે કદી શાંત ન થતી ભૂખને શાંત પાડવા ખોરાકની અનંત શોધનું. એમના પછી વળી નવી પેઢી, તેમની પછીની પણ પેઢીઓ... એમનામાં અને ખોરાકની શોધમાં નિરંતર ભટકતા પ્રાણીઓમાં એ પછી કોઈ જ તફાવત નહીં હોય. મગજમાં રહેલી બુદ્ધિશક્તિનો ઉપયોગ કરીને જીવનને વધુ ને વધુ આરામદાયી બનાવનારા અને વિકાસના ઉચ્ચતમ શિખરો સર કરનારા અમે તેમના પૂર્વજો હતા, એવો ખ્યાલ તો તેમના મગજમાંથી ક્યારનોય લુપ્ત થઈ ગયો હતો.

અત્યારે જ મારી સગી આંખે મારાં એ સંતાનોને હું જોઈ રહ્યો છું. જેઓ સુવિકસિત ભાષાની તમામ ખૂબીઓ ભૂલી ગયા છે, બુદ્ધિના ઉપયોગ માટેની કોઈ દિલચસ્પી નથી. જેમના શરીર ઢાંકવાના આવરણનું પણ કોઈ ઠેકાણું નથી. તેઓ આ નિસ્તેજ અને દર્દનાક વેરાનમાં અહર્નિશ ભટકતા રહે છે.

એક સુસંસ્કૃત અને વિકસિત એવા સમાજના અમે ત્રણ પ્રતિનિધિઓ હતા — હું, ડૉ. મોરેના અને ડૉ. બાથર્સ્ટ. મનોમન અમારી ઇચ્છા હતી કે અમારા સ્થગિત થઈ ગયેલા મગજને, અમારી બુદ્ધિને સતેજ કરી અમારા ભૂતકાળને પુનર્જીવિત કરીએ અને તેના પરિણામરૂપે જ આ નોંધો મેં લખી છે. જે માટેના કાગળ અને સાહી પણ વર્જિનિયા સ્ટીમરની જ દેણ હતી. જે હવે મૃતપ્રાય દશામાં ભૂશિરના ખાંચામાં લંગરે બંધાયેલી છે. આ નોંધોમાં અમારી વિકસિત દુનિયામાં હતી તેવી વિજ્ઞાનની તમામ

શાખાઓ સંબંધી માહિતી આપવાનો મારો વિચાર છે. આ કાર્ય જો થઈ શકે અને ભાવિમાં જે કોઈ, અમારા પછીની પેઢીઓ જે પોતાની જંગલી અવસ્થામાંથી બહાર આવી, જ્ઞાનના પ્રકાશને પામવા ઉત્સુક હોય તેના હાથમાં આવી શકે તો તેઓનું કામ સરળ બની શકે.

એવી કોઈ સુખદ ઘડી ખરેખર આવે તો તે પેઢી પોતાના દૂરદૂરના વડવાઓને જરૂર યાદ કરશે અને એમના વિકાસ માટે એ પૂર્વજોએ ઉઠાવેલી જહેમતથી કૃતકૃત્યતા અનુભવશે. પૂર્ણ વિકાસ પૂર્વેના અંધાધૂંધ સંઘર્ષો અને યુદ્ધોના એ કઠિન સમયને તેઓ સંપૂર્ણ રીતે બાયપાસ કરી શકે તો અમારો આ પ્રયાસ સફળ થયેલો ગણી શકાશે.

મૃત્યુ સમીપે...

ઉપરની નોંધ લખ્યાને પણ બીજાં પંદર વર્ષ વહી ગયાં. એ દરમિયાન મારા સાથીઓ ડૉ. બાથર્સ્ટ અને ડૉ. મોરેના કાળધર્મ પામીને નામશેષ બની ગયા. અતિ વિકસિત એવી મારી સંસ્કૃતિનો હવે હું એકમાત્ર પ્રતિનિધિ બાકી રહ્યો છું. મૃત્યુના ઓળા હવે મને દેખાવા લાગ્યા છે. હું અતિશય કૃશ બની ગયો છું. શરીર ઠંડું પડતું હોય એમ લાગે છે. હવે હૃદય કોઈ પણ ક્ષણે અટકી શકે છે.

હું સંતોષ સાથે જઈશ કે મેં મારી ફરજ યથાર્થ રીતે બજાવી છે. સર્વોચ્ચ શિખરે ચડ્યા પછી અંધારી ખીણની ગર્તામાં લુપ્ત થવા સુધીની મારી જીવનનોંધની હસ્તપ્રત વર્જિનિયા સ્ટીમરમાંથી મળેલી એલ્યુમિનિયમની ધાતુની પેટીમાં સાચવીને મેં રાખી હતી. એને વધુ રક્ષણ મળી શકે તે માટે એને લોખંડની પેટીમાં મૂકું છું અને અહી જ એને ઊંડે જમીનમાં ધરબી રહ્યો છું, જેની ઉપર મારા મૃતદેહનું દફન થવાનું છે. મારી આ નોંધ કોઈ પરા-પરા-પરા એવા વંશજના હાથમાં આવશે ખરી? ખબર નથી — અલવિદા...

* * *

એક સાવ અપરિચિત ભાષામાં લખાયેલા એ અજ્ઞાત પૂર્વજના અક્ષરોને ઉકેલવાનું કષ્ટસાધ્ય કામ ડૉ. ઝરટોગ સાફરે સફળતાપૂર્વક કર્યું હતું, પરંતુ એનો અર્થ સમજતાં એમના શરીરમાંથી દરુજારીનું એક લખલખું પસાર થઈ ગયું.

* * *

આ કેવી નવાઈની બાબત છે! એન્ડાર્ટ-ઇટેન-શૂ જેવા સામ્રાજ્યની રાજધાની જ્યાં છે તે બાસિદ્રા નગરના સ્થળે અગાઉ મહાસાગર ઘૂઘવતો હતો? એની પણ પહેલાંના ભૂખંડો ઉપર વસતા આદમના વંશજો આફતને પગલે સર્વસ્વ ગુમાવીને, પહેરેલ કપડે ભાગી છૂટ્યા હતા? મહિનાઓની સાગરી રઝળપટ્ટી બાદ નવસર્જન પામેલા ભૂખંડ ઉપર આશરો લીધો હતો? જ્યાં અત્યારે આ બાસિદ્રા ઊભું છે? એવી એ વિકસિત સંસ્કૃતિના કેવા અસંસ્કૃત અને જંગલી વારસો હતા કે આજના સમાજને એમની સ્થિતિની જાણ થતાં પણ શરમાવું પડે? એવા એ વિકસિત સમયની સ્મૃતિને સંપૂર્ણ રીતે નષ્ટ બનતાં કેટલો સમય લાગ્યો? એક ક્ષણ માત્ર જ ને? ધરાતલની એક દરુજારી હજારો વર્ષની મહેનત ઉપર સાચા અર્થમાં પાણી ફેરવી દેવા પૂરતી બની હતી.

નોંધની આ હસ્તપ્રત જો નાબૂદ થઈ ગઈ હોત અને આમ અનાયાસે ન મળી હોત તો? ડૉ. ઝરટોગ વિચારી રહ્યા હતા કે ભાવિ પેઢીઓને કેટલું મોટું નુકસાન થયું હોત? ખોદકામ દરમિયાન મજૂરને હાથે જ જો એ નીકળી હોત તો કદાચ ફરીથી તે એ જ પાયામાં દટાઈ ગઈ હોત — દૂરના — અતિદૂરના સમયના પોતાના વડવાઓની વિકાસની ગૌરવગાથા અને તેના કરુણાંતની કથાને લઈને હંમેશને માટે એ નષ્ટ બની ગઈ હોત.

પોતાની વિકસિત દુનિયાના ભાવિ માટે અતિ આશાવાદી રહેલા ડૉ. ઝરટોગના સિદ્ધાંતને ધ્વસ્ત કરવા માટે વધુ કોઈ પુરાવાની એમને હવે જરૂર ન હતી. પૂર્વજની આ નોંધમાં એના સમયની પ્રગતિની ઝીણવટભરી વિગતો ન હતી. પરંતુ એના સમયની જે કાંઈ હકીકતો એમાં રજૂ થઈ હતી, તે પ્રમાણે એ સ્પષ્ટ થતું હતું કે એ સમયનો માનવી સત્યની શોધમાં આજના સમય કરતાં ઘણો આગળ વધ્યો હતો. એ લખાણમાં એ બધી જ બાબતો હતી, જે ડૉ. ઝરટોગના મનમાં સતત ઘૂમતી રહેતી હતી, એટલું જ નહી ડૉ. ઝરટોગને અન્ય વિદ્વાનો સાથે મતભેદ રહેતો હતો, તે આદમના નામનો પણ તેમાં ઉલ્લેખ થયો હતો.

મૂળ પુરુષ તરીકે હેડોમ, ઇડોમ કે આદમનું નામ જુદી જુદી ભાષા સ્વરૂપમાં જુદા જુદા સમયે લેવાતું રહ્યું હશે, છતાં માનવજીવનું એ એકમાત્ર પ્રતીક છે. એમ કહેનારા લોકો પણ હતા. આમ આદિપુરુષ આદમ પોતાનો પૂર્વજ હોવાનો ઇનકાર કરનાર માનવીની વિચારસરણી ભૂલ ભરેલી હતી, એમ એમને પોતાને લાગ્યું. કોઈ અજ્ઞાત પૂર્વજે લખેલી નોંધની આ હસ્તપ્રત સ્પષ્ટ રીતે પુરવાર કરતી હતી કે તેનો પૂર્વજ પણ એવો આદમ જ હતો, જે વાત એણે સ્વીકારી હતી. એ હકીકત પણ સ્થાપિત થતી હતી કે એન્ડાર્ટ-ઇટેન-શૂમાં થયેલી શોધો અને પ્રગતિ પણ કોઈ નવી બાબત ન હતી. અગાઉ થઈ ગયેલી હકીકતોનું આ માત્ર પુનરાવર્તન જ હતું.

આ પ્રકારના સમાંતર છતાં એકબીજાથી સ્વતંત્ર રીતે બનતા રહેલા આ ઘટનાક્રમની તવારીખ વાંચીને ડૉ. ઝરટોગને લાગ્યું, કે એના અતિદૂરના એ પૂર્વજે આદમમાંથી ઊતરી આવેલી પોતાની માનવ દુનિયાની પ્રગતિને અદ્વિતીય ગણાવી હતી. તે હકીકત પણ ખોટી જ હતી. તેની પોતાની એ દુનિયા પણ આદમના અન્ય કોઈ અનુજની પ્રગતિનું જ પુનરાવર્તન હોય એવું બની શકે. એ પૂર્વજના સમકાલીનોના નામ તેણે પોતાની નોંધમાં લુપ્ત થયાનું જણાવ્યું હતું. તેમણે પણ કાંઈ નવું જ કર્યું એમ કહી શકાય નહી અને તે માનવસમાજે પણ એની અગાઉના કોઈ માનવસમાજની કબર ઉપર જ પોતાની પ્રગતિના મહેલો ચણ્યા હશે. એ નોંધમાં આટલાન્ટિસ વગેરે જે સંસ્કૃતિ લુપ્ત થયાનું જણાવ્યું હતું, તેનાં એંધાણ પણ ડૉ. ઝરટોગને ઉપર આવેલા સાગરતળના કાંપમાંથી મળ્યા જ હતા. કેટકેટલું જ્ઞાન અને વિકાસ, સાગરના આક્રમણને કારણે પાણીમાં ગરક થયાં હશે તેનો કોઈ હિસાબ માંડી શકાય તેમ ન હતું અને કાંપમાં ઢબૂરાઈને નષ્ટ થયેલા એ વિકાસની માત્ર ધૂંધળી નિશાની જ જોવા મળી હતી. ત્યારબાદના આદમના નવા વંશજોએ તો પોતાની પ્રગતિ માટે નવેસરથી જ એકડો ઘૂંટવો પડ્યો હશે.

અને એ જ વાત, જેની શ્રેષ્ઠતા માટે પોતે અને પોતાની પ્રજા અત્યારે ગર્વ લઈ રહી હતી, તેને માટે પણ એટલી જ સાચી રહેવાની હતી. એની ગતિ પણ એ જ હશે. જેના પછી આવનાર આદમના નવા અનુજે પણ પ્રકાશને પામવા એટલાં જ પગથિયાં ચડવાનાં રહેશે!!! અને તેના પછી પણ…

ડૉ. ઝરટોગના મનમાં હવે નવો પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે એવી સ્થિતિનું નિર્માણ ક્યારે થઈ શકશે કે અંધારી ખીણમાંથી ઉદ્‌ભવતો આદમનો કોઈ નવીનતમ અનુજ, હજારો વર્ષની જહેમતને અંતે વિકાસના જે શિખર પર પહોંચ્યો હશે, તેનાથી ઉપર ભલે નહી જાય, તો પણ ત્યાં જ સદાસર્વદા ટકી શકે?

પોતાને માટે વંદનીય બની ગયેલી પુરાણી નોંધના એ પરમપવિત્ર અવશેષ ઉપર ઝૂકીને ડૉ. ઝરટોગ સાફર એ પ્રશ્નનો જવાબ શોધી રહ્યા.

પ્રેમ ઈશ્ર્વરની ભેટ છે, સ્નેહ કુદરતની દેન છે.

પ્રણય મનુષ્યની જરૂરત, અનુરાગ પવિત્ર પૂજા છે.

આ શબ્દકોશની ભાષા નથી,

પહેલાં આવે સમર્પણ, પછી માગણી.

(૨)

કેદી નં. ૨૨૨૪

(૧)

કેટલાં વર્ષો થયાં હશે તેનો ચોક્કસ ખ્યાલ નથી, પણ વર્ષો પહેલાંની વાત હોય એમ લાગે છે. સપ્ટેમ્બર માસનો એ અંતિમ દિવસ હતો. એક વૈભવી ઘોડાગાડી ટૌલોન (toulon) બંદર પર પહોંચી. બંદરનો હવાલો સંભાળતા ઍડમિરલની ઑફિસ સામે જ આવીને ઊભી રહી. ચાલીસેક વર્ષની ઉંમરનો, સામાન્ય દેખાતો છતાં સશક્ત અને ભરાવદાર દાઢીમૂછવાળો એક દમામદાર નવયુવાન એનો દરવાજો ખોલીને ધીમેથી બહાર નીકળ્યો. તેણે પોતાના માણસને ઓળખ આપતો કાર્ડ તથા તે સંબંધી કેટલાક કાગળો આપી અંદર ઑફિસર પાસે મોકલ્યો. એમાં એક વિનંતીપત્ર પણ સામેલ હતો, મુલાકાત માટેની મંજૂરીનો. મંજૂરી તો તરત જ મળી ગઈ અને કેમ ન મળે? આવા માણસો ત્યાં રોજરોજ થોડા જ આવતા હતા? ધીમે પગલે એણે ઑફિસમાં પ્રવેશ કર્યો.

"મિસ્ટર એમ બર્નાર્ડો! પધારો, પધારો, મર્સેઇલ્સ બંદરના વિખ્યાત જહાજ માલિક! આપને આવકારતા હું આનંદ અનુભવું છું." ઑફિસર એને ઓળખતો હોય એ રીતે એણે પોતાની ખુરશીમાંથી ઊભા થઈને આ સજ્જનને આવકાર આપી હસ્તધૂનન કર્યું.

"હા, જી! હું જહાજનો માલિક બર્નાડો." આગંતુક બોલ્યો.

"બેસો," પોતાના ટેબલની સામેની ખુરશી ઉપર બેસવા ઑફિસરે આગંતુકને આગ્રહ કર્યો.

"આભાર આપનો." એણે ખુરશીમાં બેસતાં વિવેક કર્યો.

"કહો, હું આપની શી સેવા કરી શકું?"

"આપના આવકાર બદલ આભારી છું, ઍડમિરલ સાહેબ, હું અહી એક ખાસ કામે આવ્યો છું, મારું માનવું છે કે તે એવું મુશ્કેલ તો નથી જ કે આપ ન કરી શકો. મારી

વિનંતીને માન્ય કરવામાં આપને કોઈ મુશ્કેલી પડે એમ મને લાગતું નથી.'' બર્નાડોએ સંકોચપૂર્વક કહ્યું.

''આપ નિ:સંકોચ જણાવી શકો છો.''

''આ બંદરની જેલ આપના તાબામાં છે, ખરું ને? મારે એની મુલાકાત લેવી છે.'' બર્નાર્ડોએ ખંચકાતાં ખંચકાતાં પોતાની માગણી રજૂ કરીને કહ્યું, ''આપના તરફથી પરવાનગી મળશે જ એવી મારી અપેક્ષા છે.''

''એના કરતાં વધારે સરળ બીજી કોઈ બાબત મારે માટે હોઈ શકે જ નહીં.'' હળવા સ્મિત સાથે ઑફિસરે આગળ ચલાવ્યું, ''અને સાહેબ, આવા સામાન્ય કામ માટે તમારા આ પરિચયપત્રો વગેરે લાવવાની પણ જરૂર ન હતી. આ પ્રકારના ઓળખપત્ર સાથેના કોઈ પણ નામધારીને એવી પરવાનગી મળી જ ગઈ હોત અને સાચું કહું સાહેબ, તો અમારી આ જેલમાં પ્રવેશવા માટે એવા કોઈ પાસપોર્ટની જરૂર નથી.'' જેલના સર્વોચ્ચ અધિકારીએ જેલની સ્થિતિનું ચિત્ર રજૂ કરવા સાથેસાથે હળવો વ્યંગ કરી લીધો.

ત્યાં લઈ જવા માટે વાઇસ ઍડમિરલે પોતાના માણસને પણ સાથે મોકલ્યો. ઉપરી અધિકારીની નોંધ મળતાં જ મેજરે તરત જ મુલાકાત આપી. ઉપરાંત જેલની અંદરના ભાગમાં જવા માટેની પરવાનગી પણ મળી ગઈ. ત્યાંનો પરિચારક એમને જેલ સુપરિન્ટેન્ડન્ટ પાસે લઈ ગયો. ત્યાં પણ એ સદ્‌ગૃહસ્થને એવો માનભર્યો આવકાર મળ્યો. જેલ જોવાની પરવાનગી તો મળી જ ગઈ, સાથેસાથે એના ગાઇડ તરીકે જાતે જવાની તૈયારી પણ તેણે બતાવી.

''આભાર તમારો.'' બર્નાર્ડોએ જેલરના પ્રસ્તાવનો સવિનય પ્રતિભાવ આપ્યો, ''પરવાનગી સાથે તમે મારી સાથે આવવાની વાત કરી તે માટે તમારો ઘણોઘણો આભાર, પરંતુ આપને એવી તકલીફ આપવાનું મને ઠીક નથી લાગતું, તમે તમારા કામમાં વ્યસ્ત લાગો છો. હું એકલો જ બધું જોઈ લઈશ.''

''જેવી તમારી મરજી.''

''તો હું એવું માની શકું કે જેલના બધા જ વિભાગોમાં ફરવા માટે હું મુક્ત છું?''

''જરૂર, જરૂર, અમને શું વાંધો હોઈ શકે?''

''કેદીઓ સાથે વાતચીત કરવી હોય તો તેનો તો વાંધો નથી ને?''

''ના જી, ત્યાં અંદર કામકાજ કરતા સુપરવાઇઝરોને હું સૂચના મોકલું જ છું.'' આટલું બોલીને સુપરવાઇઝરે મહેમાનને ખરાબ ન લાગે એ રીતે હળવા અવાજે પૂછ્યું, ''આ જેલ, કોઈને પણ આનંદ આપે એવું સ્થળ નથી સાહેબ, છતાં આપ જેવા મહાનુભાવ તેને જોવા માટે રસ લઈ અહીં સુધી પધારો છો તેનો આનંદ છે. સાથેસાથે મને આશ્ચર્ય થાય છે. આપ કયા હેતુથી આવ્યા છો તે હું જાણી શકું?''

''મારી આ મુલાકાતના હેતુ વિશે પૂછો છો?'' બર્નાર્ડોએ પૂછ્યું.

“જો આપને વાંધો ન હોય તો જ, હું તો માત્ર કુતૂહલવશ જ પૂછું છું. માનું છું કે આપનો હેતુ માનવતાવાદી જ હશે.”

“હા જી, એ જ હેતુ છે, નહીં તો કેદીઓ અંગે બીજું જાણવાનું હોય પણ શું?”

“અતિ ઉત્તમ! આ તો ઘણું પુણ્યનું કામ છે.” જેલ. સુપરવાઇઝરે ઉમળકાભેર પ્રસ્તાવને વધાવી લીધો, “આપના જેવા ઘણા મહાનુભાવો આ રીતે આવતા જ હોય છે. એવા માનવતાવાદી સજ્જનો કેદીઓની સ્થિતિ સુધારવા ફંડ પણ આપતા હોય છે. ઉપરના વર્તુળોમાં તો આવા ઘણા પ્રસ્તાવો આવતા હોય છે. એ ઘણું સારું કહેવાય. સરકાર પણ જેલની સ્થિતિ સુધારવા આતુર છે, અને ઘણા જાહેર પ્રસ્તાવોનો અમલ પણ થતો હોય છે.”

બર્નાર્ડોએ વાતોમાં સંમતિસૂચક માથું હલાવ્યું. કોઈ શબ્દો બોલવાની એને જરૂર લાગી નહીં.

માનવતાવાદી મદદની વાતો જેલરે ઉત્સાહભેર કરી હતી. પરંતુ બર્નાર્ડો તરફનો પ્રતિભાવ ઠંડો હતો. જો કે કામના ભાર નીચે દબાયેલા જેલર પાસે એવી નાની બાબતની નોંધ લેવાનો સમય પણ ન હતો. સમાજના આગેવાનો તરફથી મળતી આ પ્રકારની મદદ બાબતમાં જેલર અતિ ઉત્સાહી હતો. કામમાં વ્યસ્ત હોવા છતાં એણે મદદનો મહિમા ગાયો, પરંતુ વાસ્તવિક સ્થિતિ યાદ કરીને બોલ્યો, “જેલની અંદરની સ્થિતિ અને બહારની મદદ વચ્ચે સમતુલા જાળવવાનું કામ કપરું હોય છે, સાહેબ! કેદીઓ સાથે આ જેલમાં મેં વિતાવેલા સમયના અનુભવને આધારે હું માનું છું કે કાયદાના અમલમાં અતિશય કડકાઈનો આપણે આગ્રહ રાખવો જોઈએ નહીં, છતાં સમાજમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સંભાળ લેવી પણ એટલી જ જરૂર હોય છે. કાયદાના કડકાઈભર્યા અમલને વગોવતા કેટલાક માનવતાવાદીઓ, આ કેદીઓના કુકર્મોને નજરઅંદાજ કરતા હોય છે. જોકે પ્રત્યેક વ્યક્તિને ન્યાય મળવો જોઈએ એમ તો હું પણ માનું છું.”

“કેદીઓ માટેની તમારી ભલી લાગણીની હું કદર કરું છું — આભાર.” જેલરે ખોલેલા દરવાજામાં પ્રવેશતાં બર્નાર્ડોએ જણાવ્યું, “કેદીઓ સાથેની મુલાકાત બાદ જો મને લાગશે કે હું એમાં કાંઈક મદદરૂપ બની શકું તેમ છું, તો મને અનહદ આનંદ થશે.”

બંને છૂટા પડ્યા. માર્સેલ્સ બંદરનો આ જહાજી પોતાના હાથમાં પરવાનગી પત્ર લઈને અંદર પ્રવેશ્યો. ચાર હજાર જેટલા કેદીઓથી ટૌલોનની આ જેલ ઊભરાતી હતી. જેમાંના ત્રણેક હજારને વિવિધ કામોમાં જોતરવામાં આવતા હતા. બંદરની સૌથી વધુ કષ્ટમય કામગીરી માટે એમણે જ પરસેવો પાડવાનો હતો. બાકીનાઓને જહાજી બેડાની પ્રમાણમાં હળવી કામગીરી સોંપાતી હતી. એમાં એક જ પ્રકારના જથ્થાબંધ માલની હેરાફેરી, કાદવમાં ખૂંપી ગયેલાં જહાજોને દોરડા બાંધીને પાણી તરફ ખેંચવાનું તેમ જ સશસ્ત્ર દળો માટેના દારૂગોળાની ખેપનું વહન કરવા જેવાં અનેક કામો રહેતાં. આવા કેદીઓ પૈકીના જેમણે ભૂતકાળમાં ભાગવા પ્રયાસ કર્યો હોય અને ફરી પકડાયા હોય તેને ફરીથી એવી તક ન મળે એની તકેદારી રખાતી. તેના શરીર પર, તેના શરીર

કરતા બાંધેલી સાંકળોનો ભાર વધુ રહેતો. એ ભાર બીજા કેદીઓ માટે પણ એક પ્રકારનો સબક રહેતો. ભાગેડુને થતી આ આકરી સજાનો કેદીઓને ભારે ખોફ રહેતો. તેથી ઘણા સમયથી સંત્રીઓને સચેત કરતી સાઇરન કોઈએ સાંભળી જ ન હતી. મુક્તિ માટેનો પ્રેમ અને ઝંખનામાં ઘટાડો થયો હતો કે કેમ તે અંગે તો કોઈ ચોક્કસ કહી શકે તેમ ન હતું, પરંતુ કેદીના ભાગી છૂટવાના કૃત્યને જેલરોની બેકાળજી અને ભ્રષ્ટાચારને જવાબદાર ગણી તેમને જ આ જેલમાં સબડવા માટે મોકલી અપાયા હતા. જેલરોની સતર્કતા એ કારણે વધી હતી. અહીંની જિંદગી ફક્ત કેદીઓ માટે જ નહી, જેલરો માટે પણ આકરી હતી. વિશાળ વિસ્તારમાં પથરાયેલા ટૌલોન બંદર ઉપર અન્ય સ્થળો કરતાં છટકી જવાની શક્યતા વધુ રહેવા છતાં કોઈ એનો લાભ લેવાનો પ્રયાસ કરતું ન હતું. પકડાઈને લાંબી સજા ભોગવવાનો ખોફ મુક્તિ માટેની ઝંખના કરતાં વધુ હતો.

ધીમી ચાલે ચાલતો બર્નાર્ડો જ્યારે બંદરની ગોદી પાસે પહોંચ્યો ત્યારે જેલરની ઘડિયાળમાં સાડાબારનો ટકોરો થયો. સવારથી કામે ચઢેલા કેદીઓને અડધો કલાક વહેલા તેમની બૅરેકમાં બોલાવી લેવામાં આવ્યા હતા. ગોદી સાવ નિર્જન હતી. પોતપોતાની બૅરેકમાં પહોંચેલા કેદીઓને તેમનું રેશન અપાયું. આજીવન સજાના કેદીઓ તેમની પોતપોતાની પાટલી ઉપર બેસી ગયા, તરત જ તેમને સાંકળથી જકડી લેવામાં આવ્યા. અન્ય પ્રકારની સજા ભોગવતા કેદીઓને મુક્ત રખાયા હતા. એક કલાકની ભોજન છુટ્ટી બાદ ફરી પાછા કામે લાગવાનું રહેતું, સાંજે આઠ વાગ્યા સુધીની કમરતોડ મહેનત બાદ રાત્રે ભાગ્યે જ કોઈ કેદી જાગતો રહી શકે એમ હતું.

(૨)

નિર્જન બનેલી ગોદીમાં બર્નાર્ડોએ એક છેડેથી બીજા છેડા સુધી આંટાફેરા મારવાના શરૂ કર્યા. આજુબાજુની સ્થિતિ ઉપર એ ઝીણવટભરી નજર ફેરવી રહ્યો. એની આ પ્રવૃત્તિ અકારણ હોય એમ દર્શાવવા સામેથી આવતા એક ઑફિસરને તેણે કોઈ પણ પ્રકારની પૂર્વભૂમિકા બાંધ્યા વિના સહજ રીતે પૂછ્યું.

"કેદીઓને પાછા આવવામાં કેટલો સમય જશે?"

"એકાદ કલાક."

"આ બધા એક જ કામે વળગેલા રહે છે કે દરેકને જુદીજુદી કામગીરી સોંપાય છે?"

"નહી જી, દરેકને તેમની લાયકાતના પ્રમાણમાં વિવિધ કામગીરી સોંપાય છે. જે તે કામમાં જાણકાર માણસની દેખરેખ નીચે થોડાથોડા કેદીઓને કામે લગાડવામાં આવે છે. એમાં લુહારીકામ, ફાઉન્ડ્રી તથા જહાજમાંના દોરડા સંબંધી કામગીરી માટે વિશેષ જાણકારી અને અનુભવ બંનેની જરૂર હોય છે. જોકે કેદીઓમાંથી પણ કેટલાક સુંદર કામગીરી બજાવે છે."

"એમના કામ બદલ એમને કાંઈ મહેનતાણું ચૂકવાય છે ખરું?"

"એ તો આપવું જ પડે ને! છૂટીને બહાર જતી વખતે એ જ એમની મૂડી હોય છે."

"દરેકને સરખું જ વેતન મળે છે?"

"ના, વેતનનો આધાર એમની કામગીરી પર હોય છે. દિવસભરની મજૂરી માટે તેમને પાંચથી વીસ સેન્ટ સુધીનું વેતન મળે છે. ખાસ કામગીરી માટે ત્રીસ સેન્ટ પણ મળી શકે."

"એ વેતનનો ઉપયોગ કરવાની એમને છૂટ મળે ખરી કે?"

"હા જી, થોડી રકમ મળે, જેમાંથી તેઓ તંબાકુ ખરીદી શકે છે. આમ તો જેલમાં તંબાકુના ઉપયોગની છૂટ નથી, છતાં ખાસ સખતાઇ દર્શાવાતી નથી. જમાનાઓથી અહી જેલમાં, સામાન્ય ખોરાક કઠોળના સૂપનો જ હોય છે, એટલે ઘણા પોતાની પસંદગીનાં વધારાનાં શાકભાજી તથા માંસની અન્ય વાનગીઓ પણ મંગાવી લે છે."

"એમાં લાંબી સજાવાળા અને આજીવન કેદીઓ વચ્ચે ખોરાકમાં કોઈ તફાવત ખરો કે?"

"હા જી, આજીવન સજાવાળાને થોડું વધુ રેશન મળે છે, પરંતુ લાંબી સજાવાળાને જ્યારે તેમની મુક્તિનો સમય નજીક આવે ત્યારે પૂરેપૂરો ખોરાક આપવામાં આવે છે, કારણ કે સજા પૂરી કરીને જ્યારે તેઓ બહાર જાય ત્યારે સાવ દુર્બળ ન દેખાવા જોઈએ, એનું પણ ધ્યાન રાખવું પડે ને!"

કેદીઓને પૂરતો ખોરાક પણ નથી અપાતો એ સાંભળી બર્નાર્ડોના મોંમાંથી અરેરાટી નીકળી ગઈ, "અરે રે! બિચારા!" અધિકારીની આ વાત સાંભળી તે વિચારમાં પડી ગયો.

"જેલના કેદીઓ બંધનમાં છે તે જુદી વાત, પરંતુ જો તેઓ તેમના માટે કોઈ ઉપાધિ વહોરે નહી, તો શહેરમાં મુક્ત રહીને કામ કરનારા મજૂરોથી તેમની સ્થિતિ વધુ ખરાબ કહી શકાય નહી." જેલરે વાતને વાળી લેવા પ્રયાસ કર્યો.

"તેઓ ઉપાધિ વહોરે એટલે કે ભાગવાનો પ્રયાસ કરે તો? એમની સજા વધુ લંબાઈ જાય કે બીજું જ કાંઈ?"

"ભાગતાં પકડાયેલા કેદીઓ માટે ચાબુકના કોરડા ઉપરાંત સાંકળનું બંધન પણ બેવડું બની જાય."

"કોરડા? કેટલા?" બર્નાર્ડોનો અવાજ કાંપી ઊઠ્યો.

"પંદરથી સાઠ સુધીના. કેદીની સ્થિતિ પ્રમાણે. ચાબૂકની દોરીને છેડે રસાયણ પાયેલું ચામડું હોય છે."

"જે રીતે એ બેવડી સાંકળે જકડાયો હોય છે, તે જોતાં તેને માટે ફરીથી ભાગવાનું તો અશક્ય જ ગણવાનું ને?"

"એમાં કોઈ શંકા નથી. એવા ભાગેડુ કેદીઓના પગને બેંચ સાથે જકડી લેવામાં આવે છે. સહેજ પણ બહાર જવા દેવામાં આવતા નથી. એમાંથી ભાગવાનો નવો પ્રયાસ તો અશક્ય જ ગણવાનો."

"એનો અર્થ તો એવો થયો કે જે કેદીઓ કામ માટે બહાર લાવવામાં આવતા હોય તેઓમાંથી જ કોઈ આ પ્રકારનું ગાંડપણ કરતા હોય?"

"એવું જ છે. સુપરવાઇઝરોની નજર આ કેદીઓ ઉપર સતત ફરતી જ રહેતી હોય છે. વધુમાં બબ્બે સાંકળ સાથે દરેક કેદી જકડાયેલો હોય છે. ઉપરાંત બે કેદીઓને સાથે બાંધ્યા હોય છે. ક્યારેક જો કામનો પ્રકાર એવો હોય કે જેમાં એમને છૂટા કરવા જ પડે તો તેમને છૂટા કરવામાં પણ આવે. આ બધી જ વ્યવસ્થા આમ તો જડબેસલાક જ ગણાય, છતાં હોશિયાર કેદીઓ સુપરવાઇઝરની નજર ચૂકવીને પાંચ જ મિનિટમાં સાંકળને તોડી શકે છે. સાંકળનો રીવેટ જ્યારે વધુ સખત હોય ત્યારે તેઓ પગની આંટીથી જોર આપે છે ત્યારે સાંકળની એકાદ કડી તેઓ તોડી શકે. જોકે લુહારની કોઢમાં કામ કરનાર માટે એવા હથિયાર શોધીને સંતાડી રાખવાનું આસાન હોય છે અને એની મદદથી તેઓ સાંકળથી મુક્ત થઈ શકે. ક્યારેક કેદીના નંબરવાળા લોખંડનો બેજ પણ એ માટે ઉપયોગમાં લેવાય છે. ક્યારેક કોઈ કેદી અન્ય કેદીને લાંચ આપીને, જાણે ભૂલ થઈ ગઈ હોય એ રીતે નિર્દોષભાવે તેની પાસે કોઈ કેદી ભાગી છૂટ્યાનો ચેતવણીનો ઘંટ વગાડાવે, એને કારણે સંત્રીઓની દોડાદોડી અને કેદીઓમાં અંધાધૂંધી ફેલાઈ જતી હોય છે. તેનો લાભ લઈને તૈયાર બેઠેલા કેદીઓ કાયમ માટે ભાગી છૂટવામાં સફળ થતા હોય છે. ભાગી છૂટવા માટે એમની પાસે હજારો નુસખા હોય છે. એમાંથી કોઈક જ કેદી પકડાઈને, છીડે ચઢેલા ચોરની જેમ ફટકાની સજા ભોગવતો હોય છે."

"પરંતુ અહીંની આટલી બધી સતર્કતા પછી આવી વસ્તુઓ સંતાડવાનું તેમને માટે મુશ્કેલ ન બને?"

"અરે સાહેબ, એ માટે પણ તેઓ જાતજાતની યુક્તિઓ અજમાવતા હોય છે. શરીરના ભાગોમાં અનુકૂળ જગ્યાએ તેઓ નાનાં-નાનાં સાધનો છુપાવે છે. થોડા જ દિવસો પર એક કેદી જાડું પરાળ ભરેલી એક બાસ્કેટ લઈને જતો હતો. મેં પકડ્યો. તપાસ કરતાં પરાળની દરેક સળીમાં પાતળી કાનસ છુપાયેલી મળી આવી હતી. શું કરીએ સાહેબ! જેઓ સ્વતંત્રતા માટે મરણિયા બન્યા હોય તેમને માટે કાંઈ જ અશક્ય નથી."

એ જ સમયે ઘંટ વાગ્યો. સંત્રીએ બર્નાર્ડોને સલામ ભરી અને પોતાનું સ્થાન લીધું. કેદીઓ તેમની બૅરેકમાંથી બહાર આવવા લાગ્યા. થોડા એકલા હતા. મોટા ભાગના બબ્બે જોડીમાં સાંકળથી જકડાયેલા હતા. નિર્જન ગોદી ફરી પાછી પ્રવૃત્તિથી ધમધમી રહી. કેદીઓ અને સુપરવાઇઝરોના અવાજો ફરીથી શરૂ થયા. લોખંડની સાંકળો અને પાટોના પછડાટથી વાતાવરણ કર્કશ બની ગયું.

નજીકમાં જ દારૂગોળાની વખાર હતી. ત્યાંથી પસાર થતાં બર્નાર્ડોએ ત્યાં લગાવેલી નોટિસ વાંચી, જેમાં જેલમાં થતા ગુના માટે વધારાની સજાની જોગવાઈ, કેદીઓની જાણ માટે મોટે અક્ષરે લખવામાં આવી હતી. એ પૈકીના ખૂન માટે સજા પામેલો કેદી જેલના કર્મચારી કે કેદીની હત્યા કરે, બળવો કરવા ઉશ્કેરાટ કરે, તેને માટે ત્રણ વર્ષની બેવડી સાંકળની સજા હતી. જે કેદીઓ સાંકળને તોડી નાખે અથવા

તોડવાનાં સાધનો રાખતા પકડાય, પાંચ ફ્રાન્કની ચોરી કરે, દારૂ પીએ કે ધૂમ્રપાન કરે, પરવાનગી વિના કોઈ લખાણ લખે કે ૧૦ ફ્રાન્કથી વધુ રકમ સાથે રાખે, કામ કરવાની ના પાડે તે સૌને માટે ફટકાની ક્રૂર સજા હતી. વધારાની સજા માટેની આ નોટિસ વાંચી બર્નાર્ડો ગંભીર વિચારમાં પડી ગયો.

કેદીઓના ટોળાંને હંકારી ઘાંટા પાડતા સંત્રીના અવાજથી એ ધ્યાનભંગ થયો અને વાસ્તવિક ધરતી પર પાછો ફર્યો. સંત્રી જુદાં જુદાં કામો માટે નાની-મોટી સંખ્યામાં કેદીઓને રવાના કરતો જતો હતો. પોતાની બાજુમાં થઈને પોતપોતાના સ્થાનકે જઈ રહેલા કેદીઓના મોં એ ધ્યાનપૂર્વક જોઈ રહ્યો. આમ તો બધા કેદીઓ સરખા જ લાગતા હતા. દરેક કેદીએ લાલ જૅકેટ અને જાડું પાટલૂન પહેર્યું હતું, પરંતુ તેમના ગુનાની ગંભીરતા અને પ્રકાર પ્રમાણે એમણે જુદાં જુદાં પ્રકારની ટોપીઓ પહેરવાની હતી. તેની ઉપર આગળના ભાગે નંબરનો બેજ લાગેલો હતો. ગુનાના પ્રકાર અને ભાગવાની શક્યતાને ધ્યાનમાં રાખીને શરીર ઉપરની સાંકળો આઠ રતલથી માંડીને ૨૨ રતલ સુધીની હતી. સાથે ચાલતા કેદીઓની સાંકળોનો ખડખડાટ સતત સંભળાતો હતો.

કોઈ કેદી સાથે, તો ક્યારેક વૉર્ડન સાથે સામાન્ય વાતો કરતો કરતો બર્નાર્ડો ગોદીમાં ફરી વળ્યો. એની આજુબાજુમાં કેદીઓ સાથે જે વર્તાવ થઈ રહ્યો હતો તે હૃદયવિદારક હતો. અહીંની પરિસ્થિતિ કોઈ પણ માણસને વિચલિત કરવા પૂરતી હતી, પરંતુ એનાથી અલિપ્ત હોય તે રીતે એ સામેથી આવતા તમામ કેદીઓનાં મોં ધારી ધારીને જોતો રહ્યો. જોકે થાકેલા હારેલા કેદીઓ એના તરફ કોઈ જ ધ્યાન આપતા ન હતા. એવું લાગતું હતું કે જાણે બર્નાર્ડો એવી કોઈ વ્યક્તિનું મોં જોવા ઉત્સુક હતો, જેણે એની અપેક્ષા રાખી જ નહીં હોય. આમ છતાં એના એવા વર્તાવ પ્રત્યે કોઈ શંકાશીલનું ધ્યાન દોરાય નહીં એ રીતે ધીરેધીરે આગળ વધતો રહ્યો. એ ચાલતો રહ્યો વધુ આગળ, એથીયે વધુ આગળ અને છતાં નિરાશા જ સાંપડતી હતી.

લાંબી તપસ્યાને અંતે નવા બંધાઈ રહેલા એક જહાજના કૂવાસ્થંભના વર્તુળ પાસે એના પગ અટકી ગયા. લાંબી કેદના કેદી તરીકે લાલ ટોપીમાં આગળ ચળકતી પ્લેટમાં એ કેદીનો નંબર એણે જોયો — એ હતો ૨૨૨૪!

(૩)

કેદી નં. ૨૨૨૪, પાંત્રીસેક વર્ષનો મજબૂત બાંધાનો યુવાન. મોં ઉપર નિખાલસતા અને નિર્દોષતા છલકાતાં હતાં. બુદ્ધિશાળી તો લાગતો જ હતો. કમરતોડ કામગીરીમાં પણ એ સ્વસ્થ જણાતો હતો. જાણે કે કોઈ આવી પડેલી બદનસીબીના ફળ ભોગવી રહ્યો હોય તેવો વિષાદ મોં પર હતો. એના કમનસીબે એ એક ઘરડા, રીઢા કેદીની સાથે સાંકળથી બંધાયેલો હતો. જે એ રીતે સાવ ઊંધી જ પ્રકૃતિનો લાગતો હતો. એનું નાનું કપાળ એના મનમાં ચાલી રહેલા આસુરી વિચારોને ઢાંકી રહ્યું હોય તેવી છાપ ઊભી થતી હતી. બંને સાથે મળીને નવા બંધાઈ રહેલા જહાજના કૂવાસ્થંભને યોગ્ય સ્થાને ગોઠવવાની મથામણ કરી રહ્યા હતા. એકીસાથે જોર લગાવવા તેઓ કોઈ કરુણ ગીતનો હલકારો લેતા હતા.

બર્નાર્ડો એનું કામ પૂરું થાય ત્યાં સુધી ધીરજથી ઊભો રહ્યો. કામ પૂરું થતાં જ વૃદ્ધ ઘડીભરના આરામ માટે પાટિયાં ઉપર આડો પડ્યો અને થાકને કારણે ઊંઘી પણ ગયો. યુવાન તો ઊભો જ હતો. એના પગ એના સાથીદાર સાથે એવી રીતે બંધાયેલા હતા કે એ ત્યાંથી જરા પણ ચસકી શકે તેમ ન હતું. મર્સેઇલ્સનો જહાજમાલિક બર્નાર્ડો નીચે ઊતરી એ કેદી પાસે આવ્યો અને એને સંબોધી બોલ્યો, "અરે ભાઈ, તમે સાંભળો છો? મારે તમારી સાથે થોડી વાત કરવી છે."

કેદી નં. ૨૨૨૨૪નું ધ્યાન જતાં જ એણે પોતાનો પગ હલાવ્યો. એ સાથે એની સાંકળ ખેંચાતા વૃદ્ધ જાગી ગયો. તેણે ગુસ્સામાં કહ્યું, "શું યાર, તું શું કરે છે? જરા સીધો ઊભો રહે ને! મારો પગ તોડવાનો વિચાર છે કે શું?"

"બકવાસ બંધ કર, રોમેઇન, મારે આ મહાશય સાથે થોડી વાત કરવી છે." યુવાને પણ ગુસ્સામાં જવાબ આપ્યો.

"હું ક્યાં ના પાડું છું! મેં તો પગની સાંકળને હળવાશ માટે મારા પગ તરફ ખેંચી છે."

"અરે ભાઈ! સાંકળને થોડીક તો ઢીલી કર!" બે પગ વચ્ચેની સાંકળમાં છ-છ ઈંચની અઢાર કડી હતી. બંનેને ભાગે નવ-નવ કડી આવતી અને એટલી જ છૂટ તેઓ ભોગવી શકતા, પરંતુ આગંતુકની સાથે વાત કરવા યુવાન કેદીને વધુ સ્વતંત્રતાની જરૂર હતી. એ માટે બંને વચ્ચે ગુસ્સાભેર બોલાચાલી થાય અને સંત્રીઓનું ધ્યાન ખેંચાય તેવી સ્થિતિ ટાળવા માટે બર્નાર્ડો તરત જ વચ્ચે પડ્યો. તે પેલા વૃદ્ધ કેદીને ઉદ્દેશીને બોલ્યો, "જો સાંભળ, તારી આ નવ કડી થોડા સમય માટે પાંચ ફ્રાન્કમાં હું ખરીદી લઉં છું, બોલ છે કબૂલ?" ગરીબ કેદી માટે આવો પ્રસ્તાવ અનપેક્ષિત હતો. તે બોલી ઊઠ્યો, "એમાં શું મોટી વાત છે — લાવો ફ્રાન્ક!"

બર્નાર્ડોએ પાકીટમાંથી પાંચ ફ્રાન્કનો સિક્કો કાઢીને પેલાને આપ્યો. ચીલઝડપે તેણે તે લઈ લીધો અને શરીરમાં ક્યાંક ગુમ કરી દીધો.

સોદાની પતાવટ થતાં જ એણે પોતાના ભાગની સાંકળ ઉકેલીને ઢીલી કરી અને અગાઉની જેમ જ ઊંધો પડીને સૂઈ ગયો.

"તમે મારે માટે આટલી કિંમત શા માટે ચૂકવો છો? શું જોઈએ છે મારી પાસે?" કેદી નં. ૨૨૨૨૪નું કુતૂહલ હવે ચરમસીમાએ પહોંચ્યું. તે એ અજાણ્યાને આશ્ચર્યથી પૂછી રહ્યો.

ચહેરા પરના ગંભીર ભાવ બદલ્યા વિના બર્નાર્ડોએ જણાવ્યું, "જુઓ, તમે જીન મોરેનાસ છો. ધાડ પાડવા સાથે ખૂન કરવા માટે તમને ૨૦ વર્ષની કેદની સજા થઈ છે. તમે એમાંની અડધી સજા પૂરી કરી છે અને અડધી હજી બાકી છે, બરાબર ને?"

"સાચું." જીન મોરેનાએ આશ્ચર્ય સાથે જવાબ વાળ્યો, "તમને..."

"તમે જીની મોરેનાસના પુત્ર છો અને તમારું ગામ મારી-દ-મૌરીસ છે, બરાબર ને?"

“ઓહ! મારી મા, એ એક અત્યંત પ્રેમાળ અને સુશીલ સ્ત્રી હતી, એની વાત કરશો નહીં. તે મૃત્યુ પામી છે.” ડૂસકું ભરતો હોય તેમ કેદી બોલી ઊઠ્યો.

“હા, નવ વર્ષ અગાઉ.” પેલાએ જવાબ આપ્યો.

“આ સાચું છે, પણ મારા કુટુંબ બાબત આ બધું જાણનાર તમે છો કોણ?”

“હું કોણ છું, એ જાણવાથી તમને શો ફરક પડે છે? બર્નાર્ડોએ સ્વસ્થતાથી જણાવ્યું. મુદ્દાની વાત એ છે કે હું તમારી સાથે અત્યંત જરૂરી વાત કરવા માગું છું. શાંતિથી અને કાળજીથી સાંભળી લો. અહીં આ સ્થળે લાંબી ચર્ચા થાય તેમ નથી. બે દિવસના સમયમાં અહીંથી ભાગી છૂટવા તૈયાર થઈ જા. તારા જોડીદાર સાથે વાત કરી લે. તેનું મોં બંધ રાખવા જે કાંઈ કિંમત આપવી પડે તે કબૂલ કરી લે. એ જે માગે તેનું વચન આપ. હું તારા એ વચનનું પાલન કરીશ. તું જ્યારે માનસિક રીતે ભાગવા તૈયાર થઈ જશે, ભાગવાની યોજના બનાવી લેશે ત્યારે વધારાની સૂચના હું તને આવીને આપી જઈશ, અલવિદા મિત્ર.”

જે રીતે તે આવ્યો હતો તે જ રીતે ધીમી ચાલે, જાણે કાંઈ જ ન બન્યું હોય અને એ ફક્ત જેલની કુતૂહલવશ મુલાકાતે આવ્યો હોય તેમ માર્સેલ્સનો આ જહાજી વેપારી ચૂપકીદીથી જેલની બહાર નીકળી ગયો અને રાહ જોઈ ઊભેલી ઘોડાગાડીમાં રવાના થઈ ગયો.

કેદી નં. ૨૨૨૪, મોં વકાસી શૂન્યમનસ્ક ભાવે એ આગંતુકની અદૃશ્ય થતી પીઠ તાકતો ત્યાં જ ઊભો રહી ગયો.

(૪)

માર્સેલ્સના જહાજમાલિક બર્નાર્ડો અને ટૌલોન બંદરની જેલના કેદી નં. ૨૨૨૪ જીન મોરેનાસ વચ્ચેની આ મુલાકાત થઈ તેનાં પંદર વર્ષ પહેલાંની આ વાત છે.

મારી-દ-મૌરીસ નામના ગામમાં બનેલી એ ઘટનાની વાત છે. જીની મોરેનાસ, એક વિધવા માતા તેના બે પુત્રો પિયરી અને જીન સાથે રહેતી હતી. નાનકડું આ કુટુંબ એ ગામમાં સુખી જીવન વિતાવી રહ્યું હતું. બંને ભાઈઓ પૈકીનો મોટો પિયરી ૨૫ વર્ષનો હતો અને નાના ભાઈ જીનની ઉંમર ૨૦ વર્ષની હતી. બંને યુવાનો સશક્ત, મહેનતુ અને ખંતીલા હતા. કોઈ પણ કામ સારી રીતે કરતા હોવાની તેમની પ્રતિષ્ઠા હતી. ગામના તથા પડોશના ગામમાં કોઈ પણ કામકાજ અંગે એ બંને ભાઈઓની ભારે માંગ રહેતી.

બંને ભાઈઓ આમ તો સાથે જ કામે જતા અને મોટે ભાગે સાથે જ હરતાફરતા જોવામાં આવતા. નાના ભાઈ જીનની છાપ શાંત, સાલસ તથા આદર્શ પુત્ર તરીકેની હતી, તો પિયરી એનાથી સાવ ઊંધી પ્રકૃતિનો અને ઉધમાતિયો ગણાતો હતો. સ્વભાવનો એ તામસી હતો અને ગમે ત્યારે ગમે તેની સાથે ઝઘડો વહોરીને સંબંધ બગાડવા માટે જાણીતો હતો. દારૂ એના મગજ ઉપર ચડી જાય ત્યારે તેને કાબૂમાં રાખવાનું કામ ઘણું જ મુશ્કેલ રહેતું. એને અમીર બનવું હતું. પોતાની જાત માટે, કુટુંબ માટે તથા ફરતે ડુંગરોથી ઘેરાયેલા આ નાના ગામના બંધિયાર અને સ્થગિત જીવન માટે તેને ભારોભાર અસંતોષ હતો. રાતોરાત ધનપતિ બની જવાની એને ચળ ઊપડતી હતી. એ માટે ગમે

તેવાં પગલાં ભરવાની એની તૈયારી રહેતી. એ માટે એ હંમેશાં યોગ્ય પળ અને યોગ્ય તકની જ રાહ જોતો રહેતો.

એવો એ પિયરી જે દિવસે પચીસ વર્ષનો થયો તે જ દિવસે પોતાના કુટુંબને એણે ભારે મોટો આઘાત આપ્યો. સવારે કામ માટે બહાર ગયેલો પિયરી સાંજે પાછો ઘરે આવ્યો જ નહીં. ઘરમાં એની માતા તથા એનો ભાઈ એની રાહ જોતાં જ રહ્યાં. ના તો એના તરફથી કોઈ સંદેશો આવ્યો, ના તો તે ક્યાં હતો તેની કોઈ ભાળ મળી શકી. દિવસોના દિવસો તેઓ તેની તપાસ કરતાં રહ્યાં, પરંતુ તેના કોઈ જ સમાચાર તેઓ મેળવી ન શક્યાં. બંને આપ્તજનો તપાસ કરતાં જ રહ્યાં અને અન્યોને તથા પોતાની જાતને પ્રશ્નો કરતાં રહ્યાં, ક્યાં હશે? શું કરતો હશે? કોઈની સાથે ઝઘડવામાં એનું મોત તો થયું નહીં હોય? કોઈ અકસ્માત કે ગુનામાં સપડાયો હશે? અનેક પ્રશ્નો બંને એકબીજાને પૂછતા રહ્યા, પરંતુ ક્યાંયથી પણ તેઓ એના ઉત્તરો મેળવી શક્યા નહીં.

માતા જીની માટે એ આઘાત ઘણો વસમો હતો, છતાં એ કમનસીબીને વિસારે પાડી જીવન જીવવા સિવાય કોઈ ઉપાય પણ ક્યાં હતો? નાના દીકરાની માતા માટેની લાગણી તથા ખંતીલા સ્વભાવથી માનું દુ:ખ હળવું તો જરૂર બન્યું, પરંતુ તે પિયરીને ભૂલી શકી નહીં. એવી સ્થિતિમાં પાંચ વર્ષ વહી ગયાં. પિયરીની સ્મૃતિ પણ જીનીના મનમાં ક્ષીણ થઈ ગઈ. જીન પણ હવે પચીસ વર્ષનો યુવાન બની ગયો. મા અને એક દીકરાનું જીવન માંડમાંડ થાળે પડ્યું, પરંતુ આગળ ઉપર શું થવાનું છે તેની કોને ખબર હોય છે? કુટુંબ ઉપર વધુ આકરો આઘાત આવવાનો તો હજી બાકી હતો.

જીનીનો એક ભાઈ હતો — ઍલેક્ઝાન્ડ્રે તેઝટાડ. નજીકના જ ગામમાં રહેતો હતો. એના ગામનું એકમાત્ર અતિથિગૃહ કે હોટલ તે ચલાવતો હતો. પોતાની માતાના એ ભાઈને જીન અંકલ સાન્દ્રે કહીને સંબોધતો હતો અને અવારનવાર તેઓનું ત્યાં જવાનું થતું હતું. અંકલ સાન્દ્રેની સાથે એના એક સંબંધની અનાથ પુત્રી માર્ગરીટા મારિયા પણ રહેતી હતી. માતાપિતાના મરણ બાદ અનાથ બનેલી એ બાળકીને દયાળુ સાન્દ્રેએ પોતાના અતિથિગૃહમાં આશરો આપ્યો હતો. બાળસહજ હઠીલાઈ છતાં માર્ગરીટા ધીમેધીમે અંકલ સાન્દ્રે સાથે હળીમળી ગઈ હતી. વધુ સમજ આવતાં જ હોટલના કામકાજમાં સાન્દ્રેની તે હાથલાકડી બની ગઈ. એવી જવાબદારી સાથે બાળપણ વિતાવી માર્ગરીટા હવે કિશોરી બની ગઈ. પચીસ વર્ષનો જીન અને અઢાર વર્ષની માર્ગરીટા! બંને કુટુંબોની અહીં હોટલમાં જ મુલાકાત થતી રહેતી. શરૂઆતમાં જીન અને માર્ગરીટાના નિર્દોષ મસ્તી-તોફાનોથી હોટલનું વાતાવરણ જીવંત બની જતું. જોકે ઉંમરની સાથેસાથે કુદરત પોતાનું કામ કરતી રહી. કિશોરમાંથી યુવક બનેલા જીનના માર્ગરીટા પ્રત્યેના ભાવમાં હવે મૂળભૂત રીતનું પરિવર્તન આવ્યું હતું. એ આ રમતિયાળ બાળસખી તરફ આકર્ષાયો હતો. બાળપણમાં પોતાની વહાલસોઈ બહેન ગણતો હતો. તે જ માર્ગરીટા માટેનો ભાવ હવે સાવ બદલાઈ ગયો. પોતાની મા પ્રત્યેની મમતામાં જે ઉત્કટતા હતી એવા જ પ્રગાઢ પ્રેમની સરવાણી જીનના મનમાં માર્ગરીટા માટે જાગી ઊઠી. તે પોતાની પત્ની બની શકે અને આખું જીવન તે તેનો સાથ આપે તેવી અપેક્ષા અને ઝંખના એના ઉરમાં જાગી ઊઠી. એ લાગણી સાથે એ માર્ગરીટાની ખૂબ

નજીક ગયો તો ખરો, પણ પોતાની શરમાળ પ્રકૃતિને કારણે પોતાના મનની વાત જીન તેને કહી શક્યો નહીં.

બીજી બાજુ માર્ગરીટા એવી જ રમતિયાળ રહી. એને માટે જીન, એના બાળસખાથી વિશેષ કાંઈ જ ન હતો. જીનની લાગણીને સમજવા જેટલી પરિપક્વતા એનામાં આવી જ ન હતી, એવું જીન અનુભવી રહ્યો. પોતાના દિલની વાત હાલ આગળ વધારવાનો અર્થ નથી એવું સમજી એણે હવે માર્ગરીટાથી દૂર રહેવાનું પસંદ કર્યું. અનુભવી સાન્દ્રે અંકલને તરત જ બધું સમજાઈ ગયું, જીનનો પ્રેમ અને માર્ગરીટાનું રમતિયાળપણું, જીનની નિરાશા બધું જ. એને ખ્યાલ આવી ગયો કે વાત કાંઈ જામતી ન હતી. એમને પણ જીન માટે ભારે લગાવ હતો, માન પણ હતું. પોતાની ૪૦ વર્ષની મહેનતથી ઊભા કરેલા અતિથિગૃહ, મિલકત અને પુત્રી જીનને સોંપીને એ હવે નિવૃત્તિ લેવા ઉત્સુક હતો. તેને થોડી નિરાશા તો થઈ, છતાં મન મનાવ્યું કે છોકરી ઘણી નાની છે. થોડી વધુ મોટી થશે ત્યારે આપોઆપ જ એ સંબંધ પલટો લેશે. પોતે ત્યારે એને સીધું જ પૂછશે. તેને આશા હતી કે જીન બાબત તેના મનમાં સાનુકૂળ સ્થાન આખરે બની જ જશે. માત્ર થોડી ધીરજ રાખવાની જરૂર હતી.

મનોમન આ રીતે એણે કિલ્લા ચણવા માંડ્યા હતા, પરંતુ કોને ખબર હતી કે એ પ્રક્રિયા એક દિવસ અચાનક જ અટકી પડવાની હતી! આ સપનાં જોનાર અંકલ સાન્દ્રેનું તેની હોટલના કાઉન્ટર પાસે જ ખૂન થયાનું જાહેર થયું. સાથે હોટલના નાણાં રાખવાનો ગલ્લો પણ સફાચટ જણાયો હતો. એવું જઘન્ય કૃત્ય કોણે કર્યું હશે એ અંગે પોલીસ તથા ન્યાયતંત્ર પણ અંધારામાં જ રહ્યા હોત, પરંતુ મરનાર સાન્દ્રે અંકલે છેલ્લો શ્વાસ લીધો તે અગાઉ એની ઉપર હુમલો કરનારના નામ અંગે સૂચન કર્યું હતું. તેને આધારે પોલીસ ગુનેગારને પકડવામાં સફળ થઈ હતી. એની હથેળીમાં સજ્જડ રીતે પકડાયેલા કાગળમાં એના હસ્તાક્ષરમાં નીચેના શબ્દો હતા.

"આ કામ મારા ભાણેજ…"

બસ! જેટલા જ શબ્દો હતા ત્યાર બાદ નામ લખવા જેટલી શક્તિ નહીં રહી હોય અને તેથી નામ લખવાનું બાકી રહી ગયું હોય એમ લાગતું હતું.

પરંતુ આટલા અધૂરા વાક્યના શબ્દો એના ભાણેજ જીન અને તેની માતા જીની માટે તકલીફોના પહાડ લઈને આવ્યા. નિર્દેશ સાવ સ્પષ્ટ હતો. સાન્દ્રે અંકલને એક જ ભાણેજ હતો અને સૌની જાણમાં એ ભાણેજ જીન જ હતો. બીજા ભાણેજ પિયરીને ઘર અને ગામ છોડીને ચાલી ગયાને તો પાંચ વરસોનો સમય વીતી ગયો હતો. વીતેલાં વર્ષોમાં લોકો તેને સંપૂર્ણપણે વિસરી ચૂક્યાં હતાં. એના ગયા બાદ એના કોઈ જ સમાચાર ન હતા. તે હવે જીવંત નહીં જ હોય એમ લોકોએ સ્વીકારી લીધું હતું.

સાન્દ્રે અંકલે એની અંતિમ ઘડીએ લખેલા લખાણના શબ્દો મીનમેખ હતા અને સમજવામાં ભૂલ થવાની કોઈ ગુંજાઈશ જ ન હતી. ગુનાઇત કૃત્યની ગોઠવણી અને કોઈ પરિચિત દ્વારા જ ખૂન થયું હોય તે માટેના સંજોગો પણ અનુકૂળ જણાયા. આગલા દિવસે સાંજે અતિથિગૃહમાં કોઈ જ મહેમાન ન હતા. આરોપી પણ સાન્દ્રે અંકલનો કોઈક પરિચિત માણસ જ હોવાની શક્યતા વધુ હતી. મૃત્યુના સમયે સાન્દ્રેએ હોટલનો

જ ગણવેશ પહેર્યો હતો અને એમાં જ એનું ગળું દબાવી દેવાયું હતું. કાઉન્ટર ઉપર પડેલા હિસાબની નોટમાં તે દિવસે લખવાનો હિસાબ પણ અધૂરો જ લખાયો હતો. કોઈ પરિચિત વ્યક્તિને જોઈને એ હિસાબ લખવાનું છોડીને સાન્દ્રે હાથમાં પેન લઈને જ બારણું ઉઘાડવા ત્યાં ગયો હશે. એ કંઈ પણ વિચારે તે પહેલાં જ આગંતુકે એના ઉપર અચાનક હુમલો કરીને તેનું ગળું દબાવી દીધું હોવાની શક્યતા પોલીસને વધુ જણાઈ હતી. એને મરી ગયેલો માની ત્યાં જ પરસાળ પર પછાડીને હુમલાખોર અંદરના ઑફિસરૂમમાં લૂંટ કરવા પહોંચી ગયો હશે અને જે નાણાં મળ્યાં તે બધું જ લઈને પલાયન થઈ ગયો હશે એવું સાફ દેખાતું હતું.

દરમિયાન ગળું દબાવવાને કારણે એકદમ ગૂંગળાઈ ગયેલા સાન્દ્રેને થોડુંક ભાન આવ્યું હશે, એમાં હાથમાંની પેનથી કાગળ પર ઉપર મુજબનું લખાણ લખવાની શરૂઆત કરી હશે, પરંતુ છેલ્લે અગત્યનો શબ્દ લખાય તે પહેલા જ એનું પ્રાણપંખેરું ઊડી ગયું હશે. મકાનના પાછળના ભાગમાં પોતાના કામમાં વ્યસ્ત માર્ગરીટાને તો આ ભયંકર ઘટનાનો અણસાર પણ આવ્યો નહીં હોય. હત્યારા સાથે ઝપાઝપી થયાની ત્યાં કોઈ નિશાની પણ તપાસ દરમિયાન જણાઈ ન હતી.

હોટલમાલિકને મૃત્યુ પામેલો માનીને હત્યારાએ ત્યાર બાદ કાઉન્ટરની પાછળ જ આવેલા તેના બેડરૂમમાં પણ ખાંખાંખોળા કર્યાં હતાં. પથારી, કબાટોનાં ખાનાં વગેરે બધું જ અસ્તવ્યસ્ત હતું. એ રીતે મળેલો દલ્લો લઈને કોઈને પણ ખબર ન પડે એ રીતે હત્યારો પુરાવાની એક નિશાની પણ છોડ્યા વિના ચૂપકીદીથી સરકી ગયો હોવો જોઈએ.

હોટલમાલિકની આ રીતની કારમી હત્યાના સમાચારથી આ નાનકડા ગામમાં સ્તબ્ધતા વ્યાપી ગઈ અને તેમાં પણ હત્યારા તરીકે એના ભાણેજ જીનનું નામ નીકળ્યું, ત્યારે સૌએ ભારે આઘાત અનુભવ્યો. એક ભલો, ખંતીલો અને પ્રેમાળ યુવાન અને માતાનો આજ્ઞાંકિત પુત્ર આવું કરી શકે ખરો? છતાં મરનારના હસ્તાક્ષર પણ એટલા સ્પષ્ટ હતા કે શંકાને કોઈ સ્થાન ન હતું.

જીને પોતાની સામેના આરોપનો સ્પષ્ટ ઇનકાર કર્યો, છતાં સજ્જડ પુરાવાના કારણે તેની ધરપકડ થઈ. કેસ ચાલ્યો. એ ગુનેગાર સાબિત થયો અને ૨૦ વર્ષ સખત કેદની સજા થઈ. માતા જીની માટે આ એક જીવલેણ આઘાત નીવડ્યો. પોતાના એક પુત્રને તો ગુમાવી જ ચૂકી હતી. નાના પુત્ર જીનના સહારે એણે કાંઈક અંશે આશ્વાસન મેળવ્યું હતું. એના ભાઈના ખૂનનો એને આઘાત લાગ્યો હતો અને એ ખૂન એના નાના પુત્ર જીને કર્યું હોવાનો વિચાર જ એને માટે જીરવવો મુશ્કેલ હતો. જ્યારે જીનને દોષિત જાહેર કરી તેને ૨૦ વર્ષની સજા સંભળાવાઈ ત્યારે એ આઘાત તે જીરવી ન શકી. એ કારમો આઘાત ઊંટની પીઠ ઉપરનું છેલ્લું તણખલું પુરવાર થયો. જીનીના જેલમાં ગયા બાદ અસહ્ય વેદનામાં રિબાઈને, છેવટે તેની જીવનલીલા સંકેલાઈ ગઈ.

વિધિની એ કેવી વકરતા હતી? કે માતાના મૃતદેહનું કૉફિન એક બાજુએ કબ્રસ્તાનમાં પહોંચ્યું અને બીજી બાજુ એનો વર્ષો પહેલાં ગુમ થયેલો મોટો દીકરો પિયરી એના અંધારાઘેરા અજ્ઞાતવાસમાંથી પાછો આવ્યો. એ ક્યાં ગયો હતો, ક્યાંથી પાછો

આવ્યો હતો અને વીતેલાં છ વર્ષ દરમિયાન એણે શું કર્યું હતું એવા અનેક પ્રશ્નો ગ્રામવાસીઓના મનમાં ઘોળાતા હતા. તેઓ સૌ અંદરોઅંદર વાતની ચર્ચા કરી લેતા, પણ એને કાંઈ પૂછવાની હિંમત કરતા નહીં. સૌ એના ઝઘડાળુ અને વિચિત્ર સ્વભાવથી પરિચિત હતાં. બધાને એનાથી દૂર જ રહેવાનું ડહાપણભર્યું લાગ્યું. પિયરીએ પણ પોતાના વિશે કોઈને કાંઈ કહેવાની જરૂરત જોઈ નહીં. સમય જતાં લોકો એ વાતને પણ ભૂલી ગયા. પોતાની વર્તમાન સ્થિતિના અસંતોષને કારણે જ પિયરીએ છ વર્ષ પર ઘર છોડ્યું હતું. એને તો રાતોરાત માલામાલ થવું હતું. જોકે તેની હવે શરૂ થયેલી નવી જિંદગીની રહેણીકરણી ઉપરથી કોઈને લાગે તેમ ન હતું કે તે ધનવાન બનીને આવ્યો હતો, પરંતુ સાવ ખાલી હાથે આવ્યો હોય તેમ પણ જણાતું ન હતું.

પુનરાગમન બાદ એણે પોતાનું અગાઉ મુજબનું — જીવન શરૂ કર્યું. પોતાની નીજી આવકને આધારે જ એ રહેલો હતો અને ક્યારેક એના જણાવ્યા પ્રમાણે પોતાનો ધંધો સંભાળવાના હેતુથી માર્સેલ્સ બંદરની મુલાકાત લેતો હતો. જોકે એ દરમિયાન પોતાની માતાના મકાનમાં રહેતો ન હતો. અંકલ સાન્દ્રેના અતિથિગૃહમાં જ એણે પોતાનો મુકામ રાખ્યો હતો. એ મિલકતની માલિક હવે અંકલની પાલ્યા માર્ગરીટા જ હતી. એક નોકરની મદદથી અતિથિગૃહનો જૂનો ધંધો એણે ચાલુ રાખ્યો હતો. એ હવે એકલી પડી ગઈ હતી. પિયરી પણ હવે ત્યાં જ રહેતો હોવાથી અને અગાઉનો પણ પરિચય હોવાથી બંને વચ્ચે નવેસરથી સંબંધ બંધાયો અને ગાઢ પણ બન્યો. જીન જેવા આદર્શવાદી માટે જે શક્ય બન્યું ન હતું, તે ઝઘડાળુ સ્વભાવના પિયરી માટે શક્ય બન્યું. બંને યુવાન હતાં, એકલાં હતાં. એમની વચ્ચે પ્રેમ પાંગર્યો અને આખરે, માતા જીનીના મૃત્યુ બાદ બે વર્ષ પછી બંને જણાં લગ્નગ્રંથિથી જોડાઈ ગયાં. ત્યાર બાદ સાત વર્ષનાં વહાણાં વાયાં. માર્ગરીટા ત્રણ સંતાનોની માતા બની. એક સુખી પત્ની તથા માતા તરીકે સાત વર્ષનો ગૃહસ્થાશ્રમ એણે ભોગવી લીધો, પરંતુ એણે માનેલા પ્રેમાળ પતિ પિયરીના કારસ્તાનો અને ગુનાઇત જીવન વિશે જો એણે જાણ્યું હોત તો એના સુખનો મહેલ કાગળનાં પત્તાંનો જ પુરવાર થયો હોત. પતિએ વિતાવેલાં અજ્ઞાતવાસના છ વર્ષ દરમિયાન એણે શું કર્યું હતું, એની જાણકારી મેળવવાની એણે કદી તસ્દી લીધી ન હતી અને એને સ્વપ્નમાં પણ એવો ખ્યાલ ન હતો કે એ સમય દરમિયાન પિયરી છેતરપિંડી, ધોખાધડી, ચોરી ઉપરાંત છેલ્લે તો ધાડ પાડવા જેવા ગંભીર ગુનાઓ આચરી ચૂક્યો હતો. સાન્દ્રે અંકલ જો એના હુમલાખોરનું નામ લખી શક્યા હોત તો આજે જીનની જગ્યાએ પિયરી જેલની સજા ભોગવતો હોત, પરંતુ પોતાની બહેનનો દીકરો જ આ રીતે હુમલો કરે એવા આઘાતથી વધુ પાંગળો બનેલો સાન્દ્રે છેલ્લે એ નામ લખી શક્યો ન હતો. એને મરતી વખતે ક્યાં ખબર હતી કે એની એ ઊણપ એના માનીતા નાના ભાણેજ જીન અને માતા જીની માટે અત્યંત અનર્થકારી બની રહેશે!

પોતાની ગુનાઇત પ્રવૃત્તિના ભાગરૂપે પિયરીએ જ મામા સાન્દ્રેની હોટલ ઉપર ધાપ મરવાનું નક્કી કર્યું હતું. પૂર્વજીવનમાં એ ઘણી વાર ગુપચુપ રીતે પરિસ્થિતિનો ક્યાસ મેળવવા અહીં આવી ચૂક્યો હતો. અહીંની સ્થિતિનો એણે પૂરેપૂરો ખ્યાલ મેળવ્યો હતો. અપેક્ષા હતી કે સાન્દ્રે જો થોડી વાર માટે પણ ઑફિસ રેઢી મૂકે તો પોતે એનો ગલ્લો સાફ કરી શકે, પરંતુ મામાએ એને ઓળખ્યો અને અંદર બોલાવ્યો. એ

દરમિયાન એમની વચ્ચે શું વાતચીત થઈ તે તો ભગવાન જ જાણે, પણ બની શકે કે એણે નાણાંની માગણી કરી હોય, જેનો ઇનકાર થયે તેણે સગા મામા પર હુમલો કર્યો હોય! એકાએક હુમલો અને ગળું દબાવાથી બેભાન બનેલા મામાને કાઉન્ટર પાસે જ નાખીને ઑફિસમાં તથા તેની પાછળના મામાના બેડરૂમમાંથી જે કાંઈ હાથ આવ્યું તે લઈને રાત્રિના અંધકારમાં ચૂપકીદીથી એ સરકી ગયો. એને કારણે જ થયેલી મામાની હત્યા, નાના ભાઈ જીનને થયેલી સજા અને પરિણામે માતાના કરુણ મૃત્યુ વગેરે બનાવોથી તે અજાણ જ હતો. એ ઘટના બાદ એ થોડા સમય માટે ગામથી દૂર રહેવામાં જ એને શાણપણ દેખાયું. થોડા સમય બાદ સ્વસ્થ બની એ પરિસ્થિતિનો ક્યાસ કાઢવા સૌની જાણ વચ્ચે પાછો આવ્યો ત્યારે તેને અપેક્ષા ન હતી કે લોકોમાં તે સરળતાથી પાછો ભળી શકશે કે કોઈ એના વીતેલા જીવન માટે શંકા નહીં કરે. ગામમાં આવીને જ એણે એની માતા તથા મામાના મૃત્યુના, તેમ જ જીનને થયેલી સજાના સમાચાર જાણ્યા હતા. પોતાના જ દુષ્કર્મને કારણે સર્જાયેલી કરુણાન્તિકાની કરમ કહાણી સાંભળીને એ વખતે તો એ દોષિત હોવાની લાગણી અનુભવી રહ્યો. મૃત્યુને ભેટેલા બંને સ્વજનોની બાબતમાં વધુ વિચારવાનું હતું નહીં, પરંતુ એનો સાવ નિર્દોષ પ્રેમાળ ભાઈ વગર વાંકે જેલની યાતના ભોગવી રહ્યો હોવાની હકીકત એને જંપવા દેતી ન હતી. એમાંથી એને કેવી રીતે બહાર કાઢવો તે અંગે એના મનમાં સતત અજંપો રહેતો હતો.

દેખીતી રીતે તો એનો એક જ ઉપાય હતો — મામાની હત્યાની જવાબદારી પોતે જ સ્વીકારી લે, પરંતુ એનું પરિણમ શું? જીન તો જેલના દોજખમાંથી બહાર આવી શકે, પરંતુ તેને બદલે એણે એવી જ યાતના એકડે એકથી ઘૂંટવી પડે તેમ હતી. એ માટેની હિંમત અને સચ્ચાઈ એ બતાવી શકે તેમ ન હતું. સમગ્ર ઘટનાક્રમ પણ ભૂલવો મુશ્કેલ હતો, પરંતુ વીતતા જતા સમયે જ આ જખમ માટે દવાનું કામ કર્યું. એ માટેનો અવસાદ સમય જતાં રોજિંદા જીવનમાં થોડો હળવો બનતો ગયો.

સાન્દ્રે અંકલના અને જીનીના મૃત્યુ બાદ ફરીથી અનાથ થઈ ગયેલી માર્ગરીટાને પિયરીનો સહારો મળ્યો. બંનેને પ્રેમ થયો, લગ્ન પણ થયાં. ત્રણ બાળકો અને પ્રેમાળ પત્ની સાથેનો એનો સંસાર સુખી રીતે ચાલતો હતો, પરંતુ બે બાબતો પિયરીને જંપવા દેતી ન હતી. એક તો પત્નીના પાલક પિતાની હત્યા એના હાથે થઈ હતી અને બીજું — એનું વિષમ પરિણામ એનો નિર્દોષ ભાઈ ભોગવી રહ્યો હતો. એવા ડંખ સાથે વરસો વીતતાં ગયાં. આખરે એણે એક નિર્ણય લીધો. ભાઈના જેલવાસને દસ વર્ષ પૂરાં થયાં હતાં, પણ હજી બીજાં દસ વર્ષ બાકી હતાં. એમાંથી પણ જો તેને મુક્ત કરાવી શકે તો તેને આશ્વાસન મળી શકે તેમ તેને લાગ્યું. માર્ગરીટા સાથેના લગ્ન પછી એ એની આર્થિક સ્થિતિ સુધારી શક્યો હતો. કેવી રીતે એ શક્ય બન્યું તેનો ઇતિહાસ તો એ એકલો જ જાણતો હતો, છતાં જરૂરી ખર્ચ કરીને ભાઈની મુક્તિ ખરીદી શકાશે, એની એણે ખાતરી કરી લીધી હતી અને મનોમન એક યોજના પણ ઘડી કાઢી.

(૫)

જેલની એ પ્રથમ મુલાકાત બાદ ધીમી અને સાહજિક ચાલે પાછા વળી રહેલા બર્નાર્ડોની પાછળ જીન મોરેનાસની નજર ફરતી રહી. થોડી જ સેકન્ડોમાં પોતાના

જીવનને બદલી નાખે એવી મોટી વાતો કરીને નિરપેક્ષભાવે પાછા ફરી રહેલા એ મહાનુભાવ કોણ હશે એની એ કલ્પના કરવા લાગ્યો. એના જીવનની કરપીણ કહાણીને યથાતથા જાણનાર એ વ્યક્તિને જાણવા સમજવા માટે એ મથામણ કરતો રહ્યો, પરંતુ જવાબ મેળવવો ખૂબ જ મુશ્કેલ હતો. મનમાં અનેક સારાખોટા વિચારો આવતા રહ્યા. છેવટે જવાબ ન મળતાં એ બાબત પર એણે પૂર્ણવિરામ મૂકી દીધું.

એ મહાનુભાવ જે હોય તે, પરંતુ અહીંથી મુક્તિ મેળવવાની એકમાત્ર તક જ્યારે સામે ચાલીને આવી હોય ત્યારે એમાં ઇનકાર કરવા માટેનું કોઈ જ કારણ એને જણાયું નહીં.

પરંતુ અહીંથી ભાગવાનું એ સાહસ! કહેવા જેટલી એ કરણી આસાન ન હતી. સીધો કાનૂની ઉપાય તો કોઈ હતો નહીં. ગેરકાયદેસર રીતે ભાગવા માટે જેની સાથે જંજીરથી એના પગ જકડાયેલા હતા, તેને તો જણાવવું જ પડે. એ માણસ જો આડો ફાટે અથવા તો પોતે પણ સાથે જ ભાગવાનો આગ્રહ રાખે તો વાત અહીંથી જ અટકે તેમ હતું. નાણાંને જોરે એનું મોં બંધ કરી શકાય તો પણ જેલરો અને અન્ય સંત્રીઓની બાજનજરને ચૂકવીને ભાગવાનું અશક્ય નહીં હોય, તો પણ મુશ્કેલ તો હતું જ અને એમાં જો પકડાઇ ગયા તો બાકીનું જીવન પણ અહીં લોખંડી સાંકળોમાં જકડાઈને જ પૂરું કરવું પડે તેવી શક્યતા વધુ હતી. અત્યાર સુધી મુક્તિનો વિચાર સરખો પણ આવ્યો ન હતો, પરંતુ હવે જ્યારે એવી તકે એના મગજ પર ટકોરા દીધા હતા ત્યારે તે માટેની ઝંખના પણ અદમ્ય બને એ સ્વાભાવિક હતું.

સાથે જકડાયેલા વૃદ્ધ કેદીના હવે માત્ર ૧૮ માસ જ બાકી હતા, એટલે ભાગવાના પ્રયાસનું જોખમ ઉઠાવે તેવી શક્યતા ન હતી, પરંતુ એની સાથે જોડાયેલી સાંકળથી મુક્ત થવા માટે તેના સહકારની અને ત્યાર બાદ તે પોતાનું મોં બંધ રાખે તે માટે તેને કેટલી કિંમત ચૂકવવી પડે તેનો પોતાને ખ્યાલ ન હતો. પોતાના પ્લાન અંગે જીને જ્યારે સાથીદારને જાણાવ્યું ત્યારે એ રીઢો ગુનેગાર રોમેઇન સમજી ગયો કે જોડીદારને ગરજનો બરાબર કસ કાઢી શકાય તેમ હતું. પ્રથમ તો એણે નન્નો જ ભણ્યો, પરંતુ એની સમક્ષ એક હજાર ફ્રાન્ક રોકડા આપવાની વાત કરી ત્યારે તેણે થોડી મરજી બતાવી. અંતમાં બે હજાર ફ્રાન્કમાં સોદો પત્યો. એક હજાર રોકડા અહીં જ આપવા, બાકીના એક હજાર જ્યારે છૂટીને બહાર આવે ત્યારે આપવામાં બંને સહમત થયા.

થયું ત્યારે! મુક્તિની દિશામાં એક મહત્ત્વનું ડગલું આગળ ભરી શકાયું. હવેની વાત પેલો મહેમાન પાછો આવે ત્યારે આગળ વધવાની હતી. જોડીદાર સાથેના બંધનમાંથી મુક્ત થયા બાદ ક્યારે શું કરવું તેની વિગત વાર વિચારણા જીને કરી લીધી. એણે પણ પોતાની એક યોજના બનાવી લીધી. જેલના કર્મચારીઓની નજર ચૂકવીને બંદરની બહાર નીકળવાનું કામ સૌથી મુશ્કેલ હતું. કિનારાથી સલામત અંતરે પાણીમાં તરતા કે ડૂબકી લગાવીને જ નક્કી થનારા સ્થાને પહોંચવાનું હતું. એક વાર એમાંથી બહાર નીકળ્યા બાદ ખેતરો અને ગામડાંઓ ખૂંદવાનું એને માટે આસાન હતું. એ માટે થોડા વધુ ફ્રાન્કની લાલચ કોઈનું પણ મોં બંધ કરી શકે એવો એને વિશ્વાસ બેસી ગયો.

લાંબા સમયના કેદીઓને જૂના જહાજોમાં ફેરફાર કરીને બનાવેલી તરતી જેલોમાં રાખવામાં આવતા હતા, તેમ છતાં જીનના કમનસીબે એને જમીન પરની જેલમાં જ રાખવામાં આવ્યો હતો. ત્યાંથી ભાગવાનું વધુ મુશ્કેલ હતું. કામ ઉપરથી ફરીથી જેલમાં જતા કેદીઓ પર સંત્રીઓની સીધી નજર રહેતી. ત્યાં જવા પહેલાં પોતાના જોડીદારથી મુક્ત બનવાની જરૂર હતી. તે ઉપરાંત પોતાની ગેરહાજરી જણાઈ ન આવે તે માટે, પોતાને માટે બદલીમાં જઈ શકે તેવા કોઈ કેદીને શોધવાનો હતો. ગોદી ઉપરથી જેલના કમ્પાઉન્ડમાં જતી વખતે કોઈએ પેલા વૃદ્ધ કેદીની સાથે જોડાઈને અંદર જવાનો દેખાડો કરવાનો હતો. એ દરમિયાન એણે ગોદીમાં છુપાઈ રહેવાનું હતું. રાત્રિના અંધારા ઊતરે ત્યારે વેરાન ગોદી ઉપરથી પાણીમાં સરકી જવાનું સરળ હતું. નિર્ધારીત સ્થળે પહોંચ્યા બાદની વ્યવસ્થા તો પેલા આગંતુકે જ કરવાની હતી.

એક સાવ અજાણ્યો અને અપરિચિત માણસ પોતાનો મુક્તિદાતા બનીને પોતાને શોધતો આવે અને એ માટે નાણાં ખરચવા તૈયાર થાય એ આખી વાત જ એને પરીકથા જેવી લાગવા માંડી હતી. એ નિર્દોષ હતો, અહીંની જેલની જિંદગી અતિ કઠિન છે. છતાં એમાં પોતાના પ્રારબ્ધનો દોષ જોઈને જીને પોતાના મનને મનાવ્યું હતું. અડધી સજા તો પૂરી થઈ જ ચૂકી હતી. હવે અડધી જ બાકી હતી. અહીંની યાતનાભરી જિંદગી એને કોઠે પડી ગઈ હતી. અહીં એની છાપ એક સાલસ અને કહ્યાગરા કેદી તરીકેની હતી. જેલજીવનની સામાન્ય હાડમારી સિવાય એને વધારાની કોઈ કનડગત હતી નહીં અને એ રીતે ચાલતું રહે તો એમાં કોઈ વધારો થવાની શક્યતા ન હતી. બાકીનાં દસ વર્ષ એ જ રીતે પસાર થઈ જાય એમ હતું. જો એ અજાણ્યા માણસને ભરોસે ભાગવાનો પ્રયાસ કરવામાં પકડાઈ ગયા તો બાકીની જિંદગી અધિક યાતના સાથે અહીં જ પૂરી થવાની શક્યતા હતી. આમ છતાં પણ પોતે નિર્દોષ હોવાનો ભાવ સતત તેના મન ઉપર છવાયેલો રહેતો હતો, તેથી જ એ પોતાની જાતને આ સજાને પાત્ર માનતો જ ન હતો. ભાગ્યની વાત તો મન મનાવવા પૂરતી જ હતી.

તત્કાળ મુક્તિના પ્રલોભને એનાં તમામ જોખમોને વિસારે પાડી દીધાં. મુક્તિદાતા બનીને આવેલા એ અજનબીની મદદગાર થવાની તત્પરતાની પણ ટૂંક સમયમાં જ કસોટી થવાની હતી. મનોમન એણે પાકો નિર્ણય કરી લીધો. પેલો માણસ પાછો આવે તેની એણે રાહ જોવા માંડી. વીતેલાં દસ વર્ષોમાં કદી વિચાર્યું પણ નહીં હોય તેવી તક સામે આવીને ઊભી થઈ હતી અને તે મુજબની માનસિક તૈયારીઓ થઈ ગયા બાદ હવે તેને અધિરાઈ આવી ગઈ હતી. પળપળનો વિલંબ પણ એને આકરો લાગવા માંડ્યો.

બે દિવસ બાદ પેલા અજનબીએ દેખા દીધી. કોઈ પણ જાતની ઔપચારિકતા વિના તેણે જીનને સીધો જ પ્રશ્ન પૂછ્યો:

“શું છે? વિચાર કરી લીધો? બધું આયોજન કરી લીધું?”

“હા જી, બધું જ આયોજન પાકું છે.”

“મારે એમાં શું કરવાનું છે? તારા સાથીને શું આપવાનું છે?”

“બે હજાર ફ્રાન્ક.”

"ક્યારે? અત્યારે કે તે બહાર આવે ત્યારે?"

"ના જી, એક હજાર અત્યારે, બાકીના તે બહાર આવે ત્યારે."

"લે, આ રહી એ રકમ." બોલીને એક હજાર ફ્રાન્કની કોથળી એણે એના સાથીદારના હાથમાં સરકાવી દીધી. ગંભીરભાવે રોમેઈને તરત જ એ હડપી લીધા.

"તને પણ થોડી રકમની જરૂર પડશે." બર્નાર્ડોએ થોડા સોનાના સિક્કા ચૂપકીદીથી જીનના હાથમાં મૂક્યા. આભારવશ જીને તે લઈ લીધા. સાથે પૂછી લીધું, "અહીંથી નીકળીને કાંઠા ઉપર મારે તમને ક્યાં મળવું?"

"બુનની ભૂશિર પાસેના એકાંત ખાંચામાં. જેને લોકો પોર્ટ મેજિન તરીકે ઓળખે છે.તેં એ સ્થળ જોયું તો છે ને?"

"હા જી, સારી રીતે, વિશ્વાસ રાખો. હું ત્યાં આવી જઈશ." જીનના અવાજમાં ઉત્સાહ સ્પષ્ટ દેખાતો હતો.

"ક્યારે કરવું છે?"

"આજે રાત્રે જ. બંદરના પાણીમાં થઈને, કાંઠે કાંઠે." હવે વધુ રાહ જોવાનું જીન માટે શક્ય ન હતું.

"ઠીક, તને તરવાનું સારું ફાવે છે ને?"

"સૌથી આગળ રહી શકવા જેટલું."

"મને વિશ્વાસ છે. બસ ત્યારે! આજે રાત્રે." વાત પૂરી થઈ. બંને કેદીઓ કાંઈ જ બન્યું ન હોય તે રીતે કામે વળગ્યા. બર્નાર્ડો પણ અગાઉની જેમ જ બીજા કેદીઓ સાથે વાત કરતો કરતો બહાર નીકળી ગયો, એના તરફ કોઈનું ધ્યાન પણ ખેંચાયું નહીં.

(૬)

મહામૂલી મુક્તિ માટેની મથામણ જીન મોરેનાસ માટે ઉચાટભરી અને ઉત્તેજિત કરનારી હતી. કોઈ સચેત સંત્રીના ધ્યાનમાં એના વર્તનની નોંધ લેવાય તો મનની મનમાં જ રહી જાય એમ હતું. હાથવેંતમાં જ દેખાઈ રહેલી મુક્તિના વિચારમાત્રથી મનમાં ખળભળાટ મચી ગયો હતો. છાતીના ધબકારા ચરમસીમાએ હતા.

મોડી સાંજે સાત વાગ્યે જેલના કમ્પાઉન્ડમાં જવાનો સમય થયો. જે કેદીની સજા થોડી જ બાકી રહી હોય તેવા કેદીઓને અન્ય સાથે જોડકાંમાં રહેવાને બદલે એકલાને જ રહેવાની રાહત મળતી. એવા એક કેદીને સોનાના ત્રણ સિક્કાના બદલામાં પોતાનો બદલી કેદી બનવા મનાવ્યો હતો. બર્નાર્ડોએ આપેલી કાનસથી જોડીદાર રોમેઈન સાથેના બંધનથી જીન મુક્ત થાય ત્યારે પેલા બદલી કેદીએ એનું સ્થાન લેવાનું હતું. સાંજે મળતા આરામના થોડા સમયમાં જીને કાનસની મદદથી પોતાને જોડીદાર સાથેના બંધનમાંથી મુક્ત કર્યો હતો. કેદખાનામાં પાછા જવાનો સમય થતાં જ બદલી કેદી હાજર થઈ ગયો. એના પગનું કડું તેણે જોડીદારના પગનાં કડાં સાથે દેખાવ પૂરતું

જોડી દીધું. એમની વિદાય થતાં જ જીન વહાણ બાંધવામાં વપરાતા સાગી લાકડાંના ઢગલા પાછળના ખાંચામાં છુપાઈ ગયો.

એ ઢગલાની નજીકમાં જ જહાજમાં બેસાડવા માટેનું ઘણું મોટું બૉઇલર હજી કાંઠા ઉપર જ હતું. કેદીઓ જેલના કમ્પાઉન્ડમાં ચાલી જતાં તેના સંત્રીઓ વગેરે પણ તેની પાછળ ચાલી ગયા. ગોદીનો વિસ્તાર લગભગ નિર્જન અને સૂમસામ બની ગયો. એનો લાભ લઈ ચારે બાજુ નજર કરતો જીન એ બૉઇલરની પાછળ સરકી ગયો. પાણી હવે અહીંથી નજીકમાં જ હતું. પોતાની સાથે જીને પોતાનું માથું ઢંકાઈ જાય તે રીતે કોતરેલો લાકડાંનો ટુકડો રાખ્યો હતો. એની આગળના ભાગમાં એણે જ સુથારી સાધનોથી બે કાણાં પણ પાડ્યાં હતા કે જેથી એ આગળ જોઈ શકે. માથા ઉપર લાકડાનું એ મહોરું પહેરી પાણીમાં ઊભો હોય તો કોઈને ખ્યાલ પણ આવે તેમ ન હતું કે એની નીચે જીવતા માણસનું માથું ઢંકાયેલું હતું. આંખની સામે પાડેલા બે છીદ્રો માટે તે આગળની દિશા જોઈ શકતો હતો. જોકે કાન ઢંકાયેલા રહેતા હોવાને કારણે બહારના અવાજો સ્પષ્ટ રીતે સાંભળવામાં તકલીફ પડે તેમ હતું. બૉઇલર પાછળના સલામત સ્થળે એ થોડું રોકાયો. આંખ અને કાન સતેજ કર્યા. મગજના જ્ઞાનતંતુઓ તંગ બની ગયા, ધબકારા વધી ગયા. હવે! હવે શું! મનોમન એ પોતાને જ પૂછી રહ્યો.

રાત્રિનાં અંધારાં ઊતરવાની શરૂઆત થઈ. કાંઠાના વિસ્તારો ઉપર તથા એના ગંતવ્યસ્થાન તરફ તેણે એક નજર કરી, મનોમન એના સ્થાન અને અંતરનું માપ લઈ લીધું. વાદળોની હાજરીને કારણે અંધારું ઘેરું બનવાની શરૂઆત થઈ હતી. એ સ્થળેથી છટકીને પાણીમાં ઊતરી જવા માટે એ આદર્શ સમય હતો. દૂરદૂર જમીનના ભાગે સેન્ટ મેન્ડ્રીઅરની ભૂશિરના ઊંચા ખડકો અંધારામાં સાવ ધૂંધળા બની ગયા.

ગોદી સાવ નિર્જન હતી. અંધારું હતું. છતાં સાવચેતી જરૂરી હતી. જીન આડો પડીને સૂઈ ગયો અને સૂતાં સૂતાં જ પાણી તરફ સરક્યો. સમારકામ માટે આવેલાં જહાજો માટેનું એ સ્થળ હતું. બંદરના સંત્રીઓની અવરજવરનો અણસાર આવતાં જ તેણે અટકી જવું પડતું હતું. જરા જેટલું પણ હલનચલન કોઈના પણ ધ્યાને ન ચડે તેનું સતત ધ્યાન રાખવાનું હતું. પગની સાંકળથી તે મુક્ત હતો. તેના અવાજનો કોઈ ભય ન હતો. પાણીની ઊંડાઈ શરૂથી જ વધુ હતી. જહાજનું દોરડું પકડીને અવાજ થાય નહીં તે રીતે એ પાણીમાં ઊતરી ગયો. તરત જ લાકડાંના ટોપાથી માથું ઢાંકી દીધું.

પાણી ઊંડાં હતાં. ગોદીથી દૂર જવા માટે પ્રથમ તો એણે સીધા ખુલ્લા દરિયા તરફ જ જવાનું હતું. સલામત અંતરે પહોંચ્યા બાદ કિનારાને સમાંતર રહીને એણે ડાબી બાજુએ કાટખૂણે વળાંક લેવાનો હતો. પોતાની તરણકલાની અત્યારે બરાબરની કસોટી થઈ રહી હતી. કોઈનું પણ ધ્યાન ખેંચ્યા વિના તે સીધી લીટીમાં દૂર નીકળી ગયો.

દરમિયાન ગોદી તરફથી તોપ ફૂટવાનો એક ધડાકો સંભળાયો. એણે માન્યું કે ગોદી બંધ થવાનો એ સંકેત હશે, પરંતુ ત્યાર બાદ બીજો ધડાકો થયો અને ત્રીજો ધડાકો થતાં જ જીનને ખાતરી થઈ ગઈ કે કોઈ કેદી ભાગી છૂટવાનો એ સંકેત હતો.

સાવચેતી સાથે ઝડપ વધારવાની હવે જરૂર હતી. એ તરતો હતો ત્યાંથી થોડે દૂર શસ્ત્રાગાર માટેની મિલાઉ નામની ગોદી હતી. ત્યાંથી દૂર રહેવામાં જ સલામતી હતી. પવનને કારણે તોફાની બનેલા ઊંચાં ઊંચાં મોજાં એને માટે અડચણરૂપ જરૂર હતાં, પરંતુ જુવાનીની તાકાત, લાંબી મજલ સુધી તરવાનો અનુભવ અને આઝાદીની તીવ્ર ઝંખના એની મદદમાં હતાં. સરળતાથી તરવામાં એનાં કપડાં નડતરરૂપ હતાં. વધારાનાં કપડાં કાઢીને પાણીમાં ફગાવી દીધાં. સોનાના સિક્કાવાળી થેલી છાતીસરસી બાંધેલી હતી. ડેડમૅન તરીકે ઓળખાતો લોખંડનો એક ઊંચો થાંભલો જહાજો માટે નિશાની તરીકે વપરાતો હતો. ત્યાં નજીક થોભીને ટોપો કાઢી એણે તાજી હવા ફેફસાંમાં ભરી લીધી.

એણે પહોંચવાનું સ્થળ હજી ઘણું દૂર હતું. એ તરફ નજર ખેંચતાં જ એના મોંમાંથી નિ:શ્વાસ નીકળી પડ્યો, "અરેરે! જ્યાં પહોંચવાનું છે તેની સરખામણીમાં આ કાપેલું અંતર છબછબિયાં જેવું જ છે." બંદરનો વિસ્તાર પૂરો થયા બાદ ખુલ્લા દરિયામાં પહોંચ્યા પછી જ રાહત મળવાની શક્યતા હતી. મુક્તિની એ જ કિંમત એણે ચૂકવવાની હતી. જોકે ગ્રોઝ ટોર નામના બંદરેથી એઇજીલેટ બંદર તરફ જતાં જહાજોનો પણ એ જ માર્ગ હતો. આવતાંજતાં જહાજોના પાણીમાં પસાર થવાના ધબકારા અનુભવી શકાતા હતા, છતાં એમાંના કોઈ ઝડપી જહાજ સાથે અથડામણ થાય તો એના સાહસ અને જીવનનો અહીં જ અંત આવી જાય તેવી શક્યતા હતી. માથું લાકડાના ટોપાથી ઢંકાયેલું હોવાથી દૂરથી એનો દેખાવ વહાણમાંથી પડેલા લાકડાના ટુકડા જેવો કે તરતાં બોયાં જેવો હતો. યુક્તિ સફળ હતી, છતાં સાંભળવામાં મુશ્કેલી પડતી હતી. તરવામાં ઝડપ કરવામાં પણ એને કારણે જોખમ હતું. ઝડપથી ખસતો એ ટુકડો શંકા ઊભી કરે તેમ હતું. અડધા કલાક સુધી એ રીતે એકધારું તરતો રહ્યો. ત્યાં જ પાણીમાં પછડાતા હલેસાના અવાજો એના કાને અથડાયા. ક્ષણભર એ થોભી ગયો, એના હૃદયના ધબકારા વધી ગયા. અવાજની દિશામાં એણે કાનને સરવા કર્યા.

અંધારામાં બે બાજુએથી આવી રહેલી ચોકિયાત નૌકાઓ તેને દેખાઈ. એ નૌકાઓમાંથી ચોકીદારોની વાતચીતના અવાજ એને સંભળાયા. તેઓ એટલા નજીક આવી ગયા, તે જાણી જીન થોડો ગભરાયો, પણ એણે પોતાનું સંતુલન બનાવી રાખ્યું. એકમાંથી મોટેથી અવાજ આવ્યો:

"એ તરફના કોઈ સમાચાર?"

"કોઈ જણાતું નથી."

"તમને ખાતરી છે કે દરિયાને રસ્તે જ ભાગ્યો છે?"

"હા જી! ભાગેડુએ પાણીમાં ફેંકેલાં કપડાં મળી આવ્યાં છે."

"પરંતુ આ અંધારામાં એને શોધીશું ક્યાં?"

"પ્રયાસ તો કરવો જ પડશે. આગળ ધપતા રહો."

નૌકાઓ ઝડપથી આગળ નીકળી ગઈ. જીને રાહત અનુભવી. લાંબા હાથના ઝાટકા મારી ઝડપથી દૂર ખસી જવાની શરૂઆત કરી. એણે ત્યાંથી ડાબી તરફ

કિનારાને સમાંતર રહેવા વળાંક લેવાનો હતો ત્યાં જ વધુ નૌકાઓ એની શોધમાં નીકળી હોય તેવો શોરબકોર સંભળાયો. અવાજ કર્યા વિના તરી શકવાની એની તરણવિદ્યા એની મદદે આવી. એ પણ હવે જીવ પર આવી ગયો હતો. કેદના દોજખમાંથી સ્વતંત્ર બન્યાને બહુ જ થોડો સમય થયો હતો એટલી મુક્ત હવા લીધા પછી પાછા પકડાઈને એ જ સ્થળે વધુ યાતના ભોગવવા કરતાં આઝાદ માનવી તરીકે મોતને જ વહાલું કરવાનો એણે નિર્ણય કર્યો.

અગાઉ એણે જોઈ લીધેલા ગ્રોસ ટોર અને એજીલેટ ફોર્ટનાં સ્થળો એની સામે જ કિનારા ઉપર હતાં. જોકે એણે હજી પણ એની સમાંતર રેખાએ આગળ વધવાનું હતું. બરાબર એ જ સમયે વધુ ચોકિયાત નૌકાઓ એના તરફ ધસી આવતી હોય તે રીતના ટોર્ચના પ્રકાશના શેરડા એણે મોજાં ઉપર પડતા જોયા. કાંઠા ઉપરથી પણ એવો જ અવાજ આવતો હોવાનો અણસાર આવતો હતો. જીને તરવાનું બંધ કર્યું. માથા પર ઢાંકેલા ટોપા સાથે, પવન અને મોજાંના હલકારા સાથે અનાયાસ એણે બંદરના કિનારાથી દૂર ધકેલાવાનું પસંદ કર્યું. ચારે બાજુથી આવી રહેલી નૌકાઓનો અણસાર તેમાંથી આવતા પ્રકાશના શેરડા ઉપરથી આવતો હતો. જીન તરફનું થોડું પણ હલનચલન એની હાજરીને છતી કરે તેવી સ્થિતિ હતી. એ સ્થિર જ રહ્યો. એને તરતું બોયું સમજવાની ભૂલ ચોકિયાતોએ પણ કરી. પસાર થતી નૌકામાંથી ફેંકાયેલો પ્રકાશ એના ઉપર પડ્યો. કાંઈક હોવાનો ખ્યાલ આવ્યો.

"શું છે ત્યાં? કાંઈક તરતું દેખાય છે."

"દોરડાથી છૂટું થઈ ગયેલું લાકડાંનું બોયું લાગે છે."

"એ સિવાય બીજું કંઈ દેખાય છે?"

"ના જી! કાંઈ જ નહીં."

"તો ચાલો! આગળ વધો!" નૌકાનો કાફલો ત્યાંથી આગળ વધ્યો. જીનને થયું કે હાશ! બલા ટળી. એણે થોડી ઝડપ વધારી, પરંતુ છેલ્લી નૌકાવાળાનું ધ્યાન એ ખસી રહેલા ટુકડા તરફ ખેંચાયું. કોઈ બોલી ઊઠ્યુ.

"અરે, પેલો કાળો પદાર્થ ખસી રહ્યો છે, તે શું છે?"

"લાકડાનું બોયું લાગે છે. દોરડાથી છૂટું પડી ગયું હોવું જોઈએ."

"મને શંકા છે. નૌકા પાછી લઈ લો. એને ઉપાડી લેવાનું છે."

સંવાદ સાંભળીને જીન સતર્ક બની ગયો. લાકડાના એ ટુકડાને ઉપર જ રહેવા દઈ નીચેથી પાણીમાં સરી જઈ ડૂબકી લગાવવાનો વિચાર જ કર્યો ત્યાં જ આગળની નૌકામાં બેઠેલા ઑફિસરનો આદેશ સંભળાયો.

"આગળ વધો, ઝડપ કરો, લાકડાના ટુકડા જેવી ફાલતુ વસ્તુ માટે સમય નથી, હજી તપાસ બાકી છે."

નૌકા પાછી વાળવાને બદલે આગળ નીકળી ગઈ. પ્રકાશ પણ તેની સાથે દૂર ગયો. માથેથી મોટી ઘાત ટળતાં જીનમાં હિંમત આવી. થોડી રાહત મળતા સ્ફૂર્તિ પણ આવી ગઈ. એણે હવે એના લક્ષ્યની દિશામાં ઝડપ વધારી. સામેના કાંઠે એઈજીલેટના ખડકનો ઝાંખો આભાસ દેખાયો, પરંતુ એવા ઝાંખા દૃશ્યને ઢાંકી દેતો એક કાળો ઓળો અચાનક ક્યાંકથી વચ્ચે ધસી આવતો હોવાનું એને લાગ્યું. જેનો સીધો જ ધક્કો જીને માથા પર પહેરેલા ટોપાને વાગ્યો. એની સાથેના અથડાટથી 'થડ' જેવો અવાજ આવ્યો. નૌકામાંના સંત્રીઓ સતર્ક બની ગયા. એકે પૂછ્યું પણ ખરું.

"એ શાનો અવાજ છે?"

"પેલા લાકડાના ટુકડાનો!"

દરમિયાન હલેસાના એક હલકારાની સીધી થપાટ એ ટોપા ઉપર જ ઝીકાઈ. પહેલી ટક્કરના આઘાતમાંથી જીન માંડમાંડ મુક્ત થાય તે પહેલાં જ આ બીજો મોટો ફટકો આવ્યો. આ વખતે જીન એ ટોપાને સંભાળી શક્યો નહી. માથા ઉપરથી નીકળીને સ્વતંત્ર રીતે એ તરતો થઈ ગયો. જીનનું માથું ખુલ્લું થઈ ગયું. જોકે અંધારામાં એ સ્પષ્ટ રીતે કળી શકાય એમ હતું નહી.

અચાનક જ એક સંત્રીએ પોકાર પાડ્યો, "અરે! અહી જ છે, આ પકડાયો. નૌકા પાછી લો." આગળ ગયેલી નૌકાઓ પણ પાછી વળીને એ સ્થાનને ફરતેથી ઘેરી લે તેવી સ્થિતિ થઈ ગઈ. જીનને ખ્યાલ આવી ગયો. ઊંડો શ્વાસ લઈને તેણે ડૂબકી લગાવી. પોતાના લક્ષ્યાંકની દિશામાં જ ઊંડેથી પગના ઠેકા લગાવી, અવાજ કર્યા વગર ઝડપથી એણે આગળ વધવા માંડ્યું. કુંડાળું બનાવી રહેલી બધી નૌકાઓ નજીક આવે તે પહેલાં તો જીન લઝારેટના કાંઠા તરફ ઘણો દૂર નીકળી ગયો. એની શોધમાં પાછળ નીકળેલી નૌકાઓની નજર ચૂકવવા એ ડૂબકીઓ મારતો રહ્યો. એ તરકીબ કામ કરી ગઈ. ભાગેડુ અંગેનો પોતાનો એ ભ્રમ હશે, એમ માનીને તમામ નૌકાઓ બંદર તરફ પાછી વળી ગઈ. આ બાજુ જીને પોતાના લક્ષ્ય તરફ ઝડપ વધારી.

પરંતુ છેવટે એને લાગવા માંડ્યું કે તે મોડો પડી રહ્યો હતો. સંત્રીઓ અને કુદરત વિરુદ્ધની એની ભાગમભાગમાં ભલે એ એની સ્વતંત્રતાની ઘણો નજીક પહોંચી ગયો હતો, પરંતુ છેલ્લે ખાબોચિયામાં ડૂબી મરવા જેવી એની હાલત બની રહી હતી. પકડાઈ જવાના ભયની સામે એ કલાકોથી પાણીની ઉપર કે અંદર તરતો જ રહ્યો હતો. એની શક્તિ હવે ક્ષીણ થતી હોય તેવું એણે અનુભવ્યું. હાથપગનું હલનચલન વારંવાર અટકવા લાગ્યું. એની મરજી વિરુદ્ધ એની આંખો બંધ થવા લાગી. એના થંભી ગયેલા પગને ખાડીના પાણીનું ઊંડાણ જાણે અંદર ખેંચી રહ્યું.

પાણીમાં ગરક થવાની છેલ્લી પળે જાણે કે ચમત્કાર સર્જાયો. એના પગને કાંઠાની જમીનનો આધાર મળી ગયો. એના ઉપર બંને પગ ટેકવી એ પળભર ઊભો રહ્યો. અર્ધબેભાન અવસ્થામાં થોડાં જ ડગલાં તે આગળ વધી શક્યો. પાણીની રેખા જ્યાં પૂરી થતી હતી ત્યાં જ પૂરેપૂરું ભાન ગુમાવીને એ કાંઠાની જમીન પર ઢળી પડ્યો. કાંઠા તરફથી આવતી હળવી લહેર પણ એના સુધી પહોંચી શકે તેમ ન હતું.

એને જ્યારે ભાન આવ્યું અને આંખો ખોલી ત્યારે કાંઠા નજીકની ઝાડીમાં સમથળ જમીન પર હોવાનું તેણે અનુભવ્યું. એના શરીર ઉપર કોઈ ઝળુંબી રહ્યું હોય તેવો આભાસ થયો. તે વ્યક્તિના હાથમાં બ્રાન્ડીની બૉટલ હતી. એના ભિડાયેલા હોઠ ઉપર તેમાંથી થોડાં ટીપાં રેડાયાં. ધીમેધીમે મોં ખૂલતા જ બૉટલમાંની બધી જ બ્રાન્ડી એના પેટમાં ઊતરી ગઈ. એ બચી ગયો હતો અને હવે મુક્ત પણ હતો. સામે ઊભો હતો એનો મુક્તિદાતા!

(૭)

ટૌલોન બંદરથી દૂર પૂર્વ તરફનો આ કાંઠો ડુંગરાળ અને ખડકોથી ભરેલો પ્રદેશ હતો. દરિયાના છેક કાંઠા સુધીના ભાગમાં ઝાડી હતી. નાના ડુંગરો વચ્ચે ઊંડી ખીણો હતી. જેમાં ખાડીઓ અને કોતરો હતા. ભાગેડુઓ અને ગુનેગારોને લાંબો સમય છુપાઈ રહેવા માટે આ એક આદર્શ સ્થળ હતું.

જીનને સ્વતંત્રતા મળી. ધીમેધીમે એણે એના મગજ ઉપર કાબૂ મેળવ્યો અને શરૂ થઈ પ્રશ્નોની વણજાર!

માર્સેલ્સના આ મહાનુભાવે જેલના સેંકડો કેદીઓમાંથી માત્ર એને જ કેમ પસંદ કર્યો? પોતાને મુક્ત કરાવવા માટે કયા હેતુથી એણે ઉદાર હાથે નાણાં વેર્યા હતા? પોતે તો એનું નામ પણ જાણતો ન હતો. આંખો બંધ જ રાખીને જીને પોતાના મગજને કસવા માંડ્યું. કેવળ સારા હેતુ માટે જ જો એણે પોતાને છોડાવ્યો હોય તો જેલમાં બીજા પણ હજારો કેદીઓ હતા. મને જ, અને કેવળ મને જ શા માટે? વિધિની વક્રતાથી દાઝેલો જીન મનમાં શંકાકુશંકા કરવા લાગ્યો. એને શંકા થઈ કે પોતાના કોઈ ગુનાહિત કામ માટે આ માણસ આ રીતે છોડાવીને, તે એની બુદ્ધિશક્તિનો ઉપયોગ કરવા માગતો હશે? જીને એ શંકા અંગે તરત જ સંકલ્પ કરી લીધો. એવા કોઈ પણ પ્રકારના ગુનાહિત કામ માટે એ સ્પષ્ટ ના જ પાડી દેશે. એ કોઈ ગુનેગાર ન હતો. કુદરતે ભલે એની સાથે અન્યાય કર્યો હોય, એણે એની નિર્દોષતા ક્યારેય ગુમાવી ન હતી.

એણે હવે આંખો ખોલી, ચારે બાજુ નજર ફેરવી.

“કેમ લાગે છે હવે?” મૃદુભાવે પેલાએ એની ખુલ્લી આંખો જોઈને પ્રશ્ન કર્યો, “ચાલી શકાશે તારાથી? એટલી શક્તિ છે તારામાં?”

“વાંધો નહી, મને ઠીક છે.”

“તો અહીના ખેડૂતના આ જૂનાં કપડાં પહેરી લે. આપણે અહીંથી ઝડપથી નીકળી જવું પડશે. સવાર પડતાં જ સંત્રીઓનો કાફલો તપાસ માટે આ તરફ આવી શકે છે. એક મિનિટ પણ ગુમાવવી પરવડે તેમ નથી.”

આરામ લેવાનો ઝાઝો સમય ન હતો. અવરજવરવાળા મુખ્ય માર્ગથી દૂરની પગદંડીને રસ્તે બંને જણા અંતર કાપી રહ્યા. વાતો કરીને અવાજ કરવામાં જોખમ હતું. રસ્તા ઉપરથી કે પગદંડી ઉપરથી કોઈનાં પગલાંનો અણસાર આવે તો અંદરના ભાગના ઝાડીઝાંખરાંમાં તો ક્યારેક કોતરોમાં સંતાવું પડતું હતું. જીને પહેરેલાં ગામઠી કપડાં કોઈ પાસેથી ઉછીના લઈને પહેર્યાં હોય તેવું દેખાઈ આવતું હતું. પોલીસ અને

જેલના સંત્રીઓ ઉપરાંત સામાન્ય માણસોની નજરથી પણ બચવાની જરૂર હતી. ભાગેડુ કેદીને પકડવામાં મદદ કરનારને સરકાર તરફના મોટા ઇનામની લાલચ રહેતી. પગમાંનું ભારેખમ કડું તથા મોં ઉપરના અપરાધીપણાનો ભાવ આફત ઊભી કરી શકે તેમ હતા. ચારેતરફથી કેવળ ભય જ હતો. એવી પરિસ્થિતિમાં પણ મોં પર સ્વસ્થતાનો દેખાડો કરીને આગળ વધવાનું તેમણે ચાલુ રાખ્યું.

ત્રણેક કલાકની એકધારી ચાલ બાદ, એક સુરક્ષિત કહી શકાય તેવા ઝાંખરાની ઘટામાં બર્નાર્ડોએ જીનને થોભી જવા જણાવ્યું. ખભે લટકાવેલો થેલો ઉતારી એમાંથી ખાદ્યસામગ્રી બહાર કાઢી. એના તરફની સંમતિની અપેક્ષા વિના જ ભૂખ્યા વરુની જેમ જીન એના પર તૂટી જ પડ્યો. વધુ ને વધુ ક્ષીણ બની રહેલી શક્તિ માટે ખોરાકની તાતી જરૂરિયાત હતી.

“સાંભળ હવે.” બર્નાર્ડો ધીમા અવાજે બોલ્યો, “તું સખત થાકેલો છે. સંપૂર્ણ મુક્તિની ગેરંટી માટે હજી ઘણે દૂર જવું પડે તેમ છે. જે માટે શરીરબળ અને મનોબળ બંને ટકાવવાનાં છે. એ માટે ઊંઘ જરૂરી છે. તું નિશ્ચિંત બનીને ઊંઘી જા. હું અહી જ બેઠો છું.” એના શબ્દો પૂરા થાય તે પહેલાં જ જીન ઝાંખરાથી ઢંકાયેલી જમીન ઉપર ઢળી પડ્યો. ગાઢી ઊંઘે તરત જ એના ઉપર કબજો જમાવી દીધો. બર્નાર્ડોએ એને જગાડ્યો ત્યારે દિવસ ચઢી ગયો હતો. તરત જ આગળની મજલ શરૂ થઈ. બંદરથી હવે તેઓ એટલા દૂર નીકળી ગયા હતા કે મુખ્ય રસ્તો ટાળવાની કે કોતરોમાં સંતાઇને ચાલવાની જરૂર ન હતી. છતાં કોઈની સાવ નજીકથી જવાનું હજી પણ ટાળવાનું હતું.

થોડા આગળ ગયા હશે ત્યાં જ જીનને અણસાર આવ્યો કે ઘોડાના ડાબલાના તથા કોઈની વાતચીતના અવાજ આવતા હતા. નજીકમાં આવેલા ઊંચા ટેકરા ઉપર ચડીને તેણે તે તરફ નજર કરી. બરાબર એ જ પળે એ કાંઈ સમજે કે વિચારે તે પહેલાં જ બર્નાર્ડો છલાંગ મારીને એના ઉપર તૂટી પડ્યો. જીન કાંઈ પ્રતિકાર કરે તે પહેલાં તો તેને ઊંધો નાખી બર્નાર્ડોએ એને દોરીથી બરાબર બાંધી દીધો. આ કશ્મકશ ચાલતી હતી તે જ વખતે બાજુના વળાંકમાંથી અર્ધલશ્કરી દળના બે ઘોડેસવાર પોલીસો સામે આવીને ઊભા રહી ગયા. સત્તાવાહી અવાજે એકે મોટેથી પૂછ્યું:

“શું ચાલી રહ્યું છે આ બધું? આ શાનું દંગલ છે?”

જીન ફરતે દોરીનો ભરડો લેતાં લેતાં જ બર્નાર્ડોએ જણાવ્યું, “ઑફિસર! ખાસ કાંઇ નહી. કોઇ ભાગેડુ કેદી અહી મારી નજરે પડ્યો. તેને પકડીને દોરડાથી બાંધી રહ્યો છું. સરકારને સોંપવો પડશે.”

“ગઈ રાત્રે કોઇ કેદી બંદરની જેલમાંથી ભાગી છૂટ્યાની વાત હતી. તે જ હશે કદાચ!”

“મને તેની તો ખબર નથી, એ તો જે હોય તે. આપણે તો સરકારના ઇનામ સાથે કામ છે.”

“સારું ઇનામ મળશે તને. અમારી મદદની જરૂર છે?”

"આભાર તમારો, પરંતુ એને માટે હું એકલો જ પૂરતો છું. વાંધો નહી આવે. હું સંભાળી લઈશ."

"સારી વાત છે. ગુડ બાય, ગુડ લક."

પારકી પંચાતમાં પડવાનું તેમને જરૂરી લાગ્યું નહી હોય કે પછી કોઈ જરૂરી કામે જવાની ઉતાવળ હશે, પરંતુ વધુ વાત કરવાને બદલે તેમણે ઘોડા દોડાવી મૂક્યા.

બર્નાર્ડો એમને જતા જોઈ રહ્યો. દૃષ્ટિ બહાર નીકળી ગયા બાદ એણે જીનને છૂટો કર્યો. મુક્તિદાતાના અમૈત્રીપૂર્ણ વહેવારથી લાગેલા આઘાતમાંથી જીન હજી બહાર આવી શક્યો ન હતો. એના મનની મૂંઝવણ દૂર કરવા બર્નાર્ડોએ સસ્મિત જણાવ્યું, "માફ કરજે, પણ એકાએક ટપકી પડેલી એ ઉપાધિથી બચવા એ સિવાય અન્ય ઉપાય ન હતો. એમને જરા પણ શંકા પડી હોત તો અત્યારે આપણે બંને જેલમાં હોત." જીનના કામચલાઉ બંધન છોડી નાખતાં એ બોલ્યો:

"હવે તું સંપૂર્ણપણે મુક્ત છો." વધુમાં પશ્ચિમ તરફ આંગળી ચીંધીને તે બોલ્યો, "હવે કામની વાત બરાબર સંભાળી લે. આ ઝડપે સાંજ સુધીમાં માર્સેલ્સના બંદરની ગોદીમાં તું પહોંચી જઈશ. ત્યાં ગોદીમાં 'મૅરી મેગડેલન' નામનું જહાજ લંગર નાખીને ઊભું છે. ત્રણ કૂવાસ્થંભોવાળું એ જહાજ ચીલી દેશના વાલપારેઇસો નામના બંદરે જવાનું છે. કાલે સવારે એ ઊપડશે. એના કૅપ્ટન સાથે મારે વાતચીત થઈ છે, એ બધું જ જાણે છે. મેં બધું જ ગોઠવી રાખ્યું છે. આ તારા માટે પરિચયપત્ર તથા અન્ય દસ્તાવેજો છે. એ પ્રમાણે તારું નામ જેકીસ રેનાલ્ડ છે. આ પાકીટમાં જરૂરી નાણાં છે. ત્યાં જઈને તું નવી જિંદગી શરૂ કરી શકીશ. નસીબ અજમાવવા તું હવે મુક્ત છો. તારું ભવિષ્ય તારા હાથમાં છે. બસ ત્યારે અલવિદા!"

એટલા શબ્દો બોલીને બર્નાર્ડોએ તરત મોં ફેરવી લીધું અને પૂર્વ તરફ બંદરની દિશામાં ઝડપથી ચાલવા માંડ્યો. આઘાત ઉપર આઘાતની શૃંખલામાંથી જીન બહાર આવે અને મુક્તિદાતાનો આભાર માને તે પહેલાં, જીન તરફના કોઈ પણ પ્રતિભાવના શબ્દો સાંભળ્યા વિના બર્નાર્ડો નજીકના ઝાડીઝાંખરાં પાછળ અદૃશ્ય બની ગયો.

જીન મોં વકાસીને એ દિશામાં કેવળ જોતો જ રહી ગયો.

(૮)

હવે એ બધી જ રીતે સલામત અને નિશ્ચિંત હતો, કોઈ જ ડર ન હતો, પરંતુ શું એ એનો ભૂતકાળ સંપૂર્ણ રીતે ભૂલીને જીવી શકશે ખરો? એના મનમાં વિચારોનો વંટોળ ઊભો થયો. છેલ્લા બાર કલાકમાં એના જીવનની દિશા બદલાઈ ગઈ હતી. જીવન, મૃત્યુ અને જેલ વચ્ચેની નાજુક રેખાઓ વચ્ચે ઝોલાં ખાતો આખરે એ મુક્ત જીવનને કિનારે આવીને ઊભો હતો. જીવતા દોજખમાંથી મુક્તિ અપાવવા દેવદૂત બનીને આવેલા એ મુક્તિદાતાએ એની મુક્તિ બાદની પણ વ્યવસ્થા કરી હતી. એ માટે કોઈ પણ પ્રકારની અપેક્ષાનો એક પણ શબ્દ બોલ્યા વિના, પોતાને છૂટો મૂકીને તે ચાલી ગયો.

સંપૂર્ણ રીતે બંધિયાર જીવનમાંથી પૂરેપૂરી મુક્તિનો આ માહોલ એની મૂંઝવણમાં વધારો કરી રહ્યો. આ બધું શું હતું તે એની સમજમાં આવતું ન હતું. સાવ અજાણ્યા

એવા એ માણસને પોતાનામાં એવું તો શું દેખાયું કે એ માટે આટલું જોખમ ખેડીને અને આટલો ખર્ચ કરીને એણે એને મુક્ત કરાવ્યો? મગજને એ કસતો રહ્યો, પરંતુ એનો જવાબ એને મળતો ન હતો.

છતાં એણે મન વાળ્યું. આશ્વાસન લીધું કે વહેલુંમોડું એ રહસ્ય પણ ખૂલશે જ અને નહીં ખૂલે તો પણ એમાં પોતાને શું નુકસાન કે તકલીફ પડવાની હતી! સચ્ચાઈ બહાર આવશે ત્યારે જોયું જશે. વર્તમાનમાં મળેલી નવી જિંદગીને ભૂતકાળના મૂળમાં ઊતરવાની મથામણમાં તે બગાડવા માગતો ન હતો. દસ વર્ષથી પોતાના જીવનને જકડાવી રહેલી પેલી ભારેખમ જંજીર ન હતી. નવી જિંદગી તેની રાહ જોઈ રહી હતી. એના કરતાં કોઈ મોટાં આશ્વાસનની એને અત્યારે જરૂર પણ ન હતી.

પશ્ચિમ તરફની બાજુએ સંપૂર્ણ મુક્ત એવા ભાવિ જીવનની કેડી હતી. ખિસ્સામાં જરૂરિયાત પ્રમાણેના નાણાં પણ હતાં. એ ઉપરાંત, છેલ્લાં દસ વર્ષથી જેને માટે એ સદાય ઝંખના કરતો હતો તે એના ફેફસાં, મનને દીવાનો બનાવી દે તેવી મુક્તિની હવાથી તરબતર હતાં. નવા જીવનની આ બધી અનુકૂળતાઓ પછી એ નવા જન્મનું એનું નામ જીન મોરેનાસ હોય કે જેકીસ રેનાલ્ડ હોય, તેનાથી એને શું ફરક પડવાનો હતો? પરંતુ…

એના મુક્તિદાતાએ ચીંધેલી પશ્ચિમની દિશામાં આખરે એણે પગ ઉપાડ્યા. પશ્ચિમના માર્સેલ્સ બંદરે, ત્યાંથી 'મૅરી મેગડેલેન' જહાજમાં, લાંબી સફર બાદ ચીલી દેશમાં અને ત્યાંના વાલપારેઈસો નગરમાં નવું જીવન શરૂ કરવાનું — અને સૂચન પ્રમાણે બાકીની જિંદગી ત્યાં જ વિતાવવાની. પોતાની મરજી પ્રમાણે!

એક અસમંજસભરી દશા તે અનુભવી રહ્યો. આ વેરાન માર્ગ ઉપર તે એકલો જ ઊભો હતો, એક તરફ મુક્ત છતાં એકલવાયું જીવન હતું, તો બીજી તરફ… થોડાં ડગલાં ચાલીને જીન અટકી ગયો.

પોતે શું કરવાનું છે? ચીલી નામના અતિ દૂરના સાવ અજ્ઞાત દેશમાં બાકીની જિંદગી પૂરી કરવાની! ત્યાંની એ નવી જિંદગી એટલે શું? દૂર દેશની અજાણી ધરતીમાં, ન કોઈ સ્નેહી, ન કોઈ સ્વજન કે મિત્ર, ન કોઈ પોતીકો સમાજ! કેવી બને એ જિંદગી? સ્વજનો વિનાના એ વેરાન માનવ રણમાં હરવાફરવા કે બોલવાની સ્વતંત્રતા ભલે હશે, રાજ્યનું કોઈ નિયંત્રણ ભલે ત્યાં નહીં હોય, પરંતુ પોતીકા સમાજ અને પોતાની જ ધરતી વિનાની એવી સ્વતંત્રતાનું મૂલ્ય કેટલું? જીવન જીવવાના કોઈ મકસદ વિના, કેવળ જીવવા ખાતર જીવવાનું એને નિરર્થક લાગવા માંડ્યું. જેલની કષ્ટમય જીવનચર્યામાં તેણે એક જ સ્થળની એષણા રાખી હતી અને તે હતી — એનું ગામ, મારી-દ-મોરીસ અને તેની સાથેનો આ દેશ. માનવજીવોથી હકડેઠઠ ભરેલી આ દુનિયામાં એક જ વ્યક્તિની સ્મૃતિ એના ચિત્તમાં કોતરાયેલી હતી. તે હતી માર્ગરીટા. માતા જીનીની તો સ્મૃતિ માત્ર હતી. તે હવે કબ્રસ્તાનમાં હતી. એક જીવંત વ્યક્તિ એટલે કે માર્ગરીટાની યાદમાં એણે દસ વર્ષ વિતાવ્યાં હતાં. હજી બીજાં દસ વર્ષ સુધી માર્ગરીટાને તે જોઈ શકે તેમ ન હતો. જેલજીવન એ કારણે જ એને માટે અસહ્ય બની ગયું હતું.

પોતાના ગામને અને માર્ગરીટાને એક પળ પણ જોઈ શકે તો જીવનભરની ગુલામી ભોગવવા પણ એનું મન તૈયાર થઈ ગયું. એ સિવાયની આ બધી જ વાતો — મુક્તિ, સ્વતંત્રતા, નવજીવનના સપનાં — બધું જ એને ક્ષુલ્લક લાગવા માંડ્યું. જેલમાં અત્યાર સુધી યાતના ભોગવ્યા બાદ પણ જો એ એને મળવાની હોય તો જેલ પણ એને સ્વીકાર્ય લાગવા માંડી. એ બંને પોતીકાંઓ માટે મરણ પણ એને એટલું જ વહાલું લાગવા માંડ્યું.

"નહી! નહી! અને નહી જ!" એના મોંમાંથી ઉદ્‌ગાર નીકળી પડ્યા. જેનો ખોળો ખૂંદ્યો હતો તે માતા જીની અને જ્યાં પચીસ વર્ષની ભરી ભરી જિંદગી વિતાવી હતી તે એનું ગામ! એમાંની માતા હયાત ન હતી, તો શું થયું? માતાની કબર તો અકબંધ હતી. ત્યાં ઘૂંટણીયે પડીને ઘડીભર આંસુ વહાવી લેવાની અદમ્ય ઇચ્છા જાગી અને માર્ગરીટા! જેની મધુર સ્મૃતિની સુવાસ હજી પણ એને ચેતનવંત બનાવી દેતી હતી. તે હવે નાદાન બાલિકા નહી રહી હોય. એને મળીને હું મારી નિર્દોષતા પુરવાર કરીશ. એની બાલિશ અપરિપક્વ અવસ્થામાં ભલે પોતાના શાંત અને સ્વસ્થ પ્રેમની એને અનુભૂતિ નહી થઈ હોય, પરંતુ એ વાતને દસ વર્ષનાં વહાણાં વાયાં હતાં. બાલિકામાંથી કિશોરી બનેલી માર્ગરીટા સાથે એણે ખૂબ ખૂબ ધીંગામસ્તી અને તોફાનો કર્યાં હતાં, પરંતુ હવે તો તે પરિપક્વ નવયૌવના બની ગઈ હશે. શક્ય છે કે મારી ગેરહાજરીમાં એને મારી લાગણીનું મહત્ત્વ સમજાયું હોય અને ખરેખર એમ જ હશે, તો દુનિયાના કોઈ પણ સ્થળે મારી સાથે થવામાં એને કોઈ પણ જાતનો ખચકાટ થવાનો ન હતો. એ સાથમાં હશે તો આખીય દુનિયા મારી પોતાની હશે. તેની સાથે ચીલી જઈને જીવન શરૂ કરવાની તમન્ના એને થઈ આવી.

પાછા વળવાના દૃઢ નિર્ણય સાથે મુખ્ય રસ્તો છોડી એણે ઉત્તર તરફની કેડી પકડી. ઉતાવળ કરવામાં અને દિવસના અજવાળામાં બંદર તરફની દિશામાં જવામાં પકડાઈ જવાનું જોખમ હતું. આ વિસ્તારની ગલીએ ગલી એની જાણીતી હતી. એને ખ્યાલ હતો કે માર્ગરીટાની હોટલ માત્ર બે કલાકની ચાલ જેટલી જ દૂર હતી. અંધારું થાય તે પહેલાં પહોંચવાનું સલાહભરેલું ન હતું, જ્યારે એ ઊભો હતો તેવો આ વિસ્તાર સુરક્ષિત હતો. ગઈ કાલનો થાક હજી શરીરમાં હતો. રસ્તાની અંદરના ભાગની ઝાડીમાં એણે લંબાવ્યું. તરત જ ઊંઘ આવી ગઈ. જાગ્યો ત્યારે સાંજ થઈ ગઈ હતી. નજીકની હોટલમાં ભોજન લીધું. અંધારું થતાં જ એણે માર્ગરીટાના ઘરની વાટ પકડી.

નવ વાગ્યે એણે ગામમાં પગ મૂક્યો. અંધારાનું આવરણ ગાઢ હતું. સામેથી આવનારનું મોં પણ જોઈ શકાય તેમ ન હતું, છતાં સાવચેતપૂર્વક ગામના નિર્જન માર્ગે એના પગ અંકલ સાન્દ્રેના અતિથિગૃહ તરફ અનાયાસ વળ્યા. ત્યાં કેવો સત્કાર થશે, કેવી પરિસ્થિતિનો સામનો કરવો પડશે, તે સંબંધમાં અનેક તર્કવિતર્કો એના મનમાં સતત ચાલતા રહ્યા. માતા અને મામાના અવસાન સિવાયના કોઈ જ સમાચાર એની પાસે ન હતા.

દસ વર્ષ બાદ માર્ગરીટાના ઘરમાં કેવી રીતે પ્રવેશવું તેની મીઠી મૂંઝવણ તે અનુભવી રહ્યો. આગળના દરવાજેથી? ના! ત્યાં તો નહી જ. અતિથિગૃહ અને માર્ગરીટાના નિવાસમાં શું ચાલી રહ્યું છે તેનો પ્રથમ અંદાજ મેળવવો જરૂરી હતો. ત્યાર બાદ જ

તેની આગળ તેને આશ્ચર્યચકિત કરવા એકદમ હાજર થવાનું એણે વિચારી રાખ્યું. અહીં કોઈ પરિચિત વ્યક્તિ સામી ભેટકાઈ જાય અને કર્યું કારવું બધું ધૂળમાં મળે એવી સ્થિતિ હજી પણ હતી અને શી ખબર! દસ વર્ષના સમયમાં ન બનવા જેવી અનેક ઘટનાઓ બની ગઈ હોય! અતિથિગૃહ હજી માર્ગરીટાનું જ હશે કે પછી તેણે વેચી દીધું હશે તેની પણ કોઈ માહિતી ન હતી.

એ જાણતો હતો કે આ વિસ્તારનાં ગામોમાં દરેક ઘરમાં આવ-જા કરવા માટે મુખ્ય દરવાજા ઉપરાંત એક છૂપો રસ્તો પણ રાખવામાં આવતો હતો. અગાઉના જમાનામાં ધાર્મિક યુદ્ધોના સમયમાં એ વ્યવસ્થા જરૂરી પણ હતી. એ સમય આગ, લૂંટ અને કતલનો હતો. દૂરદૂરના ગ્રામવિસ્તારો સુધી સરકારી રક્ષક દળોની પહોંચ પ્રમાણમાં થોડી હતી ત્યારે પોતાની રક્ષાના રસ્તા લોકોએ જ શોધી લેવાના હતા. જેમાં ઘરનું સ્થાન અને તેની રચના પ્રમાણે પાછળ કે બાજુના ભાગે એક છૂપું દ્વાર રાખવામાં આવતું, જેનો અજાણ્યાને ખ્યાલ પણ આવી શકે નહીં. દુશ્મનો કે લૂંટારાઓના હુમલા સામે જાતને બચાવી શકાય તે માટેની એ વ્યવસ્થા હતી.

એવો જ એક છૂપો માર્ગ સાન્દ્રેના અતિથિગૃહના મોટા મકાનમાં પણ હતો. જેની સાન્દ્રે અંકલને પણ માહિતી હોવાની શક્યતા ન હતી, પરંતુ માર્ગરીટા સાથેની બાળપણની સંતાકૂકડીની રમત દરમિયાન અચાનક એ માર્ગ બંનેને મળી ગયો હતો. કોઈને પણ ખબર ન પડે એ રીતે એ સાવ અંધારિયા માર્ગે થઈને ઘરમાં પ્રવેશી શકાતું હતું. એ બંનેને આ છૂપો માર્ગ શોધ્યાનો આનંદ અને ગર્વ હતો, તેથી એ રહસ્ય કોઈને પણ નહીં જણાવવા એમણે નક્કી કર્યું હતું. જોકે મોટા થતાં એ છૂપા માર્ગવાળી વાત એમના સ્મૃતિપટલ ઉપરથી ભૂંસાઈ પણ ગઈ હતી. એને ખોલવા માટે એક ખાસ કળ હતી, કદાચ તે પણ ભુલાઈ ગઈ હોવાની શક્યતા હતી.

મુખ્ય રૂમની ફાયરપ્લેસ સાથે જોડાયેલો એ છૂપો માર્ગ જીનને બરાબર યાદ હતો. આ વિસ્તારમાં ઠંડીથી રક્ષણ મેળવવા માટે જૂના જમાનાથી ફાયરપ્લેસ પણ મોટા ભાગે ઘરના મુખ્ય રૂમ સાથે જ જોડાયેલી રાખવામાં આવતી. વચ્ચેના ભાગમાં આવેલા મોટા ખંડની સામે ફાયરપ્લેસની નાની ઓરડી કે ખાંચો રાખવામાં આવતો. સાન્દ્રેની હોટલની ફાયરપ્લેસના એ ખાંચામાં અંધારું જ રહેતું. જેમાં હુમલાના સમયમાં ઘણા માણસો છુપાઈ શકતા હતા. બહારથી એ છૂપા ભાગમાં આવવા માટે દીવાલના રંગનું જ કાસ્ટ આયર્નનું નાનું ઢાંકણ હતું. એની ઉપર બહારથી કોઈ આગળો કે નકૂચો ન હતા, પરંતુ યોગ્ય સ્થળે આંગળી અંદર નાખીને અંદરની સ્ટોપર કે આગળી ખસેડવાની હતી. એ ખસતાં જ નાનો દરવાજો થોડો ખૂલી શકતો અને એમાંથી અંદર જઈ શકાતું. અંદર પ્રવેશ્યા બાદ અંદરનું એવું જ ઢાંકણ ખોલવા માટે એવી જ યુક્તિ અજમાવવાની હતી. જીનને બધું જ યાદ આવી ગયું. માર્ગરીટા સાથે ગાળેલી બધી પળો મૂલ્યવાન હતી.

વચમાં વીતેલાં પંદર કરતાં પણ વધુ વર્ષોમાં જે કરુણ બનાવોનો સિલસિલો આ ગૃહ અને જીનના કુટુંબમાં થયો હતો, તેમાં બધી બાબતો યથાતથા સ્વરૂપમાં યાદ ન જ રહે એ દેખીતું હતું. એને પણ સાવ ઝાંખો ખ્યાલ હતો. અંધારું હોવાથી મકાનની બહારની બાજુએ ચૂપકીદીથી, હળવા હાથે એણે દીવાલને ફંફોસવા માંડી. ખાસ મુશ્કેલી વિના

બહારની પ્લેટ પર એનો હાથ મુકાયો. પૂર્વ જાણકારી મુજબ એમાંના નાના છિદ્રમાં ઊંડે સુધી આંગળી ખૂંપાડીને સ્ટોપરને હલાવી જોઈ. વીતેલાં વર્ષોમાં એને પણ હવામાનની અસર થઈ હતી, છતાં જીન માટે બીજો કોઈ વિકલ્પ ન હતો. અવાજ ન થાય તે રીતે, હતી તેટલી તાકાત એણે આંગળી પર લગાવી. યોગ્ય કેન્દ્ર ઉપર દબાણ વધતાં આખરે એ કળ ખસી ગઈ. પ્લેટને ખોલવામાં થોડો અવાજ થયો, પણ ત્યાં સાંભળનારું કદાચ કોઈ જ ન હતું. કાજળઘેરા અંધારામાં સાવચેતીપૂર્વક એ ફાયરપ્લેસના અંધારા ખૂણામાં — રૂમમાં પ્રવેશ્યો. હવે અંદર જવાની પ્લેટ પણ એણે એ જ રીતે, પરંતુ વધુ સાવચેતીથી ખોલવાની હતી, અંદરના મોટા ખંડમાંથી માણસોનો વિચિત્ર અવાજ એને કાને પડ્યો. સાવચેત બનીને જોર કરતાં અંદરની એ પ્લેટ માંડ થોડી ખૂલી શકી. અંદર અવાજ સાંભળ્યા પછી વધુ સાવધ રહેવાની જરૂર હતી. રૂમમાં સ્પષ્ટ રીતે જોવા એણે અંદરની પ્લેટ વધુ ખોલવાની જરૂર હતી. થોડુંક જોખમ લેવાનું એને જરૂરી લાગ્યું અને એણે વધુ જોર લગાવ્યું. થોડા અવાજ સાથે એ પ્લેટ પણ ઊઘડી ગઈ. એ રૂમમાં કાંઈક અફડાતફડી ચાલતી હોય અને બે કે વધુ માણસો બાથંબાથી કરતા હોય તેનો અવાજ એને સંભળાયો. અંદરથી એક તીણી ચીસનો અને ગળું દબાતું હોય તેવો હાંફવાનો અવાજ આવતો હતો. અંદરની પ્લેટ ખૂલતાં જ એની નજર સમક્ષ ખંડમાંનો જે માહોલ એણે જોયો, તે એની સમજ બહારનો હતો.

(૯)

રૂમની વચ્ચે આવેલા મોટા ટેબલ પાસેની એક ખુરશી ઉપર બેઠેલા માણસ ઉપર, પાછળથી બીજા માણસે વાંકા વળીને હુમલો કર્યો હતો અને તેનું ગળું દબાવીને ગૂંગળાવી રહ્યો હતો. આથી ખુરશી તથા અન્ય ફર્નિચર અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. શરૂમાં તો જીને વિનાવિચારે એમની વચ્ચે પડવા, ધસી જવાની તૈયારી કરી, પરંતુ એ રીતે ખુલ્લામાં આવવાનું પરિણામ તે જાણતો હતો. તેણે પગ પાછો ખેંચી લીધો! ટેબલ પાસે બેઠેલા માણસની સામે ટેબલ ઉપર શાહીનો ખડિયો, કલમ તથા કાગળ હતા. ટેબલ ઉપર એક અડધી ખુલ્લી કોથળી પણ પડી હતી. સ્પષ્ટ બનતું હતું કે એ કાંઈક લખવામાં મશગૂલ હશે, ત્યારે એને ઊંઘતો ઝડપવા માટે પાછળથી આવેલો માણસ એના ઉપર પાછળથી હુમલો કરી એની ગળચી પકડી ગૂંગળાવી મારવા પ્રયાસ કરી રહ્યો હતો.

જીનની નજર સામે જ એ કશ્મકશનો ખેલ થોડી જ ક્ષણોમાં પૂરો થયો. ગળા ઉપરની મજબૂત પકડને કારણે આખરે બેઠેલો માણસ ગૂંગળાઈ ગયો. મરણ પામ્યો હોય તે રીતે એનું માથું ટેબલ ઉપર ઢળી પડ્યું. હુમલાખોર પણ ખૂબ હાંફી રહ્યો હતો, છતાં એના હાથની મજબૂત પકડ ગળા ઉપરથી છૂટી ન હતી. એ દરમિયાન બહારના દરવાજા ઉપર જોરજોરથી ટકોરા થઈ રહ્યા હોવાનો અવાજ આવ્યો. એ ખંડની સામે પહેલા માળની ગૅલરી પાસે જ આવેલા ફૅમિલી રૂમમાં પણ આ ઘમસાણનો અવાજ પહોંચ્યો હોય તેમ લાગતું હતું. જીનને પણ પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. રૂમમાંથી આવતો માર્ગરીટાનો પરિચિત અવાજ એણે સાંભળ્યો. આગળ શું બને છે તેની પ્રતીક્ષા કરતો ફાયરપ્લેસના અંધારા ખૂણામાં એ ઊભો રહી ગયો.

હુમલાખોરને પણ ખ્યાલ આવી ગયો કે આગળના બારણા ઉપર તથા પ્રથમ માળના ફૅમિલી રૂમમાંથી અવાજ આવતા હતા. કોઈ પણ ક્ષણે આ રૂમમાં કોઈ વ્યક્તિ પ્રવેશ કરે એવી શક્યતા હતી. આથી હુમલાખોરે ખુરશી ઉપરના માણસનું ગળું છોડી દીધું. ટેબલ પર પડેલી કોથળીમાંથી ચલણી નોટોના બંડલો ઝડપથી બહાર કાઢી લઈને તરત જ સામેની સીડીની પાછળ આવેલા રૂમ તરફ જવા ઉતાવળ કરી. એ દરમિયાન દીવાના પ્રકાશમાં એક ક્ષણ માટે હુમલાખોરનો ચહેરો સ્પષ્ટ રીતે જીનની નજરે પડ્યો. એના મોંમાંથી ચિત્કાર સરી પડ્યો. અરે! આ માણસ! સવારમાં પોતાના મુક્તિદાતા બનીને આવેલ વ્યક્તિ અહીં હત્યારા અને લૂંટારાની ભૂમિકામાં!

જીન માટે આ ઘણો મોટો આઘાત હતો. જોકે આ આઘાત પૂરતો ન હોય તેમ વધુ આકરો આઘાત તો હજી હવે આવવાનો હતો. ધૂંધળા પ્રકાશવાળા અંદરના ખંડમાં એ માણસ ઝડપથી પહોંચી ગયો. ત્યાં એણે પોતાની દાઢી અને વીગ કાઢી નાખ્યા ત્યારે તો જીન આઘાતની ચરમસીમાએ પહોંચી ગયો. એ માણસને ઓળખવામાં જીનની કોઈ જ ભૂલ થતી ન હતી. બનાવટી દાઢી-મૂછ અને વીગ વિનાની એ વ્યક્તિની એ જ અતિપરિચિત આંખો, કપાળ, નાક તથા મોં અને શરીરનો બાંધો હતાં. અહીં પણ જીનની કોઈ ભૂલ થતી ન હતી. એ કોઈ અજનબી માણસ નહીં, પણ ખુદ એનો પોતાનો ભાઈ પિયરી હતો. આ એ જ પિયરી હતો જે પંદર વર્ષ પર ઘર છોડીને ભાગી ગયો હતો અને ત્યાર બાદ જેને એણે કદી જોયો ન હતો. એના મનમાં અનેક પ્રશ્નો એકીસાથે તીડનાં ટોળાંની જેમ ઊમટી પડ્યા. પંદર વર્ષ બાદ પિયરી અહીં ક્યાંથી અને ક્યારે આવ્યો? આ ખંડમાં કઈ હેસિયતથી આવ્યો હશે? આ જ દિવસે તે અહીં ક્યાંથી? અને એ આવો ગુનો કેમ આચરતો હતો? આ ગુના માટે એણે આ જ સ્થળ શા માટે પસંદ કર્યું? એનો મુક્તિદાતા, એનો ભાઈ અને એક ગુનેગાર બધા એક જ હોય — એનો શો સંકેત હશે? અનેક આઘાતજનક આશ્ચર્યો સર્જાયાં, પરંતુ દિગ્મૂઢ થયેલા જીનના મગજમાં એકની પણ ઘડ બેઠી નહીં.

પિયરી એ રૂમમાં ગયો કે તરત જ ઉપરના માળે, સામે જ આવેલા ફૅમિલીરૂમનો દરવાજો ખૂલ્યો, જેમાંથી એક સ્ત્રી પોતાના બે મોટાં બાળકોને લઈને તથા કેડ ઉપર બેસાડેલ છ માસના ત્રીજા બાળકને લઈને બહાર નીકળી. એ સ્ત્રીને ઓળખી ગયેલા જીને ખાતરી કરવા પોતાની આંખો ચોળી. જેને એણે આજ સુધી પ્રેમ કર્યો હતો, જેની મનોરમ મૂર્તિની કલ્પના કરીને જ જેલનો અસહ્ય ત્રાસ ભોગવ્યો હતો, જેને માટે આટલું જોખમ ખેડીને, કોડભરી આશા લઈને આવ્યો હતો, તે એ માર્ગરીટા હતી. તે પણ ત્રણ બાળકોની માતા બની ચૂકેલી માર્ગરીટા! "આ...હા..." જીનની છાતીમાંથી એક ઊનો ઊનો નિશ્વાસ સરી પડ્યો, "આહ, માર્ગરીટા આહ" પોતાની નિર્દોષતા સ્વીકારવાની વાત તો બાજુએ રહી, પણ તે તો જીનને સમૂળગો જ ભૂલી ગઈ હતી. આ રંજ જીનની છાતી ફાડીને બહાર આવે તેટલો પ્રગાઢ હતો.

પ્રારબ્ધના આ દર્દનાક ખેલને, ખિન્ન હૃદયે જીન અંધારામાં ઊભો રહીને જોઈ રહ્યો. માર્ગરીટાએ ટેબલ ઉપર માથું ઢાળીને પડેલા માણસને જોયો અને એને લાગ્યું કે એના પતિનું જ ખૂન થયું હશે. એનાથી ચીસ પડાઈ ગઈ... "પિયરી.. પિયરી..." વિલાપ કરતી એ પોતાનાં સંતાનો સાથે ઝડપથી દાદર ઊતરીને ટેબલ પાસે પહોંચી ગઈ.

હળવેથી એણે મૃતકનું માથું ઊંચક્યું, પણ એ પિયરી ન હતો! માર્ગરીટાએ રાહત અનુભવી, પણ આ છેલ્લો આઘાત જીન માટે ઊંટના શરીર પરના છેલ્લાં તણખલાં જેવો હતો. ધરતી માર્ગ આપે તો તેમાં સમાઈ જવાની એને ઇચ્છા થઈ આવી. આઘાતો પર આઘાતની આ શ્રૃંખલા કેવી રીતે સહન કરવી તેના ઉપાય શોધવા જીન, પાણી વિના તરસે મરતા માણસની જેમ વલખાં મારવા લાગ્યો. માર્ગરીટા આખરે એના ભાઈ પિયરીને જ પરણી ગઈ હતી. તેનાં સંતાનો પણ હતાં. એની રોકકળથી જ એને ખ્યાલ આવી ગયો કે તે ખરેખર પિયરીને પ્રેમ કરતી હતી.

મરનાર વ્યક્તિ પિયરી નહીં, પણ કોઈ બીજો જ હતો, એ સમજાતાં જ એના મોંમાંથી રાહતના શબ્દો નીકળી પડ્યા, ''અરે ભગવાન! આ તો કોઈ બીજું જ છે! કોઈ બીજો જ માણસ જણાય છે.''

હવે શું બાકી રહ્યું જીન માટે? કેટકેટલી આશા અને રૂપાળાં સપનાં લઈને તે અહીં આવ્યો હતો! આ ગામમાં કે પછી વિદેશમાં માર્ગરીટા સાથે નવજીવન શરૂ કરવાના સોનેરી કિલ્લાઓ એણે ચણ્યા હતા! જે એની નજર સામે જ ધ્વસ્ત થઈને, રેગીસ્તાનની ધગધગતી રેતીમાં એણે રોળાતા જોયા.

બરાબર એ જ સમયે બહારનાં બારણાં આગળ ભારે કોલાહલ સંભળાયો, બારણાં પર જોરજોરથી પ્રહાર થવા લાગ્યા. માર્ગરીટાએ તે સાંભળ્યા. પોતાના અતિથિગૃહના મુખ્ય ખંડમાંની ખૂની ઘટનાથી તે ડઘાઈ ગઈ હતી. બારણું ખોલવાને બદલે તે ભયથી થરથરતી ત્રણે બાળકોને લઈને ઉપર ચડી ગઈ, અને લૉબીમાંથી નીચેનો માહોલ જોતી રહી. ત્યાં ઊભા ઊભા તે પોતાના પતિનો વિકરાળ બની ગયેલો ચહેરો તો જોઈ શકે એમ ન હતું, પરંતુ એક ખોફનાક નાટક જીનની નજર સામે જ ભજવાઈ રહ્યું. જીન હજી પણ અવાક્ બનીને જ ઊભો હતો. તે જોઈ રહ્યો — હત્યારાને, તેના શિકારને તથા માર્ગરીટાને અને તેના ગાઉનને વળગેલાં ત્રણ બાળકોને!

જીનના મનમાં અચાનક જ એક ઝબકારો થયો અને એને એના બધા જ પ્રશ્નોના જવાબ મળી ગયા. આજનો હત્યારો જ દસ વર્ષ પહેલાંના મામાના થયેલા ખૂનનો પણ હત્યારો હતો. ઘર છોડીને ભાગી ગયા બાદ પાંચ વરસે ધૂમકેતુની જેમ પ્રગટ થયો, નાણાં માટે એણે જ મામાની હત્યા કરી હતી. મામાના હસ્તાક્ષરની અધૂરી નોંધનો ભોગ આ નિર્દોષ ભાઈ બન્યો હતો. ભાઈ જેલમાં સજા ભોગવતો હતો, તે દરમિયાન ગમે તેમ કરીને પિયરીએ માર્ગરીટાનો પ્રેમ જીતી લીધો, લગ્ન કર્યાં અને ત્રણ બાળકો પણ થયાં, અને હવે...

ફરીથી એવી હત્યા, આ પહેલાં પણ પૈસા માટે એણે કેટકેટલી હત્યા કરી હશે? પરંતુ આજે તો એ પકડાઈ જાય તેવા સંજોગો જણાતા હતા. પ્રથમ હત્યામાંથી મામાની અધૂરી વાતે એને બચાવી લીધો હતો, પરંતુ હવે એવી તક મળે તેવી શક્યતા ન હતી. પિયરીના આ ગુનાનો એ પ્રત્યક્ષ સાક્ષી હતો. એનો એક શબ્દ પણ પિયરીનાં કુકર્મોનો બદલો લેવા પર્યાપ્ત હતો. જેને કારણે અકારણ દસ વર્ષથી એ ભયાનક યાતના વેઠી રહ્યો હતો. હવે તેનો બદલો એ જરૂર લઈ શકે તેમ હતું, પરંતુ જીને એવું કરવાની પણ શું જરૂર હતી? એને કોઈએ જોયો ન હતો. છૂપા માર્ગે જે રીતે આવ્યો હતો તે જ માર્ગે

એ જો ચૂપચાપ ચાલ્યો જાય, તો પણ બારણાં ઠોકી રહેલું બહારનું ટોળું તો તેનો જવાબ માગવાનું જ હતું. આ હત્યાની જવાબદારીમાંથી પિચરી કોઈ રીતે છટકી શકે તેમ ન હતો. એ માટેની સજા મીનમેખ હતી, જેલ અને તેની યાતના કેવી હોય તેનો પણ એને સ્વાદ ચાખવાનો મળશે.

"અને પછી શું?"

મનોમન ગણગણાયેલા આ શબ્દો જીનના મનમાં ફરી સંભળાયા, "અને પછી?" જીન માટે આ મહાપ્રશ્ન હતો.

"અને પછી?"

જીનની સાથે પિચરી પણ જેલ ભોગવતો થાય, પછી શું? જીનનું મન હવે એ પ્રશ્નનો ઉત્તર સમજવામાં કામે લાગ્યું...

શું એનાથી માર્ગરીટાનો પ્રેમ પોતાના તરફ ઢળવાનો હતો? નિર્દોષ હોવા છતાં પોતે ગુમાવેલા સુખચેન એને ફરી મળવાનાં હતાં? એને અફસોસ હતો કે માર્ગરીટા એને પહેલાં પણ ચાહતી ન હતી અને આજે પણ ચાહતી નથી. બંને માટેનાં કારણો જુદાં હોઈ શકે, પરંતુ તેનાથી જીનને શો ફરક પડવાનો હતો? પોતાને તો માર્ગરીટાનો પ્રેમ કદી મળવાનો જ ન હતો અને પતિ બનેલા પિચરીની ગુનાહિત પ્રવૃત્તિ જાણ્યા બાદ શું એ એનો ત્યાગ કરશે? પિચરી માટેનો માર્ગરીટાનો ચિત્કાર અને તે જીવતો હોવાનો અહેસાસ થતાં તેણે અનુભવેલી ધરપત, આ બધી બાબતની જીને બરાબર નોંધ લીધી હતી. ભયથી સીડી ઉપર ચડી ગયા બાદ, એના કઠેરાને પકડીને ચિંતાતુર નજરે જોતાં જોતાં પણ એનાં બાળકોને તેણે પોતાના ગાઉનમાં લપેટી લીધાં હતાં. એનો શું સંકેત હતો? પતિ પિચરી અને બાળકો સાથેના પોતાના સુખી સંસારને બચાવવા તે તત્પર હતી. કોઈ અજ્ઞાત છતાં અનિવાર્ય એવી આપત્તિનો સામનો કરવાની એ તૈયારી હોય એમ જ જીનને લાગ્યું. જીન વિચારમાં પડી ગયો.

ફાયરપ્લેસમાં, મોટા ખંડમાં, સીડી ઉપર અને સીડી નીચેના રૂમમાં સર્વત્ર સન્નાટો હતો, છતાં બહારના દરવાજા ઉપર હથોડા ઠોકાતા હતા. શોરબકોર કરતાં ટોળાંએ આખરે દરવાજો તોડી જ નાંખ્યો. ડઝનબંધ માણસો અંદર ધસી આવ્યા અને મોટા ખંડમાં દોડતા ટેબલ પાસે પહોંચી ગયા.

"અરે ભાઈઓ" એક અવાજ આવ્યો, "આ તો માસ્ટર કિલક્વેટ છે. આપણા વકીલ સાહેબ! અહીં જ તો એમણે જરૂરી કાગળો લેવા આપણને અત્યારે બોલાવ્યા હતા. આપણા માટેના કાગળો તૈયાર કરતા હોવા જોઈએ."

અંદર ધસી આવેલા માણસોનું ટોળું એની ફરતે ફરી વળ્યું. વકીલસાહેબને ઢંઢોળવા લાગ્યું. મૃત્યુ પામ્યો હોય એવો એ વકીલ બેભાન અવસ્થામાં હતો. તેનો શ્વાસ હજી ચાલતો હોય તેમ એ લોકોએ અનુભવ્યું. એમાંના એકે આનંદનો ઉદ્‌ગાર કાઢ્યો.

"જીવે છે, તેઓ જીવે છે. મૃત્યુ નથી પામ્યા. કેટલું સારું કહેવાય?"

તરત જ કોઈકે એના મોં ઉપર ત્યાં મુકાયેલા ગ્લાસમાંનું ઠંડું પાણી છાંટ્યું. સુખદ પરિણામ તરત જ જણાયું. વકીલ ક્લિફ્વેટે આંખો ખોલી.

જીને પણ આ દૃશ્ય જોયું. પિયરીના હુમલામાં આ માણસ મર્યો ન હતો. એણે રાહતનો દમ લીધો. એવા ગુના માટે થોડી કેદની સજા થઈ શકે. ફાંસી કે આજીવન કારાવાસની એમાં શક્યતા ન હતી.

''વકીલસાહેબ!'' ટોળામાંથી પ્રશ્નો આવવા લાગ્યા, ''તમારી આ દશા કોણે કરી?''

ગૂંગળામણ બાદ વકીલ હજી પણ એના શ્વાસને વ્યવસ્થિત કરી શક્યા ન હતા. બોલવાના હોશકોશ હજી પણ ન હતા. એણે માત્ર ઇશારો જ કર્યો કે કોઈકે પાછળથી આવીને હુમલો કર્યો હતો, એટલે એને ખબર ન હતી.

''હુમલાખોર હજી આ મકાનમાં જ છુપાયો હોવો જોઈએ. બારણા અંદરથી બંધ છે. ક્યાંક સંતાયો હશે અહી ઘરમાં જ, શોધી કાઢીશું.''

અને એ ટોળું જો ખરેખર હુમલાખોરને શોધવા લાગ્યું હોત તો ગુનેગાર દૂર ન હતો. સામેના રૂમમાં જ તે સંતાયો હતો. ત્યાંથી શોધીને એને બહાર લાવવામાં આવ્યો હોત તો પણ એ રૂમની સામે જ આવેલા દાદર પાસેથી જ એને લાવવામાં આવ્યો હોત. માર્ગરીટા પણ હવે પોતાનાં સંતાનો સાથે નીચે ઊતરી હતી અને એની સામે બની રહેલી ઘટનાને ખિન્ન બનીને જોઈ રહી. પિયરીને એની સામે થઈને જ લઈ જવામાં આવ્યો હોત તો માર્ગરીટાને આખી ઘટના તરત જ સમજાઈ ગઈ હોત.

જીનને ખ્યાલ આવી ગયો કે જે રીતે એના સપનાંનો મહેલ અહીં આ સ્થળના સાક્ષી બનતાં પોતાની સામે જ ધરાશયી થયો હતો, તે જ રીતે જૂઠ અને ધોખાધડી ઉપર ચણાયેલો માર્ગરીટાનો આભાસી સુખનો મહેલ પણ ઝાકળના બિંદુની જેમ હવામાં આ જ પળે ઓગળી જવાની તૈયારીમાં હતો.

પકડાઈ જવા કરતા પોતે જ સામે ચાલીને બહાર આવી જાય તો પોતાને એવી હીણપતભરી સ્થિતિમાં મુકાવું ન પડે, એવા વિચાર સાથે પિયરીએ અડધું ખોલેલું બારણું પૂરું ખોલ્યું અને બહાર આવવા માટે એક પગ બહાર કાઢ્યો, પરંતુ ત્યાં જ દાદર પાસે ઊભેલી માર્ગરીટાને પાછળથી જોઈ. તંગ બનેલું એનું શંકાશીલ ભાવવાળું મોં પણ જોયું. પતિ પિયરી માટે જ શંકા જાગી હોય તેવો એ ખિન્ન ચહેરો જોઈને પિયરીએ પોતાનો પગ પાછો ખેંચી લીધો.

આ તરફ ફાયરપ્લેસમાં સંતાયેલો જીન પણ કંઈક વિચારી રહ્યો! પિયરીના કરતૂતોને કારણે પોતાને માર્ગરીટાના સુંવાળા, આરામદાયક સાથને સ્થાને જેલની યાતના મળી હતી. એનું વેર લેવાની એને આ એક અનન્ય તક મળી હતી. વેરની વસૂલાત તો જરૂર થાય, પરંતુ તેથી શું? સુખ માટેનાં એના હવાતિયાંનું શકોરું તો ખાલી જ રહેવા સર્જાયું હતું. પિયરી તો એના કર્મનું ફળ ભોગવે જ ભોગવે, પણ એનો માર તો આખરે માર્ગરીટાને જ પડવાનો હતો ને! એક ખૂનીની પત્ની તરીકે એની જિંદગી કેવી રહેશે? પોતાની અને પિયરીની જેલની યાતના કરતાં પણ માર્ગરીટા અને તેનાં બાળકો માટેનું જીવન યાતનામય અને અધિક બદતર બનવાનું હતું. તેનું શું?

ત્રણેયના જીવનની બરબાદી સિવાય બીજી કોઈ પરિણતી જીનને દેખાઈ નહી અને આ બધામાં માર્ગરીટાનો શો વાંક? પિયરીને ગુનેગાર ઠેરવવાથી પોતાને પણ કોઈ સુખચેન મળવાનાં ન હતાં. બીજી બાજુ એ માર્ગરીટા તરફથી પોતાને ભલે પ્રેમ ન મળ્યો હોય, એણે પોતે તો માર્ગરીટાને સાચા દિલથી જ પ્રેમ કર્યો હતો ને! માતા તો મૃત્યુ પામી હતી, પરંતુ આ જ એક જીવંત વ્યક્તિ હતી, જેના પ્રેમની ઝંખનામાં એણે દસ વર્ષ વિતાવી નાખ્યાં હતાં અને મુક્તિદાતા બનીને પિયરી ન આવ્યો હોત તો બાકીનાં દસ વર્ષ પણ પ્રેમની એ અખંડિત મૂર્તિના ભ્રમમાં એણે વિતાવી દીધાં હોત. પ્રેમની એવી એ પ્રેરણામૂર્તિ સામે હવે એ શું વેરની વસૂલાત લેવા નીકળશે?

એ વિચારમાં પડી ગયો. હજી પણ એનું હૃદય માર્ગરીટાના સુખ માટે કાંઈક કરી છૂટવા માટે તલસાટ અનુભવી રહ્યું. એણે વિચાર્યું કે આજે પણ પોતાના જીવનનું મૂલ્ય શૂન્યથી વધુ નથી. હવે પછીના વર્ષોમાં પણ એ શૂન્ય જ બની રહેવાનું હતું. એને માટે ભાવિનો માર્ગ બંધ હતો અને તે ખૂલવાની કોઈ શક્યતા પણ ન હતી. એમાં પોતે પોતાની માની લીધેલી પ્રેમમૂર્તિને શું આપી શકે તેમ હતું? શું ન્યોચ્છાવર કરી શકે? પોતાનું હૃદય, પોતાનું જીવન, જો માર્ગરીટાના જીવન સાથે એ મેળવી શકે તે જ એક માર્ગ જીનને દેખાયો. શું માર્ગરીટાનું સુખ એ જ પોતાનું સુખ અને સંતોષ ન બની શકે?

જીન વિચારી રહ્યો કે ગુનાના આરોપમાંથી પિયરીને બચાવ્યા પછી પણ જો માર્ગરીટાના મનમાં એના પતિની છાપ ગુનેગાર તરીકે જ રહેવાની હોય તો એ સુખચેનથી જીવી શકવાની ન હતી. પિયરીને એ રીતે બચાવવાનું નિરર્થક જ બને એમ એને લાગ્યું. પિયરીની તમામ ગુનાઇત પ્રવૃત્તિથી એ અજાણ જ રહેવાની હોય તેમાં જ એનું સુખ સમાયેલું હતું. માત્ર આ પળે જ નહી, પરંતુ હવે પછી હંમેશાં માટે એ અજ્ઞાત રહે એ જરૂરી હતું, પરંતુ એ કેવી રીતે બની શકે? માર્ગરીટાના કપાળ ઉપરની કરચલીઓ એને ગયેલી શંકાની ચાડી ખાતી હતી. એમાંથી એને બહાર કાઢવાનો એક જ માર્ગ એને દેખાયો અને તેને અમલમાં મૂકવા એ કટિબદ્ધ બની ગયો. કદાચ સૌની ખુશી માટે આ જ સૌથી સારો રસ્તો હતો.

ફાયરપ્લેસના અંધારા ખૂણામાંથી એકદમ પ્રકાશિત બનેલા મોટા ખંડમાં જીન આવી ગયો. એને જોઈને સૌ કોઈ ચમક્યા. ત્યાં હાજર બધા જ માણસો એને જીન તરીકે ઓળખતા હતા. આશ્ચર્ય સાથે સૌએ આઘાત અનુભવ્યો. સૌ સાંભળે એ રીતે જીન મોટેથી બોલ્યો, “કોઈને શોધવાની જરૂર નથી. એનું ખૂન કરવા મેં જ પ્રયાસ કર્યો હતો.”

જેને શોધવા હજી તો શરૂઆત જ કરવાની હતી, એ ગુનેગાર ખુદ પોતાની જાતે અહી સામે આવીને પોતાના ગુનાની કબૂલાત કરતો હતો. સૌ આશ્ચર્ય પામી રહ્યા. જીને એના સાન્દ્રે અંકલનું ખૂન કર્યાનું લોકો હજી ભૂલ્યા ન હતા. તો એવા જઘન્ય ગુનાની હારમાળામાં આ બીજો મણકો હતો. એક ખૂનીને જોઈને સૌના મનમાં ભયનું લખલખું પસાર થઈ ગયું. પળભર ત્યાં સ્તબ્ધતા છવાઈ ગઈ. કોઈ એક હરફ પણ ઉચ્ચારી શક્યું નહી. એની કબૂલાત માટે શંકા કરવાનું લોકોને કોઈ જ કારણ ન હતું. કેમ કે દસ વર્ષ ઉપર જે ખૂન કરી શકે, તે અત્યારે બીજી વાર ખૂન કરવા પ્રયાસ કરે જ તેમાં

કોઈ નવાઈની વાત ન હતી, પરંતુ આટલી સરળતાથી એક ખૂની તરફથી એની કબૂલાત થઈ શકે એવી કોઈને કલ્પના જ ન હતી.

જીનના આ ઘટસ્ફોટ સાથે જ વાતાવરણ એકદમ બદલાઈ ગયું. પિયરી અત્યાર સુધી અસમંજસ દશામાં એના રૂમમાંથી બહાર આવતાં ખંચકાતો હતો, તે એકદમ બહાર આવીને માર્ગરીટાની નજીક ઊભો રહી ગયો. માર્ગરીટાનું ધ્યાન એના તરફ તો ન ગયું, પણ એના ચહેરાના ભાવો બદલાઈ ગયા. એમાં નિશ્ચિતતા અને સંતોષ તરવરતાં હતાં. તો સાથે સાથે તિરસ્કાર પણ દેખાતો હતો — જીન માટે!

જીનને એણે બરોબર ઓળખી લીધો. અગાઉ અંકલ સાન્દ્રેની એણે કરેલી હત્યા માટે એને થયેલ સજા બાદ શંકા કરવા કંઈ કારણ ન હતું. આ બીજી વારના ગુના માટે એની કબૂલાત જીને સામે ચાલીને જ કરી હોય ત્યારે મગજને કસવાની જરૂરત ન હતી. એની કબૂલાત બાદ હળવી બનેલી સ્થિતિમાં એક બાજુ જીન ઊભો હતો. વકીલ ક્લિક્વેટની બાજુમાં પેલા ગ્રામજનો હતા, તો ત્રીજી તરફ માર્ગરીટા, તેના ગાઉનમાં લપેટાયેલાં તેનાં ત્રણ બાળકો અને પતિ પિયરી હતા. એ સૌમાં જીનની નજર એકમાત્ર માર્ગરીટા પર જ ખોડાયેલી હતી. આંખોને જરાયે વિચલિત કર્યા વિના અનિમેષ નજરે એ પોતાની આરાધ્યદેવીની મૂર્તિને જોઈ રહ્યો. પોતાની સામે મંડાયેલી એ નજર માર્ગરીટાથી અછતી રહી ન હતી. એ કાંઈ જુદું જ સમજી હશે કે ગમે તેમ હોય, પણ એનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. મુઠ્ઠી વાળેલો પોતાનો હાથ ઊંચો કર્યો અને બરાડો પાડ્યો:

“અરે નાલાયક, ફરી પાછો તું?”

માર્ગરીટા તરફ સંતોષભરી છેલ્લી નજર નાખી એણે મોં ફેરવી લીધું. ત્યાં ઊભેલા માણસો તરફ બંને હાથ લંબાવ્યા. લોકોએ તેને દોરડાંથી બાંધ્યો. બીજી વારના જઘન્ય ગુના માટે આરોપી પ્રત્યે સહાનુભૂતિની કોઈ ગુંજાયેશ ન હતી. ટોળું એને ખેંચીને પોલીસમથક તરફ ઘસડી ગયું.

અતિથિગૃહના પ્રવેશદ્વારના હવે સાવ ખૂલી ગયેલા દરવાજામાંથી નીકળતાં જીનના માનસપટ ઉપર બહારની દુનિયા માટે લંબચોરસ આકારની એક વિશાળ ફોટોફ્રેમ જાણે રચાઈ ગઈ. એની બહારના કાળા અંધકારમાં પણ એની નજર સામે એક ભાવનાચિત્ર રચાઈ ગયું. એમાં ક્રૂરતમ વર્તમાનનો એક રંગ હતો, તો સાથે જ એના હૃદયમાં કોતરાઈ ગયેલી એની પ્રેમમૂર્તિની સુખભરી અદ્ભુત છબિ હતી. એની પશ્ચાદ્ભૂમાં દયાહીન લાગતા ભૂરા આકાશના રંગો હતા, જેમાંથી યાતનાની અનરાધાર અગનવર્ષા બંદરની ગોદીમાં કામ કરતા પેલા કેદીઓ ઉપર થઈ રહી હતી. લોખંડની ભારેખમ સાંકળથી જકડાયેલા અને જોડાયેલા કેદીઓની હારની હાર ત્યાં કમરતોડ કામમાં વ્યસ્ત હતી.

અને, એ સૌથી ઉપર એક ઝળહળતો તેજપુંજ એની નજરે આવ્યો, એમાં એણે જોઈ પોતાની હૃદયેશ્વરીની મોહમયી મૂર્તિને, જે એના નાના બાળકને પોતાની આંગળીએ વળગાડીને .ઊભી હતી.

એની નજર એ અલૌકિક મૂર્તિને જોઈ જ રહી... જોઈ જ રહી... એ સાથે જ બહારના અંધકારમાં એ ઓગળી ગયો.

કલ્પનાની કોઈ સીમા નથી, ગતિ એની અપરંપાર

સાથ મળે જો એને વિજ્ઞાનની શકિત તણો

અશકયને શકય બનાવે, સાક્ષી દરેક સિદ્ધિ

પ્રેક્ષક બની બેઠો છે સમય, જુએ માનવ કાર્યરીતિ રંગમંચ પર.

(૩)

૨૮૮૯ના વર્ષમાં!!!

૨૯મી સદી!! હા, ભાઈ હા, આ ૨૯મી સદી છે!! આ પૃથ્વી પર માનવીએ પોતાના જ્ઞાત અસ્તિત્વની ૨૮ સદી પૂરી કરી છે. આજે આપણે જીવી રહ્યા છીએ ૨૯મી સદીમાં. ૨૮ સદીની જેમ આ સદી પણ પૂરી થશે. શું મેળવ્યું આટલી સદીઓ દરમિયાન આપણે? વિચારવાનો સમય છે આપણી પાસે? પથ્થરયુગથી શરૂ કરેલ માનવજાતની આ યાત્રા કયાંથી કયાં પહોંચી ગઈ છે! વિજ્ઞાનની આંગળી પકડીને માનવીએ આટલાં વર્ષોમાં કેટલી પ્રગતિ સાધી છે? શું મેળવ્યું છે? શું ખોયું છે? એની જાણ માટે તો આ સદીના માનવીના જીવનમાં ડોકિયું કરવું જ રહ્યું. તો ચાલો, એક આંટો મારી લઈએ, ૨૯મી સદીમાં!!!

આ ૨૯મી સદી એક મજાની સદી છે. સુંદર છે, ભવ્ય છે. પરીઓની મનોહર વાર્તાઓને વિજ્ઞાને હકીકત બનાવી દીધી છે. કેવી ભવ્ય છે આ દુનિયા! પણ આજના માણસને તો જુઓ! એમણે જ બનાવેલી આ અદ્‌ભુત દુનિયાની એને જાણે કંઈ નવાઈ જ નથી. પોતાની આસપાસની ભવ્ય દુનિયા વિશે તેઓ વિચારતા પણ નથી. નવી નવી અજાયબ શોધો આ દુનિયામાં થઈ છે, પણ એની કદર નથી કરી શકતા. પ્રત્યેક નવીનતા પ્રત્યે તેઓ બેદરકાર છે, ઉદાસીન છે. શું તેઓ આ ભવ્યતાને સમજવાની તથા માણવાની ક્ષમતા ગુમાવી બેઠા છે? એવું તો કહી શકાય તેમ નથી અને સાચું કહું તો એમાં એમનો વાંક પણ નથી! આ બધા જ વૈજ્ઞાનિક ચમત્કારો એમના માટે સ્વાભાવિક ઘટના છે, રોજબરોજની ઘટનાથી વિશેષ ખાસ કંઈ જ નહી!

મને લાગે છે કે તેઓ આજની સંસ્કૃતિ તેમ જ સભ્યતાના બદલાવને સમજી એની કદર ત્યારે જ કરી શકે, જો તેઓ ભૂતકાળને જાણી શકે અને ભૂતકાળની વર્તમાન સાથે તુલના કરી શકે. આજની પ્રગતિને સમજવા, તેની કદર કરવા માટે એમણે ભૂતકાળને જાણવો જ રહ્યો.

તેમનાં આ અદ્‌યતન શહેરોને તો જુઓ! કરોડોની વસ્તી ધરાવતાં આ શહેરોના રસ્તાઓ લગભગ ૩૦૦ ફૂટ પહોળાઈ ધરાવે છે. ૧૦૦૦ ફૂટથી પણ વધારે ઊંચાં ઘરોમાં

તેઓ રહે છે અને આ ઘરો પણ કેવાં? પ્રત્યેક સીઝનમાં એકસરખું ઉષ્ણતામાન. આકાશમાં પ્રત્યેક દિશામાં ઊડતી હવાઈ — ગાડીઓ અને હવાઈબસો! આજનાં આ શહેરોની સરખામણીમાં એ હજાર વર્ષ પહેલાંના પેલાં ગામડાંઓની શી વિસાત? તે સમયનું પેરિસ, લંડન, ન્યૂ યૉર્ક — આ શહેરોની ધૂળવાળી અને હવાઉજાસ વગરની વસાહતો, તેમાં મુસાફરી માટે સતત આંચકા લાગે તેવા ઘોડાઓ વડે ખેંચાતા પેલા વિચિત્ર પ્રકારના યંત્રો. હા, હા, ઘોડાઓ — માન્યામાં નથી આવતું ને?

જો તેઓ અનિયમિત રીતે ચાલતાં વહાણો કે રેલવે, તેની ધીમી ગતિ અને તેના અકસ્માતો અંગે માહિતગાર હોય તો તેઓ આજની હવાઈ ટ્રેન અને ખાસ કરીને દરિયા નીચે નાખેલી હવાના દબાણથી ચાલતી ટ્યૂબ ટ્રેન. કલાકના ૧૦૦૦ માઈલની ઝડપે એ યાત્રીઓને મુસાફરી કરાવે છે, તેનું મૂલ્ય વધારે સારી રીતે સમજી શકે અને આજના આ આધુનિકો ટેલિફોન અને ટેલિફોટોની કદર સારી રીતે કરી શકે, જો તેમને આપણા બાપદાદાના જમાનામાં વપરાતા અતિશય જૂનાપુરાણા ટેલિગ્રાફ નામના સાધન વિષયક જાણકારી હોય.

સૌથી વિલક્ષણ વાત એ છે કે આ બધી જ આશ્ચર્યચકિત કરી દેતી શોધો અને પરિવર્તનો વિવિધ વૈજ્ઞાનિક સિદ્ધાંતો પર આધારિત છે. આપણા પૂર્વજો એનાથી અપરિચિત હતા એવું નથી, પરંતુ તેઓ આ જ્ઞાનનો ઉપયોગ ન કરી શક્યા. ઉદાહરણ તરીકે ગરમી, વરાળ તથા વીજળી માણસ જેટલી જ જૂની અને જાણીતી છે. ૧૯મી સદીના અંતે જ, શું વિદ્વાનોએ જાહેર ન કર્યું કે ઘણીખરી રાસાયણિક તેમ જ ભૌતિક શક્તિઓ વચ્ચેનો તફાવત અવકાશમાં વ્યાપ્ત તેમના સૂક્ષ્મકણોની દરુજારીની અનોખી રીતને જ આભારી છે. આ બધી શક્તિઓ વચ્ચેનો સંબંધ સ્થાપિત થતાંની સાથે જ વિકાસની હરણફાળ સાધી શકાઈ હતી. તેમ છતાં આ શક્તિઓ વચ્ચે તફાવત ઉત્પન્ન કરનારાં અનેક જાતના કંપનોનું પૃથક્કરણ કરી એનું વર્ણન કરવામાં આટલો બધો સમય લાગ્યો એ વાત માની શકાય તેમ નથી. ખાસ કરીને આ શક્તિઓ સીધી રીતે જ એકબીજાને પરિવર્તિત કરી શકે છે, તેઓ એકબીજામાંથી પેદા થઈ શકે છે તો એકબીજાની મદદ વગર પણ પેદા થઈ શકે છે, એ આશ્ચર્યજનક શોધ શક્ય બની એ ખૂબ જ નવાઈની વાત છે.

આ શક્ય બન્યું વર્ષ ૨૭૯૦માં — ફક્ત ૧૦૦ વર્ષ પહેલાં! પ્રખ્યાત વૈજ્ઞાનિક ઓસવાલ્ટ નેચરને આ શોધ કરવામાં સફળતા મળી.

માનવતાનો સાચો વારસદાર, એ મહામાનવ ઓસવાલ્ટ નેચર! એની આ સિદ્ધિની તો વાત જ શી કરવી? આ પ્રતિભાશાળી વ્યક્તિની એક ઉત્તમ શોધે બીજી અનેક શોધોને જન્મ આપ્યો. અનેક પ્રભાવશાળી શોધકોને ત્યાર બાદ નવા રસ્તાઓ મળ્યા.

આ બધા શોધકોમાં એક આગવું નામ છે — જેમ્સ જૅક્સન. વિદ્યુત સંચાલિત બેટરી જેવા અદ્ભુત અને ચકિત કરી દે તેવા સાધનની શોધ માટે આપણે સૌ તેમના ઋણી જ રહીશું. ચાલો તેમની શોધનો પરિચય મેળવીએ. કેટલીક બેટરીઓ સૂર્યકિરણોમાં રહેલ શક્તિને શોષી તેનો સંગ્રહ કરે છે, તો બીજી અન્ય પ્રકારની બેટરીઓ આ પૃથ્વી પરની વિદ્યુતશક્તિનો સંગ્રહ કરી શકે છે. આ ઉપરાંત બીજી

બેટરીઓ અન્ય કોઈ પણ મૂળ જેવાં કે પાણીના ધોધ, ઝરણાંઓ, પવન કે નદીઓમાં રહેલી ઊર્જાનો સંગ્રહ કરી શકે છે. જરૂરતના સમયે આ શક્તિઓનું રૂપાંતર કરી શકે એવું અદ્‌ભુત યંત્ર પણ એમણે જ બનાવ્યું છે અને આ યંત્ર પણ કમાલનું યંત્ર છે. તેના દ્વારા બેટરીમાં સંગ્રહિત શક્તિને જે રૂપમાં જોઈએ તે રૂપમાં પાછી મેળવી શકાય છે અને એ પણ ફક્ત એક કળ દબાવવા માત્રથી! ગરમી હોય, પ્રકાશ હોય, વિદ્‌યુત હોય કે પછી મશીનની શક્તિ હોય, એને સંગ્રહિત કરી પાછળથી તેની પાસે જે પ્રકારનું કામ લેવું હોય તે લઈ શકાય છે.

આ બે સાધનોના નિર્માણે તો વિકાસ અને પ્રગતિનો નવીનતમ યુગ શરૂ કરી દીધો છે એમ કહી શકાય. માણસના હાથમાં અમાપ શક્તિ આવી ગઈ. તેનો ઉપયોગ દરેક ક્ષેત્રમાં થાય છે. ગણી ન શકાય તેટલા ઉપયોગો છે. ઉનાળાની વધારાની ગરમીનો સંગ્રહ કરી શિયાળામાં બરફ પીગળાવવા માટે તેનો ઉપયોગ કરી શકાય છે. ખેતીવાડી ક્ષેત્રમાં આ કારણે ક્રાંતિ આવી ગઈ છે. હવાઈ માર્ગદર્શન ક્ષેત્રે આ સાધને પ્રેરકબળ પૂરું પાડ્યું છે. વ્યાપાર-ઉદ્‌યોગો માટે પણ મદદરૂપ છે. હવે બેટરી કે ડાયનેમોની મદદ વગર પણ અવિરત વિદ્‌યુત ઉત્પાદન શક્ય છે. સળગાવવાની કે ચમકાવવાની પ્રક્રિયા વગર પ્રકાશ મેળવી શકાય છે, ઉદ્‌યોગની જરૂરતને પહોંચી વળવા જે રૂપમાં જોઈએ તે રૂપમાં મશીન શક્તિ પણ મેળવી શકાય છે. તેના કારણે ઉદ્‌યોગોની ઉત્પાદન ક્ષમતા ૧૦૦ ગણી વધી ગઈ છે. આ બધી જ બાબતો માટે આપણે સૌ એ મહાન શોધકો તથા તેમની શોધોના ઋણી રહીશું.

હા! આ બધી જ અજાયબીઓ, આ બધી જ શોધોના સગડ મળે છે, એક અતુલ્ય ઑફિસમાં — 'અર્થ હેરાલ્ડ'ની ઑફિસ... ૧૬૮૨૩મી એવન્યુ સ્થિત આ ઑફિસનું ઉદ્‌ઘાટન થોડા સમય પહેલાં જ થયું છે.

જો ન્યૂયૉર્ક હેરાલ્ડના સ્થાપક ગૉર્ડન બૅનેટને બીજો જન્મ મળે અને એ ફરી પાછા જીવિત થાય અને આ આરસ તથા સુવર્ણના ઉપયોગથી બનાવેલ ભવ્ય મહાલય એના પ્રસિદ્ધ વંશજ ફ્રાન્સિસ બૅનેટનો છે એવી એમને જાણ કરાય તો એમનો શો પ્રતિભાવ હશે? એક પછી એક ૩૦ જેટલી પેઢીઓ ગુજરી ગઈ અને 'ન્યૂયૉર્ક હેરાલ્ડ' હંમેશાં બૅનેટ કુટુંબ પાસે જ રહ્યું. ૨૦૦ વર્ષ પહેલાં જ્યારે યુનાઇટેડ સ્ટેટ્‌સનું રાજકીય કેન્દ્ર વૉશિંગ્ટનથી સેન્ટ્રોપોલીસ ખાતે લઈ જવામાં આવ્યું હતું, ત્યારે આ અખબાર પણ સરકારને અનુસર્યું હતું. એનું નવેસરથી નામકરણ થયું હતું — 'અર્થ હેરાલ્ડ.'

કોઈ રખે એમ માનતા કે ફ્રાન્સિસ બૅનેટની આગેવાનીમાં એની લોકપ્રિયતા ઓછી થઈ ગઈ. ના! બલકે એના આ નવા પ્રબંધકે તો ટેલિફોનિક પત્રકારત્વ જેવી મૌલિક શોધના સથવારે એમાં નવો પ્રાણ પૂર્યો અને આગળ ધપવા માટેનું બળ પૂરું પાડ્યું. તેની આ નવી યોજનાએ પત્રકારત્વ તેમ જ સમાચાર માધ્યમની દુનિયામાં ક્રાંતિ લાવી દીધી. બધાને જ માહિતી છે કે ટેલિફોન ક્ષેત્રે આવેલી ક્રાંતિ અને તેના વિશ્વસનીય તેમ જ અતિવિસ્તરીત વ્યાપને કારણે જ આ શક્ય બન્યું છે.

જૂના સમયમાં છપાતું હતું એ રીતે હવે 'અર્થ હેરાલ્ડ' કાગળમાં છપાતું નથી! બલકે તેના ગ્રાહકોને વાંચી સંભળાવાય છે. રાજકારણીઓ તેમજ વૈજ્ઞાનિકો સાથે ખબરપત્રીઓએ કરેલા વાર્તાલાપને તેઓના જ અવાજમાં સાંભળીને કાયમી ગ્રાહકો રસપ્રદ માહિતી મેળવે છે. એક સેન્ટ આપી જેઓ છૂટક અખબાર ખરીદે છે, તેઓ જાણે છે કે જે તે દિવસના સમાચાર તેઓ ઠેરઠેર લગાવેલા ફોનોગ્રાફિક કૅબિનેટ દ્વારા મેળવી શકે છે.

ફ્રાન્સિસ બૅનેટની આ નવતર શોધે જૂના જમાનાના આ અખબારમાં નવો પ્રાણ ફૂંક્યો હતો. થોડા જ મહિનામાં એના કાયમી ગ્રાહકોની સંખ્યા ૮૫ મિલિયનનો આંકડો વટાવી ગઈ અને પ્રબંધકની સંપત્તિ પણ ત્રણ હજાર મિલિયન ડૉલર કરતાં પણ વધી ગઈ હતી. આ અધધ સંપત્તિને કારણે જ — આ નવી ઑફિસનું નિર્માણ શક્ય બન્યું છે. નવી ઑફિસ — એક ભવ્ય અને વિશાળ મહાલય છે જેમાં ચાર મુખ્ય વિભાગો છે. પ્રત્યેક વિભાગ બે માઇલ લાંબો છે અને એની છત ઉપર લહેરાય છે, યુનિયનનો ૭૫ તારલાઓવાળો ભવ્ય ધ્વજ.

ફ્રાન્સિસ બૅનેટ સમાચારોની દુનિયાનો રાજા છે. જો અમેરિકન પ્રજા કોઈ રાજાને સ્વીકારી શકે તો એને જ રાજા તરીકે પસંદ કરે.

શું? તમને આ બાબત અંગે શંકા છે? તો જુઓ, તેમની રાહ જોઈ રહેલા અનેક દેશોના રાજદૂતો અને સરકારી અધિકારીઓને જુઓ. અરે! આપણા પોતાના પ્રધાનો પણ તેમના દરવાજે ઊભેલા દેખાશે. કેટલાક તેમની સલાહ લેવા આવે છે, તો કેટલાક તેમની માન્યતા મેળવવા. બધા જ એના આ શક્તિશાળી માધ્યમનો ટેકો મેળવવા આવે છે. આ ઉપરાંત તેની પાસે પ્રેરણા મેળવનારા વૈજ્ઞાનિકો, એના અખબારમાં રોજી મેળવનારા કલાકારો તેમ જ એની પાસે આર્થિક સહાય મેળવતા શોધકો! આ બધાની તો ગણતરી પણ શક્ય નથી. જોકે સાચી વાત તો એ છે કે એણે આ રાજાશાસનમાં થકવી દે તેવી રીતે અવિરત કાર્યરત રહેવું પડે છે. એ વાતમાં કોઈ શંકા નથી કે જૂના સમયમાં આવી અથાક મહેનત કોઈ પણ કરી શક્યું ન હોત. સદ્ભાગ્યે આજનો માનવી વધુ ખડતલ શરીરનો માલિક છે. સ્વચ્છતા અને શારીરિક કસરતો તેમ જ આરોગ્ય અને સ્વાસ્થ્ય ક્ષેત્રમાં આવેલી ક્રાંતિને એનું શ્રેય જાય છે. માણસની વયમર્યાદા ૩૭ વર્ષ ઉપરથી હવે ૬૮ સુધી પહોંચી ગઈ છે. કિટાણુરહિત સ્વાસ્થ્યવર્ધક ખોરાક માનવીને તંદુરસ્ત રાખે છે. હવે સ્વાસ્થ્યવર્ધક હવાની શોધ હાથવેંતમાં જ છે. આ હવા આપણને જરૂરી પોષણ આપી શકે... ફક્ત શ્વાસ લેવા માત્રથી જ!

અને હવે... જો 'અર્થ હેરાલ્ડ'ના પ્રબંધક પોતાનો દિવસ કેવી રીતે પસાર કરે છે એ અંગે બધું જ જાણવું હોય તો, તેમના આ વિધવિધ જાતનાં કામો થતાં જાય તેમતેમ તેમને અનુસરવાની તકલીફ લેવી પડશે — આજે જ, ૨૮૮૯ના વર્ષના જુલાઈ મંહિનાની ૨૫મી તારીખની જ વાત કરીએ!

આજે સવારે ફ્રાન્સિસ બૅનેટ થોડા ખરાબ મૂડમાં જ ઊઠ્યા. તેમની પત્ની આઠ દિવસથી ફ્રાન્સ ગયાં છે અને તેઓ એકલતા અનુભવી રહ્યા છે. તમે માની શકો છો? તેમનાં દસ વર્ષના લગ્નજીવનમાં આવું પહેલી વાર બન્યું છે. શ્રીમતી એડીથ બૅનેટ એક

સુંદર મહિલા છે, તેઓ પોતે પણ એક વ્યાવસાયિક વ્યક્તિ છે... આમ તો તેઓ વારંવાર યુરોપ અને ખાસ કરીને પેરિસ તેમની હેટ ખરીદવા જતાં હોય છે, પરંતુ એને માટે એક-બે દિવસ પૂરતા હોય છે. આ વખતે જ આટલા લાંબા સમય માટે તેઓ પોતાના પતિથી દૂર ગયાં છે.

સવારે જાગતાંની સાથે જ ફ્રાન્સિસ બૅનેટે તેમના ફોનોટેલિફોટેની સ્વિચ ચાલુ કરી. તેના તારોનું જોડાણ તેમના પેરિસ ખાતેના ભવ્ય મહાલય 'ચામ્પસ-એલિસી' સાથે હતું.

ટેલિફોન પછી ટેલિફોટે આજના સમયની એક ખૂબ જ ઉપયોગી શોધ છે. વિજ્ઞાન પર માનવીનો વિજય! વાતચીતનું દૂરભાષ દ્વારા પ્રસારણ તો જૂની વાત થઈ ગઈ છે. ચિત્રો અને છબિઓનું એક સ્થળેથી દૂરદૂરના સ્થળ સુધીના પ્રસારણની શોધ તો હજી ગઈ કાલની વાત છે, પરંતુ ટેલિફોટે એક અદ્‌ભુત અને અમૂલ્ય શોધ છે. ફ્રાન્સિસ બૅનેટ એના શોધકને શુભેચ્છા પાઠવવામાં એકલા નથી. એના કારણે જ એ એમની પત્નીને ટેલિફોટિક સ્ક્રીનમાં જોઈ શકતા હતા — બંને વચ્ચે હજારો માઈલોનું અંતર હોવા છતાં પણ! ઘણું જ રમ્ય દૃશ્ય હતું એ! ગઈ રાત્રિની થિયેટરની મુલાકાત કે પછી નૃત્યના કાર્યક્રમને કારણે થોડાં થાક્યાં હોય એમ લાગતું હતું. પેરિસ ખાતે તો બપોર થઈ ગઈ હતી, છતાં તેઓ પથારીમાં જ હતાં. તેમનું માથું લેસના કવરવાળા તકિયામાં ખૂંપેલું જણાયું. અરે! આ શું થયું? તેઓ હલી રહ્યાં છે? બેશક! એ તો સપનામાં લાગે છે. હા, સપનાની દુનિયામાં જ ખોવાયેલા છે! અને ઊંઘમાં એ બોલી રહ્યાં છે... "ફ્રાન્સિસ... પ્રિય ફ્રાન્સિસ."

મધમીઠા અવાજે બોલાયેલું એમનું નામ — આ મધુર દૃશ્યે ફ્રાન્સિસ બૅનેટ આનંદીત થઈ ઊઠ્યા. પત્નીને મધુર સપનામાંથી જગાડવાની તેમને ઇચ્છા ન થઈ. તેઓ ઝડપથી તેમની પથારીમાંથી ઊઠી યાંત્રિક ડ્રેસિંગરૂમમાં પ્રવેશ્યા.

બે મિનિટમાં તો તેઓ તેમની ઑફિસના ઉંબરે ઊભા હતા. સંપૂર્ણ રીતે તૈયાર! હા, અંગત ચાકરની મદદ વિના જ મશીને એમને નવડાવી, દાઢી કરી, જૂતા પહેરાવી, કપડાં પહેરાવી, બટન બંધ કરી માથેથી પગ સુધી તૈયાર કરી ઑફિસના ઉંબરે પહોંચાડી દીધા હતા. હવે તેમની ઑફિસની દિનચર્યા શરૂ થશે.

સૌથી પહેલાં ફ્રાન્સિસ ક્રમવાર હપ્તારૂપે નવલકથા પ્રગટ કરનારા નવલકથાકારોના કક્ષમાં પ્રવેશ્યા.

અતિશય વિશાળ કક્ષ, એની ઉપર પારદર્શક ઘુમ્મટ. એક ખૂણામાં ટેલિફોનના અનેક કક્ષો હતા. એની મદદથી અર્થ હેરાલ્ડના ૧૦૦ જેટલા સાહિત્યકારો ૧૦૦ જેટલી પ્રણયકથાના પ્રકરણો એને સાંભળવા આતુર લોકોને વાંચી સંભળાવતા હતા.

હપ્તાવાર વાર્તા કહેતો એક લેખક પાંચ મિનિટનો આરામ લઈ રહ્યો હતો. ફ્રાન્સિસ બૅનેટ તેની પાસે ગયો અને બોલ્યો, "વાર્તાકાર મહાશય! ઘણું જ સરસ, તમારી આ વાર્તાનું છેલ્લું પ્રકરણ તો કમાલનું છે અને પેલું દૃશ્ય, જેમાં ગામડાંની છોકરી તત્ત્વજ્ઞાન સંબંધી પ્રશ્નોની તેના પ્રેમી સાથે વ્યાવહારિક અને રસપ્રદ રીતે ચર્ચા કરે

છે, એ તો ખૂબ જ સરસ છે. આ દૃશ્ય તમારી તીક્ષ્ણ નિરીક્ષણ શક્તિ પર પ્રકાશ ફેંકે છે! ગામડાંની રીતભાતનું આનાથી સારું ચિત્રણ ક્યારેય થયું નથી. શાબાશ! શાબાશ! તમારું કામ ચાલુ રાખો, આર્ચીબાલ્ડ! તમને અનેક શુભેચ્છાઓ. ગઈ કાલથી ૧૦,૦૦૦ નવા ગ્રાહકો નોંધાયા છે, લાગે છે તમને જ આભારી છે!''

''મિ. જૉન લાસ્ટ'' આર્ચીબાલ્ડના એક સાથી તરફ ફરીને એમણે ચાલુ રાખ્યું, ''હું તમારા કામથી સંતુષ્ટ નથી. તમારી વાર્તામાં જીવનની છબિ દેખાતી નથી. ખબર છે કેમ? સીધી વાત છે, કારણ કે તમે વાર્તાનો અંત લાવવામાં ઘણી ઉતાવળ કરો છો ને આ બધા લેખિત દસ્તાવેજો શું છે! તમારે દરેક બાબતનું પૃથક્કરણ કરવું પડે, છણાવટ કરવી પડે, જૉન લાસ્ટ, પૃથક્કરણ અને છણાવટ! આજકાલના લેખકો કલમથી નહીં, શસ્ત્રવિદ્યાની નાની છરીથી લખતા હોય તેવું લાગે છે. સાંભળો ને સમજો કે જીવનમાં બનતી પ્રત્યેક ઘટના આપણા મગજમાં આવતા હજારો વિચારોના પરિણામ સ્વરૂપ હોય છે. એક લેખક તરીકે જીવંત પાત્રનું સર્જન કરવા પ્રત્યેક વિચારનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જોઈએ અને વિદ્યુત વશીકરણથી વધારે સરળ શું હોઈ શકે? જે એના પાત્રના બેવડા વ્યક્તિત્વનો ખ્યાલ આપી શકે છે અને એના વ્યક્તિત્વના વિવિધ પાસાંઓને અલગ કરી દે છે. મિસ્ટર લાસ્ટ, તમે એક કામ કરી શકશો? જે રીતે તમે રોજબરોજની જિંદગી જીવો છો, એનો જ બરાબર અભ્યાસ કરો. તમારા જે સાથીને થોડી ક્ષણો પહેલા જ શાબાશી આપતો હતો તેને અનુસરો. તમારી જાતને આ કામમાં ડુબાડી દો... શું કહ્યું તમે?... તમે પ્રયાસ કર્યો જ છે?... તો પછી મારે કહેવું પડશે કે તમારો પ્રયાસ પૂરતો નથી!''

આ નાનકડી સલાહ આપી ફ્રાન્સિસ બૅનેટે તેમનું નિરીક્ષણ ચાલુ રાખ્યું અને ખબરપત્રીઓના કક્ષમાં દાખલ થયા. અહી ૧૫૦૦ જેટલા ખબરપત્રીઓ, તેટલા જ ટેલિફોનની સામે ઊભા હતા. તેઓ રાત્રે દુનિયાના તમામ ભાગોમાંથી મળેલા સમાચારો ગ્રાહકોને વાંચી સંભળાવતા હતા.

આ સંસ્થાની આ અમૂલ્ય સેવાઓનું વર્ણન ઘણી વાર કરવામાં આવ્યું છે. ટેલિફોનની સાથેસાથે દરેક ખબરપત્રીની સામે કૉમ્પ્યૂટર નામનું સાધન રાખવામાં આવેલ છે. આ સાધનની મદદથી તેઓ કોઈ પણ ટેલિફોન લાઇન સાથે જોડાણ સ્થાપિત કરી શકે છે. એને કારણે તેમના ગ્રાહકો સમાચારોને ફક્ત સાંભળી જ નહીં, જોઈ પણ શકે છે. જ્યારે પણ કોઈ ઘટી ગયેલી ઘટનાનું વૃત્તાંત વાંચી સંભળાવતું હોય ત્યારે સાથેસાથે ઘટના અંગેની મુખ્ય તસવીરોનું પણ પ્રસારણ કરવામાં આવે છે.

ફ્રાન્સીસ બૅનેટ ત્યાર બાદ ખગોળવિદ્યા વિભાગમાં ગયા અને ત્યાં હાજર ૧૦માંથી એક ખબરપત્રીનો સંપર્ક કર્યો. તારાઓ સંબંધી નવી શોધોને કારણે આ વિભાગ ઝડપથી લોકપ્રિય બની રહ્યો હતો.

''કેશ, શા સમાચાર છે?''

''આપણે શુક્ર, બુધ અને મંગળના ફોટો ટેલિગ્રામ મેળવ્યા છે.''

''મંગળ પરથી કંઈ રસપ્રદ માહિતી મળી છે?''

“હા, હા, કેમ નહીં? તેની મધ્યમાં આવેલા એક રાજ્યમાં ક્રાંતિ થઈ રહી છે. એ ક્રાંતિ ઉદારમતવાદીના પક્ષમાં છે. એને કારણે રુઢિચુસ્ત પક્ષોએ સત્તાથી દૂર થવું પડે તેવી સ્થિતિ છે.”

“અને, ગુરુના શા સમાચાર છે?”

“હજી સુધી કંઈ જ નહી! આપણે એ જોવીઅન (ગુરુના રહેવાસીઓ) લોકોના સંકેતો સમજી નથી શકતા. કદાચ આપણા સંકેતો તેમના સુધી પહોંચતા જ નહી હોય એવી શંકા જાય છે.”

“એ તમારું કામ છે અને એ માટે તમે જ જવાબદાર છો, મિ. કેશ!” ફ્રાન્સિસ બૅનેટ અસંતુષ્ટ લાગ્યા. તેઓ વૈજ્ઞાનિક તંત્રીઓના કક્ષ તરફ વળ્યા.

ત્યાં ૩૦ જેટલાં વૈજ્ઞાનિકો તેમના વિદ્યુત કૉમ્પ્યૂટરોની સામે માથું નીચે કરીને, અગત્યની કોઈ ગહન ગણતરીમાં ડૂબી ગયેલા જણાયા. કેટલાક તો બીજગણિતનાં સૂત્રોની અસીમતા અંગે તેમ જ અવકાશની વ્યાપ્તતાના ચોવીસ પરિમાણોની ચકાસણીના કાર્યમાં મશગૂલ હતા. પ્રાથમિક શાળાના ગણિતના ચાર મુખ્ય નિયમો અંગે સમજ મેળવવા બાળકો પ્રયાસ કરી રહ્યાં હોય એવું લાગતું હતું!

ફ્રાન્સિસ બૅનેટના આગમનથી ત્યાં હાજર તમામ કાર્યકરોના મનમાં અજબ કહી શકાય એવી ચેતના આવી ગઈ.

“સજ્જનો, આ હું શું સાંભળી રહ્યો છું? ગુરુના ગ્રહ પરથી કોઈ જવાબ નથી? શું કાયમ માટે આવું જ રહેવાનું છે? અરે! કોર્લે, તમે આ બાબત પર છેલ્લાં ૨૦ વર્ષોથી કામ કરી રહ્યા છો અને છતાં પણ —”

“તમે શી આશા રાખી શકો, સાહેબ?” એ ખગોળવિજ્ઞાનીએ જવાબ વાળ્યો, “આપણા દૃષ્ટિવિજ્ઞાનમાં હજી ઘણા સુધારાઓને અવકાશ છે. આપણા પોણા બે માઈલના ટેલિસ્કોપ પણ...”

“મિ. પીઅર, આ સાંભળો.” ફ્રાન્સિસ બૅનેટ કોર્લેની બાજુમાં ઊભેલા બીજા વૈજ્ઞાનિક તરફ જોઈને ગુસ્સામાં બોલ્યા, “દૃષ્ટિવિજ્ઞાનમાં સુધારો! એમાં તો તમારી વિશિષ્ટતા છે. વધુ મહેનત કરો! વધુ મહેનત કરો! તમે મહેનત કરો છો એ હું જાણું છું, પણ મને પરિણામમાં વધુ રસ છે.”

“ગુરુ, તરફી નિષ્ફળતા બાદ ચંદ્ર પરથી કોઈ પરિણામ મળી શક્યાં છે ખરાં?” ફરીથી કોર્લે તરફ ફરી તેઓ બોલ્યા.

“ના જી, ત્યાં પણ આપણને ધારી સફળતા મળી શકી નથી.”

“આ બાબત માટે દૃષ્ટિવિજ્ઞાન પર દોષારોપણ ના કરશો. ચંદ્ર તો મંગળ કરતાં ઘણો નજીક છે અને મંગળના ગ્રહ સાથે આપણું સંચાર તંત્ર સંપૂર્ણ રીતે સ્થાપિત છે એટલે આશા રાખું છું કે ચંદ્રની બાબતમાં તમે એમ નહી કહો કે તમારી પાસે ટેલિસ્કોપ...”

“ના, ના, અહી તો પ્રશ્ન ત્યાંના રહેવાસીઓનો છે.” મરક મરક સ્મિત રેલાવતા વિદ્વાનની અદાથી કોર્લે બોલ્યો.

“મારું માનવું છે કે ચંદ્ર પર તો રહેવાસીઓ છે જ નહી!”

કોર્લેએ જવાબ વાળ્યો, “હા, જે ભાગ આપણને દેખાય છે ત્યાં તો નથી જ, મિ. બૅનેટ! પરંતુ એની પાછળનો ભાગ જે હંમેશ માટે આપણી વિરુદ્ધ દિશામાં જ રહે છે ત્યાં શું છે તે કોને ખબર?”

“ઓહ! આ બાબત જાણવાનો તો બહુ જ સરળ ઉપાય છે…”

“અને એ છે?”

“તમે ચંદ્રને ઊંધો ફેરવી દો!”

અને તે જ દિવસથી, બૅનેટના આ વિભાગમાં કામ કરતા વૈજ્ઞાનિકો પૃથ્વીના આ એકમાત્ર ઉપગ્રહ ચંદ્રને બીજી બાજુ ફેરવવાની તરકીબ શોધવાના કાર્યમાં લાગી ગયા.

ફ્રાન્સિસ બૅનેટ માટે આજનો દિવસ સંતોષ અને આનંદનો હતો. ‘અર્થ હેરાલ્ડ’ના એક અવકાશ વૈજ્ઞાનિકે કોઈ નવા જ ગ્રહના મૂળભૂત તત્ત્વોની શોધ કરી હતી. એ ગ્રહને નામ આપ્યું હતું — ગાન્ડીની. એ ગ્રહ સૂર્યથી ૧૨,૮૪૧,૩૪૮,૨૮૪,૬૨૩ મીટર અને ૭ ડેસીમીટરની દૂરી પર આવેલ છે અને એની લાંબી પરિક્રમાને પૂર્ણ કરવા એને ૫૭૨ વર્ષ, ૧૯૪ દિવસો, ૧૨ કલાક, ૪૩ મિનિટ અને ૯.૮ સેકન્ડ લાગે છે.

આટલી ચોકસાઈપૂર્વકની માહિતીથી ફ્રાન્સિસ બૅનેટ આનંદમાં આવી ગયા.

“ઘણી સારી વાત છે” એ ઉત્તેજિત થઈ બોલી ઊઠ્યા, “હવે આપણા ખબરપત્રીઓને જલદી જણાવો. તમને તો ખબર હશે જ કે આવી અવકાશી બાબતો જાણવાનું લોકોમાં કેટલું કુતૂહલ હોય છે! આ સમાચાર આજની પૂર્તિમાં જ જવા જોઈએ!” ખબરપત્રીઓના કક્ષને છોડતાં પહેલાં, મુલાકાત લેનારા વિશિષ્ટ ખબરપત્રીઓ સાથે તેમણે બીજી મહત્ત્વની બાબતની ચર્ચા કરી લીધી. પ્રતિષ્ઠિત વ્યક્તિઓની મુલાકાત લેનાર વ્યક્તિને તેમણે પૂછ્યું, “તમે પ્રમુખ વીલકોક્ષનો ઇન્ટરવ્યૂ લીધો?”

“હા, મિ. બૅનેટ, તેઓ ખરેખર પેટના વિસ્તરણની વ્યાધિથી પીડાઈ રહ્યા છે. અને ટ્યૂબની મદદ વડે એને પાણીથી ધોઈને લેવાતી કાળજીપૂર્વકની ચિકિત્સા તેઓ લઈ રહ્યા છે એ માહિતી હું જાહેર કરું જ છું.”

“ઘણું સરસ અને પેલા ખૂની ચેપમૅનનું શું થયું? એ કેસમાં નિમાયેલા જ્યૂરીના સભ્યોની મુલાકાત તમે લીધી?”

“હા, અને એ બધાનું જ માનવું છે કે એ ગુનેગાર છે, એટલે એમને તો આ ખટલો સોંપાશે પણ નહી. સજાના આદેશ પહેલાં જ એની મૃત્યુની સજાનો અમલ થઈ જશે.”

"વાહ! વાહ! સરસ! સરસ!"

તેઓ આગળ ચાલ્યા.

આગળ પોણો માઈલ લાંબો ઝરૂખો હતો, એ જાહેરાતોનો વિભાગ હતો. આ કક્ષને જોતાં જ 'અર્થ હેરાલ્ડ' જેવા અખબાર માટે જાહેરાત એટલે શું તેની કલ્પના કરી શકાય. દરરોજ ૩૦ લાખ ડૉલરની કમાણી આ વિભાગ કરાવી આપે છે. કેટલીક જાહેરાતો ઘણી કુશળતાપૂર્વક કલાત્મક રીતે બનાવેલી હોય છે, જે એક નવતર રૂપમાં રજૂ કરવામાં આવે છે અને એના પેટન્ટ ફક્ત ત્રણ જ ડૉલરમાં ખરીદાયેલા છે, એને વેચનાર બિચારો કદાચ ગરીબીમાં જ ભૂખમરાને કારણે મૃત્યુ પણ પામ્યો હોય. વાદળોની ઉપર પ્રતિબિંબિત થતી મહાકાય જાહેરાતોનો એક સાવ નવતર પ્રયોગ ચલાવવામાં આવે છે. આ જાહેરાતો એટલી વિશાળ હોય છે કે આખા શહેર કે એક આખા દેશના નાગરિકો એને એકસાથે જોઈ શકે. આ વિભાગના ઝરૂખામાંથી એક હજાર જેટલા પ્રોજેક્ટરો સતત આ પ્રકારની વિશાળકાય, રંગીન જાહેરાતો વાદળો પર પ્રદર્શિત કરતા રહે છે.

પરંતુ આજે જ્યારે ફ્રાન્સિસ બૅનેટ આ અવકાશી જાહેરાતના કક્ષમાં દાખલ થયા ત્યારે તેમણે જોયું કે ત્યાંના બધા ઑપરેટરો તેમના ગતિહીન-સ્થિર પ્રોજેક્ટરોની સામે અદબવાળીને બેસી રહ્યા હતા. તેમણે એક કર્મચારીને કારણ પૂછ્યું. જવાબમાં એણે કંઈ પણ બોલ્યા વગર સંપૂર્ણપણે ભૂરા આકાશ તરફ આંગળી ચીંધી. એ જોઈ તેઓ ગણગણ્યા, "હા, વાદળાંઓ વગરનું આકાશ! આપણે હવાઈ જાહેરાતો મૂકી શકીએ તેમ નથી! પણ શું થઈ શકે? વરસાદ ન વરસે તો આપણે કૃત્રિમ વરસાદ વરસાવી શકીએ! પરંતુ આપણને વાદળાંઓ જોઈએ છે, વરસાદ નહી!"

મુખ્ય ઇજનેરે જવાબ વાળ્યો, "હા, સરસ મજાના બરફ જેવા સફેદ વાદળો?"

"મિ. સેમ્યુઅલ માર્ક, તમે હવામાન ખાતાના વૈજ્ઞાનિક તંત્રીઓને મળી લો. તમે એમને મારા તરફથી કહો કે કૃત્રિમ વાદળો બનાવવાના પ્રોજેક્ટને પ્રાધાન્ય આપી કામ શરૂ કરે. આ રીતે વાદળોની દયા પર રહેવાથી આપણું કામ નહી ચાલે."

વિવિધ વિભાગોની તેમની પ્રદક્ષિણા હવે પૂર્ણ થઈ. જાહેરાતના વિભાગમાંથી ફ્રાન્સિસ બૅનેટ સ્વાગત કક્ષમાં દાખલ થયા. ત્યાં અમેરિકન સરકારના અધિકૃત રાજદૂતો તેમની રાહ જોઈ રહ્યા છે. બધી રીતે સમર્થ એવા આ તંત્રીની તેઓ સલાહ લેવા આવ્યા છે. તેઓ અંદર આવ્યા ત્યારે રાજકીય બાબતો પર ચર્ચાવિચારણા ચાલી જ રહી હતી.

ફ્રાન્સનો રાજદૂત રશિયનને કહી રહ્યો હતો, "મહાશય, માફ કરજો, પરંતુ યુરોપના નકશામાં મને કોઈ પણ બદલાવની જરૂરત નથી લાગતી. અમે સ્વીકારીએ છીએ કે ઉત્તરમાં સ્લાવ લોકોની હકૂમત છે અને દક્ષિણમાં સ્પેનિશ લોકોની સરહદ છે. જ્યારે આપણી સહિયારી સરહદ તરીકે રુહાઇન નદી મને લાગે છે કે બરાબર છે. એક વાત સારી રીતે સમજી સો કે અમારી સરકાર અમારા પરગણાઓ રોમ, મેડ્રીડ અને વિયેના વિરુદ્ધ કોઈ પણ પ્રકારની ચળવળનો મક્કમતાથી વિરોધ કરશે."

"તમે ઘણી સારી વાત કરી છે." ફ્રાન્સિસ બૅનેટે વાતમાં સૂર પુરાવ્યો, "એવું કેમ થાય છે? મિ. રશિયન રાજદૂત, તમે રશિયનો તમારા વિશાળ સામ્રાજ્યથી સંતુષ્ટ કેમ નથી? તમારા રાજ્યનો વિસ્તાર તો જુઓ! રાઇન નદીના તટથી શરૂ થઇને ચીનના સીમાડા સુધી ફેલાયેલો છે. એક વિશાળ સામ્રાજ્ય જેના કિનારાઓ પખાળે છે, આર્કટિક સમુદ્ર, એટલાન્ટિક મહાસાગર, કાળો સમુદ્ર, બોસ્ફરસ અને હિંદ મહાસાગર!"

"ઉપરાંત આવી ધમકીઓ દેવાનો શો મતલબ છે? આજના આધુનિક શસ્ત્રોને ધ્યાનમાં રાખીને વિચારો કે યુદ્ધ શું શક્ય છે? ૧૦૦ માઈલ દૂર સુધી ફેંકી શકાય એવાં રૉકેટો જે માણસોને ગૂંગળાવીને મારી નાખી શકે. ૬૦ માઈલ સુધી ફેંકી શકાતા વિદ્યુતના શેરડાઓ, જે એક જ સમયે આખે આખી બટાલિયનનો સર્વનાશ કરવા સમર્થ છે અને પેલા નિશાન તાકીને ગોઠવાયેલાં તૈયાર મિસાઈલો જેમાં ભરેલાં પ્લેગ, કૉલેરા, પીળો જ્વર જેવા રોગોના વિષાણુઓ તો વાત જ કરવા જેવી નથી, આ રીતે તો ગણતરીના કલાકોમાં જ આખેઆખા દેશનો સફાયો થઈ શકે છે.

"સાચી વાત છે, તમારી." રશિયને જવાબ વાળ્યો, "પરંતુ શું અમે અમારી મરજી પ્રમાણે કંઈ પણ કરી શકીએ છીએ? એક તરફ પૂર્વ સીમાઓ પર અમે ચીનના કારણે ભીંસમાં છીએ તો અમારે પશ્ચિમ તરફ કંઈક તો કરવું જ..."

"અચ્છા, આટલી જ વાત છે?" ફ્રાન્સિસ બૅનેટ આશ્વસ્ત સ્વરે બોલ્યા, "ચીનાઓની વધતી જતી વસ્તી આખા વિશ્વ માટે ખતરાની ઘંટડી બની રહી છે. આપણે એ લોકો પર દબાણ લાવવું જ પડશે. એમણે એમની પ્રજાના મૃત્યુ દર કરતાં જન્મ દર ઓછો રાખવો જ રહ્યો. આ રીતે પરિસ્થિતિને કાબૂમાં લાવી શકાશે."

"આહ! તમે સર, હું તમારા માટે શું કરી શકું?" 'અર્થ હેરાલ્ડ'ના ડાયરેક્ટરે બ્રિટનના પ્રતિનિધિ તરફ ફરીને જણાવ્યું.

"'ઘણું બધું, મિ. બૅનેટ. જો તમારી પત્રિકા અમારા તરફથી એક અભિયાન શરૂ કરે તો...

"કઈ બાબત માટે?"

"બહુ સાદીસીધી વાત છે. અમેરિકાની કૉંગ્રેસે બ્રિટનના ટાપુઓ પર જમાવેલા કબજાના વિરોધ માટે.."

"ફક્ત આટલું જ!" ફ્રાન્સિસ બૅનેટે ખભા ઉલાળ્યા અને બૂમ પાડી ઊઠ્યા, "આ કબજાને તો ૧૫૦ વર્ષનાં વહાણાં વહી ગયાં! અને તમે અંગ્રેજો એક વાસ્તવિકતા કેમ નથી સ્વીકારતા કે આ ઘટનાઓના વળતર રૂપે તમારો દેશ અમેરિકાનું સંસ્થાન બની ગયો છે. આ તો નર્યું ગાંડપણ જ કહેવાય! તમારા લોકો એવું વિચારી પણ કેવી રીતે શકે કે હું આ પ્રકારનું દેશદ્રોહનું કામ..."

"મિ. બૅનેટ, તમે જાણો છો કે મનરોનો સિદ્ધાંત એટલે આખું અમેરિકા, ફક્ત અમેરિકનો માટે જ અને અમેરિકાથી વિશેષ કંઈ જ નહી અને..."

"પરંતુ બ્રિટન હવે અમારું સંસ્થાન જ છે, સૌથી સારું સંસ્થાન. એને અમે છોડી દઈશું એવું તો વિચારશો પણ નહીં."

"તમે ના પાડો છો?"

"હા, હું ના પાડું છું અને તમે એ બાબતનો આગ્રહ રાખશો તો તમે એ બાબતમાં આ અખબારના પ્રતિનિધિને મુલાકાત આપી છે એવી ક્ષુલ્લક હકીકતને આધારે પણ યુદ્ધની જાહેરાત થઈ શકે છે."

"તો, પછી એ વાત પૂરી." બ્રિટિશ પ્રતિનિધિ ગણગણ્યો, "યુનાઇટેડ કિંગ્ડમ, કૅનેડા અને નવું બ્રિટન અમેરિકનોના હાથમાં છે, ઇન્ડિયા રશિયનોનું થયું, ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડ સ્વતંત્ર! આ બધું જ જે એક સમયે ઇંગ્લૅન્ડનું હતું, આજે એમાંથી શું બચ્યું? કંઈ નહીં!"

"કંઈ પણ નહીં? કેમ, જિબ્રાલ્ટર તો છે ને!" ફ્રાન્સિસ બૅનેટ વ્યંગમાં બોલ્યા.

એ જ ઘડીએ ઘડિયાળમાં બારના ટકોરા પડ્યા. 'અર્થ હેરાલ્ડ'ના ડાયરેક્ટરે ઇશારાથી જ સભા બરખાસ્ત કરી, કક્ષમાંથી બહાર નીકળ્યા અને એક વ્હીલચૅરમાં બેઠા. બે જ મિનિટમાં તો તે એની ઑફિસના દૂરના છેડે, અડધા માઈલ દૂર આવેલા ડાઇનિંગ રૂમમાં પહોંચી ગયા.

ટેબલ તૈયાર જ હતું અને તેમણે પોતાની બેઠક લીધી. એમનો હાથ પહોંચી શકે તે રીતે ઘણી બધી નલિકાઓની અને તેને છેડે ખોલી શકાય તેવી ચકલીઓની જાળગૂંથણી હતી અને સામે હતી ફોનોટેલિફોટેની બહિર્ગોળ સપાટી. તેના પર દેખાઈ રહ્યો એમના પેરિસના નિવાસનો ભોજનકક્ષ! મિ. અને મિસિસ બૅનેટ એક જ સમયે બપોરનું ભાણું સાથે લેવાનું નક્કી કર્યું હતું — આટલા મોટા અંતરની દૂરી હોવા છતાં એકબીજાંને જોઈ શકે અને ફોનોટેલિફોટિક ઉપકરણોની મદદથી એકબીજાં સાથે વાતો કરી શકે, એનાથી વધુ આનંદીત કરનારી અન્ય કોઈ બાબત ન હતી.

પણ પેરિસનો રૂમ તો ખાલી જ હતો.

"એડિથ મોડી છે." ફ્રાન્સિસ બૅનેટ મનમાં જ બોલ્યા, "સમયપાલનની બાબતમાં આ સ્ત્રીઓને શું કહેવું? આ ક્ષેત્ર સિવાય દુનિયામાં બધે જ પ્રગતિ થઈ રહી છે."

ત્યાર બાદ પણ ફક્ત પ્રતિબિંબ, તેમણે એક નળને ખોલ્યો.

આજે બધા જ અમીરોની જેમ ફ્રાન્સિસ બૅનેટ પણ રોજિંદી રસોડાંના કામકાજથી મુક્તિ મેળવી લીધી હતી. તેઓ ઘરે ભાણું મોકલનારી સોસાયટીના સભ્ય છે. આ કંપની તેમના ગ્રાહકોના ઘરે હવાના દબાણના સિદ્ધાંતને આધારે કામ કરતી ટ્યૂબના નેટવર્ક દ્વારા હજારો પ્રકારની વાનગીઓ પહોંચાડે છે. બેશક, આ પદ્ધતિથી મળતું ભોજન ખૂબ જ મોંઘું હોય છે, પણ ભોજન ઉત્કૃષ્ટ કક્ષાનું જ હોવાનું. ઉપરાંત એનો મોટામાં મોટો ફાયદો એ છે કે એના કારણે સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે ભોજન બનાવવાની સ્પર્ધાનો અંત આવી જાય છે.

થોડા મનદુ:ખ સાથે તેમણે એકલા એકલાએ જ ખાઈ લીધું. તેઓ જ્યારે તેમની કૉફી પી રહ્યા હતા, ત્યારે મિસિસ બૅનેટ ઘરે આવી ગયાં હોવાથી ટેલિફોટેમાં દેખાયાં.

ફ્રાન્સિસ બૅનેટે પૂછ્યું, ''એડીથ, અત્યાર સુધી ક્યાં હતી?''

''શું! તમે ખાઈ પણ લીધું? તો તો પછી હું મોડી પડી છું.'' તેમણે જવાબ વાળ્યો, ''હું ક્યાં હતી એ પૂછો છો? હું તો દરજી પાસે હતી... ''આ વખતે બજારમાં બહુ જ સંમોહક હેટ્સ આવી છે. એ હેટ્સ નથી... ગુંબજ છે. સુશોભિત ગોળ ગુંબજ! જે જોવામાં કદાચ મને સમયનું ધ્યાન ન રહ્યું.''

''હા, કદાચ! તેં એટલો સમય ગુમાવ્યો કે મારું ભોજન પણ પૂરું થઈ ગયું.''

''તો પછી હવે શું? ભોજન પતી ગયું તો હવે તમે તમારા કામ પાછળ પાછા દોડવા માંડો.'' મિસિસ બૅનેટે કહ્યું, ''મારે હજી એક જગ્યાએ જવાનું છે, મારા ફૅશન ડિઝાઇનર પાસે.''

અને આ ફૅશનના કપડાં બનાવનાર બીજો કોઈ નહી, વૉર્મસ્પાયર જ છે. ફૅશનની દુનિયામાં જાણીતું નામ! આ એ જ માણસ છે, જેણે એવું વિધાન કરેલું કે સ્ત્રીઓ એટલે માત્ર એક આકાર, બીજું કાંઇ જ નહી! એને તમે ચાહો તે રીતે શણગારી શકો.

ફ્રાન્સિસ બૅનેટે ટેલિફોટેના પરદા પર દેખાતા મિસિસ બૅનેટના ગાલ પર ચુંબન કરી બારી પાસે ગયા, જ્યાં હવામાં ઊડતી કાર એમની રાહ જોઈ રહી હતી.

તેના ચાલકે પૂછ્યું, ''સાહેબ, આપણે ક્યાં જવાનું છે?''

ફ્રાન્સિસ બૅનેટ બોલ્યા, ''વિચારવા દે, મારી પાસે સમય છે... મને નાયગ્રા પાસે જળ વિદ્યુત ઉત્પન્ન કરી રહેલા સંયંત્ર પાસે લઈ જા.''

હવાઈ કાર, એક સરસ મજાનું સાધન છે. હવાના સિદ્ધાંત પર કામ કરતું આ સાધન કલાકના ૪૦૦ માઈલની ઝડપે હવામાં ઊડ્યું. એની નીચે વિસ્તરેલું હતું શહેર, ચાલતી ફૂટપાથ હતી, જે મુસાફરોને એક ગલીથી બીજી ગલીઓમાં તેમ જ ખેતરોમાં લઈ જતી હતી. કરોળિયાના વિશાળ જાળાંની જેમ વિદ્યુત તારો ફેલાયેલા હતા.

ફક્ત અડધા જ કલાકમાં, ફ્રાન્સિસ બૅનેટ એમના નાયગ્રા ખાતેના વિશાળ જળવિદ્યુત પરિસરમાં પહોંચી ગયા. વહેતા પાણીમાં રહેલી અસીમ શક્તિના ઉપયોગથી અહી વિદ્યુત પેદા કરવામાં આવે છે. આ ઊર્જાને ત્યાર બાદ તેઓ ગ્રાહકોને વેચે છે, તેમની મુલાકાત પૂરી થતાં જ તેઓ પાછા ફર્યા. તેઓ ફિલાડેલ્ફિયા, બૉસ્ટન અને ન્યૂયૉર્ક પરથી ઊડીને સેન્ટ્રોપોલીસ પર લગભગ પાંચ વાગે પહોંચ્યા.

'અર્થ હેરાલ્ડ'નું પ્રતીક્ષાલય મુલાકાતીઓથી ભરેલું હતું. બધા જ આતુરતાથી ફ્રાન્સિસ બૅનેટની રાહ જોઈ રહ્યા હતા. તેઓ રોજ અહી અરજદારોની વાતો સાંભળે છે. આ અરજદારોમાં આર્થિક તેમ જ બીજી અન્ય મદદ માટે આવતા સંશોધકો તેમ જ વિવિધ કંપનીના અધિકારીઓ નવી યોજનાઓ વિશે વાત કરવા આવતા હોય છે. એમને સાંભળવાની પણ એક મહત્ત્વની કામગીરી છે. તેઓના તરફથી આવતા વિવિધ

જાતના પ્રસ્તાવોમાંથી એમણે પસંદગી કરવાની રહે છે, ખરાબ પ્રસ્તાવોને ઠુકરાવવા, શંકાસ્પદ પ્રસ્તાવોની તપાસ કરવી અને સારા પ્રસ્તાવોને સહર્ષ સ્વીકારવા.

એમણે ઝડપથી નકામી અને અવ્યવહારુ યોજનાઓથી છુટકારો મેળવ્યો. એમાંથી એક માણસ તો ચિત્રકલાને પુનર્જીવિત કરવા માગતો હતો. એ કલા મૃતપ્રાય બની રહી હતી અને મિલેટનું પ્રસિદ્ધ ચિત્ર એન્જેલસ ફક્ત ૧૫ ફ્રાન્કમાં જ વેચાયું હતું. ૨૦મી સદીના અંતમાં એક જાણીતા જાપાનીઝ શોધકે રંગીન ફોટોગ્રાફીની શોધ કરી હતી. તેના કારણે એ કલા મૃતપ્રાય બની રહી છે. બીજો એક ચિકિત્સક હતો, જેના મતે તેણે એવી દવાની શોધ કરી હતી કે જે લેવાથી માણસ અમર થઈ જાય! એક રસાયણશાસ્ત્રી હતો, તેણે એક નવો જ પદાર્થ શોધી કાઢ્યાનો દાવો રજૂ કર્યો કે જેની એક ગ્રામની કિંમત ૩ મિલિયન ડૉલર હતી અને એક સાહસિક ફિઝિશિયન, જે શરદી-સળેખમનો ઇલાજ શોધી કાઢ્યો હોવાનો દાવો કરતો હતો.

આવા સ્વપ્નદ્રષ્ટાઓને તરત જ રજા આપી દેવામાં આવી.

કેટલીક યોજનાઓને તેમણે આવકારી. તેમાંથી પહેલી એક યુવાનની હતી. એ યુવાનનું મોટું કપાળ તેની તેજસ્વી બુદ્ધિમત્તાને છતી કરતું હતું.

એણે જણાવ્યું, ‘‘સર, શરૂઆતમાં આપણે ૭૫ મૂળભૂત તત્ત્વો હોવાનું માનતા હતા, જેની સંખ્યા હવે ત્રણ જ રહી છે એ તો આપ જાણો જ છો.’’

‘‘હા, હા, ચોક્કસપણે.’’ ફ્રાન્સિસ બૅનેટ બોલ્યા.

‘‘હું આ પદાર્થોને ઘટાડીને એક કરવાની અણી પર છું. જો મારી પાસે પૂરતા નાણાં હોય તો હું ત્રણ જ અઠવાડિયાંમાં સફળતા મેળવી શકીશ.’’

‘‘અને પછી શું?’’

‘‘પછી સર, હું સંપૂર્ણને સ્પષ્ટ કરી શકીશ.’’

‘‘તમારી આ શોધનો વ્યવહારુ દૃષ્ટિએ ઉપયોગ?’’

‘‘વ્યવહારુ, ઉપયોગ? આપણે આ સંશોધન પૂર્ણ થયા બાદ કોઈ પણ પદાર્થ બનાવી શકીશું — પથ્થર, લાકડું, ધાતુઓ, રેસાઓ...’’

‘‘તમે શું એમ કહેવા માગો છો કે ભવિષ્યમાં તમે માણસો પણ બનાવી શકશો?’’

‘‘કેમ નહીં? એમાં એક જ વસ્તુ નહીં હોય — આત્મા!’’

‘‘ફક્ત એટલું જ!’’ ફ્રાન્સિસ બૅનેટે કટાક્ષપૂર્વક જવાબ વાળ્યો, પરંતુ એમણે એ નવયુવાનને તરત જ તેમના અખબારના વૈજ્ઞાનિક તંત્રીઓના વિભાગમાં નોકરી પર રાખી લીધો.

ચાર સફળ અરજદારોમાં બીજાની યોજના તો કમાલની હતી ૧૯મી સદીમાં શરૂ થયેલા પ્રયોગોના આધારે એણે એવી યોજના બનાવી હતી કે એ આખેઆખા શહેરને એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડી શકાય. એણે સૂચન કર્યું કે એની શોધને

પ્રમાણિત કરવા એ સમુદ્રથી ૧૫ માઈલ દૂરના એક શહેરને અંદરના ભાગેથી ખસેડી રેલમાર્ગ નજીક લાવી શકે એમ છે. આ સ્થળને સમુદ્ર નજીકના સહેલગાહ માટેના સ્થળ તરીકે વિકસાવી શકાય.

ફ્રાન્સિસ બૅનેટને આ પ્રસ્તાવ ઘણો પસંદ પડ્યો અને એમણે એમાં અડધી ભાગીદારી કરવાનો સ્વીકાર કર્યો.

ત્રીજા અરજદારે કહ્યું, "સર, તમે જાણો જ છો કે સૂર્યશક્તિ ઉપરાંત પૃથ્વી પરની વિદ્યુત સંચલિત બૅટરી તેમ જ ટ્રાન્સફોર્મરના ઉપયોગથી આપણે બધી જ મોસમ એકસમાન રાખવામાં સફળ થયા છીએ. હું આ શક્તિના બીજા વ્યવહારુ ઉપયોગની દરખાસ્ત લઈને આવ્યો છું. આપણી પાસે જે વધારાની ઊર્જા બચી જાય છે, તેનો એક ભાગ બંને ધ્રુવો પર મોકલાવી દઈએ. આના કારણે ધ્રુવીય પ્રદેશોના બરફને પીગળાવી..."

"તમારી આ યોજના મારી પાસે મૂકી જાવ અને એક અઠવાડિયા પછી મને મળો." ફ્રાન્સિસ બૅનેટે કહ્યું.

છેવટે ચોથા અરજદારે એક મહત્ત્વપૂર્ણ વૈજ્ઞાનિક પ્રશ્ન, જેના ઉકેલ માટે દુનિયાભરના વૈજ્ઞાનિકો મથી રહ્યા હતા અને જેના વિશે આખા વિશ્વમાં ઘણી આતુરતા છે, તેનો તે જ સાંજે નિરાકરણ આવવાનો છે તે જણાવ્યું.

આજથી ૧૦૦ વર્ષ પહેલાં, ડૉ નાથાનિયલ ફેઇથબર્ને એક સાહસિક પ્રયોગ કરી સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું. એ ડૉક્ટરની એવી માન્યતા હતી કે માણસ પણ પ્રાણીઓની જેમ જ સુષુપ્ત જીવન માણી શકે — બીજા શબ્દોમાં, માણસ એના મુખ્ય બંધારણીય શારીરિક અવયવોના કામકાજને સ્થગિત કરી દઈ શકે છે અને થોડા સમય બાદ એને ફરીથી જાગ્રત કરી રોજિંદું જીવન જીવી શકે છે. આ તાર્કિક સિદ્ધાંતનો પ્રયોગ એમણે પોતાની જાત પર જ કર્યો હતો. એમણે સૌથી પહેલાં પોતાનું અંતિમ વસિયતનામું બનાવી દીધું હતું. એમાં એમણે ચોક્કસ સૂચનાઓ લખી રાખી છે. એ સુષુપ્ત અવસ્થામાં જાય તે દિવસથી ગણીને જ્યારે ૧૦૦ વર્ષ પૂરાં થાય પછી જ તેમને જગાડવા. પોતાને જગાડવાની ચોક્કસ રીત પણ એમણે જણાવી છે. ત્યાર બાદ ૧૭૨° ડિગ્રી સેન્ટિગ્રેડ (૨૭૮° ફેરનહીટ) શૂન્ય કરતાં નીચેના તાપમાનમાં તેઓ સુષુપ્ત અવસ્થામાં જતા રહ્યા હતા. એમણે પોતાની જાતને મમી જેવી પરિસ્થિતિમાં મૂકી દીધી. ડૉ. ફેઇથબર્નને કૉફીનમાં સુવડાવી, કબરમાં મૂકી દેવામાં આવ્યા હતા. આજના દિવસે એ સુષુપ્તવસ્થાના ૧૦૦ વર્ષ પૂરાં થાય છે.

૨૫મી જુલાઈ, ૨૮૮૯નો દિવસ એમના પુનરુત્થાનનો દિવસ નિયત જ હતો અને ફ્રાન્સિસ બૅનેટને એવી વિનંતી થઈ કે આ મહાન પ્રયોગના બીજા ભાગને એટલે કે એમના પુનરુત્થાનને 'અર્થ હેરાલ્ડની' ઑફિસના એક જ રૂમમાં કરવા દેવામાં આવે, જેની આખી દુનિયા આતુરતાથી રાહ જોઈ રહી છે. આ રીતે લોકોને પળેપળની માહિતી મળતી રહેશે.

આ માગણીનો સ્વીકાર થયો, રાત્રે ૧૦ વાગ્યે આ પ્રયોગ કરવાનો હતો. ફ્રાન્સિસ બૅનેટે ઑડિશન રૂમની આરામખુરશી પર લંબાવ્યું. પછી એક કળ દબાવી તેમણે મધ્યસ્થ નૃત્યકક્ષ સાથે માહિતી સંચાર સ્થાપિત કર્યો.

એક અત્યાધિક વ્યસ્ત દિવસ બાદ, દિવસ દરમિયાન થયેલી સફળ કામગીરીથી એમને સંતોષ થયો. એ સાથે મનોરંજન તથા મનની શાંતિ માટે મહાન સંગીતકારોએ તૈયાર કરેલી બીજગણિતનાં સૂત્રો પર આધારિત હાર્મોનિયમ અને અન્ય વાદ્યોની સુરાવલી સાંભળી. જે એમને ઘણી જ પસંદ હતી.

રાત ઢળી ચૂકી હતી અને ફ્રાન્સિસ બૅનેટ એક માદક ઘેનની અસર હેઠળ આવી રહ્યા હતા, તેઓ પોતાની જાતને પણ જોઈ શકતા ન હતા. અચાનક જ દરવાજો ખૂલવાના અવાજથી જાગી ઊઠ્યા, ‘‘ત્યાં કોણ છે?’’ એમણે પૂછ્યું. એમણે કૉમ્પ્યૂટરને હાથ અડાડ્યો અને એકાએક એના કંપનને કારણે હવામાં પ્રકાશ ફેલાઈ ગયો.

‘‘ઓહ! ડૉક્ટર તમે છો!’’

‘‘હા જી!’’ ડૉ. સેમ વિલકીન્સ બોલ્યા. તેઓ તેમની રોજિંદી મુલાકાત માટે આવ્યા હતા, ‘‘કેમ ચાલે છે?’’

‘‘હું ઠીક છું.’’

‘‘સારી વાત છે. મને તમારી જીભ જોવા દો.’’

એમણે સૂક્ષ્મ નિરીક્ષણ યંત્રથી જોવા માંડ્યું.

‘‘બરાબર છે! અને તમારી નાડી?’’

એમણે નાડી માપવાના યંત્રોનો ઉપયોગ કર્યો. આ યંત્ર ધરતીકંપ માપવાના યંત્ર જેવું જ હતું.

‘‘ઘણું સરસ! અને તમારો ખોરાક?’’

‘‘સારો છે!’’

‘‘હા, તમારું પેટ! એમાં ગરબડ લાગે છે... તમારું પેટ ઉંમરને કારણે પૂરતું કાર્યશીલ રહેતું જણાતું નથી... વાંધો નહી, આપણે હવે તમારે માટે નવા પેટની વ્યવસ્થા કરવી પડશે!’’

‘‘એનો વિચાર નિરાંતે કરીશું.’’ ફ્રાન્સિસ બૅનેટે કહ્યું, ‘‘એ દરમિયાન, ડૉક્ટર, હું ઇચ્છું છું કે તમે મારી સાથે ભોજન લેશો.’’

ભોજનના સમય દરમિયાન ફરીથી ફોટોટેલિફોનની મદદથી પેરિસ સાથે સંપર્ક જોડાયો અને તેમણે તેમની પત્નીને ટેબલ પર ભોજન લેતી જોઈ અને રાત્રિ ભોજન ડૉ. સેમના રમૂજી ટુચકાઓ સાથે આનંદમય રહ્યું. હજી તો વાળુ પૂરું જ થયું કે તરત જ...

‘‘એડીથ, સેન્ટ્રોપોલીસ ક્યારે પાછી આવે છે?’’ ફ્રાન્સિસ બૅનેટ બોલ્યા.

‘‘હું હમણાં જ નીકળું છું.’’

"ઘણું સરસ, ટ્યૂબથી આવે છે કે હવાઈ ટ્રેનથી?"

"ટ્યૂબથી જ આવું છું."

"હા, કેટલા વાગે અહીં પહોંચશે?"

"મને લાગે છે કે આજે ૧૧ કલાક અને ૫૯ મિનિટે."

"પેરિસના સમયે?"

"ના, ના, સેન્ટ્રોપોલીસના સમયાનુસાર!"

"ગુડ બાય અને જો જે ટ્યૂબ ટ્રેન ચૂકી ન જવાય!"

આ સબમરીન ટ્યૂબ ટ્રેન પેરિસથી સેન્ટ્રોપોલીસ ફક્ત ૨૯૫ મિનિટમાં પહોંચાડે છે, એટલે જ કલાકના માત્ર ૬૦૦ માઈલની મુસાફરી કરતી હવાઈટ્રેન કરતાં લોકો ટ્યૂબને વધારે પસંદ કરતા.

ડૉ. વિલકીન્સ એમના મિત્ર અને સહકાર્યકર ડૉ. ફેઇથબર્નના પુનર્જીવનના સમયે હાજર રહેવાની ખાતરી આપી વિદાય થયા. રોજના હિસાબનો મેળ કરવા ફ્રાન્સિસ બૅનેટ તેમની અંગત ઑફિસમાં ગયા. રોજની ૮૦ લાખ ડૉલરની લેવડદેવડ! સદ્નસીબે આજના આધુનિક મશીનોએ આ કાર્યને સરળ બનાવી દીધું છે. ઇલેક્ટ્રિક કમ્પ્યૂટરની મદદથી ફ્રાન્સિસ બૅનેટે આ કામ તરત જ પૂરું કરી લીધું.

સમય થઈ ગયો. એમણે સરવાળો કરવાના યંત્રની છેલ્લી કળ દબાવી. દરમ્યાન પ્રાયોગિક કક્ષમાં તેમની અનિવાર્ય હાજરી માટે તેમને બોલાવવામાં આવ્યા. તેઓ તરત જ ત્યાં પહોંચી ગયા. તેમનું ઉચિત સ્વાગત થયું. ઘણી મોટી સંખ્યામાં વૈજ્ઞાનિકો પણ ત્યાં હાજર હતા અને ડૉ. સેમ પણ ત્યાં આવી ગયા હતા.

ડૉ. ફેઇથબર્નનું શરીર ત્યાં જ હતું. કૉફીન મૂકવાના સ્ટૅન્ડ પર, રૂમની વચ્ચોવચ મૂકવામાં આવ્યું હતું.

ટેલિફોટેને ચાલુ કરી દેવાયા. આખું વિશ્વ આ ઘટનાના વિવિધ પાસાંઓને નજરે નિહાળી શકશે.

તેમનું શરીર જેમાં સુરક્ષિત રાખવામાં આવ્યું હતું તે કૉફિન ખોલાયું... નાથાનિયલ ફેઇથબર્નના શરીરને બહાર કાઢવામાં આવ્યું... એ હજી પણ મમી જેવું પીળું, સખત અને સૂકુંભઠ્ઠ હતું. લાકડાના ટુકડા જેવું જડ... તેઓ એને ગરમી આપી રહ્યા... હવે વિદ્યુતના ઝાટકા પણ... પરંતુ કંઈ જ પરિણામ જણાતું નથી... એના પર વશીકરણ થયું... એમણે આપેલા સુઝાવ પ્રમાણે બધું જ થયું... પરંતુ આ બધું જ એમના નિર્જીવ જેવા શરીરમાં ફેરફાર લાવી શક્યું નહીં.

"ડૉ. સેમ! હવે!" ફ્રાન્સિસ બૅનેટે પૂછ્યું.

ડૉક્ટર શરીર પર નમ્યા અને ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવા લાગ્યા. સોય વડે એમણે પ્રખ્યાત બ્રાઉન-સેકવાર્ડનો જીવનરસ તેમના શરીરમાં ઉતાર્યો. મૃત્યુને આરે

આવેલા લોકો માટે તે એક અકસીર ઇલાજ હતો, પરંતુ મમી તો પહેલા કરતા પણ વધારે સખત થઈ ગયું.

ડૉ. સેમ બોલ્યા, ‘‘અરે! આ સુષુપ્તાવસ્થા તો બહુ લાંબી ચાલી...’’

‘‘ઓહ!’’

‘‘અને ડૉ. નાથાનિયલ ફેઇથબર્ન મૃત્યુ પામ્યા છે.’’

‘‘મૃત્યુ પામ્યા છે!’’

‘‘બિલકુલ મૃત! અહી હવે ફક્ત પાર્થિવદેહ જ છે.’’

‘‘એમને મર્યે કેટલો સમય થયો હશે?’’

‘‘કેટલો સમય?’’ ડૉ. સેમે જવાબ વાળ્યો, ‘‘લગભગ ૧૦૦ વર્ષ પહેલાં — એમ કહી શકાય કે જ્યારથી એમને આ સુષુપ્તાવસ્થાનો દુ:ખદ વિચાર આવ્યો હતો અને વિજ્ઞાનના પ્રેમના કારણે એમણે આ પ્રયોગ પોતાની જાત પર શરૂ કર્યો હતો, ત્યારથી જ.’’

ફ્રાન્સિસ બૅનેટે જણાવ્યું, ‘‘એનો અર્થ એ થયો કે આ પ્રક્રિયા માટે હજી ઘણું વધુ સંશોધન જરૂરી છે!’’

‘‘હા જી, આપનું સૂચન બરાબર છે.’’ ડૉ. સેમે જવાબ વાળ્યો. તે દરમિયાન સુષુપ્તાવસ્થા પર સંશોધન કરતી વૈજ્ઞાનિક ટુકડી શરીરને અંતિમક્રિયા માટે લઈ ગઈ.

* * *

ડૉ. સેમની સાથે ફ્રાન્સિસ બૅનેટ તેમના કક્ષમાં આવ્યા. આખા દિવસના કામથી તેઓ થાકેલા લાગતા હતા. ડૉક્ટરે એમને સૂતા પહેલાં નાહી લેવાની સલાહ આપી.

‘‘તમારી વાત સાચી છે, ડૉક્ટર... એનાથી ફ્રેશ થઈ જઈશ.’’

‘‘ચોક્કસ, મિ. બૅનેટ, જો તમે કહો તો જતી વખતે હું...’’

‘‘એની જરૂરત નથી ડૉક્ટર, ઑફિસમાં બાથરૂમ છે, મારે બાથરૂમ સુધી જવાની જરૂરત નથી. જુઓ, ફક્ત એક બટન દબાવવા માત્રથી જ, એ જાતે જ મારી પાસે આવશે અને તમે ધ્યાનથી જુઓ કે એની સાથે આવશે ૬૫° ફેરનહાઇટ જેટલા તાપમાનવાળું ગરમ પાણી!’’

ફ્રાન્સિસ બૅનેટે એક બટન દબાવ્યું. થોડી પળો પછી ધીમો ગડગડાટ જેવો અવાજ આવ્યો, જે મોટો થતો ગયો... અને નજીક આવેલા બાથરૂમનો દરવાજો એકાએક ખૂલ્યો. નહાવાનું ટબ દેખાયું. જે પૈડાં પર ફરતું...

આ શું થયું? ડૉ. સેમે એમનો ચહેરો છુપાવી લીધો, અચાનક... બાથરૂમમાંથી હળવી ચીસનો અવાજ આવ્યો...

અડધા કલાક પહેલા જ ટ્રાન્સએટલાન્ટિક ટ્યૂબથી ઑફિસમાં આવેલા શ્રીમતી બૅનેટ બાથરૂમમાં જ હતાં.

* * *

બીજા દિવસે, ૨૬મી જુલાઈ, ૨૮૮૯, 'અર્થ હેરાલ્ડ'ના આ ડાયરેક્ટર ઑફિસથી ૧૨ કિ.મી. દૂર પ્રવાસે ગયા. એ સાંજે, એનો સરવાળો કરતા મશીને કામ શરૂ કર્યું ત્યારે એક દિવસનો નફો ૨૫૦ લાખ ડૉલરનો બતાવ્યો. — આગલા દિવસ કરતાં ૫૦ લાખ વધારે.

એક પ્રતિષ્ઠિત અખબારના આ માલિક માટે, ૨૯મી સદીના અંત ભાગે એ રીતની ઉપલબ્ધિ ઘણી જ સારી બાબત કહેવાય.

માનવનો વિશ્વાસ, કુદરતને લલકારે

શું કલ્પના બનશે હકીકત?

પ્રશ્ન સાંભળી મુસ્કુરાય સમયનો કાંટો

જવાબનો રાઝદાર બસ એ એકલો!

(૪)

બુલેટ ટ્રેન

"અરે ભાઈ! જરા ધ્યાન રાખો!" મારો માર્ગદર્શક મને સાવધ કરતાં બોલી ઊઠ્યો, "જરા ધ્યાનથી જુઓ, ત્યાં પગથિયું છે. આપણે નીચે ઊતરવાનું છે." એણે આંગળી ચીંધી પગથિયું બતાવ્યું ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે ત્યાં ઊંડાણ હતું. મારું સમગ્ર ધ્યાન તો હું ક્યાં છું તે જાણવામાં જ કેન્દ્રિત હતું. આવી ઠંડી અને ખુશનુમા રાત્રિએ હું ક્યાં ફરી રહ્યો હતો?

સાવધાનીપૂર્વક ધીમેધીમે સલામત રીતે પગથિયું ઊતરી મેં આસપાસ ફરીથી નજર નાખી, આ જગ્યા નવી જ લાગતી હતી. હું અહીં પહેલી જ વાર આવ્યો હતો. આગળ મને એક વિશાળ ખંડ દેખાયો. ચારે તરફ વીજળીના ગોળાઓ ઝળહળતા હતા. આંખને આંજી દેતા પ્રકાશથી ટેવાતાં મને થોડી વાર લાગી. આ પ્રકાશને પરાવર્તિત કરતા મસમોટાં પરાવર્તકો તરફ મારું ધ્યાન ખેંચાયું. તેમની પાસે લેવાયેલ બેવડું કામ ખરેખર પ્રશંસનીય હતું. એક તરફ એ પ્રકાશને બેગણો વધારી આખા રૂમને ઝળહળતો કરવાનું કામ કરતા હતા, તો સાથેસાથે એ વિશાળ રૂમને સુંદર બનાવવાનું કામ પણ કરતા હતા. ત્યાં કોઈ પણ દેખાતું ન હતું. કેવળ નીરવ શાંતિ જ હતી. હું અને મારો માર્ગદર્શક આગળ વધ્યા. અમારો પગરવ આ શાંતિનો ભંગ કરવા પૂરતો હતો. હું અચરજથી આ નવી જગ્યાને જોતો જ રહી ગયો. મેં અહીં પહેલી જ વાર પગ મૂક્યો હતો અને આ બધું જોઈને હું દંગ રહી ગયો.

થોડી વાર નિરીક્ષણ કર્યા પછી ફરી પાછો હું મારા પ્રશ્ન પર આવ્યો — હું ક્યાં હતો? આ ખંડમાં શું કરી રહ્યો હતો? શા માટે આવ્યો હતો? કોની સાથે આવ્યો હતો? આ મારો રહસ્યમય સાથીદાર કોણ હતો? આવા તો અનેક સવાલો મારા મગજમાં ઊઠી ગયા, પરંતુ એક પણ પ્રશ્નનો જવાબ મળે એવી શક્યતા દેખાઈ નહીં. રાત્રિના સમયે લાંબી લટાર મારતાં અચાનક જ આ અજાયબઘરમાં આવી પડ્યો હોઉં એવી લાગણી થઈ આવી. આ સ્થળ જોઈ મનમાં એક જ વિચાર આવતો હતો — "રહસ્યમય અજાયબઘર."

અચાનક જ લોખંડના દરવાજા ખૂલ્યા. ધાતુના ખણખણાટ સાથે ફરીથી બંધ થઈ ગયા. શું થઈ રહ્યું છે એની સમજ પડે એ પહેલાં તો નીચે ઊતરતી સીડીઓ દેખાઈ. ધરતીના પેટાળમાં વધુ નીચે જતી સીડીઓ જણાતી હતી! બાળસહજ કુતૂહલથી હું

પ્રત્યેક વસ્તુને જોતો રહ્યો. મારી પાસે વિચારવાનો પણ સમય ન હતો. અત્યારે મને એ વિશાળ રૂમ વિશે આટલું જ યાદ છે.

મારો ગાઇડ મારી મૂંઝવણ સમજી ગયો. કદાચ એને આવી જ અપેક્ષા હતી. એણે સસ્મિત પૂછ્યું, “મને લાગે છે કે તમે અત્યારે તમારી જાત સાથે પ્રશ્નોત્તરી કરી રહ્યા છો. આ જગ્યા વિશે, તેમ જ મારા વિશે, ખરું ને? ચાલો, હું તમને તમારા પ્રશ્નોના જવાબ આપી દઉં કે જેથી આ રહસ્યમય વાતાવરણ દૂર થઈ જાય!”

મિત્રભાવે હસતાં હસતાં એ બોલ્યો, “શ્રીમાનજી, હું કર્નલ પીઅર્સ, અત્યારે તમારી સેવામાં હાજર છું. આપણે અત્યારે ક્યાં છીએ એ મૂંઝવણ છે ને? ચાલો, એ પણ જણાવી દઉં. તમે અત્યારે અમેરિકાના બૉસ્ટન શહેરના ટ્યૂબ રેલવેના સ્ટેશનમાં ઊભા છો.”

હું મારા અચરજને શમાવી ન શક્યો, આશ્ચર્યથી એને જોઈ જ રહ્યો, “સ્ટેશનમાં?”

મારો આ પ્રતિભાવ પણ અપેક્ષિત જ હતો. એ શાંતિથી બોલ્યો, “હા, સ્ટેશનમાં. બૉસ્ટન-લીવરપુલ ટ્યૂબ્સ રેલવે કંપનીના બૉસ્ટન સ્ટેશનમાં. આ જ સ્ટેશન પરથી બૉસ્ટનથી આટલાન્ટિક પારના લીવરપુલની ટ્યૂબ ટ્રેનના ઐતિહાસિક પ્રવાસની આજે શરૂઆત થનાર છે.”

હું આશ્ચર્યચકિત થઈ ગયો. આ વાત પર વિશ્વાસ કરવો કે કેમ તેની અવઢવ મારા ચહેરા પર સ્પષ્ટ તરી આવતી હતી. કર્નલને ખ્યાલ આવી ગયો કે એમની વાત પર હું વિશ્વાસ કરતો ન હતો. તેમણે ફરીથી મિત્રતાભર્યું સ્મિત કર્યું અને નવેસરથી આખી વાત મને સમજાવવાનો પ્રયાસ કર્યો.

કર્નલ પીઅર્સે ઇશારો કરી લાંબા કદના, લોખંડના બે મહાકાય સિલિન્ડર તરફ મારું ધ્યાન દોર્યું. હું એના વિશાળ કદને હેરતભરી નજરોથી જોઈ જ રહ્યો. લગભગ અઢી મીટરના વ્યાસવાળા મહાકાય નળાકારો મારાથી થોડાં જ ડગલાં દૂર જમીન પર સમાંતરે આગળના ભાગ સાથે જોડાયેલા હતા. મેં ધ્યાનથી બંને નળાકારોનું નિરીક્ષણ કરી સાચી વાત જાણવા પ્રયત્ન કર્યો. જમણી તરફ ઇંટોનું મજબૂત ચણતર કરેલું હતું. આ સિલિન્ડરનો અમારા તરફનો છેડો આ મજબૂત માળખા સાથે જોડાયેલો હતો. હું અવાક્ બનીને એ જોઈ રહ્યો. સિલિન્ડરના બીજા છેડે મેં નજર નાખી. આગળના ભાગે લોખંડનાં ઢાંકણો જણાયાં. આવા મોટા કદના સિલિન્ડરોને બંધ કરવા વપરાયેલ ઢાંકણો પણ એવાં જ વજનદાર અને મજબૂત જણાયાં. વધુ નિરીક્ષણ કરવા હું નજીક ગયો. આ ભાગેથી વિવિધ જાતની નળીઓનું ગૂંચળું જોડાયેલ જણાયું બધી નળીઓ છત તરફ જતી હતી.

આ બધું જોતાં જ મારા મગજમાં ઝબકારો થયો. મને બધું જ સમજાઈ ગયું. આ રહસ્યમય માળખાના કોયડાનો જાણે કે ઉકેલ મળી ગયો. જોકે એનું શ્રેય મારા વાંચનના શોખને જ આપવું રહ્યું. થોડા દિવસ પહેલાં જ મેં એક લેખ વાંચ્યો ન હોત તો મારા આશ્ચર્ય અને કુતૂહલના ભાવો યથાવત્ જ રહ્યા હોત. અહીંના અમેરિકન છાપામાં એ લેખ વાંચ્યાનું મને યાદ આવ્યું.

વિજ્ઞાનની ઉપલબ્ધિને બિરદાવતા એ લેખમાં બે સબમરીન જેવા વિશાળ નળાકારોના પ્રયોગની વાત લખી હતી. આ પ્રયોગનો મુખ્ય હેતુ યુરોપને આટલાન્ટિક મહાસાગરને પાર — લગભગ તો સમુદ્રની નીચેથી — નવી દુનિયા એટલે કે અમેરિકા સાથે જોડવાનો હતો. આખી યોજનાની રૂપરેખા એ લેખમાં વિસ્તારપૂર્વક સમજાવાઈ હતી. આ યોજના તૈયાર કરનારનો દાવો હતો કે આ મહત્ત્વાકાંક્ષી યોજનાને અંતિમ સ્વરૂપ અપાઈ ગયું હતું. તેમની આ મહાન શોધ સમગ્ર માનવજાતને અર્પણ કરવા શોધક તૈયાર હતો અને એ મહાન સર્જક અન્ય કોઈ નહી, પરંતુ કર્નલ પીઅર્સ પોતે જ હતો. સૌથી મોટું આશ્ચર્ય તો એ હતું કે મહાન શોધક પોતે જ મારી સામે ઊભા હતા. માનવજાતને અર્પણ કરતા પહેલાં એ મને આ મહાન શોધની જાણકારી આપી રહ્યા હતા.

એ આખેઆખો લેખ તેમાં જણાવેલી પ્રત્યેક ઝીણી-ઝીણી વિગતો સાથે મારી નજર સામે આવી ગયો. એમાં વર્ણવેલી એક એક બાબત મારી આંખો સામેથી પસાર થઈ રહી પત્રકારે એ લેખમાં વિવેકસભર શબ્દોમાં બધી જ વિગતો આપી હતી. જરૂરી માલસામાન, તેનું પરિવહન, તેની સલામતી વિષયક લેવાયેલ વિવિધ પગલાંથી માંડી ટ્રેનના ડબ્બાની ગોઠવણી, ટ્રેનની કાર્યરીતિ વગેરે બધું જ.

પત્રકારને મળેલ માહિતી મુજબ આ યોજના પાર પાડવા ૩૦૦૦ માઈલથી પણ વધારે લંબાઈ ધરાવતી પોલાદની મોટા કદની મજબૂત નળીઓની આવશ્યકતા હતી. આ નળીઓનું વજન જ લગભગ ૧.૩ કરોડ ટન જેટલું થાય તેમ હતું. આ સામાનના પરિવહનનો પ્રશ્ન ખૂબ જ જટિલ હતો. ૨૦૦૦ ટનના ૨૦૦ જેટલા જહાજોની મદદથી આ પ્રશ્ન ઉકેલાયો હતો.

આ સામગ્રીના વહન માટે આ બધાં જ જહાજોએ ૩૩ જેટલી યાત્રાઓ કરવી પડી હતી. લેખકે આ જહાજોના કાફલાને ખૂબ જ સુંદર તથા પ્રસ્તુત નામ આપ્યું હતું, ''વિજ્ઞાનની યુદ્ધનૌકાઓ.'' સાથેસાથે આખેઆખું ચિત્ર નજર સમક્ષ ઊભરી આવે એવું વિસ્તૃત વિવરણ પણ આપ્યું હતું. આ બધા જ જહાજોમાં બે વિશિષ્ટ પ્રકારના વિભાગો હતા. ખૂબ જ ઊંચી જાતના સ્ટીલમાંથી આ પાત્રો તૈયાર કરાયાં હતાં. ઉચ્ચતમ ગુણવત્તાવાળા સ્ટીલનો ઉપયોગ કરી તૈયાર થયેલી આ નળીઓના છેડાઓ એકબીજા સાથે વ્યવસ્થિત રીતે જોડેલા હતા. આ નળીઓને સુરક્ષિત રાખવાનો વિશિષ્ટ પ્રબંધ પણ કરાયો હતો. તેના પર લોખંડનાં ત્રણ આવરણો હતાં જે નળીઓને સુરક્ષિત રાખતાં હતાં. આ ઉપરાંત નળીઓ જહાજના જે ખાસ વિભાગમાં ભરીને લઈ જવાતી હતી તે આખા પાત્રોને પણ ચીકાશયુક્ત રસના આવરણથી મઢી લેવામાં આવ્યાં હતાં. સમુદ્રનું ખારું પાણી તેમ જ ભેજવાળું હવામાન આ સામગ્રી પર વિપરીત અસર ન કરી શકે અને બધું જ સુરક્ષિત રહી શકે એ હેતુથી આ સાવધાની રાખવામાં આવી હતી.

પોતાના આ મહત્ત્વાકાંક્ષી સપનાને સાકાર કરવા કર્નલ પીઅર્સ બધું જ કરી છૂટવા તૈયાર હતા. આ યોજનાની સફળતા જાણે કે એમના જીવનનું પરમ ધ્યેય બની ગયું હતું. એ લેખ લખનાર પણ આ યોજનાના જાદુથી પૂરેપૂરો અંજાઈ ગયેલો લાગ્યો. જરૂરી સામગ્રી અંગેની માહિતીની રસપ્રદ રજૂઆત વાચકને જાણે કે એ નવી જ દુનિયામાં લઈ જતી હતી. એક નાનું બાળક જેમ કોઈની આંગળી પકડી નવું નવું જોતું

હોય, એ જ રીતે. હું વિસ્મયથી બધું જ જોઈ રહ્યો. મેં કોની આંગળી પકડી હતી, એ લેખની કે કર્નલ પીઅર્સની? કહેવું મુશ્કેલ હતું!

લેખકે ત્યાર બાદ ટ્યૂબ ટ્રેનની કાર્યશૈલી પર પ્રકાશ ફેંક્યો હતો. આ માહિતી એક વૈજ્ઞાનિક અદાથી તેણે સમજાવી. તેના મતે આખી ટ્યૂબ એક અનંત લંબાઈ ધરાવતી નળી બની ગઈ હતી. નાનકડા વટાણા જેવડી ગોળીને જો બંદૂકથી એક નળીમાં છોડવામાં આવે તો શું થાય? એની ઝડપ કેટલી વધી જાય? આ આખી ટ્યૂબ પણ લાંબી નળી જ હતી ને? અને એમાં ગોળીને બદલે ગોઠવી હતી રેલવે જેવા ડબ્બાઓની હારમાળા! ખૂબ જ મોટા વ્યાસના આ નળાકાર માર્ગની બંદૂક સાથે સરખામણી કરીએ તો ડબ્બાઓનું કદ વટાણા જેવડી ગોળી જેટલું જ થાય. આ ડબ્બાઓ યાત્રીઓ સમેત, ટ્યૂબમાં હવાના શક્તિશાળી પ્રવાહના દબાણથી આગળ ધકેલાવાના હતા. હવાનો પ્રવાહ જેટલો વધારે તેટલી જ ટ્રેનની ગતિ વધારે. તીવ્ર ગતિ મેળવવા કર્નલે હવાના પ્રવાહને અતિશય શક્તિશાળી બનાવવા માટેનાં સંયંત્રો ગોઠવ્યાં હતાં. સૈદ્ધાંતિક રીતે આ આખી યોજના મને ક્ષતિરહિત જણાઈ. પેરિસની આસપાસ સરકારી તથા લશ્કરી અહેવાલો આ રીતે હવાના દબાણથી જ એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડાતા હતા, તે મને યાદ આવ્યું.

આખો લેખ માહિતીસભર તેમ જ રસપ્રદ હતો. ચલચિત્રની ગરજ સારે એવાં શબ્દચિત્રોને કારણે એક વાર વાંચવાનું શરૂ કર્યા બાદ પૂરું કર્યા વિના બાજુ પર મૂકવું અશક્ય જ હતું. મને લેખનું અંતિમ ચરણ યાદ આવ્યું. ટ્યૂબ ટ્રેનની રેલવે સાથે સરખામણી કરી લેખકે પોતાના લેખની પૂર્ણાહૂતિ કરી હતી.

અતિશય ઉત્સાહથી લેખકે આ નવા જ પ્રકારના સાહસિક કહી શકાય એવા આ પરિવહનના લાભો ગણાવ્યા. યાત્રીઓની સુવિધાનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. આ નવી ટ્રેનની અંદરની સપાટી ચળકાટવાળા ઉચ્ચકોટિના સ્ટીલની બનેલી હતી. બહારના હવામાનની અહીં કોઈ અસર થઈ શકે તેમ ન હતું, કારણ કે હવાના પ્રવાહોની મદદથી ટ્યૂબની અંદરનું તાપમાન હંમેશાં એકસરખું રાખી શકાતું હતું. ઋતુઓને ધ્યાનમાં રાખી અંદરનું તાપમાન સમસાધારણ બનાવાતું હતું. એને કારણે ટ્યૂબના પ્રવાસીઓ માનસિક રીતે સ્વસ્થ રહી શકે એવી ગણતરી હતી. ભાડું પણ યાત્રીઓના ખિસ્સાને પરવડે તેવું નિશ્ચિત થયું હતું. હવાના પ્રવાહના ધક્કાથી ટ્રેન આગળ વધતી હોવાથી ગાડી ચલાવવાનો ખર્ચ લઘુત્તમ જ રહેવાનો હતો. ઉપરાંત જમીનની નીચેના બાંધકામનો ખર્ચ પણ ઘણો ઓછો હોવાથી આ ઝડપી યાત્રાનું ભાડું રેલવેની સરખામણીએ ઓછું હોવાની પૂરી શક્યતા હતી. હવામાં ઊડીને મુસાફરી કરતી વખતે ઊભા થતા ગુરુત્વાકર્ષણ કે હવાના ઘર્ષણના પ્રશ્નો માટે તો આ ટ્રેનમાં અવકાશ હતો જ નહીં.

મહાકાય સિલિન્ડરોને તેમાં થઈને પસાર થતા રેલમાર્ગને અને તે માટેના આ ભવ્ય સ્ટેશનને જોઈ મારી આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. હું મારી આંખોથી આ યોજનાનું નક્કર સ્વરૂપ જોઈ રહ્યો હતો, એટલે એમાં શંકા કરવાલાયક કંઈ જ ન હતું, પરંતુ આ રીતે — આ રસ્તેથી — માણસો આટલી લાંબી મુસાફરી કરી શકે ખરા? કેમેય કરીને મારું મન માનતું નહોતું. અંદરથી અવાજ આવ્યો — “કદાપી નહીં.”

મારા મનમાં અનેક શંકાકુશંકાઓ થવા લાગી. છેવટે મેં મારી શંકા શબ્દ સ્વરૂપે એ વૈજ્ઞાનિક સમક્ષ રજૂ કરી.

"કર્નલ, આટલી લાંબી મુસાફરી દરમિયાન પૂરતી હવા મેળવવી અશક્ય નથી? જમીનમાં આટલી ઊંડાઈએ તાજી હવાનો વિપુલ જથ્થો મેળવી શકાશે ખરો?"

આત્મવિશ્વાસથી ભરપૂર અવાજે કર્નલ બોલ્યા, "હા, હા, કેમ નહીં? તમારી શંકા અસ્થાને છે. હકીકતમાં અહીં હવાના પ્રવાહો મેળવવા સરળ છે." તેમના અવાજમાં પ્રત્યેક જરૂરી બાબતનું ધ્યાન રાખ્યાનો આત્મવિશ્વાસ છલકાતો હતો, "તમને આવી શંકા થાય એ સ્વાભાવિક છે. ચાલો, હું તમને સમજાવું. અંદર હવા મેળવવા એક અત્યંત સરળ યુક્તિનો ઉપયોગ કર્યો છે. તમને ખ્યાલ હશે જ કે ઉષ્ણતા વધારતી ભઠ્ઠીમાં ગરમ હવાની સતત માગ રહેતી હોય છે. આવી ભઠ્ઠીમાં યંત્રની મદદથી ગરમ હવા દબાણપૂર્વક ભરવામાં આવતી હોય છે. મોટા કદના પંખાઓની મદદથી આ કાર્ય ઘણી આસાનીથી થઈ શકે છે. અહીં પણ મેં એ જ પ્રયોગ કર્યો છે. આ સ્ટેશન તેમ જ આખી ટ્યૂબમાં આવા પંખાઓ મોટી સંખ્યામાં લગાડવામાં આવ્યા છે. જે બેવડું કામ આપે છે. તાજી હવા તો મેળવી જ આપે છે, સાથેસાથે અતુલ્ય બળથી હવાને આગળ ધકેલવાનું કામ પણ કરે છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે હવાનું આ અમર્યાદ બળ ટ્યૂબને યાત્રીઓ સમેત કલાકના ૧૮૦૦ કિ.મી.ની ઝડપે આગળ ધકેલે છે. તોપમાંથી છૂટતા ગોળાની જેમ જ તો!" એ અભિમાનપૂર્વક હસતાં હસતાં બોલ્યો. એણે અજાયબીભરી આ વાત આગળ વધારી. હું એની વાતો સાંભળી રહ્યો, પણ કેટલો વિશ્વાસ કરવો તે નક્કી કરી શકતો ન હતો.

"તોપના ગોળાની જેમ, ૧૮૦૦ કિ.મી.ની ઝડપને કારણે આ ટ્યૂબ ટ્રેન બૉસ્ટનથી લીવરપુલની લાંબી મુસાફરી ફક્ત ૨ કલાક અને ૪૦ મિનિટમાં જ પૂરી કરશે." કર્નલના શબ્દોએ મને ચોંકાવી દીધો.

"૧૮૦૦ કિ.મી? એક કલાકમાં?" મારું મોં આશ્ચર્યથી પહોળું થઈ ગયું.

મારા આશ્ચર્યભર્યા પ્રશ્નનો કર્નલ પીઅર્સે શાંતિથી જવાબ આપ્યો, "હા, ૧૮૦૦ કિ.મી. પૂરાં. આવી અભૂતપૂર્વ ઘટના વિજ્ઞાનના ઇતિહાસમાં પહેલી વાર જ બની રહી છે અને તેનું પરિણામ તો એથી પણ વધુ અદ્‌ભુત છે." એના અવાજમાં ઉત્તેજના તરી આવતી હતી, "સામાન્ય માણસ તો વિચારી પણ ન શકે એટલું અદ્‌ભુત પરિણામ છે." થોડું અટકી, ઊંડો શ્વાસ લઈ એણે વાતને આગળ ચલાવી.

"ઊભા રહો, હું તમને ઉદાહરણ સાથે સમજાવું. જુઓ, બૉસ્ટન અને લીવરપુલ વચ્ચેના સમયમાં ૪ કલાક, ૪૦ મિનિટનો તફાવત હોય છે. બૉસ્ટન કરતાં લીવરપુલનો સમય ૪ કલાક, ૪૦ મિનિટ આગળ હોય છે. બૉસ્ટનમાં સવારે ૫.૩૦ થયા હોય ત્યારે લીવરપુલ ખાતે સવારના ૧૦.૧૦ થયા હોય. આ ટ્રેન બૉસ્ટનથી લીવરપુલની મુસાફરી ફક્ત ૨ કલાક ૪૦ મિનિટમાં જ પૂરી કરશે." તેઓ અટક્યા, મારી સામે જોયું, મારો ભાવવિહીન ચહેરો જોઈ તેમને લાગ્યું કે આખી વાત મારી સમજમાં નથી આવી. તેમણે થાક્યા વગર ફરીથી ઉદાહરણ સાથે સમજાવવાની શરૂઆત કરી. નાના બાળકને સમજાવતા હોય એ રીતે બોલ્યા, "જુઓ, યાત્રી જો સવારે ૯ કલાકે બૉસ્ટનથી યાત્રા

શરૂ કરે તો ૨ કલાક ૪૦ મિનિટમાં એટલે કે સવારે ૧૧.૪૦ કલાકે તો લીવરપુલ પહોંચી પણ જાય. શું આ ઝડપી મુસાફરી નથી? બીજા શબ્દોમાં કહું તો આપણી વર્તમાન ટ્રેનો લગભગ ૯૦૦ કિ.મી.ની ઝડપે દોડી સૂર્યની ગતિને પણ હંફાવે છે, પરંતુ ટ્યૂબ ટ્રેનની ઝડપ તો સૂર્યને પણ હરાવે છે. દાખલા તરીકે જો યાત્રી બપોરે ૧.૪૦ થયા હોય ત્યારે લીવરપુલથી યાત્રા શરૂ કરે તો ત્યારે બૉસ્ટન ખાતેના ૯.૦૦ કલાક થયા હોય. બરાબર? ૨ કલાક ૪૦ મિનિટ પછી ટ્યૂબ જ્યારે બૉસ્ટન પહોચે ત્યારે લીવરપુલ ખાતે સાંજના ૪.૨૦ થયા હોય, પરંતુ બૉસ્ટનમાં તો સવારના ૧૧.૪૦ જ થયા હોય ને? ટૂંકમાં, યાત્રીએ મુસાફરી જેટલા વાગે શરૂ કરી તેના કરતાં પણ પહેલાં તે બૉસ્ટન એટલે કે અત્યારે આપણે જ્યાં ઊભા છીએ ત્યાં પહોંચી જાય! કંઈક સમજમાં આવ્યું તમને?"

અજીબોગરીબ લાગતી આ વાત સાંભળીને મારી વિચારશક્તિ જાણે કામ કરતી જ અટકી ગઈ હોય એમ લાગ્યું. શૂન્યવત્ બની ગયેલા મારા મગજમાં ફક્ત એક જ વિચાર આવતો હતો. શું હું એક ગાંડા માણસ સાથે વાત કરી રહ્યો હતો? મારી સામે ઊભેલી આ વ્યક્તિ — કર્નલ પીઅર્સ — જે બોલી રહ્યા હતા એ ખરેખર હકીકત છે? ક્યાંક હું કોઈ સપનું તો નથી જોઈ રહ્યો? આવી અનેક શંકાઓએ મનને ઘેરી લીધું. જોકે મારી આંખો જે જોઈ રહી હતી તેમાં શંકાને સ્થાન ન હતું. કર્નલે સમજાવેલ સિદ્ધાંતો પણ યથાર્થ જ હતા. છતાં મનમાં પ્રશ્નો ખૂટતા ન હતા!!

કર્નલ પીઅર્સ મારી મૂંઝવણ પામી ગયા. ધીરજ ગુમાવ્યા વગર શાંતિથી એ મારા બધા જ પ્રશ્નોના ઉત્તર આપતા ગયા.

"સારી વાત છે." મેં કહ્યું, "હું તમારી વાત પર એક વાર વિશ્વાસ મૂકી દઉં અને માની લઉં કે આવી યાત્રા શક્ય છે, હું એ પણ માની લઉં છું કે કદાચ કેટલાક સાહસિકો આ ગાંડપણ ભરેલો રસ્તો જરૂરથી અપનાવશે. હું એ પણ માની લેવા તૈયાર છું કે સૈદ્ધાંતિક રીતે તમે ટ્યૂબ ટ્રેનની કલાકના ૧૮૦૦ કિ.મી.ની ઝડપ મેળવી શકશો, પરંતુ મને પ્રશ્ન એ થાય છે કે ત્યાર બાદ તમે ગતિ પર નિયંત્રણ કેવી રીતે રાખશો? તમારે ટ્યૂબને રોકવી તો પડશે ને? આટલી ભયાનક ઝડપે ભાગતી ટ્રેનને અચાનક રોકવાથી બધું ભાંગીતૂટીને ટુકડા ન થઈ જાય?"

"ના, ના, બિલકુલ નહીં." કર્નલે તેની આ અભૂતપૂર્વ સિદ્ધિ પ્રત્યેના મારા અવિશ્વાસભર્યા વલણ પ્રતિ અણગમો દર્શાવતાં ખભા ચડાવી જવાબ વાળ્યો. મારી શંકાઓ તથા તે સંબંધી સવાલોથી તેઓ કંટાળેલા લાગ્યા. જોકે આ કંટાળો તેમના શબ્દોમાં જણાયો નહીં. એક કુશળ શિક્ષકની અદાથી તેઓએ ફરીથી સમજાવવાનું શરૂ કર્યું, "ટ્રેનને રોકવાનું કામ તો ઘણું જ સરળ છે. જુઓ, આ બંને ટ્યૂબની વચ્ચે વારાફરતી વિરુદ્ધ દિશામાં જતા હવાના પ્રવાહો કાર્યરત છે, એ હું તમને જણાવી જ ચૂક્યો છું. ટ્રેનને બૉસ્ટનથી લીવરપુલ જવા માટે તો વળતી મુસાફરીમાં લીવરપુલથી બૉસ્ટન જવા માટે. આ આખા માર્ગ પર વિવિધ સ્થળોએ જોઇન્ટ બનાવ્યા છે, જ્યાં માહિતી અને સંદેશાઓની આપ-લે થતી રહે છે. જ્યારે પણ ટ્રેન જોઇન્ટ પાસેથી પસાર થાય કે તરત જ એક વિદ્યુત સિગ્નલથી ટ્રેનના ચોક્કસ સ્થાનની માહિતી કંટ્રોલરૂમને પ્રાપ્ત થતી રહે છે. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન ટ્રેન તેણે મેળવેલ

ઝડપે આગળ ધસતી જ રહે એવી વ્યવસ્થા છે અને શ્રીમાન, ફક્ત એક હેન્ડલ ફેરવવા માત્રથી જ ટ્રેનની ગતિ ધીમી કરી શકાય તેમ છે. હેન્ડલ ફેરવવાથી સમાંતર નળીઓમાં દબાણપૂર્વક ભરેલી હવાનો વિરુદ્ધ પ્રવાહ તરત જ ચાલુ થઈ જાય છે. આ પ્રવાહ ટ્રેનની ગતિ ઘટાડવાનું કામ કરે છે. છેવટે ટ્રેન રોકી શકાય છે.''

એક પળ માટે મારી સામે જોઈ તેઓ બોલ્યા, ''તમને નથી લાગતું આ બધા સ્પષ્ટીકરણોની કોઈ જ જરૂરત નથી? આ રીતે પ્રશ્નો પૂછી પૂછીને કે શંકાકુશંકા કરીને આ ટ્રેન સંબંધી માહિતી મેળવવા કરતાં જાતે પ્રવાસ કરી અનુભવ લેવો વધુ યોગ્ય નથી?''

હું વિચારમાં પડી ગયો. આ યાત્રા સલામત હોવા અંગે મને હજી પણ સંદેહ હતો. એમનો પ્રસ્તાવ સ્વીકારતાં પહેલાં ઘણાં પ્રશ્નોના જવાબ મેળવવાના બાકી હતા, પરંતુ મારા શંકાસ્પદ પ્રશ્નોથી કંટાળેલા કર્નલે ટ્યૂબની એક તરફથી બહાર દેખાતું ધાતુનું ચમકતું હેન્ડલ જોરથી ખેંચ્યું. હેન્ડલ ખેંચાતાં જ એક દરવાજો સરળતાથી એના ખાંચામાં સરક્યો. એ ખુલ્લા દરવાજામાંથી મેં અંદર નજર નાખી.

અંદરનું દૃશ્ય અત્યંત પ્રભાવશાળી હતું. બે-બે બેઠકોની હારમાળા હતી. આ આરામદાયક બેઠકોની ગોઠવણી કલાત્મક રીતે કરેલી હતી. પ્રત્યેક બેઠકમાં બે માણસો આરામથી બેસીને મુસાફરી કરી શકે તેવી સરળ પણ મનમોહક વ્યવસ્થાને હું અભિભૂત થઈ જોતો જ રહી ગયો.

''અરે! શ્રીમાન, અંદર આવી જાવ.'' કર્નલના અવાજે મને તંદ્રામાંથી જગાડ્યો. તેઓ મને ટ્રેનના ડબ્બામાંથી બોલાવી રહ્યા હતા, ''આ ટ્યૂબ ટ્રેનનો ડબ્બો છે. આવો અને અંદર બેસી જાવ.'' કોઈ પણ જાતના વિરોધ કે અણગમો દેખાડ્યા વગર હું તેમને અનુસર્યો અને ડબ્બામાં ચડી ગયો. દરવાજો તરત જ એની જગ્યાએ સરકીને બંધ થઈ ગયો. બહારનું દૃશ્ય દરવાજાના કાચમાંથી દેખાઈ રહ્યું.

મેં મારું ધ્યાન હવે ડબ્બાના અંદરના ભાગે કેન્દ્રિત કર્યું. પ્રકાશમય વિદ્યુત ગોળાના પ્રકાશમાં મેં ડબ્બાનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું. ડબ્બાનું માળખું અતિશય સરળ અને સાદું, પરંતુ આરામદાયક હતું. એનાથી વધુ સરળ વ્યવસ્થાની કલ્પના થઈ શકે તેમ ન હતી એમ કહું તો તેમાં અતિશયોક્તિ ન હતી. આકર્ષક પડદાઓ દરેક ડબ્બાને સુશોભિત કરી રહ્યા હતા. બેઠક વ્યવસ્થા વધુ સ્પષ્ટ બની. બે-બેની જોડમાં ૫૦ જેટલી આરામદાયક બેઠકો ૨૫-૨૫ની સમાંતર કતારમાં ગોઠવાયેલી હતી. આ બેઠકો મને ખૂબ જ ગમી ગઈ. ડબ્બાના બંને છેડે મુકાયેલ વાલ્વ હવાના દબાણનું નિયમન સહજતાથી કરી રહ્યા હતા. પાછળના છેડે મુકાયેલ વાલ્વનું મુખ્ય કામ હતું શ્વસન માટે લાયક તેમ જ જરૂરી હવાને ડબ્બામાં લાવવાનું, તો આગળના વાલ્વનું કામ ડબ્બામાં આવેલી હવાનું સંચાલન કરવાનું હતું. જો ડબ્બામાં હવાનું દબાણ જરૂરત કરતાં વધી જાય તો વધારાની હવાને બહાર ફેંકવાનું કામ આ વાલ્વનું રહેતું. મેં નોંધ્યું કે આરામદાયક બેઠકોથી માંડીને જરૂરત મુજબની હવાનું દબાણ જેવી દરેક બાબતનું આ ટ્રેનમાં ખૂબ જ સારી રીતે ધ્યાન રાખવામાં આવ્યું હતું.

અમે આરામખુરશીમાં બેઠા. થોડા નિરીક્ષણ બાદ મનમાં શંકાનો ભાર હળવો થયો. જો કે થોડો ડર હજી પણ હતો, પરંતુ આ સાહસિક યાત્રાને માણવાની મને અદમ્ય ઇચ્છા થઈ આવી. મેં અધીરાઈથી કર્નલને પૂછી જ લીધું, "શું આપણે યાત્રા કરવા આ ટ્રેનમાં નથી બેઠા? ચાલો, હવે યાત્રા શરૂ કરીએ."

"યાત્રાની શરૂઆત?" મારી અધીરાઈ જોઈ કર્નલ સસ્મિત વદને થોડી વાર મારી સામે જોઈ રહ્યા. પછી ધીરેથી બોલ્યા, "તમને ખ્યાલ આવ્યો હોય તેમ લાગતું નથી." ત્યાર બાદ એકદમ ઉત્સાહિત થઈ જોરથી બોલી ઊઠ્યા, "અરે! આપણે યાત્રા શરૂ કરી દીધી છે. અત્યારે આપણી ટ્યૂબ ટ્રેન કલાકના ૧૮૦૦ કિ.મી.ની ઝડપે લીવરપુલ તરફ દોડી રહી છે."

એમની વાત સાંભળીને મને આશ્ચર્યનો આંચકો લાગ્યો, "શું વાત કરો છો? યાત્રા શરૂ થઈ ગઈ? ટ્રેન ચાલુ થઈ ગઈ? ખબર પણ ના પડી!! ના કોઈ આંચકો કે ના અવાજ! શું આ શક્ય છે?" વિશ્વાસનું સ્થાન શંકાઓએ લઈ લીધું. કાન માંડીને મેં અવાજ સાંભળવા પ્રયાસ કર્યો. કોઈ પણ પ્રકારનો અવાજ સંભળાય તો કર્નલની સચ્ચાઈ પર વિશ્વાસ કરી શકાય. આ યાત્રા શરૂ થઈ છે કે કેમ તે પણ જાણી શકાયું નહી. ટ્રેનમાં બેઠા પછી ટ્રેન ચાલતી હોય એવી લાગણી થતી જ ન હતી. હું કંઈ જ સાંભળી કે અનુભવી ન શક્યો.

કર્નલ મારી તરફ જોઈ રહ્યા હતા, પણ મારું મન નવા જ પ્રકારના વિચારોમાં ખોવાઈ ગયું. કર્નલના કહેવા મુજબ આ ટ્રેન ૧૮૦૦ કિ.મી.ની ઝડપે દોડી રહી હતી. જો એ જૂઠું બોલી મને છેતરતા ન હોય, એમની વાત સાચી હોય અને આ ટ્રેન અમને લઈને અભૂતપૂર્વ ઝડપે લીવરપુલ તરફ દોડી રહી હોય તો... તો... અમે જમીનથી ઘણા જ દૂર નીકળી ગયા હોઈશું. વિશાળ, બિહામણા જળચરોથી ભરેલા, પાણીના ભયંકર દબાણવાળા મહાસાગરની અગાધ ઊંડાઈની પણ નીચેથી પસાર થઈ રહ્યા હોઈશું. અમારી ઉપર ફીણવાળા પહાડી મોજાંઓ ધરતીના વાતાવરણને ઘૂઘવતા હશે. આ સમયે સાવ જુદા જ પ્રકારના સમુદ્રી સર્પો તથા મહાકાય વ્હેલ માછલીઓ તેમની શક્તિશાળી પૂંછડીઓથી અમારી આ લાંબી, લોખંડની કેદ પર પ્રહારો કરી રહ્યા હશે. હા, કેદમાં તો અમે જ હતા. એ જળચર જીવો તો આઝાદ હતા!

આ બધા અવાજો સાંભળવા હું મથી રહ્યો, પરંતુ એક શુષ્ક ધીમા ગડગડાટ સિવાય મને કંઈ જ સંભળાયું નહી. બેશક! આ અવાજ અમારી ટ્રેનના ઝડપી પ્રવાસને કારણે જ થતો હોવાની પૂરેપૂરી શક્યતા હતી. હું આશ્ચર્યમાં ડૂબી ગયો. આ સપનું હતું કે હકીકત! આ અદ્ભુત ઘટનાને સાચી માનવા મારું મન તૈયાર નહોતું, પણ લીવરપુલ પહોંચ્યા બાદ જ ઘટનાની તથા કર્નલના દાવાની સચ્ચાઈ ચકાસી શકાય તેમ હતું. શાંતિથી બેસી રહેવા સિવાય બીજો રસ્તો જ ક્યાં હતો? છેવટે મગજમાંથી બધા જ વિચાર કાઢી નાખી શાંતિપૂર્વક બેસીને હું ટ્રેનના અટકવાની રાહ જોઈ રહ્યો.

લગભગ એકાદ કલાક પસાર થયો હશે. હું થોડો સુસ્ત થઈ રહ્યો હતો. અચાનક મારા કપાળ પર મેં તાજગીભર્યો સ્પર્શ અનુભવ્યો અને મારી સુસ્તી ઊડી ગઈ. આ તાજગીનું કારણ જાણવા સહજ રીતે જ મારા હાથ મારી ભ્રમર પર ગયા મારા હાથ પર

મેં ભીનાશ અનુભવી, અરે! આ તો પાણી છે! મને ખ્યાલ આવ્યો કે મારા કપાળ પર પાણી હતું. હું ગભરાયો. અહીં પાણી ક્યાંથી આવ્યું? શું થયું હશે? શું આ લાંબી મજબૂત નળીઓ મહાસાગરના પાણીના ભયંકર દબાણને વશ થઈ ફાટી ગઈ કે શું?

આ વિચાર પણ ભયાનક હતો. પાણીના દબાણની ભયાનકતા અંગે મને પૂરેપૂરી માહિતી હતી. એ સ્થિતિ ખૂબ જ બિહામણી અને વિનાશકારી બની શકે તેવી હોય છે. આ દબાણ દર ૧૦ મીટરના ઊંડાણમાં, ઊંડાણ મુજબ વધતું જતું હોય છે. શું આ આખો મહાસાગર તેના તોફાની પાણી તથા વિશાળકાય પ્રાણીઓ સમેત અમારી ઉપર ત્રાટકી રહ્યો હતો? કે પછી... આ થઈ શું, રહ્યું હતું.? આવા વિચારોએ મને ભયભીત કરી દીધો. હું પરસેવાથી રેબઝેબ થઈ ગયો. ભયાનક ડરે મને જકડી લીધો. ગભરાટથી મેં બૂમ પાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ મારા ગળામાંથી અવાજ નીકળી શક્યો નહી.

અને... અને... હું જાગી ગયો. હું આખો ભીનો થઈ ગયો હતો, પરંતુ હું હતો ક્યાં? હું બાગમાં હતો, ત્યાં જ ઊંઘી ગયો હતો અને ઝરમર વરસાદના ટીપાં મને ભીજવી રહ્યાં હતાં. વરસાદના પાણીના તાજગીભર્યા સ્પર્શે મને જગાડી દીધો હતો અને મારા હાથમાં હતું અમેરિકન અખબાર! જેમાં છપાયો હતો આ લેખ — કર્નલ પીઅર્સની અદ્‌ભુત યોજનાની રૂપરેખા આપતો લેખ. એ વાંચતા-વાંચતા જ હું ઊંઘી ગયો હતો.

મને ખ્યાલ આવી ગયો કે હું સપનું જોઈ રહ્યો હતો. હું હસી પડ્યો. સપનામાં જ ભવિષ્યની દુનિયામાં ડોકિયું કરવાની મને તક મળી હતી. જો કે આવી ટ્યૂબ ટ્રેનની સંભાવના અંગે મારી શંકાકુશંકાઓ તો યથાવત જ રહી... શક્ય હોય કર્નલ પીઅર્સે પણ કદાચ સપનું જ જોયું હોય!!!

સાહસી, કદી ન લે આવેશમાં નિર્ણય

ના કૂદી પડે એક જ તરંગે

એ તો એકલવીર

પીછો કરે સપનાનો સફળતા સુધી

સાથે હોય અપાર આત્મવિશ્વાસ

(૫)

આકાશી ડ્રામા

(૧)

૧૮૫૦ના સપ્ટેમ્બરનો એ યાદગાર દિવસ — મારો દિલધડક પ્રવાસ — જીવનમાં ક્યારેય ન ભૂલી શકાય એવો ચીરસ્મરણીય ઘટના ક્રમ — ચાલો, હું તમને માંડીને વાત કરું અને તમને પણ મારી સાથે મારી યાત્રામાં સામેલ કરી લઉં.

એ દિવસોમાં આખી દુનિયામાં બલૂનયાત્રાની બોલબાલા હતી. વિવિધ દેશોમાં બલૂનયાત્રાના રોજેરોજ નિતનવા સફળ-અસફળ પ્રયોગો થતા રહેતા હતા. પૅરિસ આ પ્રકારના પ્રયોગોની બાબતમાં અગ્રેસર ગણાતું. ત્યાં બલૂનની મદદથી હવામાં ઊડવાના અનેક પ્રકારના રોમાંચક તેમ જ અદ્‌ભુત પ્રયોગો સામાન્ય બાબત હતી. આ યાત્રાના રોમાંચને માણવા મેં પોતે પણ બલૂનયાત્રા શરૂ કરી હતી અને અત્યારે તે જર્મનીના વિવિધ શહેરોમાંથી પસાર થઈ રહી હતી. મારી આ અદ્‌ભુત અને યાદગાર યાત્રા કંઈક અંશે નોંધપાત્ર બની ગઈ. દરેક શહેરમાં મારી બલૂનયાત્રાને જોવા લોકોનાં ટોળેટોળાં ઊભરાતાં, પરંતુ આશ્ચર્યની વાત એ હતી કે હું યુરોપના વિવિધ શહેરમાંથી પસાર થતો થતો જર્મનીના ફ્રૅન્કફર્ટ શહેરમાં પહોંચ્યો, ત્યાં સુધીમાં એક પણ જર્મન નાગરિકે મારા સહયાત્રી બનવાની સાહસવૃત્તિ બતાવી નહોતી. ગ્રીન ગોડાર, પોટેવીન જેવા સાહસવીરો પણ જર્મનોને આવી સાહસિક હવાઈયાત્રા પરત્વે આકર્ષવામાં નિષ્ફળ રહ્યા હતા. એ ઘણી આશ્ચર્યજનક વાત હતી, પરંતુ મારી આ યાત્રા ઘણા સારા મુહૂર્તમાં શરૂ થઈ હોવાનો સુખદ અનુભવ મને ફ્રૅન્કફર્ટ પહોંચતાં જ થયો. શહેરમાં બલૂનયાત્રાના સમાચાર ફેલાતાંની સાથે જ ત્રણ અગ્રણી નાગરિકોએ મારા સહયાત્રી બનવાની તૈયારી બતાવી. મારા આનંદનો પાર ન રહ્યો. મેં તેમને સહર્ષ આવકાર્યા. શહેરના મુખ્ય ચોક 'પ્લેસ ડી લા કૉમેડી' પરથી બે દિવસ બાદ યાત્રાનો શુભારંભ કરવાનું અમે નક્કી કર્યું.

બલૂનયાત્રામાં બલૂનની પસંદગી અતિ મહત્ત્વની બાબત ગણાય. મારી આ યાત્રાનું મહત્ત્વ અને મારી સુરક્ષાની બાબતોને ધ્યાનમાં રાખી મેં એક વિશાળ બલૂન પર પસંદગી ઉતારી. એની મજબૂતાઈ પર ભાર મૂકી મેં રેશમી કાપડનો ઉપયોગ કર્યો.

આ ઉપરાંત વિવિધ વૃક્ષોના રસમાંથી બનેલ રબરનું આવરણ, બલૂનના કાપડને વધારાની મજબૂતી તથા સલામતી આપતું હતું. આ આવરણ બલૂનને ગૅસ તેમ જ ઍસિડની વિપરીત અસરથી બચાવવા સક્ષમ હતું.

બીજી પણ ઘણી તૈયારીઓ કરવાની હતી. મારી સાથે બીજા બે યાત્રીઓ પણ જોડાવાના હતા. એને ધ્યાનમાં રાખી બલૂનને સાહસિક ઉપરાંત આરામદાયક મુસાફરી માટે તૈયાર કરવાનું કામ મેં તરત જ આરંભી દીધું. નાની-મોટી તિરાડોને સાંધીને સરખી કરી લીધી. બલૂનને નીચે ઉતારવાની પ્રક્રિયા જોખમી હોય છે. નાની સરખી ભૂલ પણ આવાં જોખમોને વધારી શકે છે એની મને જાણ હતી જ, એટલે જ આવાં ન ટાળી શકાય એવાં જોખમોને પહોંચી વળવા વિવિધ પગલાંઓ લઈ બલૂનને વધુ મજબૂત બનાવવા તરફ જ મારું ધ્યાન હતું. બલૂનનું કદ ૩૦૦૦ ઘનવાર જેટલું વ્યાપક બની શકે તેમ હતું. વિશાળ કદ, વધારે ગૅસ તથા મજબૂત કાપડ, આ બધી જ બાબતો યાત્રીઓને લાંબા સમય સુધી હવામાં રાખવાની અને ઊંચાઈની ઉચ્ચતમ સીમાએ લઈ જવા માટે સક્ષમ હતી.

અમારા આરોહણ માટે મેં સપ્ટેમ્બરના મેળાનો દિવસ પસંદ કર્યો હતો. એનાં મુખ્ય કારણો બે હતાં. એક તો ફ્રૅન્કફર્ટ શહેરના લોકો આ દિવસને શુભ માનતા આવેલા અને બીજું, આ મેળો આખી દુનિયાના લોકોને શહેર તરફ આકર્ષિત કરતો હતો. સૌ ઉદ્યમી લોકોની દોડ આ શહેર તરફ જ રહેતી હોય છે. આથી ભીડને કારણે અમને પ્રોત્સાહન મળશે અને મારી યાત્રા વધુ જાણીતી બની શકશે એવી મારી ગણતરી હતી.

બલૂનમાં ગૅસ ભરવા એક મોટું ગૅસ સંગ્રાહક યંત્ર બનાવવામાં આવ્યું હતું. એક મજબૂત ટાંકી પાસે મુકાયેલ આ યંત્રમાં છ જેટલાં હવાચુસ્ત બૅરલોનો ઉપયોગ થયો હતો. ધીમેધીમે હાઇડ્રોજન ગૅસ બલૂનના ઢીલાઢફ ગોળામાં ભરાવાની શરૂઆત થઈ અને બલૂન ફૂલવા માંડ્યું. સવારનો બધો જ સમય વિશાળ બલૂનમાં ગૅસ ભરવામાં જ પૂરો થઈ ગયો. કામ એટલું મહત્ત્વનું હતું કે કેટલો સમય થયો તેનું ધ્યાન જ ન રહ્યું. લગભગ પોણા ભાગનું બલૂન ભરાઈ ગયું. ત્યારે જ મને ઘડિયાળ જોવાનો સમય મળ્યો. સવારના ૧૧ થવા આવ્યા. સુરક્ષા અને સાવધાનીના નિયમ મુજબ બલૂનમાં જેટલો ગૅસ ભરી શકાય એમ હતો, તેટલો ગૅસ ભરાઈ ગયો હતો. જેમ જેમ ઉપર ચઢતા જઈએ તેમ તેમ હવા વધારે ને વધારે પાતળી થતી જાય. વાતાવરણની ઘનતા તથા દબાણ ઘટે. એ સાથે બલૂનમાં ભરેલ ગૅસનું વિસ્તરણ પણ થાય. પૂરેપૂરું ભરેલું બલૂન આવા સંજોગોમાં ફાટી જાય. એ કારણે બલૂન પોણાભાગ જેટલું જ ભરવાનું હોય છે.

હવાઈયાત્રામાં અન્ય એક અતિશય મહત્ત્વની બાબત છે. વજનની ચોક્કસ ગણતરી. વજનની સમતુલા પર યાત્રાની સફળતાનો આધાર રહેલો હોય છે. બલૂનના ગોળા નીચે લટકતી અમારી કૅબિન જરૂરી સામાન તથા તેમાં મુસાફરી કરનાર હું અને મારા ત્રણ સાથીઓ — આ બધાના વજનની ચોક્કસ ગણતરી મેં કરી જ લીધી હતી. અમને પૂરતી ઊંચાઈએ લઈ જવા માટે એ રીતે ગણતરીપૂર્વકનો જરૂરી ગૅસ બલૂનમાં ભરાવ્યો હતો. તે જ ગણતરીને આધારે પૂરતા વજનનું નીરમ પણ બલૂન નીચેની કૅબિનમાં મુકાવ્યું હતું. નીરમ એટલે રેતીથી ભરેલી કોથળીઓ. તમને તો ખબર જ હશે કે હાલકડોલક થતા દરિયાઈ જહાજોને સ્થિર રાખવા ભારે વજનની રેતીની

કોથળીઓ તળિયામાં મૂકવામાં આવતી હોય છે. બલૂનને હવામાં સ્થિર રાખવા પણ એ જ રીતે નીરમ જરૂરી હોય છે.

મારું આકર્ષક બલૂન ચોકના વચ્ચેના ભાગમાં હવામાં ઝૂમી રહ્યું હતું. બપોરે યાત્રા શરૂ કરવાની મારી ગણતરી હતી. બલૂનની પાસે ઊભો રહી મેદનીને નિહાળતાં નિહાળતાં, હું મારા સાથીઓની રાહ જોઈ રહ્યો હતો. બસ, આતુરતાનો અંત નજીક જ હતો. તેઓ આવે કે તરત જ ઉડ્ડયન શરૂ કરવાનું હતું. મેં ચારે તરફ નજર નાખી. મને આનંદ હતો કે મેં આ દિવસ પસંદ કર્યો હતો. મારો એ માટેનો હેતુ બર આવી રહ્યો હતો. એ દૃશ્ય કોઈને પણ ઉત્સાહિત કરવા પૂરતું હતું. આખો ચોક કુતૂહલવશ લોકોનાં ટોળેટોળાંથી ઊભરાઈ રહ્યો હતો. વાતાવરણમાં ઉત્તેજના હતી. અમારી યાત્રાને જોવા તેમ જ વધાવવા લોકો અધીરા બની રહ્યા. ભારે ભીડમાં લોકો એકબીજાથી ભીસાતા હતા. ફક્ત ચોક જ નહીં, એકબીજા સાથે સંકળાયેલી આસપાસની શેરીઓ પણ ભરચક હતી. ઘરના નીચેના માળથી, મકાનોનાં ત્રિકોણાકાર છાપરાંઓ માનવમેદનીથી ઢંકાઈ ગયાં હતાં. મારા આ સાહસની નોંધ લેવા એકત્રિત થયેલી મેદનીને હું ગર્વ તથા આનંદની લાગણીથી જોઈ રહ્યો.

જો કે હું થોડો ચિંતાતુર પણ હતો. બલૂનયાત્રાની સફળતાનો ઘણોખરો આધાર હવામાન પર રહેતો હતો. લોકોનો ઉત્સાહ તો સમાતો ન હતો, પરંતુ એની અસર હવામાન પર થતી દેખાતી ન હતી. વાતાવરણ ખૂબ જ સુસ્ત અને નિરુત્સાહી હતું. બલૂનને ઉપર લઈ જવા જરૂરી પવન આગલા દિવસે જ ધીમો પડી ગયો હતો. વાદળવિહીન આકાશમાંથી પડતી અસહ્ય ગરમી અકળાવી રહી હતી. પવન ન હોવાથી ખૂબ જ ભારે બની ગયેલા વાતાવરણમાં શ્વાસ લેવામાં પણ મુશ્કેલી અનુભવવી પડે એવી સ્થિતિ હતી. આવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં તો વ્યક્તિ જ્યાંથી ઉપર ઊડે, ત્યાં જ સીધેસીધું ઉતરાણ કરે એવી શક્યતા વધારે હતી. મને મારી યાત્રાની સફળતાની ચિંતા થઈ. જો કે લોકોના ઉત્સાહિત ટોળાંની હાજરીથી મારો આત્મવિશ્વાસ આવા નિરાશાજનક વાતાવરણમાં પણ ટકી રહ્યો હતો.

બલૂનની ઉપર ઊડવાની ક્ષમતા તથા અમારા વજનને ધ્યાનમાં રાખીને મેં ૩૦૦ રતલ નીરમ કોથળીઓમાં ભરી કૅબિનમાં સાથે લીધું હતું. બલૂનની નીચે લટકતી અમારી આરામદાયક કૅબિન લગભગ ચાર ફૂટના વ્યાસવાળી હતી. એમાં જરૂરી બધી જ સગવડો કરવામાં આવી હતી. મજબૂત રસ્સીઓની મદદથી આ કૅબિનને બલૂન સાથે જોડવામાં આવી હતી. આ મજબૂત રસ્સીઓ બલૂનના ઉપરી ગોળાર્ધને તો આધાર આપતી જ હતી. સાથેસાથે બલૂનને સપ્રમાણ રાખવામાં પણ મદદરૂપ થતી હતી. દિશાઓની જાણકારી મેળવવા અત્યંત જરૂરી હોકાયંત્ર તથા ધરતીથી તેની ઊંચાઈની માહિતી આપનાર બૅરોમીટર પણ સાથે રાખ્યું જ હતું. રસ્સીઓ જ્યાં બાંધેલી હતી ત્યાં ગોળ ભાગ પર બૅરોમીટર લટકતું હતું. નીચે ઉતરાણ કરવા જરૂરી લંગર પણ યોગ્ય જગ્યાએ જ હતું. ટૂંકમાં, એમ કહી શકાય કે આરોહણ માટેની બધી જ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ હતી.

ચોકમાં ઊભેલા ઉત્સાહિત લોકો તરફ મેં ફરી એક વાર નજર નાખી. અચાનક જ મારી નજર ટોળામાં ઊભેલા ફિક્કા ચહેરાવાળા એક માણસ પર પડી. કાંઈક વિચિત્ર

દેખાતો એ યુવાન ટોળામાં જુદો જ તરી આવતો હતો. એના ચહેરા પર ન સમજાય એવા વ્યાકુળતાના ભાવ હતા. એ મારા બલૂનને ધ્યાનથી જોઈ રહ્યો હતો. ન જાણે કેમ, પણ એને જોતા જ હું અસ્વસ્થ બની ગયો. એક વિચિત્ર પ્રકારની લાગણીએ મને ઘેરી લીધો. આ ચહેરાને મેં ઘણાં જર્મન શહેરોમાં જોયો હતો. આજે પણ એ કંઈક વિચિત્ર ભાવ સાથે, જમીનથી થોડા ફૂટ ઊંચા મારા આ અદ્‌ભુત ઉડ્ડયન યંત્રને અકળ ભાવથી જોઈ રહ્યો હતો. એ કંઈ ચિંતાતુર હોય એમ પણ લાગ્યું, પરંતુ ભીડમાં અદબ વાળીને એ શાંતિથી ઊભો હતો. મારું ધ્યાન વારંવાર એ નવયુવક તરફ ખેંચાતું રહ્યું. એને જોતાં જ મનમાં જન્મેલી, ન સમજાય એવી લાગણીઓને દબાવી દઈ મેં મારા સહયાત્રીઓની રાહ જોવા માંડી.

બપોરના બાર વાગી ગયા. આરોહણનો સમય થઈ ગયો, પરંતુ નવતર પ્રકારની મારી સાહસયાત્રાના પૂર્વનિર્ધારીત સાથીઓ તો દેખાયા જ નહીં! આતુર દર્શકોના વધતા જતા ધસારા વચ્ચે તેમની રાહ જોવાનું હવે મુશ્કેલ બની રહ્યું. ભારેખમ હવામાન અને સાથીઓના વિલંબે મારી ચિંતામાં ઉમેરો કર્યો. વિલંબને કારણે નાસીપાસ થયેલા લોકોની આંખોમાં આક્રોશ અને અધીરાઈ દેખાવા માંડ્યા. છેવટે મારી ધીરજનો પણ અંત આવ્યો. મેં માણસો મોકલી તેમના ઘરે તપાસ કરાવી. ત્રણે જગ્યાએથી હતાશાજનક સમાચાર મળ્યા. ત્રણમાંથી એક હેમબર્ગ જતો રહ્યો હતો. બીજો વિયેના અને ત્રીજો લંડન તરફ રવાના થઈ ગયો હતો. હિંમત અને ઉત્સાહથી એમણે સાહસમાં જોડાવાની તૈયારી દર્શાવી હતી. આયોજનમાં પણ રસ દાખવ્યો હતો, તેથી તેમના આ વલણથી મેં આશ્ચર્યની સાથે આઘાત અનુભવ્યો.

આખી સવાર તેઓ મારી સાથે જ હતા. બલૂનને તૈયાર કરવાની ભારેખમ કામગીરી જોઈને તેઓ કદાચ ગભરાઈ ગયેલા હોવા જોઈએ. હિંમત તૂટી જતાં તેઓ છેલ્લી ઘડીએ ફસકાઈ પડ્યા હોય એમ લાગ્યું અને આ અદ્‌ભુત સાહસમાં ભાગ લેવાની હિંમત ન દાખવી શક્યા. તેમને લાગ્યું હશે કે સ્થળ પર હાજર રહેવાથી તેમને મારી બે આંખોની શરમ નડશે અને યાત્રામાં ભાગ લેવાની ફરજ પડશે, તેથી જ મને જણાવ્યા વગર અહીંથી દૂર ચાલી જવાનું તેમને યોગ્ય લાગ્યું હશે. બલૂનમાં ગૅસ ભરવાની પ્રક્રિયા શરૂ થતાંની સાથે જ તેઓ અન્ય શહેરો તરફ પલાયન કરી ગયા હતા. દેખીતી રીતે જ તેમની સાહસવૃત્તિ અને હમણાં કરેલી તેમની પીછેહઠની ઝડપ, પરસ્પર વિરોધી ગુણાંકમાં હતી.

તેમની પીછેહઠથી હું વ્યથિત થયો, કારણ કે તેમના આ બેજવાબદાર વર્તનથી તેમની અજ્ઞાનતા જ પ્રદર્શિત થતી હતી. તેમને કદાચ ખ્યાલ નહીં હોય કે વિજ્ઞાન તથા વાયુવિદ્‌યામાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં અનેક શોધો તેમજ સુધારાઓ થયા હતા. આ નવી શોધોને કારણે આ બલૂનયાત્રા વિવિધ પ્રકારનાં જોખમો તથા ભયથી મુક્ત હતી. કોઈ પણ પ્રકારના અકસ્માતોથી સુરક્ષિત હતી.

મોટી સંખ્યામાં એકત્રિત થયેલા લોકોમાં ઉત્કંઠા અને ઉત્તેજના વધતા જતાં હતાં. બલૂન હવે ક્યારે ઉપર ઊઠે તેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા લોકોના પોકારો વધવા લાગ્યા. આ બાજુ મારા સાથીઓની ગેરહાજરીના કારણે યાત્રા શરૂ કરવામાં વિલંબ થઈ રહ્યો હતો. આ ઐતિહાસિક પળના સાક્ષી બનવા માગતા લોકો નાસીપાસ

થવા લાગ્યા. ગુસ્સામાં બૂમો પાડવા લાગ્યા. મને પ્રોત્સાહિત કરવા આવેલા લોકોએ પ્રતિકૂળ પ્રકૃતિ બતાવવાની શરૂઆત કરી દીધી.

મને ખ્યાલ આવી ગયો કે મારે એકલાએ જ યાત્રા કરવી પડશે. મેં ઝડપથી નિર્ણય લઈ લીધો. એકલાએ જ યાત્રા કરવાનું નક્કી કરી લીધું. બલૂનમાં અમે કુલ ચાર માણસો જવાના હતા. ત્રણ માણસો ઓછા થઈ ગયા હતા. ઘટેલા વજનને ધ્યાનમાં લઈ નીરમની વધારે થેલીઓ મૂકવી પડશે એમ લાગ્યું. બલૂનને નડતરરૂપ ગુરુત્વાકર્ષણનો અવરોધ તથા વજનની સમતુલા સ્થાપિત કરવી જરૂરી હતી. યાત્રાની સુરક્ષાનો આધાર એના પર જ રહેતો હોય છે. ફરીથી ગણતરી કરી મારા સાથીઓના બદલે વધારાની થેલીઓ મેં મુકાવી. બધી જ પૂર્વતૈયારી આટોપી હું બલૂનની નીચે લટકતી કૅબિનમાં ચઢ્યો. છેલ્લી ઘડી સુધી મારી આંખો મારા સાથીઓને શોધતી રહી.

બાર માણસોએ રસ્સીને પકડી રાખી હતી. મારો ઇશારો થતાં જ તેમણે આંગળીઓની વચ્ચેથી એ રસ્સીને ધીરેધીરે સરકાવી. બલૂને ઊંચે ઊડવાની શરૂઆત કરી. વહેતી હવાના અભાવે ભારેખમ બનેલા વાતાવરણમાં બલૂનનું આરોહણ પણ સાવ ધીમું અને સુસ્ત હતું. સમગ્ર વાતાવરણ જાણે કે કંઈક અજુગતું બની શકે છે એવા સંકેતો આપી મને રોકવા પ્રયાસ કરી રહ્યું હતું. આ પ્રકારના અવરોધોથી હું ચિંતાતુર જરૂર હતો, પણ મારી યાત્રા શરૂ કરવા દૃઢ નિશ્ચયી પણ હતો.

"બધું તૈયાર છે?" લોકોના કોલાહલ તથા પોકારોથી વિચલિત થયા વિના મેં મારા માણસોને મોટેથી પૂછ્યું.

માણસો તૈયાર જ હતા. મને ઇશારાથી સમજાવ્યું કે બધું બરાબર હતું.

"સાવધાન." બલૂન જમીનથી ઉપર ઊડ્યું. એ જ વખતે ટોળામાંથી એક અપરિચિત અવાજ આવ્યો. સાથે જ ધક્કામુક્કી શરૂ થઈ ગઈ. લોકોની નજર એ અવાજની દિશામાં ગઈ. બલૂન ઉપર ઊડવાથી ખાલી પડેલ જગ્યામાં લોકો ધસી આવ્યા. બલૂનની કૅબિનમાંથી હું લોકોને જોતો રહ્યો. કંઈક અકળ, કંઈક અજુગતું બની રહ્યું હોય એમ લાગ્યું. મને કંઈ સમજ પડે એ પહેલા અચાનક જ એક ઝાટકો લાગ્યો અને હું મારી કૅબિનમાં નીચે ગબડી પડ્યો. ક્ષણભરમાં જ મેં મારી જાતને સંભાળી લીધી અને હું ઊભો થઈ ગયો. શું બની ગયું તેનો મને ખ્યાલ આવી ગયો. મારી સામે એક અનપેક્ષિત અને હજી અજાણ્યો કહી શકાય એવો એક માણસ ઊભો હતો. એ હતો પેલો ફિક્કો નવયુવાન! હવે તે મારી યાત્રાનો એકમાત્ર અને આમંત્રિત નહીં એવો સાથીદાર બની ગયો.

એના આવા જોખમી અને અનધિકૃત પ્રવેશથી હું અકળાયો. મારા ભાવો છુપાવવાનો પ્રયાસ કર્યા વગર ગુસ્સાથી હું તેની સામે જોઈ રહ્યો. મારા આશ્ચર્ય કે ગુસ્સાની પરવા કર્યા વગર અત્યંત શાંતિથી મને ઉદ્દેશીને એ બોલ્યો, "શ્રીમાન, તમને સલામ કરું છું." એની અજુગતી રીતભાતથી અકળાઈ મેં રોષથી કહ્યું, "અરે! તમે! તમને આ રીતે મારી કૅબિનમાં આવવાની અનુમતી કોણે આપી?"

મારા ગુસ્સાભર્યા પ્રશ્નનો એણે સ્વસ્થતાથી ઠંડે કલેજે જવાબ વાળ્યો, ‘‘હું આ કૅબિનમાં તમારી સાથે જ છું, તમે મારાથી છુટકારો પામી શકો એમ નથી.’’

એની સ્વસ્થતાએ મને અસ્વસ્થ કરી દીધો. મારે સંમતિ આપવાનો કે ન આપવાનો તો હવે સવાલ જ ન રહ્યો! ઉપર ચઢતા બલૂનની કૅબિનમાં જે રીતે દોડીને, કૂદકો મારીને જબરજસ્તીથી એ ચઢી ગયો હતો, એ ખૂબ જ અવિચારી અને જોખમી કૃત્ય હતું. અકસ્માત ન થયો એ જ નવાઈની વાત હતી. યુવાન તો એ પ્રત્યે બેપરવા જણાયો. મારા ગુસ્સા કે અણગમાની એના પર કોઈ અસર જણાઈ નહીં. હું કંઈ પણ બોલી શક્યો નહીં. માત્ર વિચાર કરતો રહી ગયો.

મારી આ ઐતિહાસિક અને મહત્ત્વાકાંક્ષી યાત્રાની કેવી શરૂઆત!!

ગળે પડેલો એ અજનબી સાથીદાર અને એને કારણે ઊભી થયેલી પરિસ્થિતિને સ્વીકાર્યા સિવાય છૂટકો જ ન હતો. મેં ધ્યાનથી એ ઘૂસણખોર તરફ જોયું. એને જાણવા સમજવાનો પ્રયાસ કરવા માંડ્યો. જો કે એણે મારા તરફના અણગમા કે ગુસ્સાના ભાવોની નોંધ પણ ન લીધી. હું આગળ વિચારી કે સમજી શકું એ પહેલાં તો...

‘‘મારા વજનને કારણે તમારું સમતોલન ખોરવાયું હશે, ખરું ને?’’ એ બોલ્યો, ‘‘ચિંતા કરશો નહીં, શ્રીમાન. તમારી પરવાનગીથી...’’ બોલતાંની સાથે જ, મારી પરવાનગીની પરવા કર્યા વગર જ એણે રેતીથી ભરેલી બે થેલીઓ પોતાના હાથેથી લઈ કૅબિનની બહાર ફેંકી દીધી. અવાચક બની હું એને જોતો જ રહી ગયો.

મારા બલૂનમાં, મારી પરવાનગી વગર ચઢી ગયા બાદ, મારી રજામંદી વગર રેતીની થેલીઓ ફેંકી દઈ એ યુવાન શું પુરવાર કરવા માગતો હતો? એવું સૂચન તો નહીં કરવા માગતો હોય કે બલૂનનું સંચાલન હવેથી એના હાથમાં જ રહેશે! એના વિચિત્ર વર્તનને કાબૂમાં લેવું જ પડશે એમ મને લાગ્યું. અન્ય વિચારોને બાજુ પર મૂકી મેં ઝડપથી સ્વસ્થતા મેળવી લીધી. મારા ત્રણ સાથીઓ તો છેલ્લી ઘડીએ ભાગી છૂટ્યા હતા. એ ઉપરાંત બલૂનયાત્રા માટે વિપરીત એવું ભારેખમ વાતાવરણ. આ સંજોગોમાં એકલા પ્રવાસ કરવામાં મને પણ ઉચાટ તો હતો જ! મને થયું એક કરતાં બે ભલા! પરંતુ એને આવકાર આપતાં પહેલાં મારી શરતો એની સામે મૂકવી જરૂરી લાગતાં, મેં સમાધાનનો રસ્તો લીધો.

‘‘મહાશય, તમે આ યાત્રામાં મારી સાથે છો, એ ઘણા આનંદની વાત છે. તમે અહીં જ રહેશો, પરંતુ એક વાતની સ્પષ્ટતા કરી લઉં કે આ બલૂન મારું છે અને એનું સંચાલન મારા હસ્તક જ રહેશે.’’

‘‘શ્રીમાન.’’ એ શાંતિથી સંમત થતાં બોલ્યો, ‘‘તમારી સભ્યતા ફ્રેન્ચ છે તો હું પણ ફ્રેન્ચ જ છું. તમને જે યોગ્ય લાગે તે તમે જરૂરથી કરતા રહો. જરૂરી સાવચેતી મુજબ યોગ્ય નિર્ણયો લેવાની તમને છૂટ છે. તમે આ બધું કરો ત્યાં સુધી હું રાહ જોવા તૈયાર છું.’’

‘‘રાહ જોવા તૈયાર છો? શેના માટે?’’

‘‘તમારી સાથે વાત કરવા!!’’

મને એની વાતમાં સમજ ન પડી. એને જવાબ આપવાનું ટાળી મેં બલૂન તરફ ધ્યાન આપ્યું.

બેરોમીટર ૨૬ ઇંચ નીચું ગયું હતું. એનો અર્થ એ જ કે અમે જમીનથી લગભગ ૬૦૦ મીટર ઉપર હતા. ચારે તરફ નીરવ શાંતિ હતી. બલૂન સાથે બાંધેલી પતાકાઓ ગતિહીન હતી. હવાના પ્રવાહનો ચોક્કસ ખ્યાલ મેળવવો મુશ્કેલ હતો. ક્ષિતિજને સમાંતર થયેલ મારું બલૂન ધીરેધીરે આગળ ખસી રહ્યું હતું. હવાનો પિંડ બલૂનની સાથેસાથે જ ખસી રહ્યો હોય એવી ભ્રમણા થવા લાગી. હોકાયંત્રની સોય દક્ષિણ તરફનો ઝોક દર્શાવી રહી હતી. નીચેનું દૃશ્ય જોવા મેં નજર નાખી, નીચે ધરતી પરની બધી જ વસ્તુઓ પર ગરમી ભરડો લઈ રહી હતી. તેમની રૂપરેખા ધૂંધળી બની રહી હોવાથી બધું જ અસ્પષ્ટ જણાતું હતું.

મેં ફરી એક વાર મારા સાથી તરફ નજર ફેરવી. લગભગ ત્રીસેક વર્ષની ઉંમરનો હશે. તેની મુખાકૃતિ આકર્ષક હતી. સ્પષ્ટ રીતે તરી આવતી રેખાઓમાં એક પ્રકારની અણનમ શક્તિનો સંચાર જોવા મળ્યો. સાદાં કપડાંમાં પણ એ મર્દાનગીથી ભરપૂર, હિંમતબાજ જણાયો. દૃઢ નિશ્ચયી એ યુવાન પોતાનામાં જ મશગૂલ હતો. એણે સર્જેલા આશ્ચર્યના વાતાવરણ પ્રત્યે બેપરવાહ બની, એ નીચેની વસ્તુઓનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરતો હતો.

થોડી પળો બાદ એ બોલ્યો, ''અતિશય ખરાબ ધુમ્મસ.''

મેં વાતચીતમાં ઊતરવાનું ટાળ્યું.

''તમે મારાથી નારાજ છો?'' એણે આગળ ચલાવ્યું, ''હું તમારી નારાજગી સમજી શકું છું, પરંતુ તમને મારી મજબૂરીનો ખ્યાલ નહીં જ હોય. બલૂનની સાહસિક મુસાફરી કરવાની મારી અદમ્ય ઇચ્છા હતી, પરંતુ આ મુસાફરીનાં નાણાં ચૂકવવાની મારી શક્તિ નથી, તેથી જ તમને આશ્ચર્યચકિત કરવા પડ્યા.''

મેં સખત અવાજે કહ્યું, ''તમને નીચે ઊતરી જવા તો મેં કહ્યું નથી ને?''

મારી સખતાઈની પરવા કર્યા વિના તેણે બોલવાનું ચાલુ રાખ્યું, ''ઓહ! તમને ખબર નથી લાગતી! કાઉન્ટ લોરેન્સીન અને ડેમ્પીરી સાથે પણ લગભગ આવું જ કંઈક બન્યું હતું. ૧૭૮૪ની ૧૫મી જાન્યુઆરીએ તેમણે આરોહણ શરૂ કર્યું. ફોન્ટેન નામનો એક વેપારી તેમની કૅબિનની ગૅલરી ઉપર આ જ રીતે અચાનક ચઢી ગયેલો. એના ધક્કાથી મશીન ઊંધું થઈ જવાનું જોખમ હોવા છતાં પણ સૌ યાત્રીઓએ સુરક્ષિત રીતે પોતાની યાત્રા પૂરી કરી હતી. બધા જ યાત્રીઓ હેમખેમ રહ્યા હતા.''

એની વાત કરવાની સ્વસ્થતા મને અસ્વસ્થ કરી રહી. જાણે કંઈ જ ન બન્યું હોય એટલી હળવાશથી એ બોલતો હતો. મને ગુસ્સો આવી ગયો. એને બોલતો અટકાવવા ક્રોધિત અવાજે મેં કહ્યું, ''સફળ ઉતરાણ કર્યા બાદ નિરાંતે આ બધી વાતો કરીશું.'' પણ મારા ગુસ્સાની એના પર અસર જ ક્યાં થતી હતી? એ તો જાણે હું કોઈ નવી નવાઈની વાત બોલી રહ્યો હોઉં એમ તરત જ બોલી ઊઠ્યો, ''અરેરે, તમે પાછા

વળવાની વાત કેવી રીતે કરી શકો? એ વાત તો હમણાં કરશો જ નહીં! આમ પણ નીચે ઊતરવાનો વિચાર તો આપણે કરવાનો જ નથી!"

એની વાતે મને ચોંકાવી દીધો. મેં આશ્ચર્યથી પૂછ્યું, "તમે એવું કહેવા માગો છો કે મારે નીચે ઊતરવામાં ઉતાવળ ન કરવી જોઈએ?"

"નીચે ઉતરાણ?" એ જાણે કે ચિત્કારી ઊઠ્યો, "પહેલાં આપણે ઉપર ચઢવાની તો શરૂઆત કરીએ!"

મને તેના ઇરાદાનો ખ્યાલ આવે અને હું એને રોકી શકું તે પહેલાં તો એણે નીરમની બીજી બે થેલીઓ ઉઠાવીને નીચે ફેંકી દીધી. મને એના ઇરાદા પર શંકા થવા લાગી. હું મારા ગુસ્સાને રોકી ન શક્યો, "મહાશય! આ શું કરી રહ્યા છો?" મને ખ્યાલ આવી રહ્યો હતો કે માથે પડેલા આ મહેમાને બલૂનનું સંચાલન પોતાના હાથમાં લઈ લીધું હતું.

જોકે મારા ગુસ્સાની એને પરવા જ ક્યાં હતી!! શાંતિથી એણે કહ્યું, "મને તમારા કૌશલ્યની જાણ છે જ. તમે ઘણી જ સહજતાથી બલૂનને ઉપર લઈ જઈ શકો છો. એ અંગેની તમારી કુશળતા જગજાહેર છે. બલૂનયાત્રાના તમારા અનુભવો કાબિલેતારીફ છે, પણ સ્વાનુભવ જો અભ્યાસની ભગીની છે, તો સિદ્ધાંતનો પિતરાઈ પણ છે જ. તમે હવાઈકલાનો અનુભવ લીધો છે. તો મેં લાંબા સમય સુધી તેનો અભ્યાસ કર્યો છે. મારા આ અભ્યાસ અને અધ્યયને મારા મગજ પર ઘેરી છાપ છોડી છે." અતિશય દુ:ખ સાથે ભૂતકાળની સ્મૃતિઓમાં ખોવાઈ ગયો હોય તેવા ભાવ સાથે તે બોલ્યો, નીરમનું વજન ઘટતાં હલકું બનેલું બલૂન હવે ચોક્કસ ઊંચાઈ પર પહોંચી સ્થિર થઈ ગયું. મારા આ બની બેઠેલા સાથીએ બેરોમીટરના પારા તરફ નજર કરી સંતોષપૂર્વક કહ્યું, "હં, હવે બરાબર છે. આપણે ૮૦૦ મીટરની ઊંચાઈ પર છીએ." એની આંખોમાં અભિમાનનો ભાવ વાંચી શકાતો હતો. નીચે નજર નાખી એ બોલ્યો, "જરા નીચે જુઓ તો ખરા! માણસો કેવા કીડીમંકોડા જેવાં નાનાં-નાનાં દેખાય છે! મને લાગે છે કે આપણે હંમેશાં માણસોને આટલી ઊંચાઈએથી જ જોવા જોઈએ, જેથી તેમના સાચા કદને જાણવા-સમજવાની તક મળી શકે." એના અવાજમાં નીચેના લોકો માટે તુચ્છકારનો ભાવ ભળ્યો. તેણે આગળ ચલાવ્યું, "જુઓ જુઓ, પેલું રહ્યું — પ્લેસ ડી લા કૉમેડી. કીડીઓના રાફડા જેવું જ લાગે છે ને! નજીકના બંદરની જેટ્ટી પર ભેગાં થયેલાં લોકોનાં ટોળાંને ધ્યાનથી જુઓ. ફક્ત માણસો જ કેમ, બધું જ નાનું થતું જાય છે. પહાડના શિખરો પણ. આપણે હવે દેવળની ઉપર છીએ." નીચે ધરતી પરના લોકો એને મન તુચ્છ જંતુઓથી વિશેષ કંઈ જ ન હતાં. એના પ્રત્યેક શબ્દમાં ભારોભાર તિરસ્કાર છલકાતો હતો. હું દંગ થઈ એને સાંભળી રહ્યો.

મેં નીચે જોયું. રહાઇન નદી શહેરને બે ભાગમાં વહેંચતી પાતળી રેખા જેવી દેખાતી હતી. નદી પરનો ભવ્ય પુલ નદીના બે કાંઠા વચ્ચે મૂકેલા પાતળા દોરા જેવો દેખાતો હતો. ઊંચાઈને કારણે વાતાવરણ ઠંડું થવા માંડ્યું અને હું ઠંડીથી દરૂજવા લાગ્યો. આ જોઈ એણે ધીમેથી કહ્યું, "મારા યજમાન, હું તમારા માટે કંઈ પણ કરવા તૈયાર છું. તમને ઠંડી લાગતી હોય તો મને જણાવો. હું મારો કોટ ઉતારી તમને આપી દઈશ."

"આભાર." મેં શુષ્કતાથી જવાબ વાળ્યો.

જોકે મારા ગુસ્સા કે ગમાઅણગમાની એના પર કોઈ જ અસર દેખાતી ન હતી, “તમને ખબર નથી લાગતી કે જરૂરિયાત જ કાયદાઓ ઘડે છે. મને તમારો હાથ આપો, શ્રીમાન! હું તમારો દેશવાસી છું. મારા પર વિશ્વાસ રાખો. મને ખાતરી છે કે મારી સાથે રહીને તમે કંઈક નવું શીખી શકશો. મેં તમને તકલીફ આપી જ છે, પરંતુ બલૂનવિદ્યા તથા બલૂનયાત્રાના ઇતિહાસની મને પૂરી જાણકારી છે. તમે પણ આ વિષયમાં રસ ધરાવો છો, આપણી યાત્રા દરમિયાન હું તમને એ બધી જ રસપ્રદ વાતો જણાવીશ અને મેં તમને આપેલી તકલીફનું વળતર ચૂકવીશ.”

મેં કંઈ જવાબ ન આપ્યો. મારી કૅબિનમાં બિલકુલ મારી સામેની બાજુએ એ બેઠો હતો. હું એને જોઈ જ રહ્યો. મને એની વાતમાં રસ પડવા લાગ્યો હતો. બોલતાં બોલતાં જ એણે એના કોટના ખિસ્સામાંથી એક દળદાર ગ્રંથની હસ્તપ્રત બહાર કાઢી. એના કવરપેજ ઉપરના શીર્ષકને જોતાં જ મને ખ્યાલ આવી ગયો કે એ આકાશીયાત્રા તેમ જ બલૂનયાત્રા વિષયક સચિત્ર ગ્રંથ કે મહાનિબંધ હતો.

એ દળદાર હસ્તપ્રત મને બતાવી એ બોલ્યો, “મારી પાસે હવાઈયાત્રીઓ તેમ જ યાત્રાને લગતાં કટાક્ષચિત્રો તથા ધાતુપત્ર પરથી બનાવેલાં ચિત્રોનો સંગ્રહ છે. તમને ખબર છે ખરી કે આ અમૂલ્ય શોધના પ્રશંસકો છે, તો એની હાંસી ઉડાવનાર પણ ઘણા છે.” આટલું બોલી એ ફરી પાછો ભૂતકાળમાં ડૂબી ગયો. એની વાત કરવાની રીતથી એ મને જાણકાર તો લાગ્યો, પણ એના ચહેરાના ભાવો વાંચવા મુશ્કેલ હતા. એના મોં પર સંતોષ, ગુસ્સો, અભિમાન જેવા અનેક ભાવો દેખાઈ રહ્યા.

અત્યારે શાંતિ અને સંતોષના ભાવો હતા. એ આગળ બોલ્યો, “આપણે નસીબદાર છીએ કે આ મોન્ગોલ્ફીનો સમય નથી. ઘણી સુખદ બાબત કહેવાય એ! તમને તો યાદ હશે જ કે મોન્ગોલ્ફીએ કેવી શોધ કરી હતી. એણે ઊનના નાના-નાના ટુકડાઓ તથા ઘાસ-પરાળ ભેગાં કરીને બાળ્યાં હતાં. આ પ્રક્રિયાથી વિદ્યુત ગુણધર્મવાળો ગૅસ ઉત્પન્ન થયો હતો. આ ગૅસ અને વરાળના સંયોજનથી તેમણે કૃત્રિમ વાદળો બનાવવા પ્રયાસ કર્યો હતો.”

મેં તેને અધવચ્ચે અટકાવ્યો અને સખતાઈથી પૂછ્યું, “તમે મહાન શોધકોના પ્રયોગોના ઉપહાસ કરી તેનું અવમૂલ્યન કરો છો? તમને નથી લાગતું કે બીજાની વાતો કરવા કરતાં હવામાં ઊડવાના પ્રયોગો જાતે કરીને સ્વાનુભવથી જાણકારી મેળવવી વધુ યોગ્ય છે?” મેં તેને ટોણો માર્યો.

“અરે ભાઈ! સમજો તમે. પહેલાં થયેલા હવાઈ પ્રવાસના મહત્ત્વને કોણ નકારે છે? અરે! હું તો સલામ કરું છું એ સાહસિકોને, જેમણે શરૂઆતના એકદમ તકલાદી આવરણવાળા બલૂનમાં પ્રવાસ કરવાની હિંમત બતાવી હતી. ફક્ત ગરમ હવા જ રહેતી હોય એવા બલૂનના સહારે તેમણે હવાઈ પ્રવાસ ખેડ્યા હતા. એવા જોખમી બલૂનમાં બેસી હવામાં ઊડવા માટે ભારે હિંમત જોઈએ એની મને ખબર છે. મને એ સૌ માટે માન છે. હું એમની મજાક કેવી રીતે ઉડાવી શકું? પણ તમે જ કહો, લગભગ ૧૦૦ વર્ષો અગાઉ બ્લાન્ચાર્ડે કરેલી હવાઈમુસાફરી બાદ આજદિન સુધી હવાઈ વિજ્ઞાને કોઈ ખાસ પ્રગતિ કરી છે ખરી?” આ સાથે જ તેણે એની બૅગમાંથી એક ચિત્ર કાઢ્યું. મને

બતાવતાં તે બોલ્યો, ''શ્રીમાન, અહીં જુઓ. બલૂનની શોધ થયે ચાર જ માસ થયા હતા. પીલાટ્રે દ રોઝિયર અને માર્કોસ દ આરદેન્સ નામના બે સાહસિકોએ હવાઈયાત્રા કરી હતી. તેમને મોતની સજા ફટકારવામાં આવી હતી. આ બંને કેદીઓને કોઈનો પણ સાથ સાંપડ્યો ન હતો. તે સમયે લુઈ ૧૬માનું રાજ ચાલતું હતું. રાજાએ આ સાહસને મંજૂરી આપી ન હતી. તેઓ આ અન્યાયથી ગુસ્સે ભરાયા, પણ હિંમત હારી જાય તેવા ન હતા. તેમણે છેતરપિંડી કરી પ્રયોગો કરવાની પરવાનગી મેળવી લીધી અને ગુપ્ત રીતે પ્રયોગો કર્યા.'' નિસાસો નાખી તેણે વાત વધારી, ''અજબ વાત છે ને! મોતની સજા પામેલા એ બંને સાહસવીરો હવાઈ મુસાફરી કરનારા વિશ્વના સૌ પ્રથમ માનવીઓ હતા અને આ કેબિન...'' કેબિન પર હાથ ઠોકતો એ ફરી બોલ્યો, ''બલૂન નીચે લટકતી આ કેબિનના કારણે હવાઈયાત્રા કેટલી સગવડભરી બની છે તેનો તો તમને ખ્યાલ હશે જ!'' તે સમયે આ કેબિન શોધાઈ ન હતી. એક ગોળાકાર છાબડી મોનગોલ્ફીના બલૂનની નીચેના સંકોચાયેલા ભાગ સાથે જ દોરીથી બાંધવામાં આવી હતી. સમતુલા જાળવવા બંને યાત્રીઓએ સામસામેના છેડે હલનચલન કર્યા વગર બેસી રહેવું પડેલું. ઉપરાંત ભેજવાળા ઘાસ-પરાળના જોખમી ભરાવાને કારણે તેમનું હલનચલન અશક્ય જ હતું. આગ સાથેની ગરમ ખરબચડી રકાબી બલૂનના મોં આગળના કાણા નીચે લટકાવી હતી. બલૂનને ઊંચાઈ પર લઈ જવા માટે ઘાસને લાંબા પાવડા વડે આ રકાબી પર ફેંકવામાં આવતું. પોતાની જગ્યાએ બેઠાબેઠા જ યાત્રીઓએ આ કાર્ય કરવાનું રહેતું. ગરમ રકાબી પર ઘાસ ફેંકાતા જ હવા વધારે ગરમ થતી અને બલૂન વધારે ઊંચાઈ સર કરતું. જોકે આ સમગ્ર પ્રક્રિયામાં બલૂનને આગ લાગવાનું સતત જોખમ રહેતું. એવા જાનલેવા જોખમોની પરવા કર્યા વિના આ બંને સાહસવીરો ૧૭૮૩ની ૨૧મી નવેમ્બરે મૂરે ગાર્ડન્સથી ઊડ્યા હતા. ફ્રાન્સના યુવરાજે, હવાઈ ઉડ્ડયનના પ્રયોગો માટે તેમને આ જગ્યા ફાળવી આપી હતી. તેમનું બલૂન પ્રભાવશાળી રીતે ઉપર ઊડ્યું. સ્વાન્સના ટાપુઓ પરથી પસાર થયું. સીન નદીને પાર કરી મિલિટરી શાળા તથા ડોમ ઑફ ઇનવેલીડની વચ્ચે ઘસડાયું. સંત સલ્પીસના દેવળ નજીક ઝૂક્યું અને આગ વધતાં જ ઉપર ઊઠ્યું. પહોળી શેરીઓ પસાર કરી એન્ફર બેરીઅર નજીક નીચે ઊતર્યું. જમીન નજીક પહોંચતા જ યાત્રીઓએ રાહતનો શ્વાસ લીધો, પરંતુ જમીનને અડતાંની સાથે જ બલૂન લોચા જેવું થઈ ગયું. પલભરમાં જ યાત્રીઓ ગરમ બલૂનની ગડી નીચે દટાઈ ગયેલા.

સૌપ્રથમ હવાઈયાત્રાના કરુણ અંતની આ કથા મને ગભરાવી ગઈ, ''કેવા અપશુકનિયાળ સંકેતો!'' હું બોલી ઊઠ્યો. આખી વાત મને રસપ્રદ જરૂર લાગી, પરંતુ આવી વાતોની મારા મન પર વિપરીત અસર પડતી હતી.

''હા, એક મહાન ઘટનાના દુર્ભાગ્યપૂર્ણ અપશુકન, જેના કારણે એ કમનસીબ સાહસિકોએ જીવનથી હાથ ધોવા પડ્યા.'' એના અવાજમાં દુ:ખની લાગણી સ્પષ્ટ તરી આવતી હતી. અચાનક જ એનો અવાજ બદલાયો. ''મહાશય, શું તમને તમારી યાત્રાઓ દરમિયાન આવો અનુભવ ક્યારેય નથી થયો?''

''ક્યારેય નહી.'' એના પ્રશ્નથી હું મૂંઝાયો, પણ મારા ચહેરા પર મેં કોઈ ભાવ આવવા દીધા નહી.

એક લાંબો નિસાસો નાખી એ બોલ્યો, ''હા, બદનસીબી ક્યારેક આગળથી આભાસ કરાવ્યા વગર જ આવી પડતી હોય છે.'' આટલું બોલી એ તો ચૂપ થઈ ગયો, પરંતુ મારા મનમાં જાતજાતની શંકાકુશંકાઓ થવા માંડી. અમે દક્ષિણ તરફ ઘસડાઈ રહ્યા હતા. ફ્રેન્કફર્ટ નગર અમારી નીચેથી પસાર થઈ ચૂક્યું હતું.

''મને લાગે છે કે કદાચ આપણે તોફાનનો સામનો કરવો પડશે.'' અચાનક જ જાણે ભવિષ્યવાણી કરતો હોય એમ એ બોલી ઊઠ્યો.

તોફાનની વાત સાંભળી હું વિહ્વળ થઈ ગયો. મેં તરત જ નીચે ઊતરવાનું સૂચન કર્યું, ''તો તો આપણે વહેલીતકે નીચે ઊતરી જવું જોઈએ.''

''ના રે ના, એના કરતાં ઉપર ઊડવું વધારે યોગ્ય રહેશે, જેથી તોફાન આપણી નીચે રહી જશે અને આપણે ચોક્કસ બચી જઈશું.'' આ સાથે જ એણે રેતી ભરેલી બે વજનદાર થેલીઓ ઝડપથી બહાર ફેંકી દીધી. હું એને જોતો જ રહી ગયો. વજન ઓછું થતાં જ બલૂન ઝડપભેર ઊંચું ચઢ્યું અને ૧૨૦૦ મીટરની ઊંચાઈએ સ્થિર થયું.

ખુલ્લા આકાશમાંથી વરસતાં સૂર્યકિરણોને કારણે બલૂનની અંદરનો ગૅસ ગરમ થઈ ગયો હતો. ઉપરાંત એટલી ઊંચાઈએ હવાનું દબાણ પણ ઓછું થતું હતું તેના કારણે ગૅસનું વિસ્તરણ શરૂ થઈ ગયું હતું. ગરમ ગૅસના કારણે બલૂનને ઉપર ચઢવા નવું બળ મળ્યું અને અમે નવી ઊંચાઈ સર કરી રહ્યા. મારા ચહેરા પર ચિંતાના ભાવ ઊભરી આવ્યા, ''ગભરાવાની જરૂર નથી.'' મારી તરફ જોઈ સાંત્વનાના સ્વરે એ અજાણ્યો યુવક બોલ્યો, ''આપણી પાસે ૩૦૦ ફેધમ જેટલી હવા છે જે શ્વાસ લેવા માટે પૂરતી છે. આ ઉપરાંત બીજી પણ એક સ્પષ્ટતા કરી લઉં કે હું જે પણ કંઈ કરું તે માટે હવેથી તમારી જાતને તકલીફ આપશો નહીં.''

ટૂંકમાં, મને જેનો ડર હતો તે જ થયું. એણે બલૂનનું સંચાલન સંપૂર્ણપણે પોતાના હાથમાં લઈ લીધું હતું. એની વાતનો પ્રતિકાર કરતો હું ઊભો થઈ ગયો, પરંતુ એણે મને ઊભો થવા જ ન દીધો. એના જોરદાર હાથોએ મને મારી બેઠક પર જકડી રાખ્યો. એની આંખોમાં મને એક જાતનું ડરામણું ઝનૂન દેખાયું. એની સામે હું લાચાર થઈ ગયો અને નીચે બેસી ગયો. હું વ્યાકુળ થઈ ગયો અને મેં અધિરાઈથી પૂછ્યું, ''તમે કોણ છો? તમારું નામ શું છે?''

એ વિચિત્ર રીતે હસીને બોલ્યો, ''મારું નામ! તમને શો ફરક પડે છે?''

મારું પ્રભુત્વ જાળવી રાખવાનો પ્રયાસ કરતા, અવાજને થોડો કડક બનાવી મેં જોરથી કહ્યું, ''સાંભળો છો! મને તમારું નામ જણાવો.''

''મારું નામ ઍરોસ્ટ્રાટ્સ કે એમ્પેડોક્લીસ કે એવું જ કંઈક છે. તમને જે પસંદ પડે એ નામે બોલાવી શકો છો.'' એ બેદરકારીથી બોલ્યો. જેના જવાબે મને ચિંતિત કરી દીધો, પરંતુ હું કંઈ વધારે વિચારું કે બોલું એ પહેલાં જ એણે વાતને બદલી અને પૂછ્યું, ''તમને હવાઈ ઉડ્ડયનની પ્રગતિનો ઇતિહાસ જાણવામાં રસ ખરો?'' હું એને જોતો જ રહી ગયો. એ એવી ઠંડી મક્કમતાથી વાત કરી રહ્યો હતો કે મારી ચિંતા વધી ગઈ.

ઉપર જોઈ મેં ભગવાનને મનોમન પ્રશ્ન કર્યો, "હે ભગવાન, આજે મારો પનારો કોની સાથે પડ્યો છે?"

પણ મારી ચિંતા સાથે એને ક્યાં લેવાદેવા હતી? મારા મનોભાવોને અવગણી એણે પોતાની જ વાતને આગળ ચલાવી.

"શ્રીમાન, ભૌતિકશાસ્ત્રી ચાર્લ્સના સમય બાદ મૌલિક કલ્પનાઓ થઈ છે જ ક્યાં? બલૂનની શોધના ચાર મહિનામાં જ એણે બલૂન માટેના વાલ્વની શોધ કરી હતી. તમે તો અનુભવી યાત્રી છો. બલૂનના સંચાલનમાં વાલ્વનું શું મહત્ત્વ છે એ તમે જાણો જ છો! જ્યારે બલૂન વધારે પડતું ભરાઈ જાય કે અંદરના ગૅસનું વધારે પડતું વિસ્તરણ થઈ જાય કે પછી બલૂનને નીચે ઉતારવાનું હોય — આ બધું જ વાલ્વની મદદથી એકદમ સરળતાથી થઈ શકે છે." એ બોલતો ગયો. એ જ્ઞાની માણસની અદાથી બલૂનવિદ્યાનો ઇતિહાસ જણાવતો રહ્યો.

ત્યાર બાદ આ લટકતી કૅબિનની શોધ થઈ, જેના કારણે બલૂનનું સંચાલન તો સરળ બન્યું જ, સાથેસાથે સાહસિકોની સુવિધામાં પણ વધારો થયો. બલૂનના કાપડને આવરી લેતી આ જાળી જુઓ — એ બલૂનને ભારે દબાણથી બચાવે છે અને આ તારનાં મજબૂત દોરડાંઓ! — બલૂનના ઉપરી આવરણને જકડી રાખવાનું તેમ જ બલૂનના સમગ્ર વજનને આખી સપાટી પર એકસમાન રીતે વહેંચવાનું કામ કરે છે. નીચેની કૅબિનને તળિયે મુકાતું આ નીરમ — બલૂનને સ્થિરતા તો આપે જ છે, સાથેસાથે યોગ્ય જગ્યાએ બલૂનને ઉતારવામાં મદદરૂપ પણ થાય છે. રબરનું આ ઉપરી પડ — ઉપર ચઢતી વખતે બલૂનના જાળીદાર કાપડમાં પ્રસરતા ગૅસને બલૂનની હદમાં રાખે છે. આ બેરોમીટર — બલૂનની ઊંચાઈ દર્શાવે છે અને ચાર્લ્સની સૌથી મોટી શોધ — હાઈડ્રોજનનો પ્રયોગ. હવા કરતાં ૧૪ ગણો હલકો આ વાયુ બલૂનને વાતાવરણના સૌથી ઉપરના પ્રદેશો સુધી લઈ જઈ શકે છે. બલૂનયાત્રામાં વપરાતી પ્રત્યેક વસ્તુની ઉપયોગિતા તેમ જ મહત્ત્વ વિશે એ મને સમજાવતો રહ્યો. એની પાસે બલૂન વિષયક જાણકારીનો અખૂટ ખજાનો હતો. એણે ચાર્લ્સના પ્રથમ ઉડ્ડયનની રસપ્રદ કથા કહેવાનું શરૂ કર્યું.

"૧૭૮૩ની ૧લી ડિસેમ્બરે ચાર્લ્સે સફળ ઉડ્ડયન કર્યું. એના આ સાહસને બિરદાવવા ટોઇલેરીઝ શહેરમાં લગભગ ૩,૦૦,૦૦૦ દર્શકો એકત્રિત થયા હતા. સૈનિકોએ સબસલામતનું સૂચન કર્યું અને બલૂન હવામાં ઉપર ઊડ્યું. એણે લગભગ ૯ લીગ (૧ લીગ એટલે આશરે ત્રણ માઈલ) જેટલો પ્રવાસ ખેડ્યો. એણે બલૂનનું સંચાલન આધુનિક હવાઈયાત્રાઓ કરતાં પણ વધારે કુશળતાથી કર્યું હતું. એની સફળયાત્રાને લોકોએ વધાવી લીધી. એનું બહુમાન થયું અને રાજાએ એને ૨૦૦૦ લીવરેઝ (ફ્રાન્સનું પ્રાચીન ચલણ)નું નિવૃત્તિ વેતન બાંધી આપ્યું હતું. એ દિવસોમાં નવી શોધોને આ રીતે પ્રોત્સાહન અપાતું હતું. સૌથી પહેલી બાબત એ હતી કે એ બલૂનયાત્રાનું સંચાલન ઘણું જ સંતોષકારક હતું." આ બોલતી વખતે તેની આંખોમાં કંઈક જુદા જ પ્રકારના ભાવો હતા, જેને હું સમજી ન શક્યો. એક નિસાસો નાખી એ આગળ બોલ્યો.

“મહાશય, મેં બલૂનયાત્રાનો ઘણો અભ્યાસ કર્યો છે. હું તમને ઘણી વાતો જણાવીશ. આપણે બ્લાન્ચાર્ડની વાત નથી કરવી, કારણ કે તેના આરોહણને શંકાની નજરે જોવાય છે.” મારો અજાણ્યો સાથીદાર પોતાની પાસે રહેલ માહિતીનો આખો પટારો મારી સમક્ષ ખોલવાનો હોય એમ મને લાગ્યું.

“હું તમને ડીજોન ખાતે ગેટોન-મોરવીઝ નામના સાહસિકોના હવાઈપ્રવાસ વિશે વાત કરીશ. બલૂનને યોગ્ય ગતિ તથા દિશા આપવા તેણે હલેસાં તથા સ્ટીયરિંગ વ્હીલનો ધ્યાન ખેંચે તેવો પ્રયોગ કર્યો હતો. એણે બનાવેલું યંત્ર ચોક્કસ દિશામાં ગતિ કરી શકતું હતું. એની ગતિ તથા દિશા હવા પર આધારીત ન હતા. તમને તો ખ્યાલ હશે જ કે આ જ પ્રકારનો પ્રયોગ હાલમાં જ એમ. જુલિયને પેરિસ ખાતે કર્યો હતો. પેરિસના રેસકોર્સ ખાતે થયેલ આ પ્રયોગો ખૂબ જ ચોક્સાઈપૂર્વકના હતા અને સંપૂર્ણપણે સુરક્ષિત પણ હતા. એમણે બનાવેલું સમચોરસ હવાઈયંત્ર હવાથી વિરુદ્ધ દિશામાં ઊડી શકતું હતું. આ નવતર પ્રયોગે સૌનું ધ્યાન જકડી રાખ્યું હતું. હાઇડ્રોજનથી ભરેલાં ચાર બલૂનને નજીકનજીક રાખી તેણે નીચે કૅબિન લટકાવી હતી. જેમાં મુસાફરો તથા તેમનો જરૂરી સામાન હતો. સઢની મદદથી બલૂન ક્ષિતિજની ઊંચાઈએ પહોંચ્યું હતું. એક તરફનો સઢ બંધ કરવાથી આ આખું યાન એક તરફ નમી જઈને ઢાળવાળો રસ્તો લઈ આસાનીથી નીચે આવી જશે એવું અનુમાન હતું, પરંતુ આપણે જે વિચારીએ એવું હંમેશાં ક્યાં થતું હોય છે?” એણે મારી સામે જોયું. એની આંખોમાં મને અપાર વેદના દેખાઈ. એણે વાત આગળ ધપાવી, “બલૂનને ચોક્કસ દિશામાં ગતિ આપનાર સઢનું બળ હવાના જોરદાર પ્રવાહોને વશ થઈ ગયું. ચાર બલૂનો વચ્ચેનો ભાગ અસ્થિર હાલતમાં ફરતો રહ્યો અને આખરે આ મહત્ત્વાકાંક્ષી પ્રયોગ અસફળ રહ્યો.”

એની રસપ્રદ વાતોએ મને જકડી રાખ્યો. એ અટક્યો અને ગર્વિષ્ઠ અવાજે બોલ્યો, “બલૂનને ચોક્કસ દિશા આપી શકાય એવી એકમાત્ર સંભવિત રીતની શોધ મેં કરી હતી.” એના અવાજમાં હવે કટુતા ભળી, “તમે કદાચ નહી માનો. હું શોધમાં સ્વબળે જ આગળ વધ્યો હતો. કોઈ પણ સંસ્થા મારી મદદે ન આવી. કોઈ પણ શહેરે મને આવકાર્યો ન હતો. તેમ જ કોઈ સરકારે પણ મારી વાત ધ્યાનમાં ન લીધી! કોઈએ મારી કે મારી આ મહાન શોધની નોંધ સુદ્ધાં લીધી ન હતી. જોકે હવે મને આ બધી વાતોની કોઈ નવાઈ નથી રહી!” સમગ્ર માનવજાત માટેની કડવાશ તેના શબ્દો તથા તેના ચહેરા પર તરી આવી. હું બોલ્યા વગર તેને તાકી રહ્યો. એ ખૂબ ઉત્તેજના તથા ઉશ્કેરાટભર્યા અવાજે બોલી રહ્યો હતો. એની ઉત્તેજનાની અસર અમારી કૅબિન ઉપર પણ પડવા લાગી. એની સમતુલા ખોરવાઈ રહી હોય એમ મને લાગ્યું. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે મારે ઘણી મહેનત કરવી પડી. હવાના ઝડપી પ્રવાહને કારણે બલૂન ઝડપથી દક્ષિણ તરફ ઘસડાઈ રહ્યું હતું. ૧૨૦૦ મીટરની ઊંચાઈના નવા ઠંડા-ગરમ વાતાવરણમાં અમે ઠૂંઠવાઈ રહ્યા હતા. અચાનક જ મારો સાથીદાર ઉત્સાહમાં આવી ગયો. કૅબિનના કઠેરાં પર વાંકો વળી તે નીચે જોવા લાગ્યો. આંગળી ચીંધી ધરતી પરનાં સ્થળો બતાવતો ગયો અને મોટે અવાજે બોલતો ગયો.

"જુઓ, જુઓ, નીચે નજર નાખો. ત્યાં દેખાય છે પેલું ડર્મસ્ટડ. પેલો મોટો બંગલો તમે જોઈ શકો છો ને? એ ફ્રેન્ચ ઉમરાવનો બંગલો છે. મને લાગે છે કે એ તમને સ્પષ્ટપણે નહી જ દેખાતો હોય. જોકે એમાં તમારો વાંક નથી. આપણી નીચે ચાલી રહેલા તોફાનનો વાંક છે. ગરમ હવાને કારણે નીચેની વસ્તુઓની રેખા ધૂંધળી બની ગઈ છે. આવી સ્થિતિમાં સ્થળોને ઓળખવા માટે તમારી પાસે અનુભવસિદ્ધ નજર હોવી જોઈએ." એની નજર અનુભવસિદ્ધ હોવાના ગર્વ સાથે એ બોલતો રહ્યો. એની વાત સાંભળી મારી આતુરતા વધી ગઈ. કૅબિનમાંથી નીચે જોઈને મેં પણ શહેર ઓળખવા પ્રયાસ કર્યો. મને ખાસ કંઈ દેખાયું નહીં, "તમને ચોક્કસ ખાતરી છે કે આ ડર્મસ્ટડ જ છે?" મેં ચોક્સાઈ માંગી.

"હા, હા, મને એમાં કોઈ શંકા જ નથી. આપણે ફ્રેન્કફર્ટથી ૬ લીગ દૂર છીએ." એ પોતાની ચોક્સાઈને વળગી રહ્યો.

"તો, તો આપણે હવે નીચે ઊતરવાનું શરૂ કરવું જોઈએ!" પરિસ્થિતિને મારા હાથમાં લેવાની એક પણ તક હું છોડવા માગતો નહોતો.

"શું? નીચે ઊતરવું છે? જરા નીચે જુઓ તો ખરા! તમારે દેવળના અણિયારા મિનારા પર ઊતરવું છે?" મારી મજાક ઉડાવતો હોય એમ મંદમંદ હાસ્ય સાથે તે બોલ્યો.

"ના, જી." મેં ભાવવિહીન ચહેરો રાખી કહ્યું, "એવું કરવાની જરૂરત નથી. દેવળની અણિયારી ટોચને બાજુએ રાખીને પણ, શહેરનાં પરાંઓમાં આપણે સલામત ઉતરાણ કરી શકીશું."

હું આગળ સૂચન કરું એ પહેલાં એ બોલ્યો, "હવામાં ઘણી ગરમી છે. આપણે થોડા ઉપર ઊડવું જોઈએ." બોલતાં બોલતાં જ એણે રેતી ભરેલી વધુ બે થેલીઓ ઉપાડી. મારા અનુભવના આધારે મને એના ઇરાદાની ગંધ આવી ગઈ. મેં તેને રોકવા પ્રયાસ કર્યો, પણ મને બળપૂર્વક એક તરફ ધકેલી એ ફરી એક વાર પોતાની મનમાની કરવામાં સફળ રહ્યો. નીરમની બે થેલીઓ ખુલ્લા આકાશમાં ફંગોળાતાં જ બલૂન એકદમ ૨૦૦૦ મીટર જેટલું ઉપર ચડી ગયું.

"અરે! અરે! આ શું કરી રહ્યા છો?" હું ચિત્કાર કરી ઊઠ્યો. બલૂનમાં એના અનધિકૃત પ્રવેશને મેં સહન કરી લીધો હતો, પરંતુ આ અવિચારી કૃત્યથી મને આઘાત લાગ્યો. હું સમસમી ઊઠ્યો. મારા મોં પર ગુસ્સાના ભાવ જોઈ, મને શાંત પાડવા પ્રયાસ કરતો હોય તેમ તે બોલ્યો, "શાંત થાવ, મહાશય, હળવા બનો. ચિંતાનું કોઈ જ કારણ નથી. તમે એક હવાઈયાત્રી છો. તમારે એ ભૂલવું ન જોઈએ કે બિરયોસ્કી, બીઓટ, ગેલ્યુસેક, બીઝીઓ તથા બારેલ — આ બધા જ સાહસિકોએ તેમની હવાઈયાત્રા દરમિયાન વૈજ્ઞાનિક પ્રયોગો કરવા, આનાથી પણ વધારે ઊંચાઈ સર કરી હતી."

હવે મને ડર લાગી રહ્યો હતો — હવાઈયાત્રાનો નહી, આ મારા સહયાત્રીનો. આ અજાણ્યા યુવાનનો ઇરાદો ખતરનાક જણતો હતો, પરંતુ ઉંપર હવામાં હું તેની સાથે બાથ ભીડી શકું તેમ ન હતું. મેં મનોમન વિચાર્યું. એક વાર નીચે ઊતરી ગયા બાદ હું એને જોઈ લઈશ. ત્યાં સુધી શાંતિ અને સમજાવટ જ એકમાત્ર માર્ગ દેખાતો હતો. નીચે

ઊતરવા એને સંમત કરવાનો ફરી એક વાર પ્રયત્ન કરતાં મેં શાંતિથી કહ્યું, "સાંભળો છો! ભાઈસાહેબ? હવે તો આપણે નીચે ઊતરવું જ રહ્યું. તમે જ એક વાર નીચે નજર નાખો તો! તોફાન આપણી આસપાસ ભરડો લઈ રહ્યું છે. વહેલી તકે નીચે ઊતરવામાં જ શાણપણ રહેલું છે..."

પરંતુ એ મારી વાત સાંભળવા માગતો જ ન હતો. મારી વાત વચ્ચેથી કાપીને એ બોલ્યો, "એ તોફાનની ચિંતા તો કરશો જ નહીં. આપણે એને હાથતાળી આપી છટકી જઈશું. આપણે તોફાનો કરતાં વધારે ઉપર ઊડીશું. પછી આવાં તોફાનો આપણને ક્યારેય ડરાવી શકશે નહીં અને આ વાદળો! પૃથ્વી ફરતે ભરડો લઈ સૌને ત્રાસ આપતાં રહે છે. આવાં ઘનઘોર વાદળોની અવગણના કરવાથી વધારે ઉમદા શું હોઈ શકે? ઉપરાંત હવાના આ વેગવાન તરંગો ઉપર તરી રહેલા બલૂનને આગળ વધારવાથી મોટું બહુમાન કોઈ હોઈ શકે ખરું? કુદરતની આ અમાપ શક્તિઓને નાથવાની મજા આપણે માણવી જ રહી." એ બોલતો જ ગયો, "મહાન માણસોએ આવી જ — આપણા જેવી મુસાફરી કરી છે. ફ્રેન્ચ સન્નારીઓ તથા સદ્‌ગૃહસ્થોની વાત કરીએ તો — કાઉન્ટેસ દ મોન્ટાલબર્ટ, કાઉન્ટેસ ઑફ પોડેનાસ, મડોઇસેલે લા ગાર્ડ તથા મોન્ટાલબર્ટના અન્ય મિત્રોએ સેન્ટ ઓન્ટોનીથી અજાણ્યા પ્રદેશોની સફર શરૂ કરી હતી. ટ્રેસના ડ્યૂકે મુશ્કેલ સમયમાં પણ ભારે હિંમત અને કુનેહ દાખવી હતી. તેમણે ઈ.સ. ૧૭૮૪ની ૧૫મી જુલાઈના દિવસે પૂરી સ્વસ્થતા અને સાવધાનીથી પોતાના બલૂનનું સહીસલામત ઉતરાણ કરાવ્યું હતું."

શ્વાસ લીધા વગર બધાં જ નામો એ કડકડાટ બોલી ગયો. જાણે કે બધાં જ નામો એણે ગોખી ન લીધાં હોય!

"માત્ર આ લોકો જ નહીં, બીજા પણ ઘણા સાહસિકો છે. જેમ કે લાયનના કાઉન્ટ, લોરેન્સીન તથા ડમ્પિયરના કાઉન્ટ, નાન્ટેસના એમ. દ. લુયન્ઝ બોરડેક્ષના બે સાહસિકો દ. જાર્બેલેટ, દ. ગ્રેન્જિસ, ઇટલીના શેવલિયર એન્ડ્રિયાની અને આજના સમયના સાહસિક બ્રન્સવિકના ડ્યૂક — આ બધાએ જ હવાઈયાત્રાના પોતાનાં સાહસો અને સંશોધનોની ભવ્ય છાપ પાછળ છોડી છે. આ બધા જ આપણા પ્રેરણામૂર્તિઓ છે. તમે ગભરાવાનું છોડી દો. આ મહાન હસ્તીઓની સમકક્ષ થવા આપણે હજી વધારે ઉપર ઊડવું જોઈએ. તેને બદલે તમે વારંવાર નીચે ઊતરવાની વાત કરો છો?" એ મારી સામે જોઈ તુચ્છકારભર્યા ભાવ સાથે બોલ્યો. એના અવાજમાં એક પ્રકારની ઘેલછા ઊભરી આવી, જે ખૂબ જ ડરામણી હતી. એની બેકાબૂ લાગણીઓ શબ્દ સ્વરૂપે વહી રહી, "આપણે ઉપર ઊડવું જોઈએ. આકાશના સૌથી ઊંડા અને અગાધ પ્રદેશોમાં. અનંતને જો સમજવું હોય તો આપણે એનાથી પણ આગળ જવું જ રહ્યું."

અમે ઘણી ઊંચાઈએ હતા. હવાનું સ્તર પાતળું હતું. એના કારણે બલૂનમાં ભરેલ હાઇડ્રોજન ગૅસનું વિસ્તરણ થવા લાગ્યું. બલૂનનો નીચેનો ભાગ મેં આ હેતુથી જ ખાલી રાખ્યો હતો, પરંતુ એ ભાગ પણ હવે તો ફૂલી રહ્યો હતો. પરિસ્થિતિ વધુ જોખમી બને તે પહેલાં વાલ્વને ખોલવો જ પડે તેમ હતું, પણ મારા જ બલૂનને મારી મરજીથી, ચલાવવા દેવાની મારા સાથીદારની મરજી જણાતી ન હતી. જો આમ જ ચાલતું રહે તો

બલૂનને આગ લાગવાનું જોખમ હતું. આગના વધી રહેલા જોખમને અટકાવવું પણ એટલું જ જરૂરી હતું. મેં મનમાં ગાંઠ વાળી લીધી કે ગમે તે થાય, પણ વાલ્વ તો ખોલીને જ રહીશ. એ એટલા આવેશમાં બોલી રહ્યો હતો કે ચોરીછૂપીથી વાલ્વની દોરી ખેંચીને બલૂનને હળવું કરવામાં મને કોઈ મુશ્કેલી નહીં નડે એમ મને લાગ્યું. એને ખબર પડી જશે તો? આ વિચારે મને ડરાવ્યો. મારો પનારો કોની સાથે પડ્યો છે? મારી આ યાત્રાનું પરિણામ શું આવશે? આવા વિચારો મને હતાશ કરી રહ્યા.

બપોરના એક વાગવામાં ૧૫ મિનિટ જ બાકી હતી. ફ્રેન્ટફર્ટ પરથી પસાર થયાને પણ લગભગ ૪૦ મિનિટ થઈ ચૂકી હતી. દક્ષિણ તરફથી ભારેખમ વાદળો, સામે પવને આ તરફ આવી રહ્યાં હતાં. વાદળોનો આ ડરામણો સમૂહ અમારા પર તૂટી પડવાની તૈયારીમાં હતો. વાતાવરણ ખૂબ જ બિહામણું બની ગયું. મારો સાથીદાર તો માથે કફન બાંધી વિજ્ઞાનના નામે શહીદ થવા જ નીકળ્યો હોય એ રીતે વર્તતો હતો.

મેં ઉત્સુકતાથી પૂછ્યું, ‘‘શું તમે સાહસમાં સફળતા મેળવવાની બધી જ આશાઓ છોડી દીધી છે? તમે જીવનથી હતાશ થઈ ગયા છો?’’

મારો પ્રશ્ન એને વિચલિત કરી ગયો. ઉદ્વેગ અને આક્રોશથી ભરેલા અવાજે એ તાડૂકી ઊઠ્યો, ‘‘બધી જ આશાઓ! હું વિજ્ઞાનને સંપૂર્ણપણે વરેલો સાહસવીર છું, પરંતુ કટાક્ષચિત્રો અને પામર લોકોની અલ્પબુદ્ધિથી હું ઘવાયેલો છું. આ મૂર્ખ ગધેડાઓની લાતોએ મારી શોધ, મારી કલ્પનાશક્તિ તથા મારા ઉત્સાહને ખતમ કરી નાખ્યાં છે. જોકે મહાન સંશોધકો માટે ક્યારેય ખતમ ન થઈ શકે એવી આ પ્રકારની સજાઓ અનામત હોય જ છે. જુઓ, આ બધાં કટાક્ષચિત્રો ધ્યાનથી જુઓ. મારું આલબમ આવાં ચિત્રોથી ભરેલું છે.’’

એ બોલ્યે જતો હતો, પણ મારું ધ્યાન તેની વાતોમાં ન હતું. બોલતાં બોલતાં એ કાગળિયા શોધવામાં વ્યસ્ત થઈ ગયો. એના બેધ્યાનપણાનો લાભ લઈ મેં વાલ્વના દોરાને પકડી લીધો. હવાને ધીરેધીરે છોડવા દોરો થોડો ખેંચ્યો. મને ડર હતો કે હવા બહાર નીકળવાનો સિસોટી જેવો અવાજ એ સાંભળી જશે. તો એ મને બળપૂર્વક રોકવા પ્રયાસ કરશે, પરંતુ એ એની ધૂનમાં જ હતો, તેથી તેનું ધ્યાન એ તરફ ગયું જ નહીં અને મને હાશ થઈ.

‘‘તમને ખબર છે? એબ મિલાન પર કેટલા રમૂજી ટુચકાઓ બન્યા હતા!’’ મને એક ચિત્ર બતાવતાં એ બોલતો ગયો, ‘‘જેનીનેટ અને બ્રેડીન તેની સાથે યાત્રા કરવાના હતા. તેમનો ઉત્સાહ સમાતો ન હતો. તેમને જોવા ઘણા લોકો ભેગા થયા હતા. જ્યારે ગૅસ ભરાતો હતો ત્યારે જ બલૂનને આગ લાગી ગઈ. નાસીપાસ થયેલા અજ્ઞાની લોકોએ આગથી બચી ગયેલા બલૂનના રહ્યાસહ્યા ભાગના ટુકડેટુકડા કરી નાખ્યા.’’ નિશ્વાસ સાથે એ ચિત્રને મારી આંખ સામે લાવી મને બતાવતો બોલ્યો, ‘‘જુઓ, આ કટાક્ષચિત્રને. ત્રણે સાહસિકોને વિવિધ જાનવરોનું નામ અપાયું હતું. આવાં દ્વિઅર્થી નામો આપી યાત્રીઓની મજાક ઉડાડવામાં આવી. તેમના ઉત્સાહને નિરુત્સાહમાં બદલવા આવી ભદ્દી મજાક કરવામાં આવી હતી.’’ તેની આ વાતથી મને આઘાત જરૂર લાગ્યો, પરંતુ એવા અવાજમાં ભળેલા દુ:ખ કરતાં મારું વધારે ધ્યાન વાલ્વની દોરી

ખેંચી મારો જીવ બચાવવામાં હતું. તેનું ધ્યાન ન જાય તે રીતે વાલ્વનો દોરો ખેંચવામાં મેં મારું મન પરોવ્યું. વાલ્વની દોરી થોડી વધુ ખેંચાતાં જ હવા બહાર નીકળવા માંડી. બેરોમીટરનો પારો ઉપર ચઢવા માંડ્યો. બલૂન નીચે ઊતરવા માંડ્યું. મારા ચહેરા પર બલૂનનું સંચાલન હાથમાં લઈ લીધાની ખુશી ઝલકી ગઈ. બલૂન નીચે ઉતારવાનો સમય પણ પાકી જ ગયો હતો. દૂરદૂર દક્ષિણ તરફથી વાદળોનો ગડગડાટ સંભળાઈ રહ્યો હતો. મારા સાથીનું ધ્યાન તે તરફ પણ ન ગયું. તે તો બોલતો જ ગયો.''

''જુઓ, આ બીજું ચિત્ર.'' મેં વાલ્વની દોરી થોડી વધુ ખેંચી ગૅસ જવા દીધો. એને શંકા પણ ન ગઈ. એનું સમગ્ર ધ્યાન તથા આંખો એની પાસેના વિવિધ ઠઠ્ઠાચિત્રો પર તરત જ સ્થિર થઈ ગઈ હતી.

''આ ચિત્ર જુઓ, કેટલા મોટા કદનું બલૂન બનાવ્યું છે! હા, બલૂનયાત્રાની મજાક ઉડાડવા બનાવેલ આ ચિત્રમાં બલૂનને વહાણો, મજબૂત કિલ્લાઓ તેમ જ ઘરોને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જતું દર્શાવ્યું છે. ચિત્ર બનાવનાર મૂર્ખને ખબર નહીં હોય કે એની રમૂજી કલ્પના એક દિવસ હકીકત બની જશે. આ વિશાળકાય યાન એ રીતે સંપૂર્ણ છે. એના માટે આ કલ્પનાશીલ ચિત્રકારનો આભાર માનીએ એટલો ઓછો છે. નાનામાં નાની દરેક બાબતનું ધ્યાન રાખવામાં આવ્યું છે.''

ઉત્સાહથી એ ઠઠ્ઠાચિત્રની વિગતો દર્શાવતાં એ બોલ્યો, ''બલૂનની ડાબી તરફ સુકાન તેમ જ ચાલક માટેનો નિયંત્રણકક્ષ છે. અગ્રભાગે યાત્રીઓના આનંદપ્રમોદ માટે વિશાળ કમરાઓ છે. ઉપરાંત મોટા કદનું વાજિંત્ર પણ છે. પૃથ્વી તેમ જ ચંદ્રના રહેવાસીઓનું ધ્યાન ખેંચવા મોટી તોપ તો જુઓ! બલૂનના પાછળના ભાગે તારાઓ તથા અંતરિક્ષના અભ્યાસ માટે વેધશાળા પણ બનાવી છે. અરે! કટોકટીના સમયે બચાવકાર્ય કરી શકાય તેવું યાન પણ તૈયાર જ છે. બલૂનના મધ્ય ભાગમાં રક્ષાસંત્રીઓ માટેની બેરેક્સ છે. જમણી બાજુ વરાળયંત્રનું ધુમાડિયું છે, અને સાથે હવામાં લહેરાતા સઢ પણ છે. આ બધું બલૂનયાત્રામાં મદદગાર તો છે જ. સાથેસાથે બલૂનને આકર્ષક પણ બનાવે છે. સૌથી વિશેષ તો ઉપરના ભાગમાં સહેલ કરવા બનાવેલ ગૅલરી તથા નીચે ઉપહારગૃહ અને મોટો સ્ટોરરૂમ પણ તમે જુઓ.'' એ રીતે એકીસાથે એ ચિત્રમાં દર્શાવેલ બલૂનની ખૂબીઓ જણાવી ગયો. એ આગળ બોલતો ગયો, પણ હવે એના અવાજમાં ગુસ્સો પણ ભળ્યો.

''આ ચિત્રની નીચેનું લખાણ જોયું? આખું જ નિવેદન આડંબર તથા ઉપહાસથી ભરેલું છે. ચિત્રકારનો હેતુ આ સાહસયાત્રાનું અપમાન કરવાનો છે. જુઓ અને વાંચો એમાં શું લખ્યું છે તે!'' તેણે એ લખાણ મોટેથી વાંચવા માંડ્યું.

''માનવજાતના સુખ તથા આનંદપ્રમોદ માટે બનાવવામાં આવેલા વિશાળતમ હવાઈયાન — લેવાન્ટના બંદર તરફ પ્રયાણ કરવા તૈયાર છે. વળતી મુસાફરીમાં આ બલૂનયાત્રીઓને બંને ધ્રુવોની મુલાકાતે લઈ જશે. સૌથી પશ્ચિમના વિસ્તારોની પણ યાત્રા કરી શકાશે. વિવિધ સ્થળોની મુસાફરી અંગેની વધુ માહિતી પાછળથી આપવામાં આવશે. યાત્રીઓ જે જગ્યાએ જવાના હોય એના આધારે ચોક્કસ ભાડું લેવાશે. દૂરની લાંબી મુસાફરી માટે એકસરખું ભાડું — ૧૦૦૦ લીવરેજ રહેશે. યાત્રાની ઝડપ,

સગવડ અને મુસાફરીના રોમાંચ તેમ જ આનંદને ધ્યાનમાં લેતાં આ ભાડું તો કંઈ જ નથી. ઉચ્ચ બુદ્ધિમત્તા તથા કૌશલ્યવાળા પ્રવાસીઓ પોતાની રીતે આનંદ લઈ શકશે અને અન્ય પ્રવાસીઓ પોતાની રીતે મજા માણી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે અને હા, અતિ મહત્ત્વની બાબત — કોઈ પણ પ્રકારનો સામાન લેવાની જરૂર નથી. બધા જ યાત્રીઓની બધી જ સગવડો ધ્યાનમાં રાખી વ્યવસ્થા રાખી છે. આ હવાઈયાત્રાનો એકમાત્ર હેતુ, ફક્ત અને ફક્ત આનંદ માણવાનો છે. આશા છે કે ભવિષ્યમાં વધુ ને વધુ લોકો આ પ્રકારની હવાઈ મુસાફરીથી આનંદ મેળવતા રહેશે.''

''શ્રીમાન, તમને ખ્યાલ આવી જ ગયો હશે કે આ કટાક્ષચિત્રોનો હેતુ ફક્ત અને ફક્ત આ સાહસયાત્રાની હાંસી ઉડાવવાનો જ છે, પણ એમને ખબર નથી કે લાંબા સમયથી જો હું આ બધી બાબતોથી અલગ થઈ ગયો ન હોત ને, તો તેઓ અને આ આખી દુનિયા આ કલ્પનાને હકીકતમાં તબદિલ થતી જોઈ શક્યા હોત!'' ખૂબ જ અજબ ભાવ સાથે એણે આ છેલ્લું વાક્ય ઉમેર્યું.

એની વાતો ચાલતી જ રહી. મેં બલૂનની ગતિ તરફ ધ્યાન આપ્યું. મને હાશ થઈ, કારણ કે બલૂન હવે નીચે ઊતરી રહ્યું હતું. મને અપાર આનંદ થયો. મારા વાતોડિયા સાથીદારના ધ્યાનમાં આ વાત આવી જ નહીં. એ ફરી વાર એનાં ચિત્રોનો સંગ્રહ ફંફોસી રહ્યો હતો. એ તો મારે માનવું જ રહ્યું કે એની પાસેનો સંગ્રહ અમૂલ્ય હતો અને એમાં બલૂનયાત્રા વિષયક તમામ પ્રકારની માહિતી સચવાયેલી પડી હતી.

મારી સામે એણે નવાં ચિત્રો ફેલાવ્યાં. આ વખતે એણે બલૂન વિષયક રમતોની વાત શરૂ કરી, ''જુઓ, બલૂન સાથે જોડાયેલ રમતો અંગેનાં ચિત્રો. આ રમતોમાં તો બલૂનયાત્રા તથા વાયુની સમતુલાને લગતા શાસ્ત્રની કલાનો ઇતિહાસ રહેલો છે. ઉચ્ચકક્ષાની વિચારશક્તિ ધરાવતા લોકોએ આવી રસપ્રદ રમતોની શોધ કરી હશે. જુઓ તો ખરા! રમતના વિવિધ પાસાંઓને સમજાવતી તક્તીઓ બનાવી છે. સંખ્યાના પ્રતીકરૂપે સિક્કાઓ પણ છે. આ ચિત્ર પરથી તો લાગે છે કે લોકો આ રમતમાં પૈસા હોડમાં મૂકતા હશે અને રમત રમનાર જ્યાં પહોંચે તે મુજબ પૈસાની લેવડદેવડની વ્યવસ્થા એમાં હોવી જોઈએ.''

એનાં જ્ઞાનથી હું પ્રભાવિત થયો. મેં પૂછ્યું, ''તમે બલૂનવિદ્યા બલૂનયાત્રા તથા વાયુની સમતુલાના શાસ્ત્રનો ગહનતાથી અભ્યાસ કર્યો હોય એમ લાગે છે.''

''હા, મહાશય હા.'' એ સંતોષપૂર્વક બોલ્યો, ''મેં ખરેખર ઘણો જ અભ્યાસ કર્યો છે. ફ્રાયયુન્હ, ઇકુહરસ તેમ જ આર્સીટાસથી માંડીને આજદિન સુધીના સાહસિકોની યાત્રાઓનો સંપૂર્ણ અભ્યાસ દ્વારા મેં ઘણી માહિતી એકઠી કરી છે. શીખવાલાયક બધું જ શીખી લીધું છે.'' આટલું બોલી એક પળ માટે એ અટક્યો. જાણે કે ભવિષ્યમાં જોતો હોય એમ એ ઊંડો નિસાસો નાખી બોલ્યો, ''જો ભગવાને મને લાંબું જીવન આપ્યું હોત તો આ કલામાં હું સમગ્ર માનવજાત તથા આ વિશ્વની ઘણી સેવા કરી શકું તેમ હતો, પણ જેવી ભગવાનની મરજી. એ હવે શક્ય નથી.''

એની વાત સાંભળી હું ચમક્યો. એક વિચિત્ર વિચાર મારા મનને દઝાવી ગયો — આ માણસ છે કે પ્રેત? મેં ગભરાતાં ગભરાતાં પૂછ્યું, ''કેમ?''

એક શહીદની અદાથી એણે જવાબ વાળ્યો, "કારણ કે મારું નામ એમ્પીડોક્લીસ અથવા તો ઇરોસ્ટ્રેટ્સ છે!!!"

(૨)

બલૂનની કૅબિનમાંથી ધરતી વધુ ને વધુ નજીક આવતી દેખાઈ રહી હતી. હું ખૂબ જ હળવાશ અનુભવી રહ્યો હતો, કારણ સ્પષ્ટ હતું. મારું બલૂન મારી મરજી મુજબ આરામથી ધરતી તરફ ગતિ કરી રહ્યું હતું. મારો સાથી જ્યારે બલૂનના ઇતિહાસની માહિતી આપી રહ્યો હતો, ત્યારે મેં બલૂનનું સંચાલન મારા હાથમાં લઈ લીધું હતું અને મજાની વાત એ હતી કે એ રીતે કે જેની એને ખબર પણ ન પડે! જોકે સંપૂર્ણ સલામતી સાથે નીચે જમીન ઉપર ઊતરી ન જવાય ત્યાં સુધી જોખમથી મુક્તિ મળેલી કહેવાય નહીં, કારણ કે ઊંચાઈ ૧૦૦ મીટર હોય કે ૫૦૦૦ મીટર — જોખમ તો એકસમાન જ હોય છે.

"તમને ફ્લોરસનું યુદ્ધ યાદ છે?" અચાનક જ એનો ઉત્તેજિત અવાજ સંભળાયો. હું મારા વિચારોની દુનિયામાંથી હકીકતની દુનિયામાં પાછો આવી ગયો. એણે ફરીથી માહિતીનો પટારો ખોલ્યો. નવીનવી વાતો બહાર આવી રહી હતી. એને આવી વાતોમાં વ્યસ્ત રાખવું જરૂરી હતું કે જેથી એનું ધ્યાન બલૂનની ગતિ તરફ ન જાય. એ બોલતો ગયો. બલૂન નીચે જઈ રહ્યું હતું એ વાતથી સાવ બેખબર!

"એ યુદ્ધ દરમિયાન સરકારની સૂચના મુજબ કોન્ટેલોએ બલૂનવિદ્યાના જાણકાર સાહસિકોની ટુકડી તૈયાર કરાવી હતી. આ ટુકડીનું મુખ્ય કામ હવાઈ નિરીક્ષણ કરી દુશ્મન પર નજર રાખવાનું હતું. નિરીક્ષણની આ નવી રીત ઘણી જ ફાયદાકારક રહી હતી. મેન્બેન્જના ઘેરાવાના સમયે સેનાપતિ જોર્ડનને આ ટુકડી મદદરૂપ બની હતી. કોન્ટેલો આ નિરીક્ષણથી એટલો પ્રભાવિત થયો હતો કે જાતે જ સેનાપતિ સાથે બે વાર ઉપર ઊડયો હતો. હવાઈ નિરીક્ષકો તથા જમીન પર રહેલા સેનાના પ્રતિનિધિઓ વચ્ચે નાની નાની સફેદ, લાલ તેમ જ પીળી પતાકાઓની મદદથી સંદેશાઓની આપ-લે થતી હતી. દુશ્મનની બંદૂક તથા તોપના ગોળાઓ વારંવાર બલૂન તરફ ફેંકાયા, પરંતુ બલૂનને નુકસાન પહોંચાડી શક્યા નહીં. બલૂન છેવટ સુધી અડીખમ જ રહ્યું."

યુદ્ધની આ રમ્યકથા તેણે રસપૂર્વક આગળ ચલાવી.

"જનરલ જોર્ડને જ્યારે શાર્લેરોને ઘેરો ઘાલવાની તૈયારી કરી ત્યારે કોન્ટેલો બલૂનમાં જ હતો. જુમેટના સપાટ પ્રદેશથી ઊડીને તેઓ જનરલ મોરલોટ સાથે સાત-આઠ કલાક હવાઈ નિરીક્ષણ કરતા રહ્યા અને પોતાની સેનાને માર્ગદર્શન આપતા રહ્યા. ફ્લોરસ પરનો વિજય આ હવાઈ નિરીક્ષણને જ આભારી હતો. જનરલે એનો જાહેરમાં સ્વીકાર પણ કર્યો હતો. એમણે બલૂનની યુદ્ધના સમયની મહત્ત્વની કામગીરીને બિરદાવી હતી. બલૂનની મહત્ત્વપૂર્ણ સેવા માત્ર આ પ્રસંગે જ નહીં, બેલ્જિયમના આંદોલન પ્રસંગે પણ મળી હતી. આ રીતે બલૂનના લશ્કરી ઉપયોગ સંબંધી કારકિર્દીની શરૂઆત થઈ હતી. સરકારે તેને પ્રોત્સાહન આપવા મેડનની શાળાની સ્થાપના કરી હતી, પરંતુ કમનસીબે એ જ વર્ષે એની કારકિર્દીનો અંત આવી ગયો. ઇજિપ્તથી પરત

આવેલા બોનાપાર્ટે એ શાળાને બંધ કરાવી દીધી હતી.'' નિરાશ અને હતાશ સ્વરે એ બોલ્યો.

''તમે જ કહો, શ્રીમાન. નવજાત શિશુ પાસે શી અપેક્ષા રાખી શકાય? ફ્રેંકલીને યોગ્ય જ કહ્યું હતું. આ તો જીવતા બાળકને ગળે ટૂંપો દઈ ગૂંગળાવી મારી નાખવા બરાબર જ કહેવાય ને!!''

પોતાના બંને હાથોમાં માથું નાખીને એ અજાણ્યો યુવાન નીચું જોઈ ગયો. એ ખૂબ જ દુ:ખી લાગ્યો. થોડી પળો બાદ એ અચાનક ઊભો થઈ ગયો. અત્યંત નારાજ થઈને મારી સામે જોઈ બોલ્યો, ''મેં તમને ના પાડી હતી ને? તેમ છતાં પણ તમે વાલ્વ ખોલી દીધો?'' એના શબ્દો સાંભળી ગભરાટથી હું સફેદ પૂણી જેવો થઈ ગયો અને વાલ્વની રસ્સી મારા હાથમાંથી છૂટી ગઈ.

મારા ગભરાટથી સંતુષ્ટ થઈ એણે આગળ ચલાવ્યું, ''ચાલો, વાંધો નહીં. આપણી કેબિનમાં હજી ૩૦૦ પાઉન્ડનું નીરમ છે, એ આનંદની વાત છે.''

એની વાત સાંભળી મને ધ્રાસકો પડ્યો. સ્વસ્થતા જાળવવાનો પ્રયાસ કરતાં મેં પૂછ્યું, ''તમે કહેવા શું માગો છો?'' મારા પ્રશ્નની ધરાર અવગણના કરી એણે પોતાની કથા ચાલુ રાખી. મને કહે, ''તમે ક્યારેય બલૂનમાં ઊડીને સમુદ્ર પાર કર્યો છે ખરો?'' એનો પ્રશ્ન સાંભળી હું ફિક્કો પડી ગયો. જાણે કે મારા શરીરમાંથી બધું જ લોહી ઊડી ગયું. હું કંઈ જ બોલી ન શક્યો.એણે બોલવાનું ચાલુ જ રાખ્યું, ''આપણે કમનસીબ છીએ કે હવાની સાથે અત્યારે આપણે એડ્રીઆટિક સાગર તરફ ખેંચાઈ રહ્યા છીએ. જે એક સામાન્ય સરોવર જેવો જ છે, પણ... વાંધો નહીં. આગળ ઉપર ઊડતાં કદાચ આપણે મોટા જળવિસ્તારોને પણ જોઈ શકીશું. આપણે સમુદ્રની ઉપર ઊડીને આગળ વધીશું. આ લહેરાતા દરિયાદેવ પર વિજય મેળવીશું.'' નીચે ઊતરવાની એની ઇચ્છા જ ન હોય એમ મને લાગ્યું.

મારી નોંધ લીધા વગર જ એણે રેતીથી ભરેલી બીજી બે ગુણો નીચે પધરાવી દીધી. પછી મારી સામે જોઈ ધમકી ઉચ્ચારી, ''મેં તમને વાલ્વ ખોલવા દીધો, કારણ કે ગૅસ ફેલાતો જતો હતો અને બલૂન ફાટી જાય તેવો ભય હતો, પરંતુ ફરીથી આવું કંઈ કરવા પ્રયાસ કરતા નહીં.''

એણે ફરી નવી વાર્તા શરૂ કરી.

''તમે બ્લાન્ચાર્ડ અને જેફરીની ડોવરથી કેલે સુધીની હવાઈયાત્રા વિશે જાણો છો? કેવી ભવ્ય અને પ્રભાવશાળી યાત્રા હતી એ! ૧૭૮૫ની ૭મી જાન્યુઆરીનો દિવસ હતો એ! ઉત્તર પશ્ચિમના પવનો હવાને લહેરાવી રહ્યા હતા. ડોવરના કિનારાથી તેમના બલૂનમાં ગૅસ ભરવામાં આવ્યો હતો. બધું જ બરાબર હતું. માત્ર એક જ ભૂલ થઈ ગઈ હતી — બલૂનની સમતુલા માટે જરૂરી વજનની ગણતરીમાં. આ ભૂલ ઘણી મોટી હતી. ઉપર ઊડતાંની સાથે જ તેમને તેમની ભૂલ સમજાઈ. ઉપર ઊડવાને બદલે નીચે આવી જવાય તેવી સંભાવનાનો તેમને ખ્યાલ આવતાં જ તેઓ ગભરાયા. ભૂલ સુધારવા તેમને નીરમ નીચે ફેંકવાની ફરજ પડી, પણ ગભરાટને કારણે ગણતરીમાં ફરી ભૂલ થઈ.

વધારે પડતું નીરમ નીચે ફેંકાઈ ગયું. તેમની પાસે ફક્ત ૩૦ પાઉન્ડનું જ ભારણ રહ્યું. જે ઘણું જ ઓછું હતું. તેઓ એકદમ જ ઘણી ઊંચાઈ પર પહોંચી ગયા. હવા પાતળી હતી અને એમના બલૂનના જાળીદાર કાપડની સ્થિતિસ્થાપકતા પણ ઓછી હતી. અત્યંત ધીમી ગતિએ તેઓ ફ્રાન્સના કિનારા તરફ ખેંચાયા. બલૂનમાંથી ગૅસ ધીમેધીમે બહાર નીકળવા માંડ્યો. તેનું કદ નાનું થતું ગયું અને તે નીચે ઊતરવા માંડ્યું. યાત્રીઓ ગભરાઈ ગયા.''

એવી સ્થિતિમાં જેફરીએ ગભરાઈને પૂછ્યું, ''હવે આપણે શું કરવું જોઈએ?''

સ્વસ્થ રહેવાનો પ્રયાસ કરતાં બ્લાન્ચાર્ડે કહ્યું, ''હજી તો આપણે પા ભાગની જ મુસાફરી કરી છે. આ રીતે તો આપણે નીચે ઊતરી જઈશું. જો થોડા ઉપર ઊડી શકાય તો કદાચ સાનુકૂળ પવન મળી રહે અને બાકીની યાત્રા પૂરી કરી શકીએ. ચાલો, નીરમની બાકીની થેલીઓ પણ ફેંકી દઈએ.''

વજન ઓછું થતાં જ બલૂનને ઉપર ઊડવા નવું બળ મળ્યું, પરંતુ જ્યાં બલૂનમાં ગૅસ જ ઓછો હોય ત્યાં બલૂન ઉપર કેવી રીતે જઈ શકે? બલૂને ફરીથી નીચેનો રસ્તો લીધો. માંડ અડધી મુસાફરી થઈ હતી. વજન ઘટાડવા યાત્રીઓએ તેમનાં પુસ્તકો તથા અન્ય સાધનો પણ ફેંકી દીધાં. લગભગ ૧૫ મિનિટ બાદ બ્લાન્ચાર્ડે પૂછ્યું, ''બૅરોમીટર શું દર્શાવે છે?''

''એ તો ઉપર જઈ રહ્યું છે! મને લાગે છે કે આપણે ખોવાઈ ગયા છીએ. આપણી નીચે સમુદ્ર છે.''

''પણ આપણે ફ્રાન્સના કિનારા પર તો છીએ ને!''

અચાનક જ મોટો ધમાકો સંભળાયો. જેફરી બોલી ઊઠ્યો, ''લાગે છે આપણું બલૂન ફાટી ગયું છે.''

''ના, ના એવું નથી. બલૂનમાં ગૅસ ઓછો થઈ ગયો છે. એથી બલૂનનો ઘેરાવ ઘટી ગયો છે. આપણે હજી નીચે ઊતરી રહ્યા છીએ. બધી જ વધારાની વસ્તુઓ આપણે ફેંકી દેવી જોઈએ.'' તરત જ એના સૂચનનો અમલ થયો. ખાદ્યસામગ્રી, હલેસાં, સુકાન બધું જ ફેંકી દેવામાં આવ્યું. તેઓ ફક્ત ૧૦૦ મીટર જેટલી ઊંચાઈ પર હતા અને નીચે ઘૂઘવતો સમુદ્ર હતો.

''અરે! આપણે ઉપર જઈ રહ્યા છીએ!!'' ડૉ. જેફરી આનંદીત થઈ ઊઠ્યા.

પરંતુ બ્લાન્ચાર્ડને પરિસ્થિતિનો ખ્યાલ હતો. તેણે તરત જ જણાવ્યું, ''ના, આ તો વજન ઘટાડાને કારણે થોડા સમય માટેની રાહત માત્ર જ છે. થોડી વારમાં જ આપણે ફરીથી નીચે આવી જઈશું.'' એ સમજી ગયો કે દરિયામાં જ ઊતરવાનું થશે. એ સંજોગોમાં એમને કોઈ વહાણ જ બચાવી શકે. એણે ક્ષિતિજ સુધી આશાભરી નજર નાખી. પછી હતાશ થઈ બોલ્યો, ''કંઈ પણ દેખાતું નથી. કોઈ પણ વહાણ આપણી તરફ આવતું નથી. શું આપણે કપડાં સાથે દરિયામાં પડીશું?''

બંને બદનસીબ યાત્રીઓએ પોતાનાં કપડાં કાઢી નાખ્યાં. જોકે બલૂનની ઊર્ધ્વગતિ પર એની કોઈ અસર પડી નહીં.

આખરે જેફરીએ કહ્યું, "બ્લાન્ચાર્ડ, આ યાત્રા તમે એકલાએ જ કરી હોત તો સારું થાત. મને સાથે લેવાથી તમે મુશ્કેલીમાં મુકાયા છો. આ સંજોગોમાં હું મારું બલિદાન આપવા તૈયાર છું. જો હું દરિયામાં કૂદી જાઉં તો વજન ઓછું થતાં જ બલૂન ઉપર થઈ જશે અને તમે બચી જશો."

"ના, ના." બ્લાન્ચાર્ડ ચિત્કાર કરી ઊઠ્યો, "એવું ના કરશો. એવી એકલતાની સ્થિતિ મારા માટે ત્રાસદાયક બની રહેશે." બલૂન હવે લગભગ હવા વગરનું થઈ ગયું. એની ગોળાકાર આકૃતિ નાની થતી ગઈ. વધેલો-ઘટેલો ગૅસ એક તરફ થતાં જ બલૂનની નીચે ઊતરવાની પ્રક્રિયા અતિશય ઝડપી બની ગઈ.

"આવજો ત્યારે!" હતોત્સાહ ડૉક્ટર જેફ્રીસ કૂદવાની તૈયારી કરતાં બોલ્યા, "ભગવાન તમને બચાવે." પણ એ નીચે કૂદે તે પહેલાં બ્લાન્ચાર્ડે તેમને પાછળથી પકડી લીધા. તે બોલ્યો, "ઊભા રહો. બીજી એક વધારાની તક છે. આપણે કૅબિનને બલૂન સાથે જોડતી રસ્સીઓ કાપી નાખીએ. કૅબિન નીચે પડી જશે. કૅબિનનું વજન ઓછું થતાં જ બલૂન જરૂર ઉપર ઊડશે. આપણે બલૂનની જાળી પકડી લઈશું. આપણે બંને બચી જઈશું. તો ચાલો — તૈયાર રહો." પરંતુ અચાનક જ તેઓ અટકી ગયા. આ શું થયું? બલૂન ઉપર જઈ રહ્યું છે? હા, તાજી હવાનો પ્રવાહ સમુદ્ર તરફથી જમીન તરફ વહી રહ્યો હતો. બેરોમીટર પણ નીચું દબાણ દર્શાવી રહ્યું હતું. બંને યાત્રીઓ ચોંકી ઊઠ્યા. હવાનો પ્રવાહ તેમને થોડો ઉપર લઈ ગયો અને ત્યાર બાદ જમીન તરફ ખેંચી રહ્યો હતો. તેઓ દરિયા પરથી બહાર નીકળી રહ્યા હતા. બલૂનમાં તેમને નીચે દરિયાકાંઠે વસેલું કેલે નગર દેખાયું. તેમના આનંદની સીમા ન રહી. હર્ષોલ્લાસમાં તેઓ બૂમ પાડવા લાગ્યા, "આપણે બચી ગયા. આપણે બચી ગયા." જોકે બલૂન હજી પણ હવા સાથે ઘસડાઈ રહ્યું હતું. થોડી વધારે પળો બાદ તેઓ ગિનીઝનાં જંગલોમાં ઊતર્યા.

આખી વાત સાંભળી હું ધ્રૂજી ઊઠ્યો. આ માણસ મને આવી નકારાત્મક વાતો શા માટે કહેતો હશે? હું વિચારી રહ્યો હતો. એ બોલ્યો, "મને તમારા પર સંપૂર્ણ વિશ્વાસ છે. ૧૦૦ ટકા ખાતરી છે કે આપણે જો આવી પરિસ્થિતિમાં આવી પડીએ, તો તમે પણ ડૉક્ટરના ઉદાહરણને જ અનુસરો અને બલિદાન આપવા તૈયાર રહેશો, ખરું ને?"

હું એને જોતો જ રહી ગયો.

વાદળોનો ચમકતો પિંડ અમારી નીચેથી પસાર થઈ રહ્યો હતો. સૂર્યના પ્રકાશમાં વાદળો ચમકી રહ્યાં હતાં. એક વિશાળ પડછાયો વાદળો પર આગળ વધી રહ્યો હતો. એ અમારા બલૂનનો પડછાયો હતો. એ કાળા પડછાયાની ચારે તરફ પ્રકાશ ફેલાયેલો હતો. કૅબિનની નીચે વાદળોનો ગડગડાટ સંભળાતો હતો. આખું દૃશ્ય ભયજનક હતું. મને ખૂબ જ ડર લાગતો હતો. દયાની ભીખ માગતો હોઉં એમ હું જોરથી ચિત્કારી ઊઠ્યો, "બલૂનને નીચે ઉતારો — જલદીથી." પરંતુ મારી વિનંતી સાંભળવા એ તૈયાર

જ ક્યાં હતો? એ તો જાણે કોઈ જુદી જ દુનિયામાં ખોવાઈ જવાની તૈયારી કરી રહ્યો હતો. એની વાણી તથા વર્તનમાં એક પ્રકારની ઘેલછા ભળી હતી.

"નીચે ઉતરાણ અને તે પણ હમણાં? અરે! હજી તો ચમકતો સૂર્ય આપણી રાહ જોઈ રહ્યો છે." એના અવાજમાં આત્મવિશ્વાસ ઝલકતો હતો. બોલતાની સાથે જ એણે ૫૦ પાઉન્ડ કરતાં વધારે વજનનું નીરમ નીચે ફેંકી દીધું. બલૂન વધારે ઉપર. ચઢ્યું. અમે ફરીથી ૩,૫૦૦ મીટરની ઊંચાઈએ સ્થિર થયા. અજાણ્યો યુવાન તો અવિરતપણે બોલી રહ્યો હતો. એની પાસે બલૂનયાત્રા વિષયક વાતોનો અખૂટ ભંડાર હતો. ફરીથી હું સંપૂર્ણપણે પરાધીન અવસ્થામાં મુકાઈ ગયો અને અતિશય થાકથી લગભગ બેહોશ જેવો થઈ ગયો હતો, પરંતુ એનો ઉત્સાહ તો વધતો જ જતો હતો. પ્રત્યેકની નવી વાત એ નવા ઉત્સાહથી કહેતો ગયો.

"આવો સરસ, સાનુકૂળ પવન રહેશે તો આપણે ઘણા દૂર જઈ શકીશું. તમને ખબર છે કે એન્ટીલ્સના ટાપુઓ પર કલાકના ૧૦૦ દરિયાઈ માઈલની ઝડપે હવાના પ્રવાહો વહેતા હોય છે? તમનેતો ખબર હશે જ કે જ્યારે નેપોલિયનની તાજપોશી થઈ, ત્યારે ગાર્નિયરે એ પ્રસંગને વધાવવા રાત્રે ૧૧ વાગ્યે રંગીન દીવડાઓથી સજાવેલું બલૂન મોકલાવ્યું હતું. ઉત્તરથી ઉત્તર-પશ્ચિમ તરફ વહેતી હવા સાથે આખી રાતે એ બલૂન વિવિધ પ્રદેશોમાંથી પસાર થતું રહ્યું. લોકોએ એની સુંદરતા મન ભરીને માણી. બીજા દિવસે સવારે સૂરજ નીકળતાંની સાથે જ રોમના નાગરિકોએ સેન્ટ પીટર્સના ગુંબજ પરથી પસાર થતા આ ભવ્ય બલૂનનું સ્વાગત કર્યું હતું. મારી એવી ઇચ્છા ખરી કે આપણે એમના કરતાં પણ દૂર અને ઉપર ઊડીશું."

એની વાતો ભલે માહિતીથી ભરપૂર હોય, રોમાંચક હોય, પણ એ વાતો સાંભળવામાં મને રસ પડે એવી સ્થિતિ રહી ન હતી. બધું જ મારી આસપાસ ગોળગોળ ફરી રહ્યું હતું. મારું શરીર ગળાતું હોય અને શક્તિ ક્ષીણ બની રહી હોવાની લાગણી હું અનુભવી રહ્યો. અચાનક જ નીચે જોઈ એ બોલી ઊઠ્યો, "જુઓ પેલું શહેર, એ સ્પાઇરસનગર છે."

હું જમીન જોવા અધીરો બની ગયો હતો. ઝડપથી ઊભા થઈ વાદળાંઓની વચ્ચેના ખુલ્લા પટમાંથી મેં નીચે ડોકિયું કર્યું. કાળા નાના ધાબા જેવું એ શહેર મને દેખાયું. વિશાળ રહાઇન નદી, ગડી ખોલીને મૂકેલી લાંબી રિબીન જેવી દેખાતી હતી. મને નીચે ઊતરવાની અદમ્ય ઇચ્છા થઈ આવી, પણ મારી એ ઇચ્છા ક્યારે પૂરી થશે? હજી આગળ ક્યાં સુધી જઈશું અને આખરે શું થશે એ વિચાર મને પરેશાન કરી રહ્યો. મેં ઉપર નજર કરી, ભગવાનને સવાલ પૂછતો હોઉં તે રીતે. ઉપર ભૂરું આકાશ હતું — ફક્ત આકાશ. પક્ષીઓ તો ક્યારના અમારો સાથ છોડી ગયાં હતાં. આટલી ઓછી હવામાં તેઓ ઊડી શકે તેમ નહોતું. અતિવ્યાપ્ત આકાશમાં અમે એકલા જ હતા. એક હું અને બીજો હતો આ — આ બલૂનવિદ્યાના નામે શહીદ થવા નીકળેલો ભેજાગેપ, ઘનચક્કર જેવો અજાણ્યો યુવાન. એનું બોલવાનું બંધ થતું ન હતું.

"હું તમને ક્યાં લઈ જાઉં છું એ જાણવું તમારા માટે જરૂરી નથી." બોલતાં બોલતાં એણે હોકાયંત્રને હાથમાં લીધું. એક-બે મિનિટ રમત કરી. મારી સામે વેધક નજરે જોયું

અને હોકાયંત્રને વાદળોમાં ફેંકી દીધું. પછી જાણે કંઈ બન્યું જ ન હોય એમ બોલ્યો, "ઓહ, નીચે પડવું કેવી ભવ્ય બાબત છે. એની તો તમને ખબર જ હશે, પરંતુ બલૂનના અકસ્માતનો ભોગ બનેલા કેટલાક કમનસીબ સાહસિકોની વાત તમને કરવી જ રહી. તમારે ડરવાની જરૂર નથી. પીલાટ્રે દ રોઝિયરથી માંડીને લેફ્ટેનન્ટ ગેલ સુધીના સાહસિકોને નડેલા અકસ્માતોના મૂળમાં એમની આંધળી સાહસવૃત્તિ જ રહેલી છે. વિશ્વાસ રાખો કે આપણે આ યાત્રામાં એવી ભૂલ કરવાના નથી!"

મને ખ્યાલ આવી ગયો કે જ્યાં સુધી એનો વાતોનો ખજાનો ખાલી ન થાય ત્યાં સુધી નીચે ઊતરવાનો એનો કોઈ ઇરાદો ન હતો. અત્યાર સુધી એ બલૂન વિષયક શોધોની વાતો કરી રહ્યો હતો. હવે એણે સાહસિકોના અકસ્માતો વિશે જણાવવાનું શરૂ કર્યું.

"૧૭૮૫ની ૧૩મી જૂનના દુર્ભાગ્યપૂર્ણ દિવસે પીલાટ્રે દ રોઝિયરે, બુલિયન શહેરની રોમેન નામની વ્યક્તિ સાથે પોતાની યાત્રા શરૂ કરી હતી. તેણે બલૂનમાં મોન્ગોલ્ફીનું ગરમ હવાનું ઉપકરણ લગાડયું હતું. બેશક, તેણે આ પ્રયોગ સમજી વિચારીને જ કર્યો હતો. ગૅસને ઓછો કરવાની જરૂરત ઊભી ન થાય અને તે ઉપરાંત નીરમ ફેંકવાની પણ જરૂર ન પડે એ હેતુથી જ આ પ્રયોગ કર્યો હતો, પરંતુ તેને કદાચ આની મર્યાદાનો ખ્યાલ ન હતો. આ પ્રયોગ તો ગન પાઉડર ભરેલા પીપ નીચે મશાલ મૂકવા બરાબર હતો. તેઓ ૪૦૦ મીટર જેટલું ઉપર ઊડ્યા તો ખરા, પરંતુ વિરુદ્ધ દિશામાં વહેતો પવન તેમને ખુલ્લા સમુદ્ર તરફ ખેંચી ગયો. પીલાટ્રેએ બલૂનને નીચે ઉતારવા વાલ્વ ખોલવા પ્રયાસ કર્યો. વાલ્વનો દોરો બલૂનમાં ભેરવાયો અને બલૂન ફાટી ગયું. બલૂન તરત જ ખાલી થઈ ગયું અને મોન્ગોલ્ફીના ઉપકરણ પર પડ્યું. ઉપકરણ ઊંધું થઈ ગયું. સમતોલન જતું રહ્યું અને કમનસીબ યાત્રીઓ ઊંચાઈએથી નીચે પટકાયા. બંનેના શરીરનો છૂંદો થઈ ગયો." એ મારા પ્રતિભાવો જોવા અટકયો. પછી બોલ્યો, "આ ઘણું જ ભયાનક કહેવાય, ખરું, ને?"

ડરનો માર્યો હું ફક્ત એટલું જ બોલી શક્યો, "મહેરબાની કરો ભાઈસાહેબ, હવે બહુ થયું. ચાલો, આપણે નીચે ઊતરી જઈએ. જુઓ તો ખરા, વાદળાંઓ આપણી આસપાસ જમા થઈ રહ્યાં છે. નીચે ભયાનક ધમાકાઓ થઈ રહ્યા છે. તમે સાંભળો તો ખરા! આપણા બલૂનને એના પડઘાઓ ધ્રુજાવી રહ્યા છે. તમને એની ગર્જનાઓ અને ગડગડાટી સંભળાય છે કે નહીં?"

મારી વાત સાંભળતા જ એ અજાણ્યા યુવકનો ચહેરો રાતોચોળ થઈ ગયો. એનો ગુસ્સો સાતમા આસમાન પર પહોંચી ગયો. એ બરાડી ઊઠયો, "હવે તમે મને હેરાન કરી રહ્યા છો. વારંવાર નીચે ઊતરવાની વાત કરી કરો છો એ ઠીક નથી. તમે તો કંઈ સમજતા જ નથી! હવેથી તમને ખબર પણ નહીં પડે કે આપણે ઉપર જઈ રહ્યા છીએ કે નીચે!"

એનો ગુસ્સો જોઈ હું ડઘાઈ ગયો. એને શાંત કેવી રીતે કરી શકાય તે વિચારું તે પહેલાં તો બૅરોમીટર પણ હોકાયંત્રની જેમ જ રેતીની થોડી વધુ ગૂણો સાથે નીચે ગયું. હવે ન તો ઊંચાઈની ખબર પડે તેમ હતું કે ન તો દિશાની! અમે લગભગ ૫૦૦૦ મીટરની ઊંચાઈએ હોઈશું એવું મેં અનુમાન લગાવ્યું, કારણ કે મને હવામાં તથા અમારી

કૅબિનની આસપાસ જમા થતાં હીમકણો દેખાયાં. વાતાવરણ અતિશય ઠંડું થઈ ગયું હતું. મને એટલી ઠંડી લાગતી હતી કે જાણે હીમવર્ષા મારાં હાડકાંમાંથી પસાર થઈ રહી ન હોય. અમારી નીચે ફૂંકાઈ રહેલું વાવાઝોડું વધુ જોરદાર અને વેગવાન થતું જતું હતું. જોકે એની અસર અમારા પર નહિવત જ હતી. અને એનાથી ઘણા ઉપર હતા.

"ગભરાશો નહીં. અસાવધ લોકો જ અકસ્માતનો ભોગ બનતા હોય છે." આ સાથે જ તેણે બીજા બદનસીબ યાત્રીઓની વાત શરૂ કરી.

"ઑલિવર નામનો સાહસિક ઓર્લિયન્સ ખાતે મોતને ભેટ્યો હતો. મોન્ગોલ્ફિયર નામની કાગળની બનેલી કૅબિનમાં એ ઊડ્યો હતો. એ એની મોટામાં મોટી ભૂલ હતી. સામાન્ય ઘસારાથી સળગી ઊઠે એવી એની કૅબિનમાં નીરમ પણ ઝટ સળગી ઊઠે એવી વસ્તુઓનું જ બનેલું હતું. સ્વાભાવિક રીતે જ એમાં આગ લાગી ગઈ. ઑલિવર નીચે પડી ગયો અને મૃત્યુને ભેટ્યો."

"મોઝમૅન્ટની ભૂલની વાત તો... એ વજનમાં હલકી તાસક જેવી કૅબિનમાં ઊડ્યો હતો. એ જ્યારે લીલેનગરથી ઊડયો ત્યારથી જ સંતુલન બગડી ગયું હતું. બલૂન નીચે ડોલતી એની કૅબિનમાંથી એ નીચે પટકાયો અને મૃત્યુ પામ્યો."

"બિટોર્ફ પણ મોઝમૅન્ટ ખાતે બલૂનમાં આગ લાગવાથી નીચે પડી મૃત્યુ પામ્યો. હેરીસ તો ખામીયુક્ત બલૂનમાં જ ઊડ્યો હતો. એના બલૂનનો વાલ્વ એટલો બધો મોટો હતો કે બંધ જ ન થઈ શક્યો. ગૅસ નીકળી ગયો. પથ્થરની જેમ એ સીધો જ નીચે પટકાયો અને મરી ગયો. સેડલર નામનો યાત્રી લાંબી યાત્રાની તૈયારી કરી નીકળ્યો હતો, પણ એણે નીરમની ગણતરી અંગે ભૂલ કરી હતી. વજનના અભાવે એનું બલૂન બોસ્ટન તરફ ઘસડાયું, બેકાબૂ બની ગયું. એનું મૃત્યુ ચીમની સાથે અથડાવાથી થયું હતું. કોગ્લીન નામના સાહસિકે તો વળી છત્રીની મદદથી નીચે ઊતરવાનો પ્રયોગ કર્યો હતો. તે માનતો રહ્યો કે એની છત્રી ક્ષતિરહિત છે, પણ એની છત્રી ખૂલી જ નહીં. એ નીચે પટકાયો અને મરણને શરણ થયો."

એની વાત સાંભળી ભયના માર્યા મારું લોહી થીજી ગયું. એણે વર્ણવેલા મૃતકોના આભાસી સ્વરૂપો મારી નજર સામેથી પસાર થઈ રહ્યાં.

થોડી પળો અટકી એ બોલ્યો, "સાચું કહું, મને આ બધા જ માટે લાગણી છે. તેઓ સૌ પોતપોતાની અસાવધાનીના શિકાર બન્યા હતા." પછી આકાશના ઊંડાણને માપતો હોય તેમ ઉપર જોતો જોતો બોલ્યો, "મારે પણ એમની જેમ જ મરવું રહ્યું! ઊંચે! વધુ ઊંચે! વધુ ને વધુ ઊંચે!"

એનો અવાજ જાણે અગાધ ઊંડાણમાંથી આવતો હતો. પળેપળે હું મૃત્યુની સમીપ જતો હોઉં એવી લાગણીએ મને બેબાકળો બનાવી દીધો. મેં ભગવાનને વિનંતી કરવા ઉપર જોયું. વાતાવરણમાં હવા ખૂબ જ પાતળી થઈ ગઈ હતી. સૂર્યનાં તેજસ્વી કિરણો બલૂનને દઝાડી રહ્યાં હતાં. એને કારણે બલૂનમાં ગૅસનું વિસ્તરણ પણ વધારે પ્રમાણમાં થઈ રહ્યું હતું. બલૂન વધારે ઊંચાઈ પ્રાપ્ત કરી રહ્યું હતું. ગમે તે ઘડીએ અકસ્માત થઈ જાય એવી સ્ફોટક પરિસ્થિતિ હતી. મેં વાલ્વને ખોલવા પ્રયાસ કર્યો,

પરંતુ આ વખતે એ તૈયાર હતો. વાલ્વની દોરીને એણે જોરથી એક આંચકો આપી તોડી નાખી. હવે અમારા બેમાંથી કોઈ પણ એ દોરી સુધી પહોંચી શકે તેમ નહોતું. ટૂંકમાં, નીચે ઊતરવાના બધા જ રસ્તાઓ એણે બંધ કરી દીધા. મને કંઈ જ સૂઝતું ન હતું, પણ એ તો હજી સાહજિકતાથી, આરામથી વાતો કરી રહ્યો હતો. હવે મોત સામે જ દેખાતું હતું, પણ હાશ… બલૂન અકસ્માતનો ભોગ બનેલા ઘણા બદનસીબોની વાત હજી બાકી લાગતી હતી. જ્યાં સુધી એની વાતોનો ભંડાર ખાલી ન થાય ત્યાં સુધી મારું જીવન સુરક્ષિત રહી શકશે એમ મને લાગ્યું.

“તમે મેડમ બ્લાન્ચાર્ડને નીચે પડતા જોયાં હતાં? મેં જોયાં હતાં, હા… મેં… ૧૮૧૯ની છઠ્ઠી જુલાઈએ હું ટીવોલી નગરમાં જ હતો! મેડમ નાના બલૂનમાં ઊડ્યાં. ગૅસના ખર્ચને બચાવવા તેમણે નાનકડા બલૂનની પસંદગી કરી હતી, પરંતુ એમને બલૂન પૂરેપૂરું ભરવાની ફરજ પડી હતી. અંદરના વધુ દબાણને કારણે ગૅસ ધીરેધીરે નીચેથી નીકળતો રહ્યો હતો. આખે રસ્તે હાઇડ્રોજન ગૅસની સેર છોડતું બલૂન ઉપર ઊડ્યું. મેડમ એમની સાથે આતશબાજી લઈ ગયાં હતાં. ઉપરથી આ આતશબાજીનો પ્રયોગ કરી વાતાવરણને પ્રકાશિત કરવાની તેમની ઇચ્છા હતી. આવું તેઓ પહેલાં પણ કરી ચૂક્યાં હતાં, તેથી તેઓ નિશ્ચિંત હતાં. આ બધી સામગ્રી કૅબિન નીચે વાયરથી લટકાવેલી હતી. ઉપર ગયા બાદ હવામાં આ રીતે ફટાકડા ફોડવાની તેમની આ ખાસિયત હતી. આ યાત્રામાં તેઓ પોતાની સાથે એક છત્રી પણ લઈ ગયાં હતાં. નાનકડી આ છત્રી રંગબેરંગી ફટાકડાઓ સાથે બાંધેલી હતી. સળગાવતાંની સાથે જ રૂપેરી રંગના પ્રકાશિત ગુબ્બારા ઉડાડતી નીચે જવાની હતી. રાત્રિના શાંત વાતાવરણમાં તેમણે યાત્રા શરૂ કરી હતી તેમણે ઉપર ઊઠતાંની સાથે જ આતશબાજી શરૂ કરી. વાતાવરણમાં ખૂબ જ ઉત્તેજના હતી. તેઓ અસાવધ થઈ ગયાં. તેમને ખ્યાલ જ ન રહ્યો કે સળગતી મીણબત્તી તેઓ બલૂનમાંથી નીકળી રહેલા હાઇડ્રોજનની નીચેથી જ પસાર કરી રહ્યા હતા. હું એકીટસે તેમને જોઈ રહ્યો હતો. અચાનક જ અણધાર્યો પ્રકાશ ફેલાઈ ગયો. સૌને લાગ્યું તેઓ કંઈ નવું જ અચરજ બતાવવાની તૈયારી કરી રહ્યાં છે. પ્રકાશ શમી ગયો. ફરી પ્રકાશનો ચમકારો દેખાયો. ફરી અંધકાર છવાયો. પછી આકાશમાં એક જબરજસ્ત ધડાકો સંભળાયો. મેં ઉપર જોયું. હું ડઘાઈ ગયો. બલૂનમાં આગ લાગી ગઈ હતી. ગોળાકાર બલૂનનો ઉપરનો ભાગ એક સળગતા લીસોટામાં ફેરવાઈ ગયો હતો. આખા શહેરમાં એ પ્રકાશ ફેલાઈ રહ્યો. મેડમ કૅબિનમાં પડી ગયાં. આગને શમાવવા એ બહાદુરીથી પ્રયત્ન કરતાં રહ્યાં. છેવટે એમને ખ્યાલ આવ્યો કે આગ કાબૂ બહાર જતી રહી હતી, પરંતુ હિંમત હારવાનું તો તેઓ શીખ્યાં જ ન હતાં. કૅબિનમાં બેસીને તેમણે સહીસલામત ઉતરાણ માટે કૅબિનનું સંચાલન શરૂ કર્યું. બલૂનમાં ગૅસ બાકી હતો. સીધા પડી જવાય એવી કોઈ શક્યતા ન હોવાથી તેઓ સ્વસ્થ હતાં. બલૂન ક્રમશ: નાનું થતું ગયું. બલૂન ધીમેધીમે નીચે ઊતરી રહ્યું હતું. ઉત્તર-પશ્ચિમની હવા તેને પેરિસ તરફ ખેંચી રહી હતી. રુદ પ્રોવિન્સના ઘર નં.૧૬ તરફ ખુલ્લા બગીચાઓ હતા.” આટલું બોલી તે શ્વાસ લેવા અટક્યો. મારા ભયભીત ચહેરા તરફ તુચ્છકારભરી નજર નાખી અને આગળ બોલ્યો, “સળગતા બલૂનમાં એકલાં હોવા છતાં નાસીપાસ ન થતાં, મેડમે તેમના બલૂનથી કોઈને નુકસાન ન થાય તે રીતે નીચે ઊતરવાનો વિચાર કર્યો. જોખમ અને જાનહાનિ નિવારવા તેઓ

બલૂનને બગીચાઓ તરફ દોરતાં રહ્યાં, પરંતુ કમનસીબે એમનું બલૂન તથા કૅબિન ધીમા આંચકા સાથે એક ઘરના છાપરા સાથે અથડાયાં. એ બદનસીબ સ્ત્રી મદદ-મદદના પોકારો પાડતી રહી. કોઈ તેની મદદે ન ગયું. એ જ સમયે હું એ શેરીમાં દાખલ થયો. છાપરા પરથી કૅબિન નીચે સરકતી રહી અને છેવટે લોખંડની રેલિંગ પર પડી. મેડમ બહાર ફંગોળાઈ ગયાં. ફૂટપાથ સાથે જોરથી અથડાયાં અને ત્યાં જ તેમનું મૃત્યુ થયું. એમની કમનસીબી, બીજું શું?''

દર્દનાક મોતની આ દાસ્તાને મને ડરાવી દીધો. મારો સાથીદાર ખુલ્લા માથે ઊભો હતો. એના વાળ વિખરાયેલા અને અસ્તવ્યસ્ત હતા. એની આંખોમાં પણ હવે થોડો થાક દેખાઈ રહ્યો હતો, પણ મારા મનમાં હવે કોઈ પણ પ્રકારના ભ્રમની શક્યતા ન હતી. મને એ ભયાનક સત્ય સમજાઈ રહ્યું હતું કે આ અનંત આકાશમાં હું એક પાગલ માણસ સાથે હતો. જેનું નામ પણ હું જાણતો નહોતો. મારું જીવન એના હાથમાં હતું. સામાન્ય સંજોગોમાં હવાઈયાત્રા વિષયક એનો અભ્યાસ તેમ જ જાણકારી માટે મને માન થયું હોત, પણ આ સંજોગોમાં...!!

નીરમની છેલ્લી ગૂણો પણ ફેંકાઈ જતાં વજનવિહીન બલૂન વધુ ઉપર ઊડ્યું. બૅરોમીટર વગર ઊંચાઈનો ચોક્કસ ખ્યાલ આવે તેમ ન હતું, પરંતુ મારું અનુમાન હતું કે અમે લગભગ ૯૦૦૦ મીટરની ઊંચાઈ પર હોઈશું. હવાનું પડ ઘણું પાતળું થઈ ગયું હતું. મારા નાક તથા કાનમાંથી લોહી ટપકવા માંડયું. હું મરી રહ્યો હતો. મારી આવી પરિસ્થિતિ જોઈ એ યુવાન બોલ્યો, ''વિજ્ઞાન માટે મોતને ભેટવાની મજા જ કંઈ જુદી છે. નવી પેઢી આપણને વિજ્ઞાનના શહીદો તરીકે સ્વીકારશે. આપણું મહત્ત્વ સમજશે અને આપણને સંતની પદવી આપી મરણોત્તર બહુમાન કરશે. આપણે અમર થઈ જઈશું તો, ચાલો, મૃત્યુને મળવા!''

મને એક પણ શબ્દ સંભળાતો નહોતો. એ નીચે નમ્યો અને ધીમેથી મારા કાનમાં ગણગણ્યો, ''મહાન સાહસિક ઝામ્બેકારી સાથે બનેલી દર્દનાક ઘટનાને તમે ભૂલી ગયા લાગો છો. કંઈ વાંધો નહીં, સાંભળો...'' એની ભયાનક કથાઓ પૂરી થતી જણાતી ન હતી.

''૧૮૦૪ની ૭મી ઑગસ્ટના એ દિવસે વાદળાં થોડાં વધુ ઊંચાઈ પર હતાં. આગલા દિવસથી જ સખત પવન વહેતો હતો. વરસાદ પણ અટકવાનું નામ લેતો ન હતો. આવી પ્રતિકૂળ પરિસ્થિતિ હોવા છતાં આગળથી જાહેર થયેલું આ સાહસ પાછું ઠેલી શકાય તેમ ન હતું. એના દુશ્મનો પહેલેથી જ એની મજાક ઉડાવી રહ્યા હતા. વિજ્ઞાનની તથા તેની પોતાની ઇજ્જત આબરૂ બચાવવા માટે એવું સાહસ અત્યંત જરૂરી હતું. પોતાની જાતને જાહેરમાં મજાક અને અપમાનથી બચાવવાનો એક જ ઉપાય હતો — વિજ્ઞાન માટે શહીદી વહોરી લેવી. ઝામ્બેકારી એ માટે તૈયાર હતો.'' બોલતાં બોલતાં એણે ફરીથી કટાક્ષભરી નજર મારી તરફ નાખી, વાત આગળ ચલાવી.

''આ બનાવ બોલોગ શહેરમાં બન્યો હતો. બધી જ તૈયારી એમણે — ઝામ્બેકારી અને એના બે સાથીઓ એન્ડ્રીલી અને ગ્રોસેટી — જાતે જ કરવી પડી હતી. વાતાવરણ પણ એની વિરુદ્ધ હતું. એને ગૅસ ભરવામાં પણ કોઈએ મદદ ન કરી.

આખરે અડધી રાત્રે આ ત્રણે સાહસિકો ઊડી શક્યા. જોરદાર વરસાદને કારણે બલૂનમાં કાણાં પડી ગયા હતા. એમાંથી ગૅસ બહાર નીકળી રહ્યો હતો, પણ આ શૂરવીરોએ પીછેહઠ ન કરી. બલૂન ખૂબ જ ધીમેથી ઉપર ઊડ્યું. એક ફાનસની મદદથી તેઓ બેરોમીટરને જોઈ શકતા હતા. એકલે હાથે બલૂનને તૈયાર કરવામાં ૨૪ કલાક નીકળી ગયા હતા. પણ યાત્રીઓને સાંજે ભોજન માટે પણ સમય મળ્યો ન હતો. વરસાદને કારણે વાતાવરણ ખૂબ જ ઠંડું થઈ ગયું હતું. બલૂન ઘણું ઊંચે ઊડ્યું અને ઠંડી અસહ્ય બની ગઈ.'' ઝામ્બેકારીની સહનશક્તિનો જાણે અંત આવી ગયો. એણે પોતાના સાથીઓને કહ્યું, ''મિત્રો, આ સખત ઠંડી સામે હું હારી ગયો છું. થાકી ગયો છું. મને લાગે છે કે હું મરી રહ્યો છું.'' બોલતાં બોલતાં જ એ કૅબિનમાં બેભાન થઈને પડી ગયો. ગ્રોસેટી સાથે પણ કંઈક એવું જ બન્યું. ફક્ત એન્ડ્રેલી જ ભાનમાં હતો. એ ગભરાઈ ગયો, પણ અથાગ પ્રયત્નો કરી એ ઝામ્બેકારીને ભાનમાં લાવવામાં સફળ રહ્યો. ભાનમાં આવતાં જ એ અનેક સવાલો કરી ગયો.

''શા ખબર છે? આપણે કઈ દિશા તરફ જઈ રહ્યા છીએ? પવન કેવો છે? શું સમય થઈ ગયો છે?''

''રાત્રિના બે વાગ્યા છે.''

''હોકાયંત્ર ક્યાં છે?''

''ખરાબ થઈ ગયું છે.''

''હે ભગવાન! ફાનસ પણ હોલવાઈ ગયું લાગે છે. અરે હા! આટલી ઓછી હવામાં એ બળી પણ ન શકે ને?'' ભાનમાં આવતાં જ ઝામ્બેકારીએ સાચી પરિસ્થિતિ સમજવાનો પ્રયાસ શરૂ કર્યો, ''ચંદ્ર પણ નીકળ્યો નથી અને આખું વાતાવરણ કાળાઘોર અંધકારમાં ડૂબી ગયું છે. એન્ડ્રેલી, મને તો ખૂબ જ ઠંડી લાગે છે. ગ્રોસેટી બેભાન છે. હવે આપણે શું કરીશું?''

બલૂનમાંથી ગૅસ નીકળી રહ્યો હતો. બલૂન ધીમેથી સફેદ વાદળાંઓમાંથી નીચે ઊતર્યું.

''શ... શ... તમને કંઈ અવાજ સંભળાય છે?'' અચાનક જ એન્ડ્રેલી બોલી ઊઠ્યો.

ઝામ્બેકારી ગ્રોસેટીને ભાનમાં લાવવા પ્રયત્ન કરી રહ્યો હતો. તેનું ધ્યાન અવાજ તરફ ન હતું. તે બોલ્યો, ''શેનો અવાજ?''

''કંઈક વિચિત્ર અવાજ!''

તે દરમિયાન ગ્રોસેટી પણ ભાનમાં આવી ગયો હતો. ત્રણે થાકેલા યાત્રીઓ મધરાતે ન સમજાય એવા એ અવાજને સાંભળી રહ્યા... અંધારામાં કંઇ જ દેખાતું ન હતું. શું તેઓ કોઈ મિનારા સાથે અથડાય તેવી સ્થિતિમાં હતા? કે કોઈ ઘરના છાપરા પર પટકાવાના હતા કે પછી...

''તમે સાંભળી શકો છો? મને તો સમુદ્રનાં મોજાંઓનો અવાજ લાગે છે.''

“અશક્ય!”

“ના, ના મને પણ... આ તો ખરેખર સમુદ્રનાં મોજાંઓનો અવાજ જ છે.”

“હા, સાચી વાત છે. હવે?”

“પ્રકાશ, પ્રકાશ.” ચાર-પાંચ વારના નિષ્ફળ પ્રયાસો બાદ એન્ડ્રોલી પ્રકાશ કરી શક્યો ત્યારે રાત્રિના બાર વાગ્યા હતા. સમુદ્રનાં મોજાંઓનો અવાજ રાત્રિના અંધકારમાં ભયાનક લાગતો હતો. બલૂનને ઊંચે લઈ જવા નીરમને નીચે ફેંકવું જરૂરી હતું. રેતીની થેલીઓ નીચે નાખવા જતાં જ ઝામ્બેકારી ચીસ પાડી ઊઠ્યો. એમની કૅબિન સમુદ્રના પાણીને ગમે તે ઘડીએ સ્પર્શ કરી લે તેમ હતું, “લાગે છે આપણે ખોવાઈ ગયા છીએ.” બધી જ થેલીઓ પાણીમાં નાખી તેઓ મદદ માટે પોકારો કરી ઊઠ્યા. તેમની કૅબિન પાણીમાં જઈ રહી હતી. પાણી ઝડપથી કૅબિનમાં પ્રવેશી રહ્યું હતું. સમુદ્રનાં મોજાંઓ છાતી સુધી આવી ગયાં હતાં.

“બધી જ સામગ્રી અને કપડાં પણ કાઢીને ફેંકી દો. વજન ઓછું કરો!”

આ ભયાનક વાર્તા એણે આગળ ચલાવી, “ત્રણે યાત્રીઓએ બધી જ સાધનસામગ્રી તેમ જ કપડાં પાણીમાં ફેંકી દીધાં. વજન ઓછું થતાં બલૂન ભયજનક ઝડપે ઉપર ઊડ્યું. ઝામ્બેકારીને ઊલટીઓ થઈ રહી હતી. ગ્રોસેટીના નાકમાંથી લોહી વહી રહ્યું હતું. તેમની તબિયત ઘણી ખરાબ થઈ ગઈ હતી. ત્રણે બદનસીબ સાહસિકોના શ્વાસ એટલી ઝડપથી ચાલતા હતા કે તેઓ બોલી પણ શકતા નહોતા. કપડાં વગર ઠંડી પણ અસહ્ય બની રહી હતી. ઊંચાઈ પર બરફના પોપડા તેમના શરીર પર ઝામી રહ્યા હતા. ચંદ્ર પણ હવે તો લાલ અને લોહિયાળ લાગી રહ્યો હતો. લગભગ અડધો કલાક તેઓ પહાડોમાં પ્રવાસ કરતા રહ્યા. ત્યાર બાદ બલૂન ફરીથી દરિયાના પાણી નજીક ઝળુંબી રહ્યું. સવારના ચાર વાગ્યા હતા. તેઓ પાણીમાં અડધા જેટલા ડૂબી ગયા હતા. બલૂનમાં હવે ઝાઝો ગૅસ પણ ન હતો, પણ સદ્ભાગ્યે તેમના બલૂને સઢની ગરજ સારી અને તેમની કૅબિનને કલાકો સુધી ખેંચતું રહ્યું. સવાર થઈ રહી હતી. તેઓ લગભગ ચાર માઈલ દૂર કિનારા પર પેસારો નગર જોઈ શકતા હતા. જીવતા રહેવા માટે આશા ફરીથી બંધાઈ ગઈ, પરંતુ કિનારા નજીક પહોંચવાની તૈયારી જ હતી કે તોફાની પવન ફરી પાછો એમને ખુલ્લા સમુદ્રમાં તાણી ગયો. તેઓ પાછા ખોવાઈ ગયા! ત્યાં આસપાસ નાની નાની નાવડીઓ હતી. એ લોકોએ તેમને જોયા, પણ ગભરાઈ ગયા. તેઓ મદદ કરવાને બદલે દૂર ભાગ્યા. આમ છતાં એ સાહસિકો નસીબદાર હતા. કેટલાક નાવિકો સમજુ જણાયા. તેમણે તેમની સાથે વાત કરી, હકીકત જાણી અને એમને નાવડીમાં લઈ લીધા. તેઓ ફેરડાનગર પાસે સહીસલામત ઊતર્યા અને ભગવાનનો પાડ માન્યો. કેવી ખતરનાક અને જોખમી મુસાફરી, ખરું ને!”

હવે એ આગળ શું કહેશે અને શું કરશે એ હું વિચારવા લાગ્યો, પરંતુ ઝામ્બેકારીના સાહસની વાત અધૂરી હતી. એ એણે આગળ ચલાવી અને મને બચી ગયાની લાગણી થઈ આવી.

"ઝામ્બેકારી એક બહાદુર અને ઉત્સાહી માણસ હતો. ભગવાન પણ બહાદુરોને મદદ કરતો રહે છે. આ યાત્રાની તકલીફો તથા જખમોથી સાજા થતાં જ એણે ફરીથી બલૂનયાત્રા આરંભી દીધી. આવી જ એક યાત્રા દરમિયાન એ એક ઝાડ સાથે અથડાયો. બલૂનમાં રાખેલું ફાનસ એના જ કપડાં પર તૂટી ગયું અને આગ લાગી ગઈ. બલૂન પણ આગની લપેટમાં આવી ગયું. એ અડધી બળેલી હાલતમાં નીચે આવ્યો, પરંતુ સાજા થયા બાદ ફરીથી..."

"૧૮૧૨ની ૨૧મી સપ્ટેમ્બરે એ બોલોગથી ફરી ઊડ્યો. બલૂન શરૂઆતમાં જ એક ઊંચા ઝાડની ડાળીઓમાં ભેરવાઈ ગયું. આ સમયે પણ એના લૅમ્પથી આગ લાગી ગઈ. ઝામ્બેકારી ગંભીર રીતે દાઝી ગયો. તેના મૃત્યુથી તેની સાહસવૃત્તિનો અંત આવ્યો." મારી હાલત પણ શહીદ ઝામ્બેકારી જેવી જ થવાના વિચારમાત્રથી હું ધ્રૂજી રહ્યો.

એ અટક્યો અને મારી સામે જોઈ બોલ્યો, "આવી હકીકતો જાણ્યા બાદ પણ શું આપણે ઉપર ઉડ્ડયન કરતાં અચકાઈશું? શું આ સાહસવીરોનો કોઈ જ અંશ આપણામાં નથી? યાદ રાખો, આપણે જેટલા ઉપર ઊડીશું એટલું જ આપણું મૃત્યુ પણ શાનદાર હશે અને લાંબા સમય સુધી લોકો આપણને યાદ કરશે."

નીરમ તેમ જ અન્ય વજનના અભાવને કારણે અમારું બલૂન ઊંચાઈને ઉચ્ચતમ સીમાઓ તરફ પ્રયાણ કરી રહ્યું હતું. બલૂન વાતાવરણમાં ધ્રૂજી રહ્યું હતું. અમે વાદળોથી ઘણા ઉપર નીકળી ગયા હતા. વાદળોના અવાજના પડઘા પડવા બંધ થઈ ગયા હતા. નીચે પૃથ્વી હતી. મારું સંપૂર્ણ ધ્યાન ત્યાં જ કેન્દ્રીત થયેલું હતું. ખબર ન હતી ત્યાં પાછા જવા મળશે કે કેમ? ધરતી જોવા મળશે ખરી? કેવી રીતે? શું પૃથ્વી પણ અમારા સર્વનાશ માટે તૈયાર હતી? અમારી ઉપર તારાઓનું ઊંડાણ હતું. ચારે તરફ ગાઢ અંધકાર છવાયેલો હતો. મારો સાથીદાર ધીરેથી ઊભો થયો. અંધકારમાં મને તેનો અવાજ સંભળાયો. એના હૃદયના ઊંડાણમાંથી આવતા એ અવાજે મને ચોંકાવી દીધો.

"એ પળ હવે આવી ગઈ છે. આપણે હવે મરવું જ રહ્યું. માનવજાતે આપણને સ્વીકાર્યા નથી. અરે! સમગ્ર માણસજાતે આપણો તિરસ્કાર જ કર્યો છે. આપણા સાહસને અવગણ્યું છે. આપણે એ સહન નહીં જ કરીએ. આપણે વીરગતિ પામીને એ પામર માનવોને હરાવવા જ જોઈએ. ચાલો, આપણે અગાઢ અંધકારમાં ખોવાઈ જઈએ. ત્યાર બાદ જ લોકો આપણને યાદ કરશે."

અકાળ મૃત્યુ મારી સામે આખરે આવીને ઊભું રહી ગયું, પરંતુ એવી મૂર્ખામીભરી શહીદી વહોરવામાં મને કોઈ જ રસ ન હતો. હું દયા અને રહેમની બૂમો પાડતો રહ્યો, પણ એના પર ક્યાં અસર થતી હતી? એ બોલ્યો.

"મને લાગે છે કે આપણે આ રસ્સીઓને કાપી નાખવી જોઈએ. આ કૅબિનને અનંત આકાશમાં છોડી દેવી જોઈએ. ગ્રહોને આકર્ષિત કરતી શક્તિઓ આપણી કૅબિનની દિશા બદલશે અને આપણે તેજસ્વી સૂર્યને મળવા જઈશું! સૂર્યને મળવા!!"

એની ઘેલછાભરી વાતો સાંભળી હતાશાએ મારા મનને ઘેરી લીધું. મોતને ભેટવા દોડવાની મારા સાથીની ઘેલછાએ અને એને રોકવાની મારી અશક્તિએ મને મૃતપ્રાય

બનાવી દીધો, પરંતુ અચાનક જ મારા મનની તીવ્ર જિજીવિષાએ મને જાગ્રત કર્યો. મારા જીવન માટે ઝઝૂમવાની મને નવી જ શક્તિ મળી. મેં મારી જાતને એ ગાંડા પર નાખી દીધી. અમારી વચ્ચે શરૂ થયો જીવનમરણનો સંઘર્ષ — મારા જીવનનો અને એના મરણનો, પરંતુ એના ગાંડા ઝનૂન આગળ મારું બળ ઓછું પડ્યું. મને નીચે પાડી, ઘૂંટણ નીચે દબાવી રાખી એણે કૅબિનને બલૂન સાથે જોડતી રસ્સીઓ કાપવા માંડી.

"એક."

"હે ભગવાન." સંપૂર્ણ નિ:સહાય અવસ્થામાં મેં ઈશ્વરનું શરણ શોધ્યું.

"બે! ત્રણ!"

મારે જીવવું હતું. આ ગાંડા માણસના સહારે અકાળ મૃત્યુને ભેટવાની મારી કોઈ જ ઇચ્છા ન હતી. હું મરણિયો બની ગયો અને શરીરમાં હતી તેટલી તાકાતથી મેં તેનો સામનો કર્યો. જિજીવિષાની તીવ્ર ભાવનાનો વિજય થયો. મેં એને પાછો હટાવ્યો. ત્યાં તો મને સંભળાયું, "ચાર!"

કૅબિન બલૂનથી છૂટી પડી ગઈ. અંતઃસ્ફુરણાથી હું બલૂનની સાથે જોડાયેલી રસ્સીને વળગી ગયો અને બલૂનની ઉપરની જાળીને પકડીને બલૂન ઉપર જળોની જેમ ચીપકી ગયો.

બલૂનથી સાવ છૂટી પડેલી કૅબિન એ ગાંડા માણસની ઇચ્છા પૂરી કરવા અગાધ આકાશમાં ફંગોળાઈ અને અદૃશ્ય થઈ ગઈ. અંધકારભર્યા આકાશમાં એ ક્યાં ખોવાઈ ગયો એ જોવા કરતાં મને મારો જીવ બચાવવામાં વધારે રસ હતો.

કૅબિનના એ રીતે છૂટા થવાથી હલકા બનેલા બલૂને અસીમ ઊંચાઈ સર કરી. થોડી વાર પછી કાંઈક તૂટતું હોય તેવો અવાજ સંભળાયો. ગૅસના અતિશય વિસ્તારને કારણે બલૂન ફાટી રહ્યું હતું. ડરના માર્યા મેં આંખો બંધ કરી દીધી. બલૂન હવે અતિશય વેગથી નીચે ધસી રહ્યું હતું. મારી બધી જ ઇન્દ્રિયો બહેર મારી ગઈ હતી. હું બધા જ પ્રકારની અનુભૂતિઓથી પર થઈ ગયો હતો. થોડા સમય બાદ ભેજવાળી ગરમીએ મને પુનર્જીવન આપ્યું. મેં આંખો ખોલી જોઈ. વાદળાંઓની વચ્ચેથી હું બલૂન સાથે પસાર થઈ રહ્યો હતો. બલૂન અસ્થિર થઈ ગયું હતું અને તીવ્ર પતનને કારણે ઊંધું પણ થઈ ગયું હતું, પરંતુ એ જ મારી જીવાદોરી હતી. હું તેને વળગી જ રહ્યો હતો. ૧૦૦ માઈલની ઝડપે નીચે ધસી રહેલા બલૂનની આસપાસ વીજળીના ચમકારા થતા હતા. નીચે હવાના જોરદાર પ્રવાહો હતા. બલૂનનું પતન થોડું ધીમું થયું. મેં ફરીથી હિંમત કરી આંખ ખોલી નીચે જોયું. જમીન દેખાતાં જ હું આનંદિત થઈ ઊઠયો, પરંતુ મેં જોયું કે હવાનું તોફાન બલૂનને સમુદ્ર તરફ ખેંચી રહ્યું હતું. હું ગભરાયો. જમીનને બદલે હવે સમુદ્ર દેખાવા માંડ્યો — લગભગ બે જ માઈલ દૂર. અચાનક જ મને આંચકો લાગ્યો. બલૂન પરની મારી પકડ ઢીલી પડતી ગઈ. મારા હાથ ખુલ્લા થવા લાગ્યા. બલૂનની દોરી પકડી લીધી. તે પણ મારી આંગળીઓ વચ્ચેથી સરકવા માંડી. હું નીચે પડવા માંડ્યો. મારા સાથીદારે જે સાહસિકોની કથા મને સંભળાવી હતી, તે બધા શહીદ સાહસિકો મને યાદ આવી ગયા. એ સૌની જેમ હું પણ જમીન પર પટકાયો. મેં

જોયું કે બલૂનના લંગરની રસ્સી જમીન પરથી, મારી નજીકથી ઝડપથી પસાર થઈ ગઈ. સમુદ્રકિનારાના પથ્થરોની ફાટમાં ફસાઈ ગઈ. મારા બલૂનને મેં છેલ્લી વાર જોયું. અસ્થિર થઈ ગયેલું મારું બલૂન સમુદ્રની પેલે પાર ખોવાઈ ગયું અને હું બેભાન થઈ ગયો.

ભાનમાં આવ્યો ત્યારે હું એક ખેડૂતની કુટિરમાં હતો પથારીમાં, પણ જીવિત દશામાં! હું આનંદિત થઈ ઊઠયો. લા ગુલ્ડ્રેનું હાર્ડવિક નામનું એ એક નાનું ગામડું હતું. ઝુડર-ઝીના તટ પર આવેલું આ ગામ આમસ્ટરડેમથી ૧૫ માઈલ જેટલું દૂર હતું.

જે પરિસ્થિતમાં હું મુકાયો હતો. તેમાંથી બચવું અતિ મુશ્કેલ હતું. મારા બચાવને ચમત્કાર જ ગણવો રહ્યો. મારી આ યાત્રા એક ગાંડા માણસની ઘેલછા અને તેના કારણે કરેલ ભૂલોની લાંબી શૃંખલા હતી. હું એને રોકવા અસમર્થ હતો. મારી જાતને તો મેં બચાવી લીધી, પણ બલૂનવિદ્યા અને બલૂનયાત્રાની અખૂટ માહિતી ધરાવતા એ યુવકને ન બચાવી શક્યો. મરણોન્મુખ બનેલી આ યાત્રાનું એ એક ઊજળું પાસું પણ હતું. બલૂન વિષયક શોધો, સંશોધનો અને સાહસિકોનો સમગ્ર ઇતિહાસ મને જાણવા મળ્યો. આટલું બધું જ્ઞાન ધરાવતી વ્યક્તિ આવું ગાંડપણ કેવી રીતે કરી શકે એ સમજવા હું મથામણ કરતો રહ્યો.

મારું એ માનવું છે કે આ ભયંકર વૃત્તાંત વાચકને પણ ઘણી માહિતી અને શિક્ષણ આપનારું નીવડશે. સાથે સાથે હું એવી પણ આશા રાખું છું કે મારા અનુભવની આ કથા કોઈ પણ સાહસિકને હવામાં શોધખોળ તથા પ્રયોગો કરવામાં નિરુત્સાહી નહી જ કરે.

કર્મ અને ફળની મિત્રતા અનેરી

ઈશ્વરનો ન્યાય અદ્‌ભુત

ભલે માનવ કરે અપાર મજા

ભૂલ હંમેશ સર્જે સજા.

(૬)

ગુનો અને સજા

(૧)

૧૮૨૫ની ૧૮મી ઑક્ટોબરનો દિવસ હતો એ. પૂર્વ પેસિફિક સ્થિત મારિયાના ટાપુસમૂહના સૌથી મોટા ટાપુ ગ્વાહમ પર એ દિવસે સ્પેનના બે યુદ્ધ-જહાજોએ લંગરો નાખ્યાં. એક હતું — એશિયા, સરસ રીતે બનાવેલું સ્પેનિશ જહાજ અને બીજું હતું — કૉનસ્ટાન્ઝિયા. જે બે કૂવાથંભ, અઢાર જેટલી લશ્કરી તોપોની તાકાતથી સજ્જ થયેલું મજબૂત અને સમચોરસ સઢ સાથેનું આકર્ષક યુદ્ધ-જહાજ હતું. આ બંને પ્રભાવશાળી જહાજોની સફર નિર્વિઘ્ને ચાલી રહી હોય તેમ જણાતું હતું, પરંતુ હકીકત કંઈ જુદી જ હતી. બંને જહાજોના ખલાસીઓ કંટાળેલા જણાતા હતા. તેમને સરખો ખોરાક મળતો ન હતો. અને મળતાં મહેનતાણાંથી પણ તેઓ ભારોભાર અસંતુષ્ટ હતા. આ ઉપરાંત છેલ્લા છ મહિના દરમિયાન સ્પેનથી મારિયાના સુધીની તેમની યાત્રામાં તેમને ખૂબ જ હેરાનગતિ ભોગવવી પડી હતી. આ લાંબી અને તકલીફોથી ભરેલી સફરથી તેઓ ત્રસ્ત હતા, થાક્યા પણ હતા. આ સ્થિતિ તેઓને જહાજના માલિકો સામે બંડ પોકારવા પ્રેરી રહી હતી. ખલાસીઓ તેમ જ બીજા કારીગરો બળવો કરવાની છૂપી યોજનાઓ બનાવી રહ્યા હતા.

આજ્ઞાભંગના આ પ્રકારના મનોભાવો કૉનસ્ટાન્ઝિયા જહાજ પર વધુ પ્રદર્શિત થતા હતા. લોખંડી મનોબળ ધરાવતો ડૉન ઓર્ટેવા આ જહાજનો કૅપ્ટન હતો. કોઈ પણ પરિસ્થિતિ તેને નમાવી કે ડરાવી શકે તેમ ન હતું. જહાજોના કાફલાને આ માર્ગમાં ઘણા ગંભીર અકસ્માતોનો સામનો કરવો પડ્યો હતો. તેનો માર્ગ આ રીતે સતત અવરોધાયેલો રહ્યો હોવા છતાં પણ એ કાફલો આગળ ધપ્યે જ જતો હતો. કેટલાક અકસ્માતો તો એવા હતા કે જેની કોઈ કલ્પના પણ ન કરી શકે! એ સ્પષ્ટ થતું હતું કે આપમેળે આવી ઘટનાઓ બનવી અશક્ય હતી. કોઈક વ્યક્તિની કિન્નાખોરીને કારણે તેની ચઢવણીથી જ આવા બનાવો બનતા હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવતું હતું. ડૉન રૉક ડી ગુઝાર્ટ — એશિયા જહાજનો કૅપ્ટન હતો. એ જહાજને પણ આવી ઘટનાઓને પરિણામે વારંવાર બંદર પર કૉનસ્ટાન્ઝિયા સાથે રોકાવું પડ્યું હતું.

કેવા કેવા અકસ્માતો થતા હતા, ખબર છે?

એક રાત્રે હોકાયંત્ર જ તૂટી ગયું. બીજી વાર જહાજના આગળના કૂવાસ્થંભના દોરડાં એ રીતે તૂટી ગયાં, જાણે કે કોઈએ કાપી ન નાખ્યાં હોય! અને એ સાથે કૂવાસ્થંભ તેમ જ સઢ અને અન્ય સામગ્રી પણ નીચે પડી ગઈ. છેલ્લે છેલ્લે તો અતિ મહત્ત્વની લશ્કરી દાવપેચની કવાયતો દરમિયાન બે પ્રસંગોએ જહાજના સુકાનના દોરડાઓ એવી વિચિત્ર રીતે તૂટી ગયા કે જેનું કારણ સમજાયું જ નહી.

ડૉન ઓર્ટેવાએ એના ખલાસીઓ પૈકીના બે માણસો ઉપર નજર રાખવાની જરૂરત હતી — એક હતો મદદનીશ લેફ્ટેનન્ટ માર્ટિનેઝ, બીજો હતો સુકાની જૉઝ. એ પૈકીના માર્ટિનેઝનું કામકાજ પહેલેથી જ શંકાસ્પદ રહ્યું હતું. અનેક વાર ખોટા માણસોનો સાથ આપીને એક જવાબદાર અધિકારી તરીકેની પોતાની કારકિર્દી પર એણે જાતે જ કલંક લગાડ્યું હતું. છૂપાં રાજકીય કાવતરાંઓ જેવા જઘન્ય અપરાધોમાં સંડોવાયેલા અને ગુનાહિત ભૂતકાળ ધરાવતા નિમ્ન કક્ષાના ખલાસીઓના જૂથ સાથે મળીને તેણે અનેક કારનામાં કર્યાં હતાં. જેને માટે અનેક વાર તેની ધરપકડ થઈ હતી અને તે જેલભેગો પણ થયો હતો.

તેના જેલવાસ દરમિયાન એનાથી ઘણો નીચેનો હોદ્દો ધરાવતા પાબ્લોએ કૉનસ્ટાન્ઝિયાના પ્રથમ મદદનીશ તરીકે ફરજ બજાવી હતી. પાબ્લો એક બહાદુર અને બાહોશ નવયુવક હતો. ઉદાર સ્વભાવનો અને મળતાવડો હતો. એનો ઉત્સાહ અને કામ કરવાની લગનના કારણે સાથી ખલાસીઓ તેનું કોઈ પણ કામ કરવા તૈયાર રહેતા. એ એક અનાથ બાળક હતો અને કૅપ્ટન ઓર્ટેવાએ એને ઉછેર્યો હતો, લાયક બનાવ્યો હતો. પોતાના આશ્રયદાતા માટે પાબ્લોને અપાર માન તેમ જ ખૂબ લાગણી હતી. પોતાના એ પાલક માટે કોઈ પણ પ્રકારનું બલિદાન આપવા એ હંમેશ તૈયાર રહેતો.

ગ્વાહમ છોડવાના એક દિવસ અગાઉની આ ઘટના છે. લેફ્ટેનન્ટ માર્ટિનેઝ દારૂના અડ્ડા પર ગયો. આગળથી કરેલી ગોઠવણ મુજબ, એ બંને જહાજોના નીચલી કક્ષાના અનેક અધિકારીઓ અને ખલાસીઓને એ ત્યાં મળ્યો. અને સૌને સંબોધીને એ બોલ્યો:

“સાથીઓ, આનંદો! આપણા સદ્‌નસીબે આપણા જહાજોને અનેક અકસ્માતો નડ્યા! પરિણામે બંને જહાજોને અહી લાંગરવાની ફરજ પડી. હું આજે તમને મળવા તેમ જ કેટલીક અગત્યની બાબતો અંગે વાતચીત કરવા માટે જ અહી આવ્યો છું”

“સરસ, વાહ વાહ!” બધા જ માણસો એક અવાજે બોલી ઊઠ્યા, “ઘણું સરસ, લેફ્ટેનન્ટ બોલો, હવે જણાવો કે તમારી યોજના શું છે?”

“તો સૌ ધ્યાનથી સાંભળો.” માર્ટિનેઝે જવાબ આપ્યો, “પહેલાં તો આપણે આ બંને જહાજો પર બળપૂર્વક કબજો કરી લઈશું. ત્યાર બાદ તરત જ તેને મૅક્સિકોના કિનારા તરફ હંકારી જઈશું. તમને ખબર હશે જ કે રાષ્ટ્રોનો જે નવો મહાસંઘ ઉત્તર અમેરિકાના એ વિસ્તારમાં રચાયો છે, તેમની પાસે યુદ્ધ જહાજો છે જ નહી. મને ખાતરી છે કે લાંબી પ્રશ્નોત્તરી કર્યા વગર જ તેઓ આપણા આ યુદ્ધજહાજો ખરીદવા આતુરતા

બતાવશે. આ રીતે આપણે ભવિષ્યમાં આપણું વેતન તો મેળવીશું જ, સાથેસાથે આ જહાજોના વેચાણથી મળેલ પૈસા પણ આપણા સૌની વચ્ચે યોગ્ય રીતે વહેંચાશે.''

''મંજૂર છે! મંજૂર છે!''

''બંને જહાજો કબજે લેવાની એ કામગીરીના સક્રિય ભાગ લેવા અમે સૌ તૈયાર છીએ, પરંતુ આ કાર્યની શુભ શરૂઆત ક્યારે થશે? એ માટેનો સંકેત શો હશે? એ અંગે પણ સ્પષ્ટતા થવી જરૂરી છે.'' ટોપમૅન જોઝ બોલ્યો.

''એશિયા પરથી છોડાયેલો એક તોપગોળો.'' માર્ટિનેઝે સગર્વ જવાબ વાળ્યો, ''યાદ રાખો, લડાઈ શરૂ કરવાની એ જ ઘડી રહેશે. તેઓના પ્રમાણમાં આપણું સંખ્યાબળ દસ ગણું વધારે છે. આપણે તેમને આસાનીથી હરાવી શકીશું. અરે! બંને જહાજોના અધિકારીઓને ખબર પડે કે શું થઈ રહ્યું છે, તે પહેલાં તો આપણે તેઓને બંદી બનાવી લઈશું. ત્યાર પછી બંને જહાજો આપણા!''

કૉનસ્ટાન્ઝિયા જહાજ પર નાવિકો તથા જહાજની સાધનસામગ્રી પર ધ્યાન રાખનાર એક અધિકારીના સહાયકે પૂછ્યું, ''તો પછી અમે આ સંકેતની રાહ ક્યાં સુધી જોઈશું?''

''થોડા દિવસો પછી, જ્યારે આપણે ફિલિપાઇન્સના મિન્ડનાઓ ટાપુઓ પરથી આગળ નીકળી જઈશું ત્યારે.''

''પરંતુ... મૅક્સિકોના સત્તાવાળાઓ આપણી સાથે કેવો વ્યવહાર કરશે એનો ખ્યાલ છે? જહાજોનું સ્વાગત તોપોના ગોળાઓથી તો નહી થાય ને?'' જોઝે ખચકાટભર્યા અવાજે પોતાની શંકા જાહેર કરી, ''જો મારી ભૂલ ન થતી હોય, તો નવા રાષ્ટ્રસમૂહે એવું ફરમાન જાહેર કર્યું છે કે કોઈ પણ સ્પેનિશ જહાજને તેના બંદરોમાં પ્રવેશની મંજૂરી આપવી નહી. મને લાગે છે કે ભાઈ, સોના-ચાંદીથી નહી, પણ આપણું સ્વાગત તો તેઓ તોપગોળાથી જ કરશે!''

માર્ટિનેઝ પાસે જવાબ તૈયાર જ હતો, ''એ વાતની ચિંતા કરવાની જરૂરત નથી, જોઝ! આપણે દૂરથી જ તેમને આપણી ઓળખાણ આપી દઈશું.''

''એ કેવી રીતે થશે?''

''એ માટે બંને જહાજોના આગલા ભાગમાં મૅક્સિકોનો રાષ્ટ્રધ્વજ લહેરાવી દઈશું. તેમના પોતાના ધ્વજવાળા જહાજને જોતાં જ તેઓ આપણું માનભર્યું સ્વાગત કરશે.'' આ બોલતાં બોલતાં જ લેફ્ટેનન્ટ માર્ટિનેઝે એઓની સમક્ષ લીલો, સફેદ અને લાલ રંગનો ધ્વજ રજૂ કર્યો.

જોકે મૅક્સિકોની સ્વતંત્રતાના પ્રતીકને જોતાં જ, સ્પેનના વતની એવા સાથીદાર નાવિકોને આઘાત લાગ્યો, છતાં આ સાહસથી મળનારા લાભનો ખ્યાલ કરી સૌ મૌન જ રહ્યા. ત્યાં ગમગીન કહી શકાય એવી શાંતિ પથરાઈ ગઈ.

''શું સ્પેનના ધ્વજ માટે તમે ખેદ અનુભવો છો?'' સૌનાં મોં પર ગમગીની જોઈ માર્ટિનેઝે મજાકિયા સ્વરે પૂછ્યું, ''સારી વાત છે, જેમને સ્પેન માટે દુ:ખ થતું હોય તે સૌ

અમારાથી છૂટા પડી જઈ શકે છે અને ખુશી ખુશી કૅપ્ટન ડૉન રૉક અને ડૉન ઓર્ટેવાની ગુલામી ચાલુ રાખી શકે છે, પરંતુ જે ભાઈઓ તેમની સરમુખત્યારશાહીથી છૂટવા માગતા હોય તેઓ અમારી સાથે રહે. આપણે સૌ સાથે મળીને તેમનો સામનો કરીશું. તેમણે આપણી ઉપર કરેલા જુલમોનો બદલો લઈશું.''

સૌ એકી અવાજે બોલી ઊઠ્યા, ''અમે તમારી સાથે જ છીએ.''

આ સમય દરમિયાન કૅપ્ટન ડૉન ઓર્ટેવા પોતાના જહાજ ઉપર ઘટી રહેલી અમંગળ ઘટનાઓથી માનસિક રીતે અજંપો અનુભવી રહ્યો હતો. કંઈક ખરાબ થવાનું હોય એવી લાગણી તેમને સતત સતાવી રહી હતી. તેમને ખ્યાલ હતો જ કે ઘરઆંગણે સ્વદેશમાં સ્પેનિશ નૌસેના તેની તાકાત ગુમાવી ચૂકી હતી, કહો કે લગભગ તૂટી ચૂકી હતી. આજ્ઞાભંગના કારણે મૅક્સિકો સામે તથા યુરોપમાં પણ તેમનો ધ્વંશ ઝડપી બન્યો હતો. તો બીજી તરફ એની દેશદાઝ એને જંપવા દેતી ન હતી. એની ધારણા કરતાં તદ્દન વિપરીત પરિસ્થિતિ ઊભી થઈ હતી. એના દેશ પર અન્યોની હકૂમત થઈ ગઈ હતી એ બાબત એને અસ્વસ્થ કરી દેતી હતી. શાંતિપૂર્વક વિચારવાની શક્તિ જાણે એણે ગુમાવી દીધી હતી. એ ચોક્કસપણે માનતો હતો કે મૅક્સિકન રાજ્યોનો બળવો એના વતન ઉપર છેલ્લો પ્રહાર હતો. એ ઘણી વાર આ બધી ગંભીર બાબતોની ચર્ચા પાબ્લો સાથે કરતો રહેતો. વાતો કરતાં કરતાં એ ભૂતકાળમાં સરી પડતો. દુનિયાભરના મહાસાગરો ઉપર પ્રવર્તતી સ્પેનિશ નૌસેનાના એકચક્રી શાસનની વાતો કરતો. પાબ્લો એની વાતો શાંતિથી સાંભળવાનું પસંદ કરતો. ડૉન ઓર્ટેવાને એનાથી આશ્વાસન મળતું.

''પાબ્લો, મારા ભાઈ.'' જહાજ પર બળવો થાય તેવી આશંકાથી ત્રસ્ત બનેલા ડૉને એક દિવસ પાબ્લોને કહ્યું, ''આપણા ખલાસીઓમાં હવે પહેલા જેવી શિસ્ત રહી નથી. આ જહાજ પર જ બળવાની ઘણી નિશાનીઓ હું જોઈ શકું છું. કોઈ અનિચ્છનીય ઘટના ઘટે એવો આભાસ થઈ રહ્યો છે. એ પણ શક્ય છે કે નાવિકો વિદ્રોહ કરે, એમાં મારી જિંદગીથી હાથ ધોવા પડે! તારી પાસે મારી એટલી જ અપેક્ષા છે કે તું એ વિરોધીઓની ગદ્દારીનો બદલો લેશે, લઈશ ને? આ રીતે તું ફક્ત મારો જ નહીં, આપણી માતૃભૂમિ સ્પેનના દ્રોહનો બદલો પણ લેશે! કારણ કે જે પ્રહાર મારા પર થશે તે શું આપણા વતન સ્પેન પર થયેલો પ્રહાર નહીં હોય?''

''હું પ્રતિજ્ઞા કરું છું કૅપ્ટન ઓર્ટેવા. હું એમની ગદ્દારીનો બદલો જરૂર લઈશ.'' પાબ્લોએ જવાબ વાળ્યો.

''આ જહાજ પર તું કોઈને પણ તારા દુશ્મન ન બનાવીશ. બધા સાથે મળતો રહેજે. સૌની ચાલ સમજવા પ્રયાસ કરજે. યાદ રાખજે એવો બળવો થાય તો તારે એનો બદલો લેવાનો છે. યોગ્ય સમયે તું બદલો લેજે. પોતાના વતનની સેવા કરવાનો સૌથી સારો રસ્તો એ છે કે પહેલાં સતર્ક રહી પરિસ્થિતિ પર નજર રાખવી અને યોગ્ય સમયે વતનના દ્રોહીઓને સજા કરવી.''

પાબ્લોએ લાગણીભીના અવાજે જવાબ આપ્યો, ''હું તમને વચન આપું છું કે જરૂરત પડશે તો હું એ દેશદ્રોહીઓને સજા આપવામાં મૃત્યુને પણ વહાલું કરીશ!'' બંને છૂટા પડ્યા.

પાબ્લો ત્યારબાદ નીચે ગયો. જહાજના તૂતક પર માર્ટિનેઝ એકલો જ રહ્યો. એણે 'એશિયા જહાજ' તરફ નજર નાખી. એ જહાજ પવનની સામે કૉનસ્ટાન્ઝિયાની ઓથમાં હળવા મોજાં ઉપર ડોલી રહ્યું હતું. રળિયામણી સાંજ ઢળી ચૂકી હતી અને ભાવિનો સંકેત કરતી રાત ઊગી. ઉષ્ણ કટિબંધની એ શાંત તેમ જ તાજગીભરી મધુરરાત્રિ હતી. માર્ટિનેઝે અંધારામાં ચોકીપહેરા પર કોણ કોણ હતું તે જાણવાનો પ્રયાસ કર્યો. આછા અંધારામાં તેને જોઝ અને અન્ય ખલાસીઓ દેખાયા. એમની સાથે જ તેણે અગાઉ ગ્વાહમના ટાપુ પર સભા ભરી હતી, તે સૌને તેણે ઓળખ્યા. વહાણનું સુકાન સંભાળતા ખલાસી પાસે ગયો. ધીમા અવાજે એણે કાંઈક સૂચન કર્યું. સુકાની માટે એટલો ઇશારો પૂરતો હતો. નાનું જહાજ મોટા જહાજની નજીક આવી શકે તે રીતે વહાણનું સુકાન બદલ્યું.

વહાણના તૂતક પરના સામાન્ય નિયમથી વિરુદ્ધ એવી એ ઘટના હતી. જહાજ ઉપરની નાની-મોટી વસ્તુઓની ઓથ લેતો માર્ટિનેઝ ઉપરનીચે આંટા મારવા લાગ્યો કે જેથી એ કોઈ પણ પ્રકારની અડચણ વગર 'એશિયાન' જહાજની વધુ ને વધુ નજીક આવતું જોઈ શકે. એ ખૂબ જ અશાંત, બેચેન અને વ્યાકુળ હતો. હાથમાં એક રણશિંગું લઈ તેને ગોળગોળ ફેરવી રહ્યો હતો.

અગાઉથી નક્કી થયા પ્રમાણે જહાજ પર બંદૂકનો ધડાકો થયો.

એ સંકેત મળતાં જ માર્ટિનેઝ જહાજના ઉપરના ભાગેથી કૂદીને નીચે તૂતક પર આવ્યો. જોરથી બોલવા લાગ્યો, "બધા જ સાથીઓ વહાણના તૂતક પર આવી જાવ! વહાણનો માર્ગ બદલો!"

એ જ ઘડીએ કપ્તાન ડૉન ઓર્ટેવા પણ એની કૅબિનની બહાર આવ્યો. કેટલાક અધિકારીઓ પણ એની પાછળ જ હતા. એણે પોતાના મદદનીશ માર્ટિનેઝ તરફ જોઈ પૂછ્યુ, "આ પ્રકારના હુકમો કેમ અપાય છે? કોણ આપી રહ્યું છે આવા હુકમો મારા જહાજ પર?"

તે જ ઘડીએ 'એશિયા' પરથી પણ બંદૂકના નવા ધડાકા સંભળાયા.

ડૉન ઓર્ટેવા તેની આસપાસ ઊભા રહેલા માણસોને સંબોધી બોલ્યો, "મારા બહાદુર સિપાહીઓ, મારી સાથે રહો." માર્ટિનેઝ તરફ આગળ વધતાં એણે હાકલ કરી, "આ અધિકારીને પકડી લો!"

"ડૉન ઓર્ટેવા, મુર્દાબાદ" માર્ટિનેઝે વળતો જવાબ આપ્યો.

પાબ્લો અને અન્ય બે અધિકારીઓએ એક હાથે પોતપોતાની તલવાર ખેંચી તેમજ બીજા હાથથી પોતાની પિસ્તોલ તાકી... પ્રામાણિક અને વફાદાર જેકોપોના નેતૃત્વ હેઠળ કેટલાક ખલાસીઓએ મદદે આવવાની કોશિશ કરી, પણ બળવાખોરોએ તેમને ઝડપથી રોક્યા અને તેમના હથિયાર છીનવી લીધા. તેઓ કોઈને પણ મદદ કરી શકે એવી સ્થિતિમાં ન રહ્યા.

બળવાખોર નાવિકો વહાણના તૂતક ઉપર ફેલાઈ ગયા. કૅપ્ટન અને તેના વફાદારોને પાછળ ધકેલતા તેઓ આગળ વધતા ગયા. જે માણસો તેમના કર્તવ્ય પરત્વે

વફાદાર રહ્યા, તે સૌને જહાજના પાછલા ભાગના તૂતકના એક ખૂણામાં હડસેલી દેવાયા. બળવાખોરોને શરણે જવા સિવાય વફાદારો પાસે કોઈ વિકલ્પ ન હતો. હિંમત ગુમાવ્યા વિના કૅપ્ટન ડૉન ઓર્ટેવાએ તેની બંદૂકનું નાળચું માર્ટિનેઝ તરફ તાક્યું.

પરંતુ તે જ ઘડીએ 'એશિયા' પરથી તોપગોળા ઉપર ઊઠતા દેખાયા.

"આપણા મિત્રોને ત્યાં પણ સફળતા મળી ગઈ." માર્ટિનેઝ ખુશીનો માર્યો બૂમ પાડી ઊઠ્યો.

ડૉન ઓર્ટેવાની બંદૂકમાંથી નીકળેલી ગોળી નિશાન ચૂકીને આકાશમાં ખોવાઈ ગઈ. કૅપ્ટન તેના મદદનીશ સાથે મળીને બળવાખોરો સામે તલવારબાજી શરૂ કરી, પરંતુ બળવાખોરોની વધારે પડતી સંખ્યા સામે ટકી ન શક્યો. એને તૂતક પર લઈ જવાયો. એના વફાદાર અધિકારીઓ પણ થોડા જ સમયમાં એના જ ભાગ્યને અનુસર્યા.

જહાજના સઢ તરફથી હવે ભૂરી રોશની દેખાઈ રહી. એશિયા તરફથી એ જ પ્રકારનો જવાબ મળ્યો, ત્યાં પણ તે જ ઘડીએ બળવો ફાટી નીકળ્યો હતો અને બંને જહાજોનો કબજો લેવામાં બળવાખોરોને કામિયાબી મળી. બળવા અગાઉનો મદદનીશ લેફ્ટેનન્ટ માર્ટિનેઝ હવે કૉનસ્ટાન્ઝિયાનો કૅપ્ટન અને માલિક બની ગયો. બંદીઓને ઝટપટ મુખ્ય કૅબિનમાં ધકેલી દેવાયા.

"તેમને કૂવાસ્થંભની પાછળ ધકેલી દો!" બળવાખોરોમાંથી એક ખૂંખાર અને ઘાતકી ખલાસી મોટેથી બોલી ઊઠ્યો.

"તે સૌને એક ભાગમાં બાંધી દો! એમને મારી નાખો. મડદાંઓ કદી બોલતા નથી!"

લોહી તરસ્યા બળવાખોરોનો નેતા લેફ્ટેનન્ટ. માર્ટિનેઝ ખુલ્લી તલવાર સાથે મુખ્ય કૅબિન તરફ દોડ્યો, પરંતુ બાકીના ખલાસીઓએ આ નિર્દયી હત્યાકાંડનો મક્કતાથી વિરોધ કર્યો. બધા અધિકારીઓ એ કારણે બચી ગયા, પરંતુ ડૉન ઓર્ટેવા સામે બદલો લેવાની માર્ટિનેઝની અંગત ખ્વાહીશ હતી. તેણે જોરથી હુકમ આપ્યો, "ડૉન ઓર્ટેવાને તૂતક પર લાવો."

એના આ હુકમનો તરત જ અમલ થયો. જહાજના કઠેરા પર મુખ્ય સઢની પાછળ જ કૅપ્ટનને દોરડાથી બાંધવામાં આવ્યો. ત્યાંથી જ એનો ગુસ્સાભર્યો અવાજ સંભળાયો. એક સમયના પોતાના હાથ નીચે ફરજ બજાવતા માર્ટિનેઝને સંબોધી એ બોલી ઊઠ્યો, "બદમાશ! નીચ-અધમ રાજદ્રોહી!"

કૅપ્ટનના આ શબ્દો સાંભળી માર્ટિનેઝ પોતાના આવેશ પર કાબૂ ન રાખી શક્યો. હાથમાં ખુલ્લી કુહાડી લઈ તેણે પોતાના કૅપ્ટન તરફ છલાંગ લગાવી, પરંતુ એ ત્યાં સુધી પહોંચી ન શક્યો. વચ્ચે અડચણરૂપ સઢના લાકડા ઉપર એણે જોરથી કુહાડી વીંઝી. સઢને ઢીલો કરવાની રસ્સી એક જ ઝાટકે કપાઈ ગઈ. એની સાથે બંધાયેલું આડું લાકડું છૂટું પડી ગયું ને ડૉન ઓર્ટેવાના માથા સાથે ભટકાયું. એનું માથું છૂંદાઈ ગયું. તૂતકની ફરસ પર પછડાયેલું એનું શરીર એક પળ માટે તરફડ્યું અને અંતે શાંત

થઈ ગયું. તેના કરુણ મૃત્યુનું આ કારમું દૃશ્ય જોતાં જ જહાજના ખલાસીઓ ગભરાટથી ચિચિયારી પાડી ઊઠ્યા.

“એનું મૃત્યુ એક અકસ્માત માત્ર છે.” માર્ટિનેઝ બોલી ઊઠ્યો, “એના શરીરને ઊંચકીને તૂતક ઉપર મૂકો.”

માર્ટિનેઝે કરેલો બળવો પૂરેપૂરો સફળ થયો. અગાઉ વિચારેલી યોજના મુજબ બંને જહાજોને પ્રશાંત મહાસાગરમાં પૂર્વ તરફ હંકારવામાં આવ્યાં. બંને જહાજોને એકબીજાંની નજીક હંકારતા હંકારતા તેઓ મૅક્સિકોના કિનારા તરફ આગળ વધ્યા. બીજા દિવસની સવારે તેઓને જહાજોના જમણી બાજુના કાટખૂણે એક ટાપુ દેખાયો, ‘એશિયા’ અને ‘કૉનસ્ટાન્ઝિયા’ની નાની નાની નાવડીઓ નીચે ઉતારવામાં આવી. બંને જહાજોના અધિકારીઓને એ માનવ વસ્તી વિનાના ટાપુ પર મરવા છોડી દેવાયા અને બંને જહાજો મૅક્સિકો તરફ આગળ વધ્યા.

ટાપુ પર છોડી દેવાયેલા અધિકારીઓ ખિન્ન બનીને એ જહાજોને સાગરની ગોળાઈ પાછળ અદૃશ્ય થતાં જોઈ રહ્યા. આ કમનસીબી હોવા છતાં તેઓ પ્રારબ્ધના બળિયા હતા. વ્હેલ માછલીનો શિકાર કરવા નીકળેલું એક બ્રિટિશ જહાજ તેમને મળી ગયું અને તે સૌ સહીસલામત મનીલા પહોંચી ગયા.

પાબ્લો અને જાકોપો સિવાય — આ બંનેએ વ્યૂહાત્મક પીછેહઠ કરી હતી. માર્ટિનેઝના નિર્ણયોને વગર આનાકાનીએ તાત્કાલિક તો બંનેએ સ્વીકારી જ લીધા. તેઓ બંને માર્ટિનેઝ અને જહાજોના કાફલાના ભાગ બનીને, તેમની સાથે મૅક્સિકો તરફ આગળ વધી રહ્યા.

આ ઘટનાનાં થોડાં અઠવાડિયાં બાદ…

બે વહાણો મોન્ટેરીના અખાતમાં જૂના કેલિફોર્નિયાના કિનારા પાસે લાંગર્યાં. માર્ટિનેઝ પોતે કિનારા પર ગયો અને બંદરના ગવર્નરને મળ્યો. તેના અહીં આવવાના ઇરાદાઓની જાણ કરી. ગવર્નર સમક્ષ એણે એવી દરખાસ્ત મૂકી કે આ બે સ્પેનિશ જહાજો, એમાંની તોપો તથા અન્ય શસ્ત્રો તથા દારૂગોળો, બધું જ એ મૅક્સિકો લઈ જશે. એણે એ પણ જણાવ્યું કે એના ખલાસીઓને એ નવા રાષ્ટ્રસંઘની સત્તા હેઠળ મૂકશે. બદલામાં મૅક્સિકન સરકારે જ્યારથી તેમણે સ્પેન છોડ્યું ત્યારથી તેમનો જે પગાર બાકી રહ્યો છે તે આપવાનો રહેશે. એણે એ પણ જણાવ્યું કે આ લડાકુ જહાજો નવા મૅક્સિકો રાજ્યની નૌસેનાના પ્રથમ જહાજો બની શકશે.

ગવર્નરે તેમની વાત સાંભળી અને જહાજો મળવા બાબતે આનંદ જાહેર કર્યો, પરંતુ માર્ટિનેઝે રજૂ કરેલી માગણીઓ સંતોષવાની પોતાની અસમર્થતા જાહેર કરી. તેણે જણાવ્યું કે એની સત્તાની બહારની બાબત હતી. એણે માર્ટિનેઝને સૂચન કર્યું કે જો એ જાતે જ મૅક્સિકો જાય તો આ બધી બાબતોનું સહેલાઈથી નિરાકરણ લાવી શકાય. લેફ્ટેનન્ટે એની સલાહ માની લીધી. એક મહિના સુધી એણે એના સાથીઓ સાથે આ કિનારા પર આનંદપ્રમોદ કર્યો, ત્યાર બાદ ‘એશિયા’ને ત્યાં જ રહેવા દઈ, માત્ર ‘કૉનસ્ટાન્ઝિયા’ જહાજને લઈને માર્ટિનેઝે મૅક્સિકોના આકુપુલ્કો બંદર તરફની

સફર શરૂ કરી. એના પ્રત્યે વફાદારી જાહેર કરી ચૂકેલા પાબ્લો, જાકોપો અને જોઝને પણ તેણે પોતાના કાફલાના ભાગરૂપે સાથે જ લીધા. સાનુકૂળ પવન મળી જતાં એના બધા જ સઢો ખુલ્લા મુકાયા. ધાર્યા કરતાં વધુ સરળતાથી એ અકુપુલ્કોના બંદર તરફ આગળ વધ્યો.

(૨)

મૅક્સિકોની પશ્ચિમે ઘૂઘવતા પ્રશાંત મહાસાગરના તટ પર ચાર મોટા બંદરો હતા. સાન બ્લાસ, ઝકાટુલા, તેહન્ટપૅક અને અકુપુલ્કો. અકુપુલ્કો સૌથી મોટું બંદર હોવાને કારણે વહાણને લાંગરવા માટે સૌથી વધારે અનુકૂળ હતું. શહેર જોકે ખરાબ અને અવ્યવસ્થિત રીતે બંધાયું હતું, હવામાન પણ રોગિષ્ઠ હતું, તેમ છતાં વહાણોને લાંગરવાની વ્યવસ્થા ઘણી. જ સુરક્ષિત હતી અને બંદર એટલું વિશાળ હતું કે ૧૦૦ જેટલાં જહાજો તો આસાનીથી લંગર નાખી શકે. કાળમીંઢ ખડકો અને ભેખડો તોફાની પવનોથી રક્ષણ પૂરું પાડતા હતા. ખડકો વચ્ચેના બંદરનું પાણી એટલું શાંત હતું કે જમીન તરફથી આવનાર કોઈ અજાણ્યા માણસને એમ જ લાગે કે પહાડોની વચ્ચે એ મોટું સરોવર હશે.

ત્રણ કિલ્લાઓથી સુરક્ષિત અકુપુલ્કો સુરક્ષાની દૃષ્ટિએ સૌથી નિરાળું હતું. બંદરનું પ્રવેશદ્વાર સાત તોપોના મોરચાથી સુરક્ષિત કરાયું હતું. જરૂરતના સમયે આ તોપો સાન ડીઆગોના કિલ્લાના કાટખૂણેથી ગોળાઓ ફેંકવાની ક્ષમતા ધરાવતી હતી. આ ઉપરાંત એ ગઢમાં રહેલી ત્રીસ જેટલી તોપોની મદદથી બંદર સંપૂર્ણપણે સુરક્ષિત હતું. જો કોઈ પણ જહાજ જબરજસ્તીથી અંદર પ્રવેશની પ્રયાસ કરે તો સમુદ્રના તળિયે ચોક્કસપણે મોકલી શકે એટલી શક્તિશાળી એ તોપો હતી.

સંરક્ષણની આ વ્યવસ્થાને કારણે આ શહેરે આમ તો જરાપણ ડરવાની જરૂરત ન હતી, તેમ છતાં પણ જે ઘટનાની આપણે આગળ વાત કરી તેના ત્રણ માસ બાદ શહેરના લોકોને એક પ્રકારનો સાર્વત્રિક ભય સતાવી રહ્યો. એ માટેનું કારણ એ હતું કે...

એક જહાજ બંદર તરફ આવતું હોવાના સંકેતો મળ્યા હતા. આકુપુલ્કોના લોકોને એના ઇરાદા પર શંકા હતી. તેઓ કોઈ પણ રીતે એ માનવા તૈયાર જ ન હતા કે એ જહાજ તેમની સાથે મિત્રતા કરવા માટે આવી રહ્યું છે. નવો જ રચાયેલો રાષ્ટ્રસંઘ હજી તો પાપા પગલી માંડતાં શીખ્યો હતો. પ્રજાને ભય હતો કે તેમને ફરીથી સ્પેનના ગુલામ બનાવી દેવામાં આવશે તો! તેમનો આ ભય અકારણ ન હતો. એમણે ગ્રેટ બ્રિટન સાથે વેપાર અંગેના કરારો કર્યા હતા, એના બધા જ દસ્તાવેજો લંડનથી આવ્યા હતા. ત્યાંની કોર્ટે તેમને પ્રજાસત્તાક હોવાની માન્યતા પણ આપી હતી, પરંતુ મૅક્સિકન સરકાર પાસે પોતાના સમૃદ્ધ કિનારાના રક્ષણ માટે એક પણ યુદ્ધ જહાજ ન હતું. એ જે પણ કંઈ હોય તે, પરંતુ નજીક આવી રહેલું એ જહાજ દેખીતી રીતે જ નૌકાસૈન્યમાં વપરાય તેવું યુદ્ધજહાજ હતું. પ્રત્યેક વ્યક્તિ આ જહાજ વિશે જુદીજુદી વાત કરતી હતી. કેટલાકને એમાં સ્પેનની ચાલબાજી હોવાનું લાગતું હતું. તો કેટલાકની એવી માન્યતા હતી કે ઉત્તર-પશ્ચિમના સૂસવાટા મારતા તોફાની પવનો તેને આ બંદર

તરફ ખેંચી લાવ્યા હશે. આવા તોફાની પવનોમાં લાંબા સમય સુધી અહીંતહીં ભટકતાં ભટકતાં આખરે તેમના બંદર પર તે આવી પહોંચ્યું હશે.

આમ ન હોય તો પણ, અકુપુલ્કોના લોકો આથી વિશેષ કંઈ પણ કરી શકે એવી સ્થિતિમાં ન હતા. અજાણ્યા હુમલાથી તેમના દેશને બચાવવા તેઓ સતત પ્રયાસ કરતા રહેતા હતા. નજીક આવી રહેલા એ શંકાસ્પદ જહાજ પર મૅક્સિકોની સ્વતંત્રતાનો ધ્વજ લહેરાતો તેમણે જોયો. તેઓ કંઈક અજીબ ભાવ સાથે આ જહાજને જોઈ રહ્યા. એ કદાચ દુશ્મનની નવી ચાલ તો નહીં હોય ને!

બંદરથી થોડે દૂર, તોપના ગોળા ફેંકી શકાય એટલે નજીક આવીને અચાનક જ જહાજે લંગર નાખ્યું. 'કૉનસ્ટાન્ઝિયા' નામ દૂરથી પણ વાંચી શકાતું હતું. એણે એના સઢ સંકેલી લીધા. એક નાની નૌકા નીચે ઉતારાઈ, કેટલાક માણસો સાથે તે બંદર તરફ ઝડપથી આગળ વધી. બંદરની ગોદીમાં એકત્રિત થયેલા લોકો ચિંતાતુર નજરે એ અજાણ્યા જહાજની ગતિવિધિઓને જોઈ રહ્યા.

નૌકામાંથી નીચે ઊતરીને માર્ટિનેઝ ત્યાંના ગવર્નર પાસે ગયો. એણે એને આખી પરિસ્થિતિ સમજાવી અને એના ત્યાં આવવાનો હેતુ સ્પષ્ટ કર્યો. ગવર્નર મૅક્સિકો સાથે જોડાવાના એના નિર્ણયને આનંદથી વધાવી લીધો. એટલું જ નહીં, એણે ખાતરી પણ આપી કે આ નવા સંઘના પ્રમુખ બનેલા સેનાપતિ ગુડાલ્પે ચોક્કસ જ આ જહાજોને ખરીદવા તૈયાર થઈ જશે. એ બાબતમાં વધુ વાટાઘાટ અને ચોક્કસ નિર્ણય માટે એ પ્રમુખને રૂબરૂ મળવાની તેણે માર્ટિનેઝને સલાહ આપી.

શહેરમાં આ સમાચાર ફેલાતાં જ લોકોમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ. તેમના કબજામાં આવી ગયેલા મૅક્સિકન નૌકાદળના આ જહાજને જોવા લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં. આ જહાજને જોઈને તેઓ એક પ્રકારનો સંતોષ અને સલામતીની લાગણી અનુભવી રહ્યા. બળવાન સ્પેનના શાસનમાંથી તેમણે માંડમાંડ આઝાદી મેળવી હતી. આ જહાજ સ્પેનની વિવિધ સેવાઓમાં ચાલતી અરાજકતાના એક પ્રતીકસમું હતું. તેમને આનંદ હતો કે સ્પેનના આ જહાજની મદદથી હવે તેઓ તેમના સૌથી મોટા શત્રુ સ્પેનના નવા હુમલાઓને ખાળી શકવા સમર્થ હતા.

માર્ટિનેઝ પોતાના જહાજ પર પાછો આવ્યો. થોડા કલાકો પછી કૉનસ્ટાન્ઝિયા બંદર પર લાંગર્યું. એના ખલાસીનું અકુપુલ્કોના રહેવાસીઓનાં ઘરોમાં સ્વાગત થયું. રહેવાની વ્યવસ્થા પણ થઈ ગઈ... પણ જ્યારે માર્ટિનેઝે જહાજ પરના નાવિકોની હાજરી લીધી ત્યારે પાબ્લો અને જેકોપો ગેરહાજર જણાયા. તેઓ બંને ક્યાંક ગાયબ થઈ ગયા હતા.

બીજા દિવસે બે ઘોડેસવારો અકુપુલ્કોથી મૅક્સિકો શહેર જવા નીકળ્યા. આ આખો રસ્તો ઊંચી ઊંચી પહાડીઓ વચ્ચેથી પસાર થતો હતો. દૂરદૂર સુધી નામમાત્ર પણ માનવવસ્તી દેખાતી ન હતી. આ બંને ઘોડેસવારો માર્ટિનેઝ અને તેના સાથીદાર જોઝ હતા. જોઝ આ પ્રદેશના રસ્તાઓનો જાણકાર હતો. અનુહોકની આ પર્વતમાળામાં એ અનેક વાર ફર્યો હતો. વારંવાર આ ઊંચા શિખરો ઓળંગીને મૅક્સિકો નગર ગયો હતો. પરિણામે આ પર્વતમાળા એને એના ઘર જેવી જ લાગતી હતી. પોતાની જાણકારી પર

એનો પૂરો ભરોસો હતો. એક ઇન્ડિયન માર્ગદર્શકે તેની સેવા આપવા તત્પરતા બતાવી હતી, પરંતુ તેની જરૂર નથી એમ જણાવી ના પાડી દીધી હતી.

"આપણે ઝડપ કરવી પડશે. મૅક્સિકન સત્તાવાળાઓ પાસે વહેલી તકે પહોંચવું જરૂરી છે." ઘોડાને એડી મારતાં માર્ટિનેઝ બોલ્યો, "મને પાબ્લો અને જેકોપોના ગાયબ થવા બાબતે શંકા છે. તેમનો શો ઇરાદો હશે તે તો આપણે જાણતા નથી, પરંતુ તેઓ આપણા કરતાં વહેલાં મૅક્સિકો પહોંચી જઈ પોતે જ જહાજનો સોદો કરી આપણો ભાગ પણ પડાવી તો નહીં લે ને? તને શું લાગે છે?"

"ચિંતા ના કરશો, તેઓ બહુ દૂર નહીં જ પહોંચ્યા હોય. આ તો ચોર જ ચોરને લૂંટે એવી વાત થઈ." ગમગીન અવાજે સાથીદારે હિંમત અને આશ્વાસન આપ્યાં.

"મૅક્સિકો પહોંચવામાં આપણને કેટલા દિવસ લાગશે?"

"ચાર-પાંચ દિવસ, લેફ્ટેનન્ટ, ચાલવાનું તો થોડું જ છે, પણ ઝડપથી ચાલવાનું શક્ય નથી. તમે જોઈ શકો છો કે આપણી સામેની પહાડી કેવી સીધી અને આકરાં ચઢાણવાળી છે."

હકીકતમાં તેઓ હજી મેદાનો પણ પાર કરી શક્યા ન હતા. દુર્ગમ માર્ગ શરૂ થાય તે પહેલાંના પહાડી માર્ગના ઢોળાવ સુધી જ પહોંચ્યા હતા.

"આપણા ઘોડાઓને નાળ લગાવેલી નથી." જોઝ ઘોડો ઊભો રાખી બોલ્યો, "આ ગ્રેનાઇટના પથ્થરોમાં ચાલવાનું તેમના માટે મુશ્કેલ બને એમ લાગે છે. તેમની ખરી જલદી ઘસાઈ જશે."

"એ જે હોય તે. આપણે ઝડપ કરવી પડશે." જાણે દાખલો બેસાડતો હોય એમ માર્ટિનેઝ બોલ્યો, "આપણા ઘોડાઓ દક્ષિણ મૅક્સિકોના ખેતરાળ પ્રદેશોમાંથી આવે છે. ઘાસના મેદાનોમાં તેઓ મુસાફરી કરે છે, પહાડી પ્રદેશોમાં ચાલવા માટે તેઓ ટેવાયેલા નથી. હજી અહીં સીધો રસ્તો છે તેનો ફાયદો ઉઠાવીને આ સૂમસામ રસ્તાથી બહાર નીકળી જઈએ, કારણ કે અહીંનું આ ભેંકાર વાતાવરણ કોઈ પણ માણસને હતાશ કરી શકે તેમ છે."

"શું વાત છે? લેફ્ટેનન્ટ માર્ટિનેઝ જેવા ખૂંખાર સાગરખેડુને પસ્તાવો થઈ રહ્યો છે?" ખભા ઉલાળતાં જોઝે પૂછ્યું.

"પસ્તાવો! ના ભઈ, પસ્તાવો શા માટે?"

માર્ટિનેઝ શાંત થઈ ગયો. મનના ઊંડાણમાં કોઈ દોષિત ભાવ જાગ્યો હતો. પોતાના હાથ નીચેના માણસ આગળ પોતાના મનનો એ ભાવ છતો થઈ જવાનો ડર લાગતો હતો. બંને મૌન જ રહ્યા. બંનેએ પોતાના ઘોડાઓને ઝડપથી દોડાવ્યા. તેઓ સીગુલાન નામના ગામે પહોંચ્યા ત્યારે ક્ષિતિજે સૂર્યને છુપાવી દીધો હતો. મૅક્સિકો પ્રદેશના ગરીબ આદિવાસીના છૂટાછવાયા ઝૂંપડાંઓનું બનેલું આ નાનકડું ગામ હતું. ખેતી કરી તેઓ ગુજરાન ચલાવતા હતા. એ લોકોનો વ્યવહાર મૈત્રીપૂર્ણ હતો.

જોકે આ બે સ્પેનિશ યાત્રીઓનું સ્વાગત સાવ ઠંડું જ રહ્યું. અહીંના ઇન્ડિયનોએ ઘણા જૂના અને લાંબા સમયના તેમના દુશ્મન દેશમાંથી આવેલા આ યાત્રીઓને મદદરૂપ થવામાં ખાસ ઉત્સાહ દાખવ્યો નહીં. આ ઉપરાંત અન્ય એક બીજું કારણ પણ હતું. થોડા જ સમય પહેલાં બીજા બે યાત્રીઓ પણ અહીંથી પસાર થયા હતા. આ ગરીબ માણસો પાસે જે પણ કાંઈ થોડોઘણો ખોરાક હતો, તે તેમણે જબરજસ્તીથી છીનવ્યો હતો. જોકે માર્ટિનેઝ અને તેના સાથીદારને આ ઘટના સામાન્ય લાગી, પરંતુ એમની સમક્ષનો તાત્કાલિક પ્રશ્ન ખાલી પેટનો હતો.

ગમે તેમ પણ તેમણે આખરે ભોજન મેળવ્યું. લાંબી મુસાફરીનો સખત થાક હતો. પેટ પણ સાવ ખાલી હતાં. ભોજનથી થોડી રાહત થઈ. હવે આરામની વેળા હતી. સાવ અજાણ્યા પ્રદેશમાં ખુલ્લામાં રાત્રિ વિતાવવામાં ભારે જોખમ હતું. સ્વરક્ષણ માટે હાથમાં ખંજર લઈને તેઓ જમીન પર સૂઈ ગયા. લાંબા રઝળપાટનો થાક તન અને મનમાં વર્તાતો હતો. સખત જમીન અને મચ્છરોનો ત્રાસ હોવા છતાં પણ પડતાંની સાથે જ તેઓ ઘસઘસાટ ઊંઘી ગયા.

માર્ટિનેઝ રાત્રે ઊંઘમાં પણ અજંપો અનુભવતો હતો અને વારંવાર ઝબકી જતો હતો. જેકોપો અને પાબ્લોના અચાનક ગાયબ થવાની ઘટનાએ હવે એના મનનો કબજો લીધો હતો. બેચેનભરી ઊંઘમાં તે વારંવાર તેઓના નામનું જ રટણ કરતો રહ્યો.

(૩)

બીજા દિવસની સવાર થઈ. ફરીથી ઘોડા ઉપર સામાન લદાયો. બંને યાત્રીઓની મુસાફરી આગળ વધી. ડુંગરાઓની ગોળાઈ સાથે સર્પાકારે આગળ વધતો, પદયાત્રીઓ દ્વારા સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતો રસ્તો તેમણે પકડ્યો. ઘોડાઓને તેમણે પૂર્વ તરફ દોર્યા. જ્યાંથી સૂર્ય ધીરેધીરે પહાડોની ટોચ પરથી ઉપર આવી રહ્યો હતો.

"જોઝ, આપણે આ પહાડોમાંથી ક્યારે બહાર નીકળી રહીશું?"

"આવતી કાલે સાંજ સુધીમાં. એ સાચું છે કે આપણી મંઝિલ હજી ઘણી દૂર છે, પણ પહાડોના શિખરો ઓળંગી આપણે સુવર્ણનગરી મૅક્સિકો પહોંચીશું. આપણી મંઝિલ મૅક્સિકોનગર છે! તમને ખબર છે કે હું અત્યારે શું વિચારી રહ્યો છું?" પ્રશ્નનો જવાબ આપવાને બદલે માર્ટિનેઝે મૌન રહેવાનું ઉચિત માન્યું. જોઝે આગળ ચલાવ્યું.

"પેલા નિર્જન ટાપુ પર આપણે જહાજોના પેલા અધિકારીઓને ભૂખે તરસે મરવા માટે છોડી દીધા હતા. તેમનું શું થયું હશે?"

માર્ટિનેઝ આ સાંભળી દરૂજી ઊઠ્યો, "મને ખબર નથી." એના અવાજમાં વિષાદ ઝલકતો હતો.

"હું આશા રાખું છું કે એ બધા અધિકારીઓ ભૂખે મરી ગયા હોય." જોઝે બોલવાનું ચાલુ રાખ્યું, "કદાચ એવું પણ બન્યું હોય કે આપણે એમને ત્યાં ઉતાર્યા ત્યારે જ એમાંના કેટલાક સમુદ્રના ઊંડા પાણીમાં ગરક થઈ ગયા હોય. અને તમને ખબર છે, એ કિનારાઓ પર ટીન્ટોરા નામની લોહીતરસી શાર્ક વસે છે! આ માછલીઓ

કોઈને પણ છટકવા દેતી નથી. હે પ્રભુ, જો કૅપ્ટન ડૉન ઓર્ટેવા ફરીથી જીવતા થાય તો! એને ગળવાની તક માછલીને મળી શકે, પણ શું થાય? એના માથા પર તો સઢનું ભારેખમ લાકડું જ જોરથી અફળાયું હતું. જે પ્રકારનો અવાજ એ વખતે થયો હતો તેના પરથી તો એમ જ લાગે છે કે એનું માથું તો છૂંદાઈ જ ગયું હશે.''

''બકવાસ બંધ કર! શાંતિથી આગળ વધ.'' પોતે કરેલા જઘન્ય કૃત્ય માટે અપરાધભાવ સેવતો હોય તે રીતે માર્ટિનેઝે ઘાંટો પાડ્યો. બોલ્યા વગર સાથીદાર આગળ વધ્યો. થોડી વાર પછી પોતાની જાતને જ ઉદ્દેશીને ફરીથી બોલવા લાગ્યો, ''આવા સંજોગોમાં પણ માણસો કેવાં કેવાં મધુરાં સ્વપ્નાં જોઈ શકે છે? હું જ્યારે પાછો વળીશ ત્યારે આ સુંદર દેશ મૅક્સિકોમાં જ વસી જઈશ. અહીં કોઈ પણ જાતના સંકોચ વગર વ્યક્તિ આ મજેદાર અનાનસ અને કેળાંની લિજ્જત માણી શકે છે, સોના-ચાંદીની થાળીઓમાં ખાઈ શકે છે.''

''આ કારણોસર તું બળવામાં જોડાયો?'' માર્ટિનેઝ પૂછ્યા વગર ન રહી શક્યો.

''કેમ નહીં, લેફ્ટેનન્ટ? આ બધું આપણે પૈસા માટે જ કર્યું છે ને?''

''ઓહ!'' લેફ્ટેનન્ટના અવાજમાં તિરસ્કાર ભારોભાર છલકતો હતો.

એ જોઈ જોઝે પૃચ્છા કરી, ''અને તમે, તમે કયા હેતુથી આ બળવો પોકાર્યો હતો?''

''મેં? મારા માટે એ મારા ઘવાયેલા માનનો પ્રશ્ન હતો. કૅપ્ટન ડૉને કરેલા અપમાનનો હું બદલો લેવા માગતો હતો.'' '

''ઓહ!'' જોઝે તિરસ્કારભર્યો ઉદ્ગાર કર્યો.

તેમના બળવા માટેના હેતુ ભલે ભિન્નભિન્ન હોય, પણ આ બંને વચ્ચે બીજો કોઈ જ તફાવત ન હતો.

''ઊભો રહે!'' ઘોડાની લગામ ખેંચીને માર્ટિનેઝ ભયથી બોલી ઊઠ્યો, ''ત્યાં શું દેખાય છે?'' થોડો સમય ત્યાં થોભીને માર્ટિનેઝ ફરીથી બોલ્યો, ''મને ત્યાં કોઈ માણસ અચાનક જ ગાયબ થઈ જતો દેખાયો.''

એની સૂચના મુજબ જોઝ ઝડપથી ખડકની કિનાર પાસે જઈ ઊભો રહ્યો. નીચે ખીણમાં નજર કરી, ''મને તો કંઈ જ જણાતું નથી. તમને ભ્રમણા થઈ લાગે છે.''

''મેં એને જોયો છે.'' માર્ટિનેઝે અધિરાઈપૂર્વક જવાબ વાળ્યો.

ઘોડાને આગળ હાંકતા જોઝ બોલ્યો, ''ભલે, તમતમારે આરામથી એને શોધો.'' ...

સામેની ખીણમાં દેખાતાં ઝાડીઝાંખરાં તરફ માર્ટિનેઝ આગળ વધ્યો. ઉષ્ણ કટિબંધમાં મળી આવતી આ વનસ્પતિની એક વિશેષતા હતી કે જ્યાં પણ એની કોઈ ડાળી જમીનને અડે ત્યાંથી નવાં જ મૂળિયાં ઊગવા માંડે. આ કારણે એનો વિસ્તાર અત્યંત ઝડપથી વધતો હતો. થોડા જ સમયમાં એની વચ્ચેથી પસાર થવું મુશ્કેલ બની જાય તેમ હતું. લેફ્ટેનન્ટ ઘોડા પરથી નીચે ઊતર્યો. સંપૂર્ણ એકાંત હતું. અચાનક જ એણે એક સાપને સામેની ઝાડીમાં જોયો. એ એક નાનકડો સાપ હતો. એનું માથું

પથ્થરની નીચે જકડાયેલું હતું અને પાછળનો ભાગ અમળાયેલો હતો. જાણે કે કોઈ વસ્તુથી છૂટવા પ્રયાસ કરતો હોય.

“અહીયાં કોઈક હતું.” અપરાધભાવથી પીડાતો તેમ જ અંધશ્રદ્ધાળુ લેફ્ટેનન્ટ જોરથી બોલી પડ્યો. એણે ચારે દિશાઓમાં નજર ફેરવી. એ દરૂજવા માંડ્યો. એ ધીમેથી ગણગણ્યો, “એ કોણ હોઈ શકે?”

“અરે! શું થયું?” એની નજીક પહોંચતાં જ જોઝે પૂછ્યું.

“કંઈ જ નહીં, ચાલો આગળ વધીએ.” માર્ટિનેઝે જવાબ આપ્યો.

સાંજ ઢળવા માંડી હતી. પોતાના સાથીથી થોડાં પગલાં પાછળ ચાલવાનું એણે પસંદ કર્યું. આ માર્ગથી પરિચિત હોય તે રીતે જોઝ આગળ ધપતો હતો, પરંતુ ઝાડી-ઝાંખરાંમાં માર્ટિનેઝને તકલીફ પડતી હતી. પોતાનો ઘોડો બરાબર ચાલી શકે એવો રસ્તો શોધતો હતો. ઝાડની જે ડાળીઓની વચ્ચે એ ચાલતો હતો, ત્યાં તેને ઠોકર વાગતી હતી અને ડાળીઓ તેના માથામાં અથડાતી હતી. મનોમન એ ડાળીઓને ગાળો આપતો રહ્યો. અકારણ જ મનમાં જાગેલી પશ્ચાત્તાપની ભાવના એને અશાંત કરી રહી મનમાં કોઈ અમંગળ ઘટનાના એંધાણ મળી રહ્યાં. એ ખૂબ જ ચિંતાતુર થઈ ગયો. કંઈ પણ બોલ્યા વિના એ જોઝના ઘોડાને અનુસરી રહ્યો.

રાત થઈ છતાં બંને યાત્રીઓ આગળ વધતા રહ્યા. માર્ગમાં વચ્ચે બે નાનાં ગામ આવ્યાં — કૉન્ટેપેક અને ઇગુલા, પરંતુ તેઓ ત્યાં રોકાયા વગર જ આગળ વધ્યા. છેવટે તેઓ ટાસ્કો શહેરમાં આવી પહોંચ્યા. અહીંનું ભોજન મનભાવન તો ન હતું, પરંતુ તેમની ભૂખ સંતોષાઈ. તેઓ એટલા થાકી ગયા હતા કે બીજા દિવસે સૂર્યોદય થયા બાદ પણ એક કલાક ઊંઘતા રહ્યા.

લેફ્ટેનન્ટ પહેલા જાગી ગયા, “જોઝ, ચાલો આપણે આગળ વધવાનું છે!” તેણે જોઝને જગાડ્યો.

બંને સ્પેનિશયાર્ડો ત્યાંની સ્થાનિક ઘોડાર તરફ ગયા. નવા ઘોડા તૈયાર કરવા સૂચના આપી. સાથેની બૅગમાંથી કાઢીને મકાઈના રોટલા, સૂકવેલું માંસ ખાઈને પેટ ભર્યું. પહાડોમાં ખોરાક ન મળવાનું જોખમ ટાળવા એ સામગ્રી જરૂરી હતી. બધી વસ્તુના પૈસા ચૂકવ્યા. મૅક્સિકોની દિશામાં ફરીથી ઘોડા દોડતા થઈ ગયા.

“માનું છું કે અહીંના નિર્જન પ્રદેશમાં આપણા ઉપર કોઈ જોખમ નથી.” માર્ટિનેઝ જોજઝ તરફ જોઈને બોલ્યો.

“મૅક્સિકન ખંજર સિવાય કંઈ જ નહીં.”

“એ વાત સાચી છે. આ ઊંચા પહાડોમાં રહેતી ઇન્ડિયન પ્રજા હજી પણ ખંજરોનો જ ઉપયોગ કરે છે.” માર્ટિનેઝ બોલ્યો.

સાથીદારે હસતાં હસતાં જવાબ આપ્યો, “હા, સાચી વાત છે તેમના આ માનીતા હથિયાર માટે તેઓ કેટલા બધાં શબ્દપ્રયોગ કરે છે, તેની તમને ખબર છે? — એસ્ટોક, વર્ડુગો, એન્ચીલો, બેલ્ડોક, નવાજા વગેરે વગેરે. જેટલી ઝડપથી ખંજર તેમના

હાથમાં આવે... આ બધાં જ નામો પણ તેમની જીભ પર એટલી જ ઝડપથી આવે છે. ઉપરવાળાની મહેરબાની છે કે આપણે નાની રાઇફલમાંથી આવતી અદૃશ્ય ગોળીઓનો સામનો કરવાનો વારો નથી આવ્યો. એક વાર એનાથી કોઈએ એક માણસને મારી નાખ્યો હતો, પરંતુ એ શિકારીને હું શોધી જ ન શક્યો. આનાથી વધારે ભયપ્રેરક બાબત મારા માટે કોઈ જ નથી.''

''પહાડોના આ ભાગોમાં રહેતા આ ઇન્ડિયન્સ ખરેખર છે કોણ?'' માર્ટિનેઝે પૂછ્યું.

''સાચી વાત કહું, લેફ્ટેનન્ટ! અહીં ઘણી બધી જાતિઓ વસે છે. મૅક્સિકોના આ સૌથી સમૃદ્ધ પ્રદેશમાં આ જાતિઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. આ બધી જાતિઓની ગણતરી કોણ કરી શકે? મેં બહુ જ ધ્યાનથી એવી વિવિધ જાતિઓ તેમ જ પ્રજાતિઓ સંબંધમાં અધ્યયન કર્યું છે... વિવિધ પ્રજાઓના સંમિશ્રણથી અનેક પ્રજાતિઓ અહીં પેદા થઈ છે. મેં એ બધાનો વિગત વાર અભ્યાસ કર્યો છે. મારા અભ્યાસનો હેતુ જોકે જુદો જ હતો. કોઈક દિવસ આ માહિતીના આધારે લાભદાયી લગ્ન કરવાનો મારો ઇરાદો છે. જુદીજુદી જાતિઓના લોકો અહીં સંબંધો બાંધે છે અને નવી જાતિઓ બની જાય છે. તેમના નામ અને રસપ્રદ ઇતિહાસ જાણવો છે? મેસ્ટીસા — સ્પેનિશ પુરુષ અને ઇન્ડિયન સ્ત્રીનાં બાળકો, કાસ્ટીસા — સ્પેનિશ પુરુષ અને કાસ્ટલિયન સ્ત્રીનાં વંશજો, મુલાટો — સ્પેનિશ સ્ત્રી અને નીગ્રોનાં બાળકો, મોનિસ્ક — મુલાટો સ્ત્રી અને સ્પેનિશનાં બાળકો, એલ્બીનો — મોનિસ્ક સ્ત્રી અને સ્પેનિશ પુરુષ, ટન્ટિનિકલેર — ટોર્નાટ્રાસ પુરુષ અને સ્પેનિશ સ્ત્રી, લોવો — ઇન્ડિયન સ્ત્રી અને નીગ્રો, કેરીબુજો — ઇન્ડિયન સ્ત્રી અને લોવો પુરુષના સંતાનો, બાર્સીનો — કોયોટો અને મુલાટો સ્ત્રીનાં સંતાનો, ગ્રીફો — નીગ્રો સ્ત્રી અને લોવો પુરુષ, અલ્બરાઝાડો — કોયોટે અને ઇન્ડિયન સ્ત્રીનાં બાળકો, ચાનેસા — મેટીસ સ્ત્રી અને ઇન્ડિયન પુરુષની સંતતિ, મેકીનો — લોવો અને કોયોટનાં સંતાનો!'' નામો અનેક છતાં પ્રજા એક, એ સૌ આ નવા જન્મેલા સ્વતંત્ર મૅક્સિકો દેશના નાગરિકો છે.

જોઝની વાત સાચી હતી. એ આ પ્રદેશમાં વસતા લોકો વિશે ઠીકઠીક માહિતી ધરાવતો હતો. અહીંની વિવિધ જાતિઓ અને તેની પેટા જાતિઓનો અભ્યાસ નૃવંશશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે ઘણી મુશ્કેલી ઊભી કરે એમ હતું. એનું આ જ્ઞાનવર્ધક સંભાષણ ચાલતું રહ્યું, પણ માર્ટિનેઝ ફરીથી એના પહેલાના જેવા અસ્વસ્થ મૂડમાં સરી ગયો. કોઈ વાર તો એ એના સાથીદારની આગળ નીકળી જતો. હવે તેની હાજરી અને એની વાતો એને કંટાળાજનક લાગી રહી હતી.

આગળ બે ઝરણાંઓ પસાર થતાં હતાં તેવા રસ્તા પાસેથી તેઓ પસાર થયા. એને જોઈને માર્ટિનેઝે ઘોડો રોક્યો, પરંતુ તેને હતાશા સાંપડી. બંને ઝરણાંઓ સુકાઈ ગયાં હતાં. બંને મુસાફરોએ અહીં શેતાના ઘોડાઓને પાણી પીવડાવી આરામ કરવાનું વિચાર્યું હતું.

''લેફ્ટેનન્ટ! અહીં આપણે તકલીફમાં આવી પડ્યા છીએ.નથી ખોરાક, નથી પાણી.'' જોઝ બોલ્યો, ''છતાં. કંઈ વાંધો નહીં, મારી સાથે ચાલો. આ પહાડો અને એની

ભેખડોમાં આપણે એક ઝાડને શોધી કાઢીશું. અહુહ્યુલ્ટ નામનું આ ઝાડ ધર્મશાળાઓની આગળના ભાગને સુશોભિત કરવા માટે સામાન્ય રીતે એના આંગણામાં જ ઉગાડવામાં આવે છે. એના થડની બખોલમાં થોડું પાણી મળી આવતું હોય છે. એક-બે માણસની તરસ મિટાવી શકે એટલું પાણી તો તેમાં હોય જ છે. એની મજા આપણે માણી શકીશું. આ માંત્ર પાણી નથી, વેરાન પ્રદેશમાં મળતા દ્રાક્ષના દારૂ જેટલું જ એ આહ્લાદક હોય છે.''

તપાસ કરી ઘોડેસવારે એ ઝાડ શોધી તો કાઢ્યું, પરંતુ તેમાંના જે મધુર જળની આશા હતી તે ખાલી હતું અને તેમને ખ્યાલ આવી ગયો કે થોડા સમય પહેલાં જ આ સ્થળની મુલાકાત કોઈએ લીધી હશે.

''આ અપૂર્વ ઘટના છે.'' જોઝે કહ્યું.

''હા જી, ખરેખર અભૂતપૂર્વ ઘટના લાગે છે.'' માર્ટિનેઝના શરીરમાં ભયનું લખલખું પસાર થઈ ગયું. ડરથી એ ફિક્કો પડી ગયો. તેણે કહ્યું, ''ચાલો, આપણે આગળ વધીએ.''

આગળનો માર્ગ પણ એટલો જ કઠીન હતો. ખડકાળ હતો અને સામે ઊંચાં શિખરો હતાં. જ્વાળામુખીના કાળા પથ્થરોમાંથી બનેલાં એ શિખરો પેસિફિક મહાસાગરના પવનો સાથે ઘસડાઈ આવતાં વાદળોને રોકતાં હતાં. આભને આંબતા એ શિખરો તેથી વધુ ભયાનક દેખાતાં હતાં. તેના પર કોચીકાલ્હોનો કિલ્લો હતો. સમુદ્રથી ૧૯,૦૦૦ ફૂટ ઊંચાઈ પર બંધાયેલો આ કિલ્લો જૂના સમયમાં મૅક્સિકનોએ બાંધ્યો હતો. બંને મુસાફરોએ ડુંગરોની એ હારમાળાની તળેટીનો રસ્તો લીધો. એ ખડકો અસ્થિર જણાતા હતા. ગમે ત્યારે નીચે ધસી આવે એવો ભય હતો અને પુરાણા કિલ્લાના ખંડેરોમાંના આ પથ્થરો ચારે તરફ વેરાયેલા હતા.

સાંજ પડી. બંને મુસાફરો ત્યાંથી શરૂ થતી ડુંગરમાળાની તળેટીમાં પહોંચી ગયા. સામે થોડા જ દૂરના અંતરે આવેલા એ ડુંગરની પેલે પારના માર્ગનો અંદાજ મેળવવાની જરૂર હતી. ઢોળાવની શરૂઆત થતી હતી. માર્ટિનેઝ અને જોઝ ઘોડા પરથી નીચે ઊતર્યા. એક ખડકની ઓથે ઝાડ સાથે ઘોડાને બાંધી દીધા.આગળના માર્ગની ખાતરી કરવા તેઓ પગપાળા જ એ દુર્ગમ પહાડ પર ચઢવા લાગ્યા.

રાત પડી ગઈ. અંધારામાં આસપાસની બધી વસ્તુઓ ધૂંધળી બની ગઈ. પહાડો હવે જુદા જ રૂપમાં દેખાઈ રહ્યા. સામે દેખાતો પુરાણો કિલ્લો સ્થિર માથું કરીને નીચે બેઠેલી એક કદાવર જંગલી ભેંસ જેવો લાગી રહ્યો. માર્ટિનેઝે એ આકાર તરફ જોયું કે તરત જ એની વિચિત્ર કલ્પના જાગી ઊઠી. એને લાગ્યું કે એ કદાવર જાનવરનું શરીર હલી રહ્યું હતું, છતાં એ મૂંગો જ રહ્યો. એને ડર હતો કે એ કંઈ પણ બોલશે તો આ અપ્રામાણિક અને હવે માથાભારે બની ગયેલા જોઝને ફરીથી એની હાંસી ઉડાડવાની તક મળી જશે. એની આગળ ચાલતો જોઝ ઝડપથી પહાડીના ગોળાકાર ભાગ તરફ આગળ વધ્યો અને પાછળના ભાગે પળભરમાં અદૃશ્ય થયો. આ ભેંકાર સ્થળમાં એકલા પડી ગયેલા માર્ટિનેઝે એના સાથીદારને બૂમ પાડી. સામેથી જવાબ ન

મળતાં એનો ગભરાટ વધ્યો. એ જોરથી ભગવાનનું નામ લઈ રહ્યો — સંત લાગોસ અને સંત મેરીસ!!

એ જ વખતે અચાનક એક મોટું નિશાચર પક્ષી ચીસ પાડતું હોય તેમ અવાજ કરતું, એની પાંખો ફેલાવી પહાડ પરથી ઊડયું.

માર્ટિનેઝ સ્થિર થઈ ગયો. લગભગ ૩૦ ફૂટ દૂર એક ગોળાકાર, મહાકાય પથ્થર એને ડગમગતો દેખાયો. ડુંગરના પેટાળમાં થઈ રહેલી કોઈ અદીઠ હલચલને કારણે એનું નાજુક સમતોલન ડગી ગયું. ધડાકા સાથે ત્યાંથી છૂટો પડીને બંદૂકની ગોળીની જેમ ઢોળાવ ઉપરથી નીચે ગબડવા લાગ્યો. એના માર્ગમાં આવેલ ઝાડી-ઝાંખરાં બધું જ નષ્ટ થતું ગયું. મોટા અવાજ સાથે નીચે ગબડતો એ પથ્થર માર્ટીનેઝની બાજુમાં થઈને, રસ્તામાં જે પણ કંઈ આવ્યું હોય તે બધી જ વસ્તુઓને તહસનહસ કરતો ઢોળાવ નીચેની ખીણમાં અદૃશ્ય બન્યો. ભયગ્રસ્ત બનેલો માર્ટિનેઝ ચીસ પાડી ઊઠ્યો. એ જ વખતે સામે આવી ગયેલા જોઝને પણ સ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવ્યો.

“હે ભગવાન, લેફ્ટેનન્ટને શું થયું?”

“જોઝ!”

“કેવું ભયંકર ભૂસ્ખલન! આપણા પર જ એ ખડક પડ્યો હોત તો!” ખલાસી બોલી ઊઠયો. કંઈ પણ બોલ્યા વગર માર્ટિનેઝ એને અનુસર્યો. ફરી પાછા બંને નીચેની સપાટ ભૂમિ તરફ વળ્યા. નીચે આવતાંની સાથે જ બોલ્યો, “અરે! આપણા બંનેના ઘોડાઓ ક્યાં છે? ક્યાં અદૃશ્ય થઈ ગયા? — ખડક નીચે કચડાઈ ગયા લાગે છે!”

“ખરેખર એમ જ થયું છે!” માર્ટિનેઝે કહ્યું.

“અહી જુઓ, જે ઝાડ સાથે આપણે એમને બાંધ્યા હતા, તે ઝાડ પણ તેમની સાથે નીચે પડી ગયું છે.”

“આપણે જો એની નીચે બેઠા હોત તો!” ફિલસૂફની અદાથી જોઝે આ વાતની નોંધ લઈ. બેપરવાઈ દર્શાવવા પોતાના ખભા ઉલાળ્યા, પરંતુ ભયની લાગણીએ માર્ટિનેઝના મનનો કબજો લીધો હતો, “પહેલા સાપ પછી ઝરણું, હવે આ ભૂસ્ખલન!” એ બબડવા લાગ્યો. એણે પોતાની થાકેલી આંખો સાથીદાર પર ઠેરવી. ગુસ્સાથી એના હોઠ કાંપી રહ્યા. તે બોલ્યો “તું મારી સાથે કૅપ્ટન ઓર્ટેવાની વાત કેમ નથી કરતો?”

જોઝ નજીક આવ્યો, “લેફ્ટેનન્ટ, આમ બેવકૂફની જેમ વાતો ના કરશો. ચાલો, નજર સામેની સ્થિતિની ચિંતા કરો. કમોતે મરેલા આપણા ઘોડાની અંતિમ ક્રિયા કરવી પડશે. આ ધરતી અને પહાડો જ્યારે દરૂજતા હોય ત્યારે અહી ઊભા રહેવું ઠીક નથી.”

બંને સ્પેનિશ મુસાફરો બોલ્યા વગર આગળ વધ્યા તેઓ કુર્નાવકા શહેરમાં પહોંચ્યા ત્યારે અડધી રાત થઈ ગઈ હતી. એ સમયે ત્યાં ઘોડા મળવા મુશ્કેલ હતા. તેઓ પગપાળા જ પોપુકાતુપેટુલની ઊંચાઈઓ પર આગળ વધ્યા.

વાતાવરણ ઠંડું હતું. ખડકાળ અને નિર્જન પ્રદેશમાં એ ઊંચાઈઓ ક્યાંય લીલોતરી દેખાતી ન હતી. જયાં પહોંચી પણ ન શકાય એવી આ ઊંચાઈઓ ઠંડા પ્રદેશ તરીકે જ ઓળખાતી હતી. ડુંગરાઓની ડરામણી ઊંચાઈ વચ્ચેની બારીમાંથી દૂર દૂર ધુમ્મસઘેર્યાં શિખરો દેખાતાં હતાં. ગ્રેનાઇટના સખત લાલ પથ્થરોથી બનેલા આ ખડકાળ પ્રદેશમાં વનરાજી જ ન હોય તો ફૂલોનો તો વિચાર પણ કેમ કરી શકાય? અહી વસંતના પુનિત પગલાં પડતાં જ નથી.

લગભગ ૬ કલાકની એકધારી પદયાત્રાની બંને પર અસર વર્તાવા લાગી. પોતાની જાતને આગળ ઢસડવામાં ખૂબ જ મુશ્કેલી પડવા લાગી. ખડકાળ તેમ જ ઊબડખાબડ રસ્તાઓ પર તેઓ માંડમાંડ ચાલી શકતા હતા. ખરબચડા ખડકોનો ટેકો મેળવી ચાલવામાં તેમના હાથ છોલાઈ ગયા અને રસ્તામાં પડેલા ધારદાર પથ્થરોથી તેમના પગમાં છાલાં પડી ગયાં. થાકીહારીને તેઓએ છેવટે એક જગ્યાએ બેસી જવું પડયું. જોઝ કંઈક ખાવાનું શોધવાની તજવીજ કરવા લાગ્યો. એ ગણગણ્યો, ''સીધા રસ્તાને બદલે આ રસ્તો લેવાનો વિચાર જ કેવો શાપિત હતો!''

બંનેને આશા હતી કે તેઓ નજીકના ગામ આર્કોપિસ્ટલ પહોંચી શકે તો બાકીની યાત્રા પૂરી કરવા તેમને કંઈક સાધન મળી જાય. ગામ પહાડોની વચ્ચોવચ વસેલું હતું. કોને ખબર આ ગામમાં પણ તેમને કુર્નાવકા જેવો જ અનુભવ થાય અને એમને રહેવાની જગ્યા કે બીજી કોઈ સગવડ ન પણ મળે! જે હોય તે, પણ તેમણે ત્યાં તો પહોંચવું જ રહ્યું.

બંને આગળ વધ્યા, હવામાન હવે ગરમ બનવા માંડ્યું. રસ્તો સૂકોભઠ અને ગરમ હતો. પહાડોની બધી જ બાજુએ તેના ડરામણા ઢોળાવો દેખાતા હતા. કાચા ખડકો મુસાફરોના માથા પર ગમે તે ઘડીએ ધસી પડવા તૈયાર જણાતા હતા. મુખ્ય રસ્તો પકડવા માટે ૫૪૦૦ ફૂટની ઊંચાઈ ધરાવતા આ પહાડી રસ્તા પરથી પસાર થવું જરૂરી હતું. આ પહાડોની વચ્ચે જ એક જ્વાળામુખી પર્વત હતો. ઇન્ડિયનો એને ધુમાડિયા પહાડ તરીકે ઓળખાવતા આવેલા. થોડા સમય પહેલાં જ એ ફાટયો હતો. એની નિશાનીઓ ચોમેર વેરાયેલી હતી. બધી જ બાજુ ઊંડી અંધારી ખીણો બગાસાં ખાતી હોય એવી દેખાતી હતી. જોઝ જ્યારે છેલ્લી વખત આ તરફ આવ્યો હતો ત્યાર બાદ પહાડોમાં બનેલી ઘટનાઓને કારણે આ એકાંતભર્યા રસ્તાઓનો દેખાવ બદલાઈ ગયો હતો. પરિચિત એવો આ રસ્તો ઓળખવામાં પણ એને તકલીફ પડવા લાગી હતી. એને લાગતું હતું કે એ ખડકોની વચ્ચે એ સંપૂર્ણપણે ખોવાઈ ગયો છે. પહાડોની ભેખડોમાંથી વારંવાર આવતો ગડગડાટીનો અવાજ સાંભળવા તે ઊભો રહી જતો હતો.

''આનાથી વધારે હું આગળ વધી શકું તેમ નથી!'' અત્યંત થાકથી જમીન પર બેસી જતા જોઝ બોલ્યો.

''આગળ ચાલ!'' માર્ટિનેઝ અધિરાઈથી ગુસ્સામાં બરાડો પાડી ઊઠ્યો.

પોપુકાતુપેટુલ જ્વાળામુખીની ચિરાડોમાંથી ગડગડાટ સંભળાયો, ''હવે ભલે મને શેતાન લઈ લેતો, કારણ કે હવે હું મારી જાતને ખોવાયેલા આત્માઓની વચ્ચે જોઈ રહ્યો છું.'' જીવનની આશા છોડી દીધી હોય તે રીતે ઊંડો નિશ્વાસ મૂકીને જોઝ બોલ્યો.

‘‘ઊઠ અને આગળ વધ!’’ માર્ટિનેઝ ગુસ્સાથી બોલ્યો.

એણે જોઝને જબરજસ્તીથી ઉઠાડયો, એને આગળ ધકેલવો પડ્યો, ‘‘રસ્તા અંગેની માહિતી પૂછી શકાય તેવો કોઈ માણસ અહી જણાતો નથી!’’ જોઝ ગણગણ્યો.

‘‘વાંધો નહી, પરંતુ તારે આગળ ચાલવાનું જ છે...’’ ગમે તેવી પરિસ્થિતિમાં પણ મદદનીશને આગળ વધવા ફરજ પાડતા માર્ટિનેઝ બોલ્યો.

‘‘તો પછી તમને ખબર નથી લાગતી કે દર વર્ષે મૅક્સિકોમાં હજારો ખૂન થાય છે. તેમાંયે આપણી આસપાસના વિસ્તારમાં કેટલાં, તેની તો ગણતરી પણ થઈ શકે તેમ નથી.’’ જોઝ બોલ્યો.

‘‘હશે, આપણે શું?’’ અહીની ભયજનક પરિસ્થિતિ અંગે સાવ નિસ્પૃહ હોય તેવી બેફિકરાઈથી માર્ટિનેઝે જવાબ આપ્યો.

તેમની આસપાસના ખડકો પર એ જ વખતે વરસાદના ફોરાં પડવા લાગ્યા. સાંજના સમયના છેલ્લા પ્રકાશમાં પાણીના એ ટીપાંઓ ચમકી રહ્યાં.

‘‘દૂરથી આપણે જે સ્થળોને સ્પષ્ટ રીતે જોઈ શકતા હતા તે હવે ક્યાં છે?’’ માર્ટિનેઝે પૂછ્યું.

‘‘મૅક્સિકો આપણી ડાબી તરફ છે, પુબ્લા જમણી તરફ.’’ જોઝે જવાબ આપ્યો, ‘‘આપણે કંઈ જોઈ શકીશું તો પણ તેમની વચ્ચે ભેદ પાડી શકીશું નહી.’’

અંધારું વધુ ગાઢ અને ડરામણું બની રહ્યું, ‘‘આપણી આગળ આઇસેટાચીહુલ્ટના પહાડોની હારમાળા હોવી જોઈએ. એની સાંકડી અને ઊંડી ખાઈઓ તરફ સારો રસ્તો છે, પણ જો આપણે ત્યાં સુધી પહોંચી શકીએ તો!’’ ગાઇડ તરીકે કામ કરતો જોઝ પણ હવે લવારે ચડી ગયો હોય તેમ લાગતું હતું.

‘‘આગળ વધ!’’ લેફ્ટેનન્ટ બરાડી ઊઠ્યો.

પહાડોમાં હવે વારંવાર પ્રચંડ મેઘગર્જનાઓ સંભળાતી હતી. પવન અને વરસાદના સૂસવાટાનો અવાજ વધતો ગયો. જોઝ પ્રત્યેક પગલે શાપ આપી રહ્યો. માર્ટિનેઝ પણ ફિક્કો પડી ગયો હતો. એ એના સાથીદાર સામે શંકાશીલ નજરે જોઈ રહ્યો. એના ગુનાઓનો એ સાથીદાર હતો, પરંતુ હવે તેનાથી છુટકારો મેળવવા ઇચ્છતો હતો.

અચાનક જ અંધારાને ચીરતો વીજનો એક ચમકારો થયો. બંને જોઈ શકયા કે તેઓ ખાઈના કિનારા પર જ ઊભા હતા. માર્ટિનેઝ ઝડપથી જોઝ નજીક ગયો, ગડગડાટ પૂરો થયા બાદ તે બોલ્યો, ‘‘જોઝ, મને ડર લાગે છે.’’

‘‘તમને આ તોફાનનો ડર લાગે છે?’’

‘‘મને આકાશમાં ચાલતા આ તોફાનનો ડર નથી. મારા મનમાં ચાલી રહેલું તોફાન મને ડરાવી રહ્યું છે.’’

“ઓહ! તમે હજી પણ ડૉન ઓર્ટેવા વિશે વિચારી રહ્યા છો? અરે! લેફ્ટેનન્ટ, તમે મને હસાવી રહ્યા છો.” જોઝે જવાબ આપ્યો, પરંતુ એ હસતો ન હતો. માર્ટિનેઝની થાકેલી આંખોએ એ વાત ધ્યાનમાં લીધી. એક ભયાનક અને ડરામણી મેઘગર્જના પહાડોને અને મુસાફરોને ફરીથી હલાવી ગઈ.

“મોં સંભાળીને બોલ!” માર્ટિનેઝ ગુસ્સાથી બોલ્યો. જોકે એ એના પોતાના કાબૂમાં લાગતો ન હતો.

“જો તમને કોઈ ડર હોય તો, લેફ્ટેનન્ટ! તમારા આંખ અને કાન બંધ કરી દો.” જોઝે જવાબ વાળ્યો.

માર્ટિનેઝ ગભરાટથી બોલી ઊઠ્યો, “મને એવું લાગ્યું કે મેં ડૉન ઓર્ટેવાને જોયો. ત્યાં એનું માથું કચડાયેલું હતું!”

બીજી જ ક્ષણે વીજળીના ચમકારામાં એક કાળો પડછાયો સામે જ દેખાયો. લેફ્ટેનન્ટ અને એના સાથીદારથી માત્ર ૨૦ ફૂટની દૂરી પર જ!

તે જ ઘડીએ જોઝે માર્ટિનેઝને પોતાની નજીકમાં જ સાવ સામે ઊભેલો જોયો. એનો ચહેરો ફિક્કો પડી ગયો હતો. આવેશ અને હતાશાને કારણે એનો રંગ બદલાઈ ગયો હતો. એના હાથમાં ખંજર હતું. એણે એના મન અને શરીર ઉપરનો કાબૂ ગુમાવી દીધો હતો.

“ત્યાં શું છે?” એણે બૂમ પાડી.

વીજળીનો એક વધુ ચમકારો જાણે તેમની આસપાસ વિંટળાઈ ગયો.

“શું! તું મને મારશે!” જોઝ બોલ્યો, પરંતુ બીજી જ પળે માર્ટિનેઝના હાથનું ખંજર જોઝની છાતીમાં ઊંડું ઊતરી ગયું. એ લાશ થઈને પડ્યો. પોતાના મગજ ઉપરનો કાબૂ ગુમાવી ચૂકેલો માર્ટિનેઝ તોફાની માહોલમાં પણ ત્યાંથી દૂર ભાગ્યો. જોઝના લોહીથી ખરડાયેલું ખંજર હજી પણ એના હાથમાં જ હતું.

થોડી મિનિટ પછી બે માણસો જોઝના મૃત શરીર પાસે ઊભા હતા. તેમાંનો એક બોલ્યો, “આ રહ્યો પેલા બેમાંનો એક!”

માર્ટિનેઝ અંધારા એકાંતમાં ગાંડા માણસની જેમ ભાગ્યો. આટલા ભારે વરસાદમાં એનું માથું ઉઘાડું હતું. તેનું પણ તેને ધ્યાન ન રહ્યું. લપસણા પથ્થરો પર પડતો આખડતો એ ચીસ પાડી ઊઠયો, “મારી નાખો! મારી નાખો!”

અચાનક એને એના પગ નીચે પહાડોના ઊંડાણમાં ઘોઘરો અવાજ સંભળાયો. એ અટકયો. એને ખ્યાલ આવી ગયો કે પાણીના જોરદાર વહેણનો એ અવાજ હતો. એ લગભગ ૫૦૦ ફૂટ નીચે વહેતી નાનકડી લેકટોલુકા નદીમાંના નાના જળધોધનો અવાજ હતો. થોડી દૂરી પર, નદીની ઉપર, રસ્સીઓનો બનેલો પુલ હતો. આ પુલ બંને બાજુએ પથ્થરોમાં બેસાડેલા વજનદાર લાકડાના ટુકડાથી સુરક્ષિત કરાયો હતો. તે હવામાં ઝૂલી રહ્યો હતો. અવકાશમાં ઝૂલતા પાતળા દોરાની જેમ. રસ્સીઓને પકડતો પકડતો માર્ટિનેઝ પુલ પર આગળ વધ્યો. ઘણી જહેમત બાદ એ સામેના કિનારે પહોંચ્યો.

ત્યાં એક પડછાયો તેની સામે ઊભો થયો.

કંઈ પણ બોલ્યા વગર માર્ટિનેઝ જે કિનારો એણે છોડ્યો હતો, તે તરફ જ ભયભીત બનીને પાછો વળ્યો.

ત્યાં બીજો માણસ દેખાયો.

માર્ટિનેઝ નિરાશામાં બંને હાથ જોડીને, પુલના મધ્યભાગમાં ઘૂંટણિયે પડી ગયો.

"માર્ટિનેઝ હું પાબ્લો!" એક અવાજ આવ્યો.

"માર્ટિનેઝ હું જાકોપો!" બીજો અવાજ બોલ્યો.

"તું દેશદ્રોહી છે, તારે મરવું જ રહ્યું!"

"તું ખૂની છે, તારે મરવું જ પડશે!"

બે જોરદાર ફટકાઓનો અવાજ આવ્યો. આ પુલને સુરક્ષિત રાખતા લાકડાના ટેકાઓ પર કુહાડીના ઘા થયા અને પુલ પડી ગયો. એક ભયાનક ચીસ હવામાં સંભળાઈ, પુલની સાથે માર્ટિનેઝ ઊંડી ખાઈમાં પડ્યો અને અંધારામાં અદૃશ્ય થઈ ગયો.

થોડી ઊંચાઈ પર રૉયલ નૌસેનાના સબલેફ્ટેનન્ટ કરતાં પણ નીચેનો હોદ્દો ધરાવતા પાબ્લો અને જહાજની સાધનસામગ્રી પર ધ્યાન રાખનાર જાકોપો મુશ્કેલીથી નદીના છીછરા પાણીને ઓળંગીને એકમેકની નજીક આવ્યા.

"મેં ડૉન ઓર્ટેવાના મૃત્યુનો બદલો લીધો!" જાકોપો બોલ્યો. પાબ્લોએ જવાબ વાળ્યો, "અને મેં આપણા દેશ પ્રત્યેની ગદ્દારીનો બદલો લીધો!"

બંને જહાજો અને તેની ઉપરના નાવિકોનું શું થયું? તેઓ સૌ મૅક્સિકન નૌકાદળના ભાગ બની ગયા.

મૅક્સિકન નૌસેના મૂળભૂત આ રીતે બની હતી. બે સ્પેનિશ જહાજો, એમને દેશદ્રોહી નાવિકો પાસેથી મળ્યાં હતાં. આ બંને જહાજો પર નવી રિપબ્લિક સરકારે કબજો કરી લીધો. જે તેમના નાનકડા નૌકાદળનાં મુખ્ય જહાજો બન્યાં. નવોદિત રાષ્ટ્ર મેક્સિકોના આ નૌકાદળે ત્યાર બાદ અમેરિકાના ટેક્સાસ અને કૅલિફોર્નિયા માટે લડાઈ તો કરી, પણ તેઓ અમેરિકાના શક્તિશાળી નૌકાદળને હરાવી શકે તેવી કોઈ ગુંજાઈશ ન હતી. બળવાખોરોને તેમનાં કર્મોની સજા મળી ગઈ.

લોભને દેખાય છે ધનમાં જ શકિત અને સુખ

પણ બદલાય છે સમીકરણો મૃત્યુસન્મુખ

છોડવી પડે છે ધનની આંગળી

જ્યારે અનંતની સફરે નીકળે છે માનવી.

(૭)

ડૉ. ટ્રિફલગસ — એક અજીબોગરીબ વાર્તા

(૧)

સૂ...સૂ...સૂ...! અરે! શેનો છે આ અવાજ? ઓહ! આ તો જોરદાર પવનના સૂસવાટા લાગે છે. ભલે, આવવા દો.

ટીપ...ટીપ...ટીપ...! વરસાદનો અવાજ લાગે છે. એ પણ આજે તો બહુ જોરથી વરસી રહ્યો છે.

વરસાદ અને પવનનું ભયંકર તોફાન જણાય છે. એની અસર ચારે તરફ વર્તાઈ રહી છે. વોલ્સિનિયન કિનારાનાં વૃક્ષો નીચાં વળી ગયાં છે. થોડાં તો ધરાશાયી થઈ ગયાં છે. તોફાન ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. લાંબા સમુદ્રકિનારાઓને સમાંતરે રહેલા ક્રીમાના ઊંચા પહાડો તરફ એ તોફાન ફંગોળાઈ રહ્યું છે. મેગાલોક્રીડાના વિશાળ સમુદ્ર પરથી ઊઠતાં વાદળોથી આચ્છાદીત આ પર્વતીયમાળા હંમેશાં ઢંકાયેલી જ રહે છે.

સૂ...સૂ...સૂ...

ટીપ...ટીપ...ટીપ...

નીચે બંદરની નજીક લપાઈને બેઠું છે — લુકટ્રોપ નામનું એક નાનકડું નગર. એને નગર કહીશું કે કસબો? કસબો જ કહીશું, એમાં લગભગ ૧૦૦ જેટલાં જ ઘરો હશે. પ્રત્યેક ઘરની આસપાસ લીલા રંગની આડશ છે, જે આ તોફાની પવનો સામે નગરનાં ઘરોની રક્ષા કરે છે. માત્ર ચાર કે પાંચ પર્વતીય શેરીઓ — ના, ના, શેરીઓ નહી, સાંકડી ગલીઓ જ કહી શકાય. નાના-નાના પથરાઓ અને રાખના છંટકાવથી બનેલા ગલીઓના એ સાંકડા રસ્તાઓ. આ રાખ ક્યાંથી આવી? ગલીઓના પાછળના ભાગે જાગૃત જ્વાળામુખી છે ને! ત્યાંથી જ તો વળી! એ જ્વાળામુખી ખાસ દૂર નથી. વાઉગલરના નામે ઓળખાતો આ જ્વાળામુખી અવારનવાર ગંધકવાળી વરાળ છોડતો રહે છે, એની રાખ આખા કસ્બા પર ફેલાતી રહે છે. રાત્રે થોડાથોડા સમયે ધરતીના પેટાળમાંથી ડ્રેગનની જેમ આગ ઉલેચી પોતાની હાજરી દર્શાવતો રહે છે. એના ઝગારા દરિયામાં દૂર સુધી દેખાતા હોય છે, જાણે કે ૧૫૦ ક્વોર્ટ્ઝના દીવાથી ઝગારા મારતી

દીવાદાંડી! સમુદ્રકિનારાના રહેવાસીઓ — ફેલઝાન્સ, વર્લીચીસ, બેલેન્ઝીઝ વગેરેને આ વાઉગલર જ્વાળામુખી એના ઝગમગતા પ્રકાશમાં લુકટ્રોપનું બંદર દર્શાવે છે. વહાણોને આકર્ષિત કરતો રહે છે. આ બંદરનાં પાણીમાં એમનાં વહાણોના નીચેના લાકડાવાળા ભાગના ચાસ પડતા જ રહે છે. પ્રવાસીઓથી આ શહેર જીવંત હોવાનો અહેસાસ થાય છે.

એક તરફ અહર્નિશ ગર્જના કરતો રત્નાકર અને એને સમાંતર પર્વતમાળા છે, તો શહેરની બીજી તરફ સતત આગ ઓકતો જ્વાળામુખી, ત્રીજી તરફ ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવતા કરીમેરિયન સમયના કિલ્લાના ખંડેરો. ત્યાર બાદ એક પરા જેવો રહેણાક વિસ્તાર છે. જે આરબોની વસતી જેવી જ દેખાય છે. આ કસ્બાનાં બધાં ઘરોની બાંધણી ખાસ પ્રકારની છે — સફેદ દીવાલો છે, ગોળાકાર વળાંકવાળાં છાપરાંઓ છે અને સૂર્યના તાપથી સતત ગરમ રહેતી અગાસીઓ છે. આ આખી વસ્તીનાં ઘરો, છૂટાછવાયા ફેંકાયેલા ચોરસ પથ્થરોની ગોઠવણીથી વિશેષ કંઈ જ નથી. છ ખુલ્લી બાજુવાળા મકાન કહી શકાય એવાં આ ઘરો પર સમયની કોઈ અસર દેખાતી નથી અને સમયનું ધોવાણ એને નષ્ટ કરી શકે એમ નથી. એ ઘરોની સંખ્યા ક્યારેય ઓછી થવાની નથી. આ સિવાય અન્ય અલગ પ્રકારના બાંધકામ પણ જોઈ શકાય છે, જે છ-ચારના નામે ઓળખાય છે. આ છ-ચારના માળખાં કુતૂહલ જન્માવે એવાં છે. એના બાંધકામની વિશિષ્ટતાના કારણે જ એ આવા વિચિત્ર નામે ઓળખાય છે. આ ઘરોની એક તરફ છ અને બીજી તરફ ચાર દીવાલો છે, ટૂંકમાં કહીએ તો ધનવાનોના એ વિશાળ અને વૈભવી વિલાઓ છે.

શહેરની મધ્યમાં એક ઊંચું ટાવર છે — ઘંટડી ટાવર! નાની મોટી અસંખ્ય ઘંટડીઓનું ચોરસ આકારનું એ સંત ફિલફીલેનાનું ટાવર છે. એની જાડી મજબૂત દીવાલોમાં અનેક ઘંટડીઓ લટકાવેલી જોઈ શકાય છે. સામાન્ય સંજોગોમાં આ ઘંટડીઓ શાંત હોય છે, પરંતુ ક્યારેક આજના જેવાં હવાનાં તોફાનો એમને હવા દેતાં હોય છે ત્યારે એનો રણકાર સાંભળી શકાય છે. જોકે અહીંના રહેવાસીઓ આ ઘટનાને અશુભ ગણે છે. જ્યારે પણ લોકો એ રણકાર સાંભળે છે ત્યારે ડરના માર્યા ગભરાઈ જાય છે. આ માન્યતા માત્ર અંધશ્રદ્ધા છે કે ખરેખર કંઈક અશુભ ઘટનાની આગોતરી જાણકારી? એ તો અહીંના રહેવાસીઓને જ ખબર!

તો આવું છે આ શહેર — લુકટ્રોપ. તેની આસપાસના વિસ્તારની ઉજ્જડ — બંજર જમીનમાં છૂટીછવાઈ વસ્તી છે, બ્રિટાનીની જેમ જ. પરંતુ આ બ્રિટાની નથી તો શું છે? આ ફ્રાન્સ છે? મને શી ખબર? તો પછી શું આ યુરોપ છે? એ હું ખાતરીપૂર્વક કહી શકું તેમ નથી. જે હોય તે, તમને સૌને તો મારી નમ્ર વિનંતી છે કે લુકટ્રોપને નકશામાં શોધવાની જહેમત ઉઠાવશો નહી, એ રીતે તો એ નહી જ મળે.

(૨)

ટક-ટક! છ-ચારના સાંકડા દરવાજા પર ટકોરા પડ્યા. રુ મેસગ્લીરના ડાબે ખૂણે આવેલા આ શાનદાર અને વિશિષ્ટ મકાનની તો વાત જ જુદી છે. લુકટ્રોપના સૌથી વધારે સગવડભર્યાં ઘરોમાં એની ગણતરી કરી શકાય, સૌથી અમીર ઘરોમાંનું

એક. ધન ભેગું કરવાના સાચા-ખોટા, બધા જ રસ્તાઓ અપનાવી એકત્ર કરેલ ધનથી જો માણસ અમીર કહેવાતો હોય તો, હા સૌથી સમૃદ્ધ ઘરમાં એની ગણના થઈ શકે ખરી!

આ ટક-ટકના જવાબમાં ઘૃણા, તિરસ્કાર અને જંગલિયત ભરેલો અવાજ સંભળાયો. એક પળ માટે તો એવું લાગ્યું કે જાણે કોઈ વરુના ઘુરકવાનો અવાજ! છ-ચારના દરવાજાની ઉપરની બારી ખૂલી, એક વિવેકહીન અને અમાનવીય અવાજ સંભળાયો, “અહી મને હેરાનપરેશાન કરવા આવનાર વ્યક્તિ જહન્નમમાં જાય!”

બહાર એક યુવાન છોકરી ઊભી રહેલી દેખાઈ. ઠંડીથી રક્ષણ મેળવવા તેણે એક પાતળો કોટ પહેર્યો તો હતો, પણ એનાથી કેટલું રક્ષણ મળી શકે? એના દેખાવ પરથી એની ગરીબી ઝલકી રહી છે. વરસાદને કારણે ઠંડીમાં દરૂજતાં દરૂજતાં તેણે પૂછ્યું, “ડૉ. ત્રિફલગસ ઘેર છે?”

જવાબમાં એ જ તિરસ્કારયુક્ત અવાજ, “એ ઘરે છે પણ, અને નથી પણ, એમનું અહી હોવું ન હોવું એ સંજોગો પર આધાર રાખે છે.”

“મારા પિતાની તબિયત ખરાબ છે, તેઓ ગંભીર રીતે બીમાર છે. હું ડૉક્ટરને બોલાવવા આવી છું.” એ છોકરીના અવાજમાં આજીજી ભળી.

“તેઓ ક્યાં રહે છે?”

“વાલ કાર્નીઓન ખાતે, અહીથી ચાર કેર્ટઝ દૂર.”

“અને એનું નામ શું છે?”

“વૉર્ટ કાર્ટિફ.”

“વૉર્ટ કાર્ટિફ? મચ્છીમાર વૉટ કાર્ટિફ? ઓળખ્યો એને, મીઠામાં માછલીઓ પકવનાર પેલો માછીમાર! ખરું ને?”

“હા, અને જો ડૉ. ત્રિફલગલા..”

“ડૉ. ત્રિફલગસ ઘેર નથી.”

...અને ધડામ અવાજ સાથે બારી બંધ થઈ ગઈ. સુસવાટા મારતી હવા અને ટીપટીપ કરતો વરસાદ તથા જ્વાળામુખીમાંથી આવતા અને માણસને બહેરા કરી દે તેવા અવાજમાં એ છોકરીનો અવાજ ડૂબી ગયો.

(૩)

સાવ વિચિત્ર વ્યક્તિ છે, આ ડૉ. ત્રિફલગસ... એના જીવનના શબ્દકોશમાં સહાનુભૂતિ નામનો શબ્દ જ નથી. માનવીય લાગણીઓથી પર એવા આ ડૉક્ટર કોઈ પણ બીમારને જોવા જતાં પહેલાં તે વ્યક્તિ આગળથી કેટલી રકમ ચૂકવી શકે એમ છે એની ગણતરી કરી લે છે. એની ગણતરીનો નિયમ સીધોસટ છે. નગદ નારાયણ મળે તો બીમારને જોવા જવું, નહી તો ના પાડી દેવાની. ટૂંકમાં એ ફક્ત અમીરોના ડૉક્ટર છે

એમ કહી શકાય. પેલો હર્ઝોવ — એનો ઘરડો શ્વાન, બુલડોગ અને સ્પેનિયલ બંને જાતિઓના મિશ્રણરૂપ કહી શકાય એવો કૂતરો — કદાચ એના માલિક કરતાં પણ વધારે માનવીય લાગણીઓ ધરાવતો હશે. એનું બધી સગવડોવાળું શાનદાર ઘર — છ-ચાર એના ઘરના દરવાજા તો ભાઈ, ફક્ત અમીરો માટે જ ખૂલવા ટેવાયેલા હતા. એમાં કોઈ ગરીબનો પ્રવેશ અશક્ય જ હતો. એમની દાક્તરી વિદ્યા એક દુકાન સમાન હતી. જ્યાં પ્રત્યેક બીમારીના ચોક્કસ ભાવ હતા, — ટાઇફોઇડ માટે આટલા ફીટ માટે આટલા, હૃદયની તકલીફ માટે જુદો ભાવ અને આ ઉપરાંત ડૉક્ટરો દ્વારા શોધાતી ડઝનબંધી અન્ય બીમારીઓ અને તકલીફો માટે અલગ અલગ ભાવો. જે દર્દી નક્કી થયેલ ભાવ આપે એને સારવાર મળે, બાકીના જીવે કે મરે એમાં ડૉક્ટરને શી લેવાદેવા!!

બિચારો વૉર્ટ કાર્ટિફ, એ માછલીઓને મીઠામાં પકવનાર માછીમાર, અત્યંત ગરીબ અને નીચેના સ્તરનો માણસ! ગરીબ અને રોકડા નાણાં ન ચૂકવી શકે એવા માણસ માટે ડૉ. ટ્રિફલગસ શા માટે તકલીફ લે? અને તે પણ આવી તોફાની રાત્રે?

“આટલી રાત્રે ઊઠીને આને જોવા જવું પડે એ સિવાય મારા માટે બીજું કંઈ જ કામ નથી?” પાછા પથારીમાં જતાં જતાં એ બોલ્યો, “માત્ર ૧૦ ફ્રેઝર્સ, જેટલી કિંમત હશે એની અને આવ્યો છે ડૉ. ટ્રિફલગસને બોલાવવા!”

માંડ ૨૦ મિનિટ પસાર થઈ હશે કે છ-ચારના આ દરવાજા પર ફરીથી ટકોરા પડ્યા. ઊઠવાની બિલકુલ ઇચ્છા ન હતી, પણ ડૉક્ટરે પોતાની પથારી છોડી અને અકળામણ સાથે બારીની બહાર ડોકિયું કર્યું.

“કોણ છે ત્યાં?” એણે અતિશય ગુસ્સાથી પૂછ્યું.

“હું છું, વૉર્ટ કાર્ટિફની પત્ની.” દીનતા ભરેલો અવાજ આવ્યો.

“વૉલ કાર્નિચનનો માછીમાર જ ને?” એનો ગુસ્સો વધી રહ્યો હતો.

“હા, અને જો તમે આવવાની ના પાડશો, તો એ મરી જશે.” અવાજમાં હવે કાકલૂદી ભળી.,

“તેમાં શું? તમે વિધવા બની જશો, એટલું જ ને?” નિષ્ઠુર અવાજ આવ્યો.

“ઊભા રહો, હું ૨૦ ફ્રેઝર્સ લાવી છું.” એ સ્ત્રીએ આખરી પ્રયાસ કર્યો.

“૨૦ ફ્રેઝર્સ? વૉલ કાર્નિચન જવા માટે? અહીંથી ચાર કેર્ટઝ દૂર! તમારો આભાર! જતા રહો અહીંથી! મને માફ કરો.” બારી પાછી ધડામ અવાજ સાથે બંધ થઈ ગઈ.

૨૦ ફ્રેઝર્સ! હા...હા...હા... ઘણી મોટી રકમ છે એને માટે તો! પણ ડૉક્ટર માટે એની શી કિંમત! ફક્ત ૨૦ ફ્રેઝર્સ માટે શરદી કે કમરના દુખાવાનું જોખમ કોણ લે? આવા તોફાની વાતાવરણમાં તો એ પોતે જ બીમાર ન થઈ જાય? ખાસ કરીને જ્યારે આવતી કાલે એણે કીલ્ટ્રેનો જવાનું હોય ત્યારે દુસ્સાહસ ન કરાય! ઍડઝીન્ગોવ જેવા અમીર માણસને જોવા જવું એને વધારે જરૂરી લાગ્યું. એને સાંધાની બીમારી છે અને

આ વિઝિટની કિંમત કેટલી? ૫૦ ફ્રેઝર્સ! બંનેની કોઈ તુલના શક્ય છે ખરી? આવતી કાલે આવનારી સમૃદ્‌ધિનાં સપનાં જોવા એણે પથારીમાં લંબાવ્યું.

સૂ...સૂ...સૂ... અને પછી ઠક-ઠક! ઠક-ઠક! તોફાનના અવાજની સાથે બારણું ઠોકવાનો અવાજ ભળ્યો. ત્રીજી વાર બારણે ટકોરા પડ્યા. આ વખતે ત્રણ વાર બારણું ખખડ્યું, વધારે મક્કમ હાથ દરવાજાને હલાવી રહ્યા, પણ ડૉ. તો ઊંઘી રહ્યા છે. એક ગરીબ બીમાર માટે એ જાગશે? તેઓ જાગ્યા તો ખરા, પણ હવે ગુસ્સા સાથે. કિંમત ચૂકવવાની પહોંચ વગરના માણસો આ રીતે વારંવાર એની ઊંઘ બગાડે એ એને જરા પણ પસંદ નથી. એમણે બારી ખોલી, ડૉક્ટરના મનોભાવોના પ્રતીક સમું તોફાન, બંદૂકની ગોળીની ઝડપે બારીમાંથી અંદર પ્રવેશ્યું.

‘‘હું પેલા બીમાર માછીમાર માટે આવી છું.’’

‘‘ઓહ! ફરી પાછો એ ઘૃણાસ્પદ માછીમાર! તું કોણ છે?’’

‘‘હું એની મા છું.’’ એક વૃદ્ધ સ્ત્રી દરવાજા પર દેખાઈ.

‘‘પહેલાં એની પુત્રી, પછી એની પત્ની અને હવે તું એની મા બનીને આવી છે. કૂવામાં પડો તમે બધાં પણ, એ માછીમાર સાથે!’’

‘‘એના પર શ્વાસનો હુમલો...’’ વૃદ્ધા કરગરી ઊઠી.

‘‘એને પોતાની જાતનો બચાવ કરવા દો.’’ નિષ્ઠુર ડૉક્ટર બોલ્યો.

‘‘મારી પાસે થોડાં નાણાં છે.’’ વૃદ્ધાએ બોલવાનું ચાલુ રાખ્યું, આ કદાચ આખરી પ્રયાસ છે, ‘‘રુક મેસાગ્લિયરના સેનાપતિ ડોટપને અમે ઘર વેચ્યું હતું તેના હપતા પેટે આવેલી આ રકમ છે. જો તમે નહીં આવો તો મારી દોહિત્રી અનાથ થઈ જશે. મારી વહુ વિધવા થઈ જશે અને હું પુત્ર ખોઈ બેસીશ.’’

એ વૃદ્ધાની સ્થિતિ દયનીય લાગતી હતી... કોઈ પણ સાધારણ વ્યક્તિ માટે એ વૃદ્ધાનો કરુણ અવાજ સાંભળવો કષ્ટદાયક હતો. બહાર ઊભેલી એ વૃદ્ધાની નસોમાં વહેતું એનું લોહી ઠંડા પવનોના કારણે ઠરી રહ્યું હતું. એના પાતળા શરીરમાં નહીવત માંસની નીચેનાં હાડકાંઓને વરસાદ પલાળી રહ્યો હતો. પરિસ્થિતિ વધુ કરુણ બની રહી હતી. આખા વાતાવરણમાં બધું જ ભયાનક લાગતું હતું.

‘‘એને ફિટ આવી છે ને? શ્વાસનો હુમલો આવ્યો છે ને? એનો ભાવ કેટલો, ખબર છે? ૨૦૦ ફ્રેઝર્સ.’’ લાગણીવિહીન ત્રિફલગસે જવાબ વાળ્યો.

‘‘અમારી પાસે તો ૧૨૦ ફ્રેઝર્સ જ છે.’’

‘‘શુભરાત્રી’’ અને બારી પાછી બંધ થઈ ગઈ. એ પાષાણહૃદય વ્યક્તિના ઘરની બારી ફરીથી જડવત્ બની રહી, પરંતુ પેલી વૃદ્ધા ત્યાં જ ઊભી રહી, જાણે કે એને વિશ્વાસ હોય કે ડૉક્ટર તેની સાથે આવશે જ. માણસાઈ ખાતર નહી તો પૈસા માટે પણ એ આવશે જ એવા આત્મવિશ્વાસથી.

બારણું બંધ કર્યા બાદ ડૉક્ટર ફરીથી પથારીમાં ન જઈ શક્યો. એણે થોડી વાર વિચાર્યું. ગણતરી કરતાં એને સોદો સસ્તો ન લાગ્યો. દોઢ કલાક આવવા-જવાનો અને અડધો કલાક બીમારને જોવાનો, બે કલાકના ૧૨૦ ફ્રેઝર્સ — એટલે કે એક મિનિટનો એક ફ્રેઝર્સ. આમ તો આ રકમ ઘણી ઓછી છે, તો પણ સંપૂર્ણપણે નાખી દેવા જેવી તો નથી જ.

પાછા પથારીમાં જવાને બદલે ડૉક્ટરે એમનો વેલ્વેટનો કોટ ચડાવ્યો અને વરસાદના જૂતાં પહેરી લીધાં. મોટા વરસાદી કોટમાં પોતાની જાતને છુપાવી દીધી. માથા પર ટોપી પહેરી અને હાથમાં મફલર લઈ બહાર નીકળ્યા. એમના પલંગની પાસેના ટેબલ પર ખુલ્લી પડેલી ઔષધશાસ્ત્રની ચોપડી તરફ એમનું ધ્યાન ગયું. ૧૯૭મું પાનું ખુલ્લું હતું. એ પુસ્તકની નજીક સળગતો લૅમ્પ રાખી તેમણે છ-ચારનું બારણું ખોલ્યું. એ ઉંબરા પર ઊભો રહ્યો અને આસપાસ જોયું, પેલી વૃદ્ધા હજી ત્યાં જ ઊભી લાગે છે. એ એની લાકડીના ટેકે ઊભી છે. ૮૦ વર્ષની દુ:ખભરી અને કષ્ટદાયક જિંદગીના કારણે ઝૂકી ગયેલું તેનું શરીર માણસને માણસાઈ શીખવવા પૂરતું હતું, પરંતુ મનમાં દયાનો ભાવ લાવે એ બીજા, ડૉ. ત્રિફલગસ નહીં.

“પહેલાં ૧૨૦ ફ્રેઝર્સ લાવ.” ભાવવિહીન અવાજે પૈસાની માગણી કરી. એના હાથમાં પૈસા પકડાવી વૃદ્ધાએ તોફાની આકાશ તરફ જોઈ દુઆ ઉચ્ચારી.

“આ રહી એ રકમ, ભગવાન આ રકમને ૧૦૦ ગણી કરી આપે.”

“ભગવાન! એણે કદી ધન જોયું પણ હશે?” ડૉ. ત્રિફલગસનો ભગવાન તો પૈસા જ હતો ને!

ડૉક્ટરે હર્ઝોવને સીટી મારી, આ રીતે કેળવાયેલો કૂતરો તરત જ પાછળ દેખાયો. એના મોઢામાં નાનું ફાનસ પકડાવ્યું અને તેણે સમુદ્ર તરફનો રસ્તો પકડ્યો. વૃદ્ધા એની પાછળ પાછળ ચાલી.

(૪)

કેવું સુસવાટાભર્યું વાતાવરણ! આજે શું થવા બેઠું છે? પવનનું તોફાન સંત ફીલફીલીના ઘંટને ધ્રુજાવી રહ્યું હતું. સામાન્ય માણસને ડરાવી દે એવું વાતાવરણ, પણ ડૉ. ત્રિફલગસ અંધશ્રદ્ધાળુ માણસ નથી! એ તો કોઈ પણ બાબતમાં વિશ્વાસ ધરાવતા નથી — એમના પોતાના દવાના વિજ્ઞાનમાં પણ નહીં! એને માટે તો એ વિદ્યા પણ ધન કમાવી આપવાના સાધનમાત્રથી વિશેષ કંઈ જ નહીં. ફક્ત એ વિદ્યા એને કેટલું ધન કમાવી આપે છે, તેમાં જ તેને રસ હતો અને એમાં જ તો એને શ્રદ્ધા હતી!

તેઓ રસ્તા પર આગળ વધ્યા. કેવું વિષમ છે આ હવામાન! અને કેવો વિકટ છે આ રસ્તો! આખા રસ્તા પર નાના-નાના પથ્થરો અને રાખ, વરસાદના કારણે લપસી જવાય એવા લીલવાળા પથ્થરો, નકામું — ફેંકાયેલું લોખંડ અને રાખ પર પડતાં પગલાંઓનો અવાજ — સાપના સીસકારાં જેવો!

હર્ઝોવના ફાનસ સિવાય ચારે તરફ ફેલાયેલ કાળોઘોર અંધકાર અને ફાનસનો પ્રકાશ પણ કેવો? અત્યંત ઝાંખો અને અચોક્કસ. સમયાંતરે વાઉગરના

જ્વાળામુખીમાંથી ઊઠતી જ્વાળાઓનો ધમાકેદાર અવાજ. એના દેદીપ્યમાન પ્રકાશમાં દેખાતા ત્રણ હાસ્યાસ્પદ પડછાયાઓ — કમરેથી વાંકી વળી ગયેલી અને લાકડીના ટેકે મુશ્કેલીથી ચાલતી વૃદ્ધા, ડૉ. ત્રિફલગસ અને ફાનસ લઈ સાથે ચાલતો એનો પેલો વફાદાર કૂતરો — હર્ઝોવ.

સાચું કહું તો જ્વાળામુખીના અંદરના ભાગમાં શું છે એની તો કોઈને પણ ખબર નથી. શું હશે? કદાચ બીજી દુનિયાના આત્માઓ! એ આત્માઓ જ કદાચ બહાર આવી વિનાશનો ખેલ ખેલતા હશે, પણ ક્યારેય દેખાતા કેમ નથી? એ બહાર આવતાંની સાથે જ કદાચ વરાળ થઈને હવામાં ઊડી જતા હશે.

ડૉક્ટર હવે પેલી વૃદ્ધાની પાછળ પાછળ સમુદ્રની ખાડીના નાના વળાંકોને અનુસરતો આગળ વધી રહ્યો હતો. સામે જ શ્વેત તોફાની સાગર દેખાઈ રહ્યો છે. સફેદી — કાળી સફેદી — દુ:ખભરી, કરુણ સફેદી. સમુદ્રની સફેદી ચમકી રહી છે. સફેદ મોજાંઓ ઉપરનું, સફેદ ચમકતું ફીણ આગિયાઓના ઘોડાપૂર જેવું દેખાય છે. આ બંને આગળ વધતા રહ્યા, રેતીના ઢગલાઓ વચ્ચેથી પસાર થતા રસ્તાના વળાંક સુધી. આ વળાંક પર કાંટાદાર ઝાડી અને સમુદ્રી છોડવાઓ એકબીજાં સાથે ટકરાઈ રહ્યા છે.

કોઈ પણ વ્યક્તિને નાહિંમત કરવા આવું વાતાવરણ પૂરતું છે. માત્ર માનવ જ નહીં, જાનવરોને પણ ડરાવતા આવા માહોલમાં કૂતરો એના માલિકની નજીક આવી ગયો. એ ગભરાઈને નજીક આવ્યો છે કે પછી એવું કહેવા પ્રયાસ કરે છે કે, "વાતાવરણ જે હોય તે ચાલો, ચાલો, આગળ ચાલો. ૧૨૦ ફ્રેઝર્સ ઘણી મોટી રકમ છે. આ જ રીતે પૈસા બનાવી શકાય છે. જેટલી વધારે સમૃદ્ધિ, તેટલી વધારે સગવડો — દ્રાક્ષના વેલાઓ વચ્ચે એક નવા માંડવાનો ઉમેરો, તમારા ભોજનમાં એક વધારાની ડીશ, હર્ઝોવ માટે વધારાનું માંસ. ચાલો, આપણે અમીર બીમારોની સારવાર કરીએ અને એ સારવાર — એમની પાસે જે ધન છે એના પ્રમાણમાં કરીએ."

આખરે પેલી વૃદ્ધા ઊભી રહી ગઈ. એની ધ્રૂજતી આંગળીઓથી ઇશારો કરી, લાલાશ પડતા પ્રકાશના ઓળાઓ વચ્ચેનું એક ઘર દર્શાવી એ બોલી, "પેલું રહ્યું, વૉર્ટ કાર્ટિફનું ઘર."

"ત્યાં? દૂર દેખાય છે તે?" ડૉક્ટરે ખાતરી કરવા પૂછ્યું.

"હા." વૃદ્ધાએ જવાબ વાળ્યો.

"ઘર...ર..ર..." એ વખતે હર્ઝોવે ઘૂરકિયું કર્યું.

એ જ સમયે, અચાનક જ, વાઉગરના તળિયામાંથી ધરતીને પણ હલાવી દે તેવો ધડાકો થયો. જ્વાળામુખીની ટોચમાંથી મોટા ધડાકા સાથે અનેક જ્વાળાઓ એકસાથે બહાર નીકળતી દેખાઈ. એ જ્વાળાઓ એટલી જોરદાર હતી કે વાદળાંઓમાંથી રસ્તો કરતી આકાશ સુધી પહોંચી ગઈ. ડૉ. ત્રિફલગસ જમીન પર ફંગોળાઈ ગયા. એ ઝડપથી ગોળ ફર્યા. પોતાની જાતને સંભાળી લીધી. ઊભા થયા અને પહેલાં પોતાની તરફ જોયું, ત્યાર બાદ આસપાસ નજર નાખી.

અરે! પેલી વૃદ્ધા ક્યાં ગઈ? દેખાતી જ નથી ને! આ જમીનમાં પડેલી કોઈક મોટી ફાટમાં સમાઈને અદૃશ્ય થઈ ગઈ? કે પછી આ કોહારની પાંખ પર ચઢી ઊડી ગઈ? ડૉક્ટરનો વફાદાર કૂતરો તો હજી પણ અહીં જ છે, એના પાછલા પગ પર ઊભેલો, ખુલ્લા મોંએથી હાંફતો ત્યાં જ ઊભો રહેલો દેખાયો. એનું ફાનસ જોકે બુઝાઈ ગયું હતું. વૃદ્ધા ઘરમાં તો નથી જતી રહી?

"કંઈ વાંધો નહીં, કદાચ ઘરમાં ગઈ હશે અને ના ગઈ હોય તો પણ... આપણે જે કામ માટે આવ્યા છીએ તે માટે આગળ વધીશું." ડૉ. ત્રિફલગસ ગણગણ્યા, "એક પ્રામાણિક માણસે એની મહેનતના ૧૨૦ ફ્રેઝર્સ ચૂકવ્યા છે અને એને એની કિંમત પ્રમાણે સેવા મળવી જ જોઈએ!!"

(૫)

વૃદ્ધાએ દર્શાવેલી દિશામાં આવેલ ઘર તરફ નજર નાખી. લગભગ અડધા કેર્ટઝના અંતરે એક ચમકતું બિંદુ દેખાયું. એ કદાચ માછીમારના ઘરનો જ દીવો હશે — કદાચ મોતનો... ખરેખર, આ તો પેલા ગરીબ માછીમારનું જ ઘર લાગે છે. પેલી વૃદ્ધાએ તે તરફ જ આંગળી ચીંધી હતી ને! કોઈ શંકાને સ્થાન નથી. સિસોટી મારતા, શક્તિશાળી પવનના સુસવાટા અને તોફાનના ભયંકર અવાજો વચ્ચે ડૉ. ત્રિફલગસ ઉતાવળા પગલે આગળ વધ્યા. જેમજેમ તેઓ ઘરની નજીક જતા ગયા, તેમતેમ તે ઘર તેમને સ્પષ્ટ રીતે દેખાતું ગયું. મોટા મેદાનમાં ઘર એકલું અટૂલું જણાયું.

અરે! આ હું ક્યાં આવી ગયો? કેવી આશ્ચર્યની વાત છે? આ ઘર તો ડૉ. ત્રિફલગસના લુકટ્રોપ ખાતે આવેલ વૈભવી છ-ચારને મળતું આવતું લાગે છે? બારીઓની રચના તો બિલકુલ એવી જ છે, બારણું પણ ઉપરથી કમાનવાળું, એમના ઘર જેવું જ લાગે છે! પણ એવું કેવી રીતે બની શકે? અહીં તો પેલો ગરીબ માણસ રહે છે ને? આશ્ચર્યચકિત ડૉ. ત્રિફલગસ, તોફાની પવન સામે જેટલી ઝડપથી આગળ વધી શકાય, તેટલી ઝડપે આગળ વધ્યા. દરવાજો ઠોકે તે પહેલાં જ દેખાયું કે બારણું તો ખુલ્લું જ છે. એમણે તો ફક્ત ધક્કો જ મારવાનો હતો. દરવાજાને હળવો ધક્કો મારી તેઓ અંદર પ્રવેશ્યા. તે સાથે જ પવનના ઝપાટાથી દરવાજો બંધ થઈ ગયો. તેઓ અંદર ગયા અને એમનો કૂતરો હર્ઝોવ! એ તો બહાર જ રહી ગયો. સ્મશાનવત્ શાંતિ પથરાઈ ગઈ. વચ્ચે વચ્ચે તેના ભસવાનો અવાજ થોડા થોડા સમયાંતરે આવતો રહ્યો.

કોઈ પણ વ્યક્તિ આ પરિસ્થિતિમાં અસ્વસ્થ થઈ જાય એવો વિચિત્ર ઘટનાક્રમ એ જોઈ રહ્યા, પરંતુ આ શું? અરે! કેવું વિચિત્ર? આ કેવી રીતે બની શકે? બહારથી આ ઘર એમના ઘર જેવું હોઈ શકે, પરંતુ અંદરથી પણ! આ ઘર તો અંદરથી પણ એમના ઘર જેવું જ છે, આબેહૂબ.

શું એ એમના પોતાના ઘરમાં પ્રવેશ્યા છે? ના, ના....

કોઈ પણ — જેણે તેમનું ઘર જોયું હોય તે બધા જ કહી શકે કે ડૉ. ત્રિફલગસ એમના પોતાના ઘરમાં જ પ્રવેશ્યા હતા. જાણે કે હજી એ ક્યાંય ગયા નથી, હજી તો ક્યાંય વળ્યા પણ નથી, તો! પણ એ તો અત્યારે વાલ કાર્નિયનમાં છે, લુકટ્રોપમાં

નથી! અને છતાં પણ! આ ઘરમાં પણ એમના ઘરની જેમ જ અંદર જવાનો પૅસેજ દેખાયો. એવી જ લાકડાની સીડીઓ હતી, ઉપર ચડતી વખતે પકડવા માટેનો ઊંચો કઠેરો! અને એ કઠેરો પણ કેવો! સતત હાથ ઘસવાના કારણે જૂનો થઈ ગયેલો! બિલકુલ એના પોતાના ઘરમાં હતો તેવો જ!

મૂંઝવતા પ્રશ્નોના જવાબ મેળવવા એ સીડી ચઢી ઉપર ગયો, અસમંજસ માનસિક સ્થિતિમાં ઊપલા માળ પર પહોંચ્યો. સામેના કક્ષના બંધ દરવાજાની નીચેથી ઝાંખો પ્રકાશ આવતો દેખાયો. બિલકુલ છ-ચારની જેમ જ! શું આ કોઈ પ્રકારનો દૃષ્ટિભ્રમ છે? એ કક્ષમાં કુતૂહલપૂર્વક દાખલ થયો અને ચારે તરફ નજર નાખી. અંધારામાં એણે એનો કક્ષ ઓળખ્યો — પીળા સોફા, જમણી તરફ જમરૂખના લાકડામાંથી બનાવેલ કબાટ અને ડાબી બાજુ પિત્તળની મજબૂત પેટી. અરે! આ જ તો એ પેટી છે જેમાં એણે ૧૨૦ ફ્રેઝર્સ મૂકવાના હતા! આ લેધરના તકિયાવાળી એમની આરામખુરશી, પેલું વાંકા પાયાવાળું ટેબલ અને એની ઉપર બુઝાવાની તૈયારીમાં પેલું ફાનસ પણ ત્યાં જ હતું અને નજીકમાં જ પડી હતી એની ફાર્માકોપિયાની ખુલ્લી ચોપડી — પાનું નંબર ૧૯૭!

“આ મને શું થઈ રહ્યું છે?” એ ગણગણ્યો.

એને શું થઈ રહ્યું હતું? ડર લાગી રહ્યો હતો! એની આંખો ખુલ્લી હતી, એનું શરીર સંકોચાઈ ગયેલું, સુકાઈ ગયેલું લાગ્યું. ઠંડોગાર પરસેવો એની ચામડીને થીજવી રહ્યો હતો — પ્રત્યેક રૂંવાડાં ઊભાં થઈ ગયાં હતાં.

જલદી કરો! તેલના અભાવે દીવો બુઝાઈ રહ્યો છે! મરતા માણસનો દીવો પણ! હા, ત્યાં એક પથારી છે — અરે એ તો એની પોતાની પથારી હતી — એનો જ પલંગ, ઊભી લાકડીઓ અને તેના પરનું આવરણ, એકસમાન લંબાઈ-પહોળાઈવાળો ચોરસ પલંગ, ફૂલોથી સુશોભિત કરેલા ભારેખમ પડદાઓથી ઢંકાયેલ કક્ષ. શું એ શક્ય છે કે આ પેલા ગરીબ માછીમારનો પલંગ હોય? ડૉક્ટરની મૂંઝવણ વધતી જ ગઈ અને ગભરાટ પણ. અંધારામાં તે હજી રોગીના ચહેરાને જોઈ શકતો ન હતો. કદાચ, ધ્રૂજતા હાથે ડૉ. ટ્રિફલગસે પડદાઓ પકડ્યા, એને ખોલ્યા અને અંદર જોયું.

પેલો માણસ મરી રહ્યો છે, એનું મસ્તક ઢાંક્યા વગરનું અને સ્થિર છે. એ એના છેલ્લા શ્વાસ લઈ રહ્યો છે. ડૉક્ટરે નીચે ઝૂકી એના તરફ જોયું. એ જોરથી ચિત્કાર કરી ઊઠ્યો અને એ ચિત્કાર પણ કેવો? પવનના સુસવાટાથી પણ ભયાનક, વરસાદી તોફાનના અવાજથી પણ ભયંકર અને વાઉગલરના આગ તેમ જ ધડાકાઓથી પણ ડરામણો, જાણે કોઈ બીજી જ દુનિયામાંથી આવતા અવાજ જેવો.

ઓહ! કેવો એ ચિત્કાર! એના જવાબમાં બહાર ઊભેલો કૂતરો ભસ્યો. એ અવાજ પણ કોઈ બીજી દુનિયામાંથી આવતા અવાજ જેવો છે!

આ શું થઈ રહ્યું છે? મરી રહેલો માણસ, ખારા પાણીમાં માછલી પકવનાર માછીમાર, વૉર્ટ કાર્ટિફ નથી — એ તો ડૉ. ટ્રિફલગસ જ લાગે છે! હા, એ પોતે જ છે, એના પર જ રોગનો હુમલો થયો છે — એ પોતે જ! એમના મગજ પર એવો હુમલો થયો છે એ કોઈ પણ જાતનું હલનચલન કરવા અસમર્થ છે. એમના મગજના પોલાણવાળા

ભાગોમાં એકાએક, અચાનક જ ભારે માત્રામાં પ્રવાહી જમા થઈ ગયું લાગે છે. જેના કારણે એમના શરીરનાં બધાં અંગોમાં લકવો મારી ગયો છે. એ નિસહાય અવસ્થામાં પડ્યો છે. તે કોઈ ભયાનક સ્વપ્ન જોઈ રહ્યો છે કે હકીકતનો સામનો કરી રહ્યો છે?

હા, તેઓ પોતે જ છે, એને માટે જ એને બોલાવવામાં આવ્યો છે, એના પોતાના માટે જ, ૧૨૦ ફ્રેઝર્સ ચૂકવાયા છે, એની પોતાની — જિંદગી બચાવવા માટે, એ પોતે જ — જેણે સંવેદનહીન હૃદયથી, મરી રહેલા ગરીબ માછીમારને જોવા આવવાની ના પાડી દીધી હતી.

એણે પોતાના મગજની સમતુલા ગુમાવી દીધી. એને ખબર પડી ગઈ છે કે એ હવે નહી જીવી શકે. અહીં આવવામાં એણે કેટલું મોડું કર્યું? પળે પળે રોગનાં લક્ષણો વધી રહ્યાં છે. એ જલદી આવ્યો હોત, તો કદાચ પોતાની જાતને બચાવી શક્યો હોત, પણ હવે શું? શરીરના આંતરિક અંગઉપાંગો જ ફક્ત ધીમા નથી પડ્યા! હવે તો એનાં ફેફસાં અને હૃદય પણ કામ કરતા અટકી ગયાં હતાં... અને છતાં પણ એ સંપૂર્ણ રીતે બેભાન નથી થયો. ડૉ. ટ્રિફલગસ પોતાના જ મૃત્યુનું સાક્ષાત દર્શન કરી રહ્યો!

હવે શું થઈ શકે? પોતાની જાતને એ બચાવી શકશે? એણે પોતાના હાથને કાપીને લોહી વહાવવું પડશે. આ રીતે એણે ઘણા અમીરોને બચાવ્યા હતા. એ પોતાને કાપી શકશે? જો એ એમ કરતાં ખચકાશે તો ડૉ. ટ્રિફલગસ મૃત્યુ પામશે. આવી સ્થિતિમાં આ જ ઉપચાર કરાતો. આજે પણ ડૉક્ટરો હલનચલન ન કરી શકતા રોગીઓને સાજા કરવા આ જ ઉપચારનો સહારો લેતા રહ્યા છે. પરિણામે રોગીઓ મરણના મુખમાંથી બહાર આવી શકે.

ડૉ. ટ્રિફલગસે તેમની બૅગ પકડી અને અંદરથી ઑપરેશનનું ચપ્પુ કાઢ્યું. એની પ્રતિકૃતિ જેવા એ માણસના હાથની નસ કાપી. ઉત્સુકતાથી જોયું, પરંતુ આમ કેમ થયું? લોહી કેમ નીકળ્યું નહીં? ફરી પ્રયાસ કરવો પડશે? લોહી તો નીકળતું જ નથી.

બીજો ઉપાય અજમાવવો પડશે. એણે એ માણસની છાતી પર જોરજોરથી મસાજ શરૂ કર્યું — પણ એનો પોતાનો શ્વાસ જ ઓછો થતો જણાયો. એણે ગરમ ઈંટો વડે એના ઠંડા પડી રહેલા પગને ગરમ કરવા પ્રયાસ શરૂ કર્યો. એના પોતાના પગ ઠંડા પડવા લાગ્યા. ડૉક્ટરને સમજ ન પડી કે એણે શું કરવું જોઈએ? એણે એની વિદ્યા યાદ કરવા પ્રયાસ કર્યો, પરંતુ...

એની પ્રતિકૃતિ પોતાની જાતને ઊંચી કરવા મથામણ કરતી રહી, એ પાછો પડ્યો, પડી ગયો અને એણે છેલ્લો શ્વાસ લીધો. એના વિજ્ઞાને એને આવા સંજોગોમાં શું કરવાનું છે તે બધું જ શીખવ્યું હોવા છતાં ડૉ. ટ્રિફલગસ એના પોતાના હાથ નીચે જ મૃત્યુ પામ્યો.

(૬)

સવારે ડૉ. ટ્રિફલગસના છ-ચારના એ ઘરમાં એક લાશ મળી આવી. લોકોએ એના મૃત શરીરને કૉફિનમાં મૂક્યું. ખૂબ મોટો સમારોહ કરી એને લુકટ્રોપના

કબ્રસ્તાનમાં લઈ ગયા, જ્યાં એની લોભી વૃત્તિને કારણે સારવાર નહી મળતાં ઘણાં લોકો પહોંચી ગયા હતા.

એના વફાદાર પેલા ઘરડા હર્ઝોવનું શું થયું? એવું કહેવાય છે કે આજદિન સુધી સળગતા ફાનસ સાથે એ સમગ્ર વિસ્તારમાં ખોવાયેલા કૂતરાની જેમ ભસતો ભસતો ફર્યા કરે છે, એના માલિકને શોધ્યા કરે છે. મને ખબર નથી કે આ વાત સાચી છે કે ખોટી, પણ વોલ્સિનિયા ખાતે અજીબોગરીબ ઘટનાઓ ઘટતી જ રહે છે, ખાસ કરીને લુકટ્રોપની આસપાસ.

ફરીથી હું તમને ચેતવું છું. આ શહેરને નકશામાં શોધવાની જહેમત કરશો નહીં. વિશ્વના મહાનતમ ભૂગોળશાસ્ત્રીઓ હજી પણ એના અક્ષાંશ કે રેખાંશ બાબતે સંમત થયા નથી.

મારી આ ચેતવણીને ગંભીરતાથી લેજો, નહીં તો.....

ના પસંદ કરાય પંથ, પૃથક્કરણ વિના
આત્મવિશ્વાસ, સંયમ, સ્વઓળખ વિના
વહી જાય પગ બીજાના વિચારે
સ્વકુશળતા વિના હ્રાસ વિશ્વાસનો.

(૮)

એક અશિકારીની શિકારકથા

(૧)

વિશ્વ આખું વિવિધ પ્રકારની વિચિત્રતાઓથી ભરેલું છે. એમાં એવા પણ ઘણા લોકો હોય છે કે જેમને શિકારીઓ માટે ખાસ અણગમો હોય છે. સાચું કહું તો કદાચ તેઓ સાવ ખોટા પણ નથી હોતા! હું પણ એમાંનો એક છું.

શું કારણ હોઈ શકે? મને લાગે છે કે...

આ શિકારી જાતના લોકો, પક્ષી કે પ્રાણીઓને પહેલાં પોતાના હાથે જ રહેંસી નાખતા હોય છે અને પછી એના ઉપર જયાફત ઉડાવતા હોય છે. એ લોકો કદાચ એવી વાત પચાવી શકતા નહી હોય એ હશે? કે પછી આવા કહેવાતા શિકારીઓ શિકારની મોસમ હોય કે ન હોય, પોતાના શૌર્ય અને પરાક્રમની કથા સંભળાવવા હંમેશાં આતુર જ રહેતા હોય છે, તે હશે?

લાગે છે કે આવાં કારણોવશાત્ એવા લોકોને પણ મારી જેમ જ શિકાર અને શિકારીઓ પરત્વે અણગમો થઈ ગયો હશે.

એક સાચી વાત કહું તો માનશો? આજથી લગભગ ૨૦ વર્ષ પહેલાં હું પોતે પણ આવા જ એક કમઠાણમાં સહભાગી થઈ ગુનેગાર બની ચૂક્યો છું. હું શિકાર પર ગયો હતો! હા, હા, હું શિકાર પર ગયો હતો! મારા આ ગુનાની સજા તો મને મળવી જ જોઈએ. શિકારી તરીકેના મારા એ સાહસની, ખરેખર તો એ દ્વારા પુરવાર થયેલી મારી બાઘાઈની વિગતવાર કહીને હું આજે ફરીથી ગુનેગાર બનવા જઈ રહ્યો છું, સાથેસાથે તેનું પ્રાયશ્ચિત્ત કરવાની પણ તક ઝડપી લઉં છું.

હું આશા રાખું છું કે મારું આ નિખાલસ અને યથાર્થ વૃત્તાંત તમારા મનમાં મારી જેમ જ, શિકાર પરત્વે કાયમી અણગમો જન્માવી દે! કેવું ઘૃણાસ્પદ એ દૃશ્ય! કૂતરાની પાછળ પાછળ, ખભા પર મારેલા પક્ષીને મૂકવાની બૅગ ભરાવીને, કમર પર ગોળીઓ ભરેલો પટો લટકાવીને અને બગલમાં શિકારની બંદૂક સાથે જંગલમાં શિકારની શોધ માટે નીકળી પડવાનું!

જો કે એ બાબત દરેકની પોતાની વિચારસરણી પર આધાર રાખે છે. મારે તો મારી જ વાત કરવી છે. જે થાય તે, ગમે તે કિંમતે પણ. તો ચાલો, મારો અનુભવ જાણવા તૈયાર છો ને?

(૨)

કોઈક વિચિત્ર કે ધૂની કહી શકાય એવા એક તત્ત્વચિંતકે ક્યાંક કહ્યું છે — "કદી પણ ગામડાંના ખુલ્લા પ્રદેશમાં કન્ટ્રી હાઉસ, બે પૈડાંની ઘોડાગાડી કે ઘોડાઓ… કે શિકારનો પીછો કરવા જેવી બાબતોમાં પડવું નહીં! તમને એવા — તમારું ભલું ઇચ્છતા — મિત્રો હંમેશાં મળી જ રહેશે કે જેઓ તમારા માટે આ બધી જ વસ્તુની વ્યવસ્થા કરવાની તકલીફ લેવા અતિ ઉત્સાહી હોય!"

આ સિદ્ધાંતને સાચી ઠેરવતી ઘટના મારી સાથે પણ બની. મારો એ મિત્ર સોમેના અભયારણ્ય વિભાગ પર કોઈ આધિપત્ય ધરાવતો ન હતો. તેમ છતાં પણ ઉછીની પિસ્તોલ પર પહેલી વાર હાથ અજમાવવા એ મિત્રે મને આમંત્રણ આપ્યું. હેરીઝાર્ટ અભયારણ્યમાં શિકાર માટેનું!

જો હું ભૂલ ન કરતો હોઉં તો ૧૮૫૯ના ઑગસ્ટ માસના એ છેલ્લા દિવસો હતા. એ દિવસથી શિકારની મોસમ શરૂ થઈ હોવાનું એલાન કરતો એક સરકારી વટહુકમ બહાર પડ્યો અને એમિયન્સના એ નાનકડા પરગણામાં ખલબલી મચી ગઈ.

તે સમયે હું એમિયન્સમાં રહેતો હતો. જોવા જઈએ તો એમિયન્સ શાંત કહી શકાય તેવો નાનકડો કસ્બો હતો, પરંતુ એમાં એક પણ એવો નાનકડો દુકાનદાર કે હસ્તકલાકાર શોધવો મુશ્કેલ હતો કે જેની પાસે કોઈ પ્રકારની બંદૂક ન હોય. આ બંદૂક લઈને લોકો નજીકના ધોરીમાર્ગો પર ભટકતા રહેતા. અહીંના લોકો શિકાર માટે આ અભયારણ્ય ખૂલે એની અધિરાઈપૂર્વક રાહ જોઈ રહેતા અને એની તૈયારી તો છ અઠવાડિયાં પહેલાંથી જ શરૂ થઈ જતી.

ધંધાદારી ખેલૈયાઓ હોય કે છેલ્લી કક્ષાના તોપચીઓ, તે સૌ એમ જ માનતા કે તેમના જેવા અઠંગ શિકારીઓ તો કોઈ હોઈ જ ન શકે. આ ઉપરાંત અન્ય બીજા પણ પોતાને પાવરધા માનતા શિકારીઓ હોય છે. જેઓ નિશાન લીધા વગર જ ગોળીબાર કરતા હોય છે. ઉપરાંત કેટલાક કહેવાતા કુશળ નિશાનબાજો, નિશાન તો લે છે પણ કદી શિકારને મારી શકતા નથી એવા બેવકૂફો પણ હોય છે, જે શિકારી ડે પ્રિમો કાર્ટેલોને પણ પાછળ મૂકી દે તેવા હોય છે. જરા પણ ધ્યાનથી કામ લેતા હોતા નથી — આ બધા જ લોકો શિકારની મોસમને ધ્યાનમાં રાખીને પોતાની જાતને એના માટે સુસજ્જ કરવાના કામમાં લાગી પડતા હોય છે. એ માટે જરૂરી શસ્ત્રો તથા ખોરાકનો પુરવઠો મેળવી લે છે. થોડી તાલીમ લઈ લે છે. તેઓ વિચાર કરે છે માત્ર તેતરનો, તેમની વાતો ફક્ત સસલાની અને સપનાં ફક્ત પારેવડાંના! પત્ની, બાળકો, કુટુંબ, મિત્રો બધું જ ભુલાઈ જાય છે! રાજકારણ, કલા, સાહિત્ય, ખેતીવાડી, વ્યાપાર આ બધું જ એ મહાન દિવસના વિચારોના આવરણ પાછળ ઢંકાઈ જતું હોય છે.

આ મહાન દિવસના વિચારો એમના ચિત્તનો કબજો લઈ લે છે, એની સામે એવા લોકો પણ છે — જેઓ શિકાર માટેના વ્યાયામને બર્બરતાભરી મજા કહે છે. આમ છતાં રસિકો માટે એની કલ્પના માત્ર જ ચહેરા પર નૂર લાવી દેવા પૂરતી હોય છે.

એમિયન્સ ખાતે મારા જે થોડા મિત્રો હતા, તેમાંનો એક શિકારનો શોખીન હતો. સરકારી અધિકારી હોવા છતાં પણ એ સરસ મજાનો માણસ હતો! જોકે જ્યારે ઑફિસ જવું પડે ત્યારે એ સંધિવાની ફરિયાદ કરતો, પરંતુ શિકારની મોસમ ખૂલે એટલે એનું દર્દ ગાયબ થઈ જતું અને અઠવાડિયાંની રજા લઈ લેતો. શિકાર માટે તો એ સદા તત્પર!

મારા આ મિત્રનું નામ હતું બ્રેટીગ્નોટ.

આ મહાનતમ પર્વના થોડા દિવસો પહેલાં બ્રેટીગ્નોટ મને શોધતો આવ્યો — નવાઈ પમાડે એવી વાત છે, પણ સાચું કહું છું, એ જ મને શોધતો આવ્યો હતો! મેં તો એનું કોઈ પણ જાતનું નુકસાન ક્યારેય કર્યું ન હતું, તો પણ!

"તું ક્યારેય શિકાર પર નથી ગયો ને?" એણે મને પૂછ્યું. એના અવાજમાં ભારોભાર તિરસ્કાર છલકાતો હતો. એના સ્વરમાં બે ટકા દયા અને આઠ ટકા કટાક્ષ ભરેલો હતો.

"ક્યારેય નહીં, બ્રેટીગ્નોટ." મેં જવાબ વાળ્યો, "અને સાચું કહું તો મેં કદી એ અંગે વિચાર્યું પણ..."

"ચાલ, તો પછી મારી સાથે શિકાર પર." એણે કહ્યું, "હેરીઝાર્ટ નામના અભયારણ્યમાં. ૨૫૦ એકરના વિસ્તારમાં પથરાયેલા આ અભયારણ્યમાં શિકાર માટેનાં પશુપક્ષીઓ ઘણી મોટી સંખ્યામાં ઉપલબ્ધ છે. સારા શિકારીઓ રાહ જોઈ રહ્યા છે. હું એક મિત્રને આમંત્રણ આપવાનો અધિકાર ધરાવું છું. એવા મિત્ર તરીકે મેં તારી ઉપર પસંદગી ઉતારી છે. હું તને આમંત્રણ આપું છું અને તારે મારી સાથે આવવાનું જ છે."

"હં..." હું ગૂંચવાયો.

"તારી પાસે બંદૂક નથી?"

"ના, ભાઈ ના. મને વળી એ કાળમુખીની શી જરૂર?"

"વાંધો નહીં, હું આપીશ — એક નાળચાવાળી બંદૂક, એ સાચી વાત છે કે એમાંથી છૂટેલી ગોળી શિકાર તરફ બે ડઝન કદમની ઝડપે ધસી શકશે."

"હું જો એનો ઘોડો દબાવું તો ને!" મેં એને યાદ દેવડાવ્યું.

"કેમ નહીં — એ બંદૂક તને માફક આવે એવી જ છે."

"કેટલી સારી વાત કરી તેં બ્રેટીગ્નોટ?"

"પરંતુ, હે ભગવાન, તારી પાસે તો કૂતરો પણ નહીં હોય!"

“પણ કૂતરાનું ત્યાં શું કામ? જો તમે બંદૂક સાથે શિકાર પર જતા હોય તો કૂતરો હોય કે ન હોય શો ફેર પડે?”

મારા મિત્ર બ્રેટીગ્નોટે મારી તરફ તિરસ્કારભરી નજરે જોયું. એ માણસને શિકાર સાથે સંકળાયેલી કોઈ પણ બાબત સાથેની મજાક ગમતી નથી. એને માટે શિકાર માનવજીવનનું પવિત્રતમ કાર્ય હતું!

મારી ટીખળ સાંભળી એ થોભ્યો. પોતાનાં ભવાં ચઢાવ્યાં. પછી મને પૂછ્યું, “અરે, પણ તું આવીશ તો ખરો ને?”

“તમારો આગ્રહ હોય તો...” મેં ઉમળકા વગર જવાબ વાળ્યો.

“હા, ઓહ, હા! આ અનુભવ તારે લેવો જ જોઈએ. જીવનમાં ઓછામાં ઓછું એક વાર તો ખરું જ. આપણે શનિવારે સાંજે જઈશું. યાદ રાખજે હું તારા પર ભરોસો રાખું છું.”

અને એ રીતે હું એક એવા સાહસમાં જોડાયો કે દુખદ કહી શકાય એવી અનેક યાદો હજી પણ મારા મનમાં તરોતાજા છે અને હંમેશ માટે રહેશે!

જોકે એની તૈયારીઓની મારા પર કોઈ ખાસ અસર થઈ જ નહીં. ફાલતુ વિચારો પાછળ મારી ઊંઘ બગાડવાની મને જરા પણ જરૂર લાગી નહીં, પરંતુ મારે કબૂલ કરવું જ રહ્યું કે કુતૂહલનો કીડો મારા મનમાં સળવળી રહ્યો હતો! શિકારનો આ પ્રારંભ શું ખરેખર એટલો રસપ્રદ હોતો હશે? જે હોય તે, મેં મારી જાતને એક વચન આપ્યું કે હું બીજું કાંઈ કરું કે ન કરું, પણ શિકારી અને શિકારની વિચિત્રતાઓનું તો નિરીક્ષણ કરીશ જ!

બંદૂકનું વજન ઉપાડવા હું ફક્ત એટલા માટે જ તૈયાર થયો હતો કે મારા મિત્ર બ્રેટીગ્નોટે જે અઠંગ શિકારીઓના અદ્ભુત શિકારના સાક્ષી બનવા મને આમંત્રણ પાઠવ્યું હતું તેઓની સામે હું નવો નિશાળિયો ન દેખાઉં.

બ્રેટીગ્નોટે મને બંદૂક, ગોળીઓ ભરેલી બૅગ, એનો પાઉડર ભરેલી બાટલી વગેરે આપ્યું જ હતું, તો પણ શિકાર કર્યા બાદ મરેલા પક્ષી કે પ્રાણીને મૂકવાની બૅગનો પ્રશ્ન તો ઊભો જ હતો. છેવટે હું એ ખરીદવા ગયો. મોટા ભાગના શિકારીઓ તો આવી વસ્તુ ખરીદતાં જ નથી હોતા. ગમેતેમ કરીને મેળવી લેતા હોય છે. મેં એક વાર વપરાયેલી જૂની બૅગની તપાસ કરી, પણ એ હું ન મેળવી શક્યો. કિંમત ઘણી વધારે હતી. ઘણા લોકોએ એ લઈ લીધી હતી. મારે નવી બૅગ જ ખરીદવી પડી, પણ મેં દુકાનદાર સાથે સમજૂતી કરી કે એ મારી પાસેથી તે બૅગ પાછી લઈ લેશે અને મને ૫૦ ટકા પૈસા પરત કરશે — જો એ સારી સ્થિતિમાં હશે તો જ!

દુકાનદારે મારી સામે જોયું. સ્મિત આપ્યું અને મારી વાત સ્વીકારી. એનું સ્મિત કોઈ સારી આગાહી કરતું ન લાગ્યું. જોકે એણે મને શુભેચ્છા પાઠવી. એવી એ શુભેચ્છા મારા માટે હતી, શિકાર માટે હતી કે બૅગ માટે તે મને સમજાયું નહીં.

મેં કહ્યું, “છેવટે શું થાય છે તે કોને ખબર છે?”

“અરેરે! ખોટો આડંબર જ કહી શકાય.”

(૩)

નક્કી કરેલી તારીખે, શિકારની શરૂઆતના આગલા દિવસે, સાંજે છ વાગ્યે હું પેરીગૉર્ડ નામના સ્થળે પહોંચી ગયો. બ્રેટીગ્નોટે મળવા માટે એ જ જગ્યા નક્કી કરી હતી. ત્યાં ચાર પૈડાંવાળી બંધ ગાડીમાં હું ચઢ્યો. તમે માનશો? કૂતરાને ન ગણીએ તો એ ગાડીમાં અમે આઠ જણા હતા.

બ્રેટીગ્નોટ અને એના સાથી શિકારીઓ — મેં મારી જાતને હજી તેઓમાંનો એક ગણવાની હિંમત કરી ન હતી — તો પારંપારિક શિકારીઓનો ગણવેશ આમ તો ભવ્ય અને પ્રભાવશાળી જણાતો હતો, પરંતુ તેઓ સૌ દેખાવમાં થોડા વિચિત્ર લાગતા હતા. એમાંના કેટલાક તો ગંભીર થઈને બેઠા હતા. કદાચ આવતી કાલની આતુરતાથી રાહ જોતા હશે, તો કેટલાક ખૂબ જ ખુશ હતા. હેરીઝાર્ટ ગામના એ અભયારણ્યને લૂંટીને આખેઆખું જ મોઢામાં મૂકી દીધું હોય તેટલો આનંદ તેમના ચહેરા પર દેખાતો હતો.

એમાંના છ તો પિકાર્ડીની ટોપીઓ ગણતા હતા. તેમની ગણના આગળ પડતા તોપચીઓમાં થતી હતી. જોકે હું તો એમને ઓળખતો પણ ન હતો. મારા મિત્ર બ્રેટીગ્નોટે મને એ સૌની ઓળખાણ કરાવી.

એમાંનો એક હતો માક્ષીમોન. ઊંચો અને શુષ્ક કહી શકાય તેવો માણસ હતો એ. સામાન્ય સંજોગોમાં કદાચ એ ખુશમિજાજી સ્વભાવનો હશે, પણ જેવી બંદૂક હાથમાં આવે કે તરત જ હિંસક અને ઝનૂની બની જતો હોય એવું મને લાગ્યું. શિકાર પરથી ખાલી હાથે આવવા કરતાં પોતાના જ એકાદ સાથીનો શિકાર કરી નાખે એવા આ મોક્ષીમોને કોઈ પ્રતિભાવ આપ્યો નહીં. શિકારના ઉમદા વિચારોમાં એ ખોવાયેલો રહ્યો.

બીજો એવો જ મહત્ત્વનો માણસ હતો દુવાઉચેલ. કેવો વિરોધાભાસ! દુવાઉચેલ થોડો ઠીંગણો, જાડો પંચાવનથી સાઠ વર્ષની ઉંમરનો હતો. એટલો બહેરો હતો કે એની પોતાની બંદૂક ફૂટે તો પણ એને સંભળાય નહીં, પરંતુ જયારે પણ શિકાર બાબતે કોઈ વિખવાદ થાય તો એ શિકાર એણે જ કર્યો છે એવું ઝનૂનપૂર્વક સાબિત કરવામાં એ બહેરાશ એને નડતી નહીં. એક મરેલા સસલાં પર એક કરતાં વધારે વાર ગોળીઓ છોડી હોવાનો એણે દાવો કર્યો હતો અને એ પણ ખાલી બંદૂકે! શિકારના ઇતિહાસની એ એક એવી રહસ્યમય ઘટના રહી છે કે એની ચર્ચામાં ઓછામાં ઓછા છ મહિના તો ક્લબ કે સાંજના ખાણાના ટેબલના વાતાવરણને જીવંત રાખી જ શકે!

આ ઉપરાંત મેટીફેટ નામના મહાશયની મજબૂત પકડ પણ મારે સહન કરવી પડી. તેઓ પોતાનાં પરાક્રમોની વિગતે વાત કરવામાં ધન્યતા અનુભવતા હતા. વાત કહેતી વખતે કેવા કેવા ઉદ્‌ગારો! કેવો વર્ણાનુપ્રાસ! તેતરનો અવાજ, કૂતરાનું ભસવું, બંદૂકનો અવાજ! ધાંય! ધાંય! ધાંય! બે નાળચાવાળી બંદૂકના ત્રણ ધડાકા! એને અનુરૂપ જાત જાતની ચેષ્ટાઓ અને વાત કહેતી વખતે સતત અવાજને સાથ આપતા એના હાથ એ બધું જ મારે સહન કરતાં રહેવું પડે તેવી મારી સ્થિતિ હતી એ ઉપરાંત મુખ્ય માર્ગથી નાવડીને બીજી દિશામાં વાળવાની હોય તેવું જ એના હાથોનું હલનચલન,

શિકાર કરતી વખતે વાંકાંચૂંકા રસ્તાઓ પર ફરવું, સરખું નિશાન લેવા ધીમેથી ભાંખોડિયાંભેર પાછળ હટવું, ડાબો હાથ પાછળ રાખવો. જ્યારે જમણો હાથ બંદૂકને ખભા પર પકડી રાખી હોય એ દર્શાવવા છાતી તરફ વાળવો! પીછાં અને રુવાંટીવાળાં પ્રાણીઓ કેવી રીતે નીચે પડે, કેવી રીતે સસલાંઓ ઊંધે માથે નીચે પડે છે તે! આ બધું જ તેની વાતોમાં એ દર્શાવતો. કોઈ પણ બાબત એનાથી અછૂતી રહેતી નહીં. ગાડીના એક ખૂણામાં હું દબાઈને બેઠો હતો. એની આવી જ એક ચેષ્ટા દરમિયાન હું મરતો બચ્યો!

તમારે મેટીફેટ અને એના મિત્ર પોન્ટેક્લોને પણ વાત કરતા સાંભળવા જોઈએ. બંનેના હાથ ભલેને મોજામાં સંતાયેલા હોય, સામાન્ય શિષ્ટાચાર છોડીને તેઓ બંને એકબીજાને ચૂપ કરાવતા રહેતા. બંનેને ડર હતો કે એકના વિસ્તારમાં બીજો પ્રવેશી તો નહીં જાય ને!

"ગયા વર્ષે મેં કેટલાં સસલાં માર્યાં હતાં" અમારું વાહન હેરીસાર્ટ તરફ ધસતું હતું ત્યારે મેટીફેટે આ વાત શરૂ કરી, "મેં મારેલાં સસલાંની તો ગણતરી પણ શક્ય નથી."

"હમમ... બિલકુલ મારી જેમ જ!" મેં મનોમન વિચાર્યું.

"અને, મેટીફેટ, મારી વાત." પોન્ટેક્લોએ તરત જ ઉત્તર વાળ્યો, "ગયા વખતે આપણે આરગોવ્ઝનાં જંગલોમાં શિકાર માટે ગયા હતા તે યાદ છે ને? પેલાં પારેવડાંઓ!"

"હા, પેલું પહેલું જ પારેવડું કેવું નસીબદાર હતું! મેં કેટલી બધી ગોળીઓ ચલાવી હતી છતાં ઊડી જવામાં સફળ થયું હતું."

"અરે, હું તો હજી પણ પેલાં બીજાં પારેવડાંને જોઈ શકું છું. એના પીછાંને એટલી જોરથી ગોળી વાગી હતી કે એની ચામડી અને હાડકાં સિવાય કંઈ જ બચ્યું ન હતું."

"અને પેલું, જે લગભગ તો એક નાનકડા ખાડામાં પડી ગયું હોવાનું જણાતું હતું અને મારો કૂતરો એને શોધી જ શક્યો ન હતો તે!"

"બીજું કાંઈ યાદ છે? એક કબૂતર પર ૧૦૦ ડગલાં દૂરથી ગોળી ચલાવવાની મેં હિંમત બતાવી હતી. જોકે મને તો ખાતરી છે કે મારી ગોળી એને વાગી જ હતી!"

"અને પેલું બીજું કબૂતર જેના પર મેં બે વાર ગોળી છોડી હતી તે! ધડ! ધડ! ધડ! એના ધક્કાથી હું તો ઘાસમાં ઊંધો ગબડી ગયો હતો અને મારો નાલાયક કૂતરો જ એને ખાઈ ગયો હતો."

"અને પેલું પક્ષીઓનું ટોળું! હું બંદૂકમાં ફરીથી ગોળીઓ ભરું ત્યાં સુધીમાં તો ઊડી પણ ગયું હતું. ફૂરરરરર! ફૂરરરરર! ઓહ! શિકારના એ કેવા મજાના દિવસો! કેવા યાદગાર દિવસો!" હા...હા...હા... કરીને પોતાની જ આવી બડાઈભરી વાત ઉપર જોરજોરથી એ હસવા લાગ્યો.

હું શાંતિથી એમની વાત સાંભળતો હતો. મને તરત જ સમજાઈ ગયું કે મેટીફેટ અને પોન્ટેક્લો જે પારેવડાંની વાતો કરી રહ્યા હતા, તેમાંથી એક પણ તેમની શિકાર બૅગ

સુધી પહોંચ્યું નહી જ હોય, પરંતુ કંઈ પણ કહેવાની મેં હિંમત ન કરી. એ માટેનું કારણ પણ હતું. મારા કરતાં વધારે જાણકારી ધરાવતા લોકોની હાજરીમાં બોલતાં હું હંમેશાં શરમાઉં છું. જે હોય તે, પણ જો એ શિકાર કરી શકવાની અસમર્થતા જ હોય તો — ભગવાન જાણે છે કે હું પણ એમના જેવો જ છું.

બીજા શિકારીઓનાં નામ તો મને યાદ નથી, પણ જો હું ભૂલ ન કરતો હોઉં તો તેમાંના એકને તો બાક્કારાનું ઉપનામ મળ્યું હતું, કારણ કે એ હંમેશાં ગોળી તો ચલાવતો, પણ ક્યારેય તે શિકારને લાગતી ન હતી.

કોને ખબર એ ઉપનામ મને પણ એટલું જ લાગુ પડે! કદાચ હું પણ મહત્ત્વાકાંક્ષી બની રહ્યો હતો અને આવતી કાલની આતુરતાથી રાહ જોઈ રહ્યો.

(૪)

આખરે એ યાદગાર દિવસ આવી જ ગયો! પરંતુ હેરીસાર્ટ ખાતેની ધર્મશાળાની એ આગલી રાત! કેવી ભયાનક! આઠ માણસો માટે એક જ ઓરડી! ચારેતરફ ગંદકી જ ગંદકી. અભયારણ્ય કરતા તો અહી જ વધારે સારો શિકાર થયો હોત! ભયંકર ભયંકર પ્રકારના પરોપજીવી જીવજંતુઓ તો હતાં જ! ઉપરાંત કૂતરાઓ સાથેનો ભાઈચારો રાખવાનું પણ ફરજિયાત હતું! તે પણ અમારા પલંગો પાસે જ આળોટતા હતા. અમારી જેમ જ જીવજંતુઓથી પરેશાન, તેમના શરીરને એટલું ખંજવાળતા હતા કે આખી જમીન જાણે કે હલી જતી હતી.

બીજી બાજુ હું હતો, અમારી ધર્મશાળાની માલિક અસ્તવ્યસ્ત વાળવાળી, પિકાર્ડીની વૃદ્ધ સ્ત્રી હતી. મેં એકદમ નિર્દોષ ભાવે એને પૂછ્યું, ''આ કક્ષમાં માખી-મચ્છરો જેવાં જીવડાં તો નથી ને?''

''ઓહ! ના!'' એણે મને કહ્યું, ''જળો જેવાં જીવડાં માખીઓને ખાઈ જાય છે.''

એવી બધી બાબતોમાં મગજ ઘસવાનું બંધ કરી આખરે પહેરેલાં બધાં જ કપડાં સાથે, ગમે ત્યારે પડી જાય એવી એક જૂની ખુરશી ઉપર જ લાંબા થવાનું મેં નક્કી કર્યું. જરા પણ હલનચલન થાય કે તરત એ ખુરશી ચૂં ચૂં કરતી રહેતી હતી. મારે આખી રાતનો ઉજાગરો થયો. આ સંજોગોમાં જ્યારે દિવસ ઊગ્યો ત્યારે હું સંપૂર્ણપણે થાકી ગયેલો હોઉં તેવો જ ઊઠ્યો.

સૌથી પહેલો હું જ ઊઠ્યો. બીજા બધા તો ઘોરતા જ હતા. અન્ય બિનઅનુભવી શિકારીઓની જેમ હું પણ બહાર શિકાર પર જવા માટે અધીરો હતો. એમ થતું હતું કે નાસ્તો કર્યા વગર, સૂરજ ઊગે તે પહેલાં જ અભયારણ્યમાં પહોંચી જાઉં, પરંતુ આ શિકારકલાના અઠંગ ખેલાડીઓએ — જેમને મેં વિનયપૂર્વક, સમ્માન સાથે એક પછી એક જગાડ્યા. મારી અધિરાઈ બાબતે અસંતોષ અને ફરિયાદનો સૂર કાઢી તેમણે મારા જેવા શિખાઉના ઉત્સાહ પર પાણી ફેરવી દીધું.

એમને બરાબર ખબર હતી કે સવારના પહોરમાં, પારવેડાંઓની પાંખ ઝાકળથી ભીની હોવાને કારણે તેઓ માળામાં જ બેસી રહેતાં હોય છે. તેમનો શિકાર એ સમયે

કરવો મુશ્કેલ હોય છે. એક વાર પોતાના માળામાંથી એ ઊડી જાય ત્યાર બાદ તેઓ માળામાં ઝડપથી પાછાં ફરતાં નથી.

એટલે અમારે તો આ મળસ્કાના એવાં આંસુ સવિતાનારાયણ પી જાય, ત્યાં સુધી રાહ જોવી જ રહી.

છેવટે, દિવસ ખૂલ્યો. સવારના રોજિંદા પીણાં બાદ અમે સરાઈ છોડી. અમારા સાંધાઓ પર માલિશ કરતાં કરતાં અમે જ્યાંથી અભયારણ્ય શરૂ થતું હતું, તે મેદાન તરફ નીકળી પડ્યા.

અભયારણ્યની સીમામાં દાખલ થયા કે તરત જ બ્રેટીગ્નોટે મને એક તરફ ખેંચ્યો અને કહ્યું, "તારી બંદૂકનું નાળચું જમીન તરફ જ રાખજે અને અને ધ્યાન રાખજે કે તારાથી કોઈનું ખૂન ન થઈ જાય!"

"હું ચોક્કસ પ્રયત્ન કરીશ જ." મેં ખાતરી આપ્યા વગર જવાબ વાળ્યો, "પરંતુ આ જ બાબત તમને પણ લાગુ પડે ખરી કે?"

બ્રેટીગ્નોટે તિરસ્કારપૂર્વક ખભા ઉલાળ્યાં. આખરે દરેકને જે રીતે ગમે અને આનંદ આવે એ રીતે. અમે શિકાર માટે નીકળ્યાં.

એ પ્રદેશ ઘણો જ વિચિત્ર હતો. નામ પણ કેવું વિરોધાભાસી છે — હેરીઝાર્ટ શબ્દનો અર્થ થાય છે ગીચ વનપ્રદેશ. જ્યારે આ પ્રદેશ તો તદ્દન વેરાન હતો! વળી આ અભયારણ્ય તો મોન્ટ-સોઉસ-વુડ્રેટની જેમ શિકારથી ભરપૂર પણ જણાતો ન હતો, પરંતુ એના અંદરના ભાગોમાં તો શિકારની મજા જ જુદી હોવાનું કહેવાતું હતું. વિપુલ પ્રમાણમાં શિકાર મળી રહે તેમ કહેવાતું હતું. મેટીફેટ કહે છે તેમ, ત્યાં જુઓ સસલું દેખાય અને એ દેખાય જ! પોન્ટેકલોએ કહ્યું, "એક ડઝન કરતાં પણ વધારે."

સરસ શિકાર ખેલવા મળશે એવી આશામાં અને આશામાં, આ બધા માણસો ખૂબ જ હળવા મૂડમાં હતા.

આ રીતે અમે આગળ વધ્યા. વાતાવરણ ઘણું સરસ હતું. સૂર્યનાં કિરણો સવારના ધુમ્મસની આરપાર જમીનને પ્રકાશિત કરી રહ્યાં હતાં. એના વર્તુળાકાર પરાવર્તનોથી ક્ષિતિજ તેજસ્વી બની હતી. વિવિધ પ્રકારનાં પક્ષીઓનો કલશોર સંભળાઈ રહ્યો હતો. જાણે કે એકબીજાને બોલાવતાં હોય કે પછી કોઈ ચોક્કસ ઇશારો કરતાં હોય તેવા એ અવાજો હતા. મરઘા-બતકાંના ટૂંકા અવાજો વગેરેથી વાતાવરણ ગાજી રહ્યું હતું. પંખીઓ તેમના માળામાંથી સીધા ઊડીને ઊંચા આકાશમાં વિહરતાં હતાં.

એ જોઈ હું મારી જાતને કાબૂમાં રાખી શક્યો નહીં. મેં મારી બંદૂકને ખભા પર લઈ લીધી, "ગોળી ન ચલાવીશ! ગોળી ન ચલાવીશ!" એ મારો મિત્ર બ્રેટીગ્નોટ હતો. એ મને ધ્યાનથી જોઈ રહ્યો હતો.

"કેમ નહીં? એ પારેવડાં નથી?"

"ના, એ લાવરી છે! ગોળી ન ચલાવીશ."

એ કહેવાની કંઈ જરૂર નથી કે બધા જ મારી તરફ વારાફરતી અવિશ્વાસભરી નજરે જોતા હતા. તેઓ કાળજીપૂર્વક તેમના કૂતરાઓ સાથે આગળ વધતા રહ્યા. તેમના શ્વાનો નીચું નાક રાખી સૂંઘતા-સૂંઘતા ઝડપથી ઘાસ અને ઝાડીઓની વચ્ચે ચાલી રહ્યા હતા. જાણે કાંઈ શોધી ન રહ્યા હોય! પ્રશ્નાર્થ ચિહ્ન જેવી તેમની ઊભી પૂંછડીઓ આમતેમ હલ્યા કરતી — મને સતત લાગતું હતું કે મને કોઈ પ્રશ્ન પૂછી રહ્યું હતું, જેનો જવાબ આપવા હું અસમર્થ હતો.

મને લાગ્યું કે પોતાને મહાન શિકારી ગણતા આ મહાશયો મારા જેવા એક શિખાઉ શિકારીની નજીક રહી કોઈ પણ જાતનું જોખમ લેવા તૈયાર ન હતા. કદાચ મારી બંદૂકનો ભય તેમને સતાવી રહ્યો હતો.

"મહેરબાની કર! તારી બંદૂકને સાચવ!" બ્રેટીગ્નોટે મારાથી દૂર જતાં પહેલાં મને ચેતવણી આપી.

"સાચું કહું તો, બીજા બધા કરતાં વધારે ખરાબ રીતે હું મારી બંદૂકને સાચવતો હોવાનું મને લાગતું નથી!" એની વધારે પડતી સલાહથી કંટાળીને મેં જવાબ વાળ્યો.

બીજી વાર બ્રેટીગ્નોટે ખભા ઉલાળ્યા અને આગળ જતો રહ્યો. પાછળ રહેવાની મારી પણ કોઈ ઇચ્છા ન હતી, તેથી મેં તેની પાછળ પાછળ જ થોડું અંતર રાખી ચાલવાનું નક્કી કર્યું.

(૫)

હું મારા સાથીદારો સાથે થઈ ગયો, પરંતુ તેમને ડરાવવાની મારી કોઈ ઇચ્છા ન હતી, તેથી મેં મારી બંદૂકનું નાળચું ઊંચું રાખી એને ખભા પર ભેરવી.

આ ધંધાદારી શિકારીઓ, તેમના શિકારના ગણવેશમાં કેવા પ્રભાવશાળી લાગે છે — સફેદ કોટ, વેલવેટની સિલાઈ સાથેનું બેગી પાટલૂન, મોટી ખીલીવાળા જૂતાં, જેના સોલ ઉપરના ભાગ પર જોડાયેલા હતા. ઊનનાં મોજાં પર આખા પગ ઢંકાઈ જાય એવાં લીનનના બીજાં મોજાં, સુતરાઉ મોજાં વધારે પસંદગીપાત્ર હતાં, શિકાર માટેના ખાસ જૂતાં સખત હતાં અને તે પગમાં છાલાં પાડે તેમ હતું. પહેરતાંની સાથે જ મને એ વાતનો ખ્યાલ આવી ગયો. ભાડાનાં કપડાંમાં હું તેમના જેવો પ્રભાવશાળી લાગતો ન હતો. તેમ છતાં મારા જેવા નવા નિશાળિયા પાસે અનુભવી હાસ્ય કલાકાર જેવાં કપડાં હોય એવી અપેક્ષા પણ ન હતી.

જ્યાં સુધી શિકારનો સવાલ હતો ત્યાં સુધી મને તો કંઈ જ દેખાતું ન હતું. જોકે એ વાત પણ એટલી જ સાચી હતી કે આ અભયારણ્ય તેતર, પારેવડાં અને જાન્યુઆરી માસના પેલાં સસલાંઓ — મારા સાથીદારો જેને પોણિયા કહેતા હતા, જેનાથી એમના મોઢામાં પાણી છૂટતું હતું. તેનાથી ભરપૂર હતું. અન્ય શિકારલાયક પશુપક્ષીઓ પણ ત્યાં વિપુલ પ્રમાણમાં મળતાં હોવાનું તેઓ જણાવતા હતા. તેમણે જણાવ્યું એટલે મારે આ બધી વાત માનવી જ રહી ને!

"અને જો," મારા મિત્ર બ્રેટીગ્નોટે મને કહ્યું, "કાળજી રાખજે. માદા હરણ જ્યારે ગર્ભવતી હોય ત્યારે તેનો શિકાર ન થઈ જાય! એ ખેલદિલ શિકાર નથી."

“ગર્ભવતી હોય કે ન હોય, એકાદ દેખાય તો ખરી! મને તો ઉકાળેલા સૂપમાં પણ સસલું છે કે ગલીઓમાં ફરતી બિલાડી છે, તેની વચ્ચેનો તફાવત ખબર પડે તેમ નથી.”

“એક બીજી સલાહ, જો તું સસલાથી શરૂ કરવાનો હોય તો આ સલાહ ઘણી મહત્ત્વની છે.”

“અહીં એકાદ દેખાય તો ને?” મેં જરા કટાક્ષમય રીતે જવાબ વાળ્યો.

“મળશે, મળશે!” બ્રેટીગ્નોટે શાંતિપૂર્વક મને ખાતરી આપી, “જો સસલાનું શરીર એવી રીતે બન્યું હોય છે કે ઢોળાવ ચઢતી વખતે એની ઝડપ વધારે હોય છે અને ઊતરતી વખતે ઓછી. નિશાન લેતી વખતે આ બાબત ધ્યાનમાં રાખજે.”

“મને તમે જણાવ્યું તે ઘણું સારું કર્યું, તમારા આ મિત્રધર્મ માટે ઘણો ઘણો આભાર.” મેં જવાબ વાળ્યો, “તમારી સલાહ વ્યર્થ નહીં જાય અને હું ખાતરી આપું છું કે આ સલાહનો ફાયદો હું જરૂર ઉઠાવીશ.”

પરંતુ અંદરખાને મને ખબર હતી જ કે ઢોળાવ પરથી ઊતરતી વખતે પણ મારી ખૂની બંદૂક એનો પીછો કરી શકે, તેના કરતાં તે વધારે ઝડપથી જ દોડવાનું હતું!

“ચાલો, ચાલો! મેક્ષીમોન હુકમ આપતો હોય એમ બોલ્યો, “આપણે અહીં શીખાઉ લોકોને શિકાર કરવાની તાલીમ આપવા નથી આવ્યા!””

કેવો ભયંકર માણસ! પણ મેં જવાબ આપવાની હિંમત કરી નહીં.

અમારી સામે જ એક મોટું મેદાન દેખાયું. સાથેનાં શિકારી કૂતરાઓ તેમાં આગળ નીકળી ગયા હતા અને તેમના માલિકો પણ વિવિધ દિશાઓમાં મનફાવે તેમ જઈ રહ્યા. હું તો ફક્ત તેઓ મારી નજર બહાર નીકળી ન જાય તેટલું જ કરી શક્યો. મારા આ સાથીઓ, પોતે સ્વભાવે જોકર જેવા હોવા છતાં મારી મજાક કરશે કે મારી અણઆવડત ઉઘાડી પડી જશે એવો વિચાર મને અશાંત કરતો હતો. એવી બાબતમાં મને એક શિખાઉ શિકારીની મજેદાર વાત યાદ આવી ગઈ. એના અનુભવી સાથીઓએ એને ઝાડી ઉપર બેઠેલાં સસલાં પર ગોળી છોડવાનું કહ્યું અને એ સસલું તો રમકડાનું જ હતું. સાથેસાથે તેઓ પાનો ચઢાવતા હોય તેમ ઢોલ પણ વગાડતા હતા. શિખાઉ શિકારીની આ રીતની મજાક ખરેખર ક્રૂર કહી શકાય તેવી હતી. મારી સાથે જો આવું કંઈક થાય તો તો હું શરમનો માર્યો મરી જ જાઉં!

અમે કોઈ ચોક્કસ દિશા વગર આગળ વધતા રહ્યા. ઘાસના મેદાનમાં થઈને કૂતરાઓની પાછળપાછળ અમે પર્વતશ્રેણી સુધી પહોંચ્યા. થોડા કિલોમીટર દૂરની એ પર્વતશ્રેણીનો ઉપરનો ભાગ ઝાડીઓથી ઢંકાયેલો હતો.

મારા સાથીઓ આવી ઝાંખરાવાળી, કાદવકીચડથી ભરેલી મુશ્કેલ જમીન ઉપર ચાલવા ટેવાયેલા હતા. તેમની સાથે રહેવા હું મારી શક્તિ બહારનો પ્રયાસ કરતો રહ્યો, પરંતુ તેઓ આગળ વધતા જ રહ્યા એટલું જ નહીં, મારાથી ઘણા આગળ નીકળી ગયા અને હું ઘણો જ પાછળ રહી ગયો. મારો મિત્ર બ્રેટીગ્નોટ પણ, શરૂઆતમાં તો મને મારા બૂરા નસીબ પર છોડવાને બદલે ધીમો ચાલતો હતો, પણ

પાછળથી સૌથી પહેલા શિકાર કરવાની લાલચમાં ઝડપથી આગળ નીકળી ગયો. મિત્ર બ્રેટીગ્નોટ, મને તારી આ હરકત સામે ફરિયાદ નથી. મિત્રતા કરતા તારી શિકારની લાલસા વધારે છે અને તેના કારણે જ આગળ વધી જવાની ઇચ્છા તું રોકી નથી શકતો! એની એ હરકતને હું સમજી શકતો હતો. થોડી વાર પછી તો હું સાથીઓનાં માથાં જ જોઈ શકતો હતો. કાળીનાં પત્તાંઓની વચ્ચે દેખાતા એક્કા જેવા તેમના માથાં ઝાડીઓની વચ્ચે ક્યારેક ક્યારેક દેખાઈ રહ્યા હતા.

જોકે હેરીસાર્ટની એ ધર્મશાળા છોડ્યે બે કલાક થઈ ગયા હોવા છતાં પણ મને બંદૂકનો એક પણ ધડાકો સંભળાયો ન હતો. બોલો, એક પણ નહીં! શિકારની બૅગ અમે નીકળ્યા ત્યારે જેવી ખાલી હતી તેવી જ લઈને અમારે પાછા જવાનું થશે તો! તો તો ચોક્કસ જ ગુસ્સો, એકબીજા પર દોષારોપણ, ઝઘડાઓ વગેરે... વગેરે.

પણ મારી વાત કોણ માનશે? સૌથી પહેલાં બંદૂક ચલાવવાની તક મને જ મળી. કેવા સંજોગોમાં એ કહેતાં પણ મને તો શરમ આવે છે.

હું જણાવવાની હિંમત કરું? મારી બંદૂકમાં ગોળીઓ તો નાખેલી હતી જ નહીં. નવશિખાઉની બેકાળજી? ના, આ તો સ્વમાનની બાબત છે. મને ડર હતો કે હું કદાચ મારી અણઆવડતને લીધે આ કામ બગાડી ન દઉં. તેથી હું એકલો પડું તેની રાહ જોવાનું મેં નક્કી કર્યું. જ્યારે કોઈ જ જોતું ન હતું ત્યારે મેં ગોળીઓનો ડબ્બો ખોલ્યો. બંદૂકની ડાબી નળીમાં એક ગોળી મૂકી. ઉપરથી મેં ઘણો વધારે પડતો દારૂગોળો ધરબી લીધો — ઓછો ભરવાને બદલે વધારે પડતો! કોને ખબર? એકાદ વાર વધારે ગોળી છોડવાનું થાય તો! ખાલી બૅગ લઈને તો ઘેર જવાની સ્થિતિ ન થાય એ વિચારે જ તો! પછી મેં જબરજસ્તી કરીને ઠૂંસી-ઠૂંસીને એટલો દારૂ ભર્યો કે મારી બંદૂક જ ફાટી જાય — કેવું અવિચારી કામ! આવી રીતે ભરેલી બંદૂકની નળીની ઉપરનું ઢાંકણ મેં બંધ કર્યું.

આ જ પ્રક્રિયા મેં જમણી બાજુની નળીમાં પણ કરી, પણ જ્યારે હું દાબીદાબીને બંદૂકમાં દારૂ ભરતો હતો ત્યારે અચાનક જ ધડાકો... બંદૂકમાં કાંઈક થયું. અંદર ભરેલું બધું જ મારા ચહેરા પર ફેલાઈ ગયું! ડાબી બાજુની નળી ઉપરનું ઢાંકણ બરાબર બંધ કરવાનું હું ભૂલી ગયો હતો. વધારે પડતા દબાણને કારણે એ આપોઆપ જ ખૂલી ગયું.

નવશિખાઉ લોકો માટે આ એક અગત્યની ચેતવણી! સામેના એ હેરીસાર્ટ અભયારણ્યમાં એક દુખદ અકસ્માત સાથે મેં શિકારની મોસમ શરૂ થયાનું જાહેર કરી દીધું. સ્થાનિક સમાચારપત્રો માટે કેવો ગરમાગરમ મસાલો!

કારણ વગર જ બંદૂકમાં ધડાકો થયો ત્યારે હા, મને એક વિચાર જરૂર આવ્યો! — એ દિશામાં જો પણ કોઈ શિકાર હશે, તો તો ચોક્કસ જ એમાંથી છૂટેલી ગોળી એને લાગી જ હશે!

એ દરમિયાન બ્રેટીગ્નોટ અને એના અન્ય સાથીઓ પર્વતમાળાની તળેટી સુધી પહોંચી ગયા હતા. તેઓ ત્યાં થોભી ગયા અને એમની કમનસીબીને કેવી રીતે દૂર કરી કંઈક શિકાર મેળવી શકાય તે અંગે ચર્ચાવિચારણા કરવા લાગ્યા. મારી બંદૂક ફરીથી ભરી હું તેમની સાથે થઈ ગયો — જોકે આ વખતે મેં બંદૂક ભરવામાં સાધવાની રાખી.

મેક્ષીમોને અઠંગ શિકારીને છાજે એ રીતે... ઊંચા અવાજે પૂછ્યું, "તમે ગોળી ચલાવી?"

"હા, એ તો... હા, મેં ગોળી ચલાવી." ગળચવાં આવતો હોય તે રીતે હું ગેંગેંફેંફેં કરવા લાગ્યો.

"તેતર?"

"તેતર!"

દુનિયાની કોઈ પણ તાકાત મને આવા માણસો સામે મારી અણઆવડત કબૂલ કરાવી શકે એમ ન હતું.

"ભલે, પણ એ તેતર ક્યાં છે?" મારી ખાલી શિકારબૅગને તેની બંદૂકના નાળચાંથી ઘોંચી એણે પૂછ્યું.

"ખોવાઈ ગયું!" બેકાળજીપૂર્વક મેં જવાબ આપ્યો, "તમે શી આશા રાખો છો? મારી પાસે તો કૂતરો પણ નથી! ઓહ, જો મારી પાસે કૂતરો હોત તો!"

ખરેખર, તમારામાં રહેલી અક્કલનો થોડી માત્રામાં પણ ઉપયોગ યોગ્ય સમયે થઈ શકે તો તમને સાચા શિકારી બનતાં કોઈ રોકી ન શકે!

અચાનક મારી ઊલટતપાસમાં આકસ્મિક રીતે જ ખલેલ પડી. પોન્ટેક્લોના કૂતરાએ દસ ડગલાં કરતાં પણ ઓછા અંતરે તેતર જેવું એક નાનકડું પક્ષી શોધી કાઢ્યું. સૌનું ધ્યાન ત્યાં ગયું. સહજ રીતે જ અંતસ્ફુરણાથી મેં મારી બંદૂકને ખભા પર મૂકી અને નિશાન લીધા વિના જ મેં ઘોડો દબાવ્યો.

કોઈએ જાણે મને લાત મારી હોય એવું થયું. બંદૂક બરાબર ચલાવતાં પણ નથી આવડતું એ ભાવ સામે સૌએ મારી સામે જોયું, પણ મારી બંદૂકના એક ધડાકા પછી બીજો ધડાકો તરત જ સંભળાયો. એ પોન્ટેક્લોની બંદૂકનો ધડાકો હતો.

તેતરને ગોળી વાગી તે નીચે પડ્યું. કૂતરો એને પોતાના માલિક પાસે લઈ ગયો અને એણે એની શિકારની બૅગમાં મૂકી દીધું.

એટલું બોલવાની પણ તેમનામાં સલુકાઈ ન હતી કે, આ શિકાર પાછળ મારો પણ ફાળો હોઈ શકે છે, પરંતુ હું કંઈ બોલ્યો નહી. મારી હિંમત જ ન હતી. હું સ્વાભાવિક રીતે જ થોડો ગભરુ છું અને મારા કરતાં વધારે જાણકારી ધરાવતા લોકો વચ્ચે તો ખાસ!

પરંતુ આ પ્રકારની સફળતાએ પણ આ ગાંડા શિકારપ્રેમીઓને જાણે કે નવું જ બળ આપ્યું! જરા વિચાર કરો! ત્રણ કલાકના રઝળપાટ બાદ સાત શિકારીઓ વચ્ચે

એક નાનકડું તેતર! હવે એ તો માની શકાય એમ હતું જ નહી કે શિકારથી ભરપૂર હેરીઝાર્ટ અભયારણ્યમાં બીજું એકેય પક્ષી ન હોય.

થોડા ડુંગરાઓ ઓળંગી અમે ખેતી માટે તૈયાર કરાયેલાં ખેતરોમાં પહોંચ્યા. બિયારણ વાવવા તૈયાર કરાયેલા એ ચાસમાં ચાલવું મારા માટે મુશ્કેલ હતું. એમાં થકવી દે તેવા લાંબાં ડગલાં ભરવા પડે. વળી એની ભીની માટીમાં પગ વારંવાર લપસી જતો હતો. મારા માટે એ સુખદ અનુભવ ન હતો. હું તો શહેરની પહોળી સપાટ સડકો પર જ ચાલવાનું પસંદ કરું.

કૂતરાઓના ઝૂંડ સાથેનું અમારું આ ટોળું બીજા બે કલાક સુધી રખડ્યું, પણ અમને કંઈ જ દેખાયું નહી. બધાના કપાળ પર ગુસ્સા અને ચિંતાભરી કરચલીઓ દેખાવા માંડી હતી. એક પ્રકારનો ક્રોધ અને ચીડિયાપણું નાના અમથા કારણસર કે વગર કારણે પણ દેખાવા માંડ્યું. કોઈક ઝાડી-ઝાંખરાં સાથે અથડાયું તો તેના ઉપર, તો કોઈક પગમાં વચ્ચે અટવાતા કૂતરા ઉપર ગુસ્સો ઉતારવા લાગ્યા. ટૂંકમાં, બધાના ખરાબ મૂડની એ નિશાની હતી.

છેવટે લગભગ ૪૦ ડગલાં દૂર બીટરૂટના ખેતર પાસે તેતરો દેખાયાં. હું એમ કહેવાની હિંમત નથી દાખવી શકતો કે એ ટોળું હતું કે આખા ટોળામાંથી છૂટા પડેલા છેલ્લાં-છેલ્લાં પક્ષીઓ જ હતાં.

સાચું કહું તો ફક્ત બે જ તેતર હતાં.

પણ તેથી શો ફરક પડે? મેં કથ્થાઈ રંગના પક્ષી પર નિશાન સાધી ગોળી છોડી અને આ વખતે મારી પાછળ પાછળ જ બીજી બે ગોળીઓ છૂટી. પોન્ટેક્લો અને મેટીફેટ — બંનેએ સાથે જ બંદૂક ચલાવી. એક પક્ષી તો તરત જ ઢળી પડયું. બીજું મહત્તમ ગતિએ ઊડીને લગભગ અડધા માઈલની દૂરી પર, નાનકડી ટેકરીની પાછળ જતું રહ્યું.

અરે! ઓ, શાપિત તેતર. તેં આ કેવો વિવાદ ઊભો કર્યો! મેટીફેટ અને પોન્ટેક્લો વચ્ચે કેવી દલીલો અને બોલાચાલી! બંને એમ જ માનતા હતા કે તેમની બંદૂકે જ કામ કર્યું હતું... કેવો કટુ વિવાદ અને સામસામી દલીલો! મનદુ:ખ થાય તેવું અવિવેકી દોષારોપણ! અને વિશેષણોની તો વાત જ કરવા જેવી નથી... બીજાની વસ્તુ પચાવી લેનાર! ચોક્કસપણે એ જ હતો. બીજો કોઈ નહી. જેને બોલવાની શરમ નથી એવા લોકોને શેતાન લઈ લે! આ કદાચ છેલ્લી વાર જ હશે કે તેઓ સાથે બહાર ગયા. હવે તેઓ ક્યારેય સાથે બહાર નહી જાય! બીજા વિશેષણો તો આથી પણ વધારે ખરાબ હતાં. મારી કલમ એ શબ્દો લખી શકે તેમ નથી.

સાચી વાત તો એ હતી કે આ બંને મહાશયોએ એકસાથે જ ગોળી ચલાવી હતી.

ખરેખર તો એક ત્રીજી ગોળી પણ ચાલી હતી, અને તે આ બંને ગોળીઓ કરતાં પહેલાં ચાલી હતી, પણ — એના વિશે વાત થાય એવી એની લાયકાત ન હતી. શું એવું વિચારી પણ શકાય કે એ તેતરનો શિકાર મેં કર્યો હતો? જરા વિચારો, એક બિનઅનુભવી શિકારીની બંદૂકમાંથી ફૂટેલી ગોળી? કોણ એ વાત સ્વીકારવાનું હતું?

પોન્ટેક્લો અને મેટીફેટના ઝઘડામાં વચ્ચે પડવાની હિંમત એ જ કારણે મેં ન કરી. તેમને કોઈ વાત પર સંમત થવા માટે પણ નહીં. જો મેં એ પક્ષી પર મારો હક્ક જાહેર ન કર્યો, તો એનું કારણ એ જ હતું કે હું સ્વભાવે ગભરુ છું... બાકીની વાત તો તમે જાણો જ છો!

(૭)

છેવટે બપોર થઈ. અમારા પેટને રાહત આપવા અમે એક ઢોળાવ પાસે, એક જૂના ઝાડ નીચે રોકાયા. બંદૂકો અને શિકાર મૂકવાની બૅગ. અરેરે... હજી પણ ખાલી — એક બાજુ પર પડી હતી. બપોરનો ભોજનનો સમય થયો હતો. સવારે નીકળ્યા ત્યારથી અકારણ વપરાઈ રહેલી શક્તિને પાછી મેળવવાની ખૂબ જ જરૂર હતી. શિકારની કથા તો મોડી સાંજ સુધી ચાલવાની જ હતી.

સાચું કહું તો મન વગરનું ભોજન! ભોજન ઓછું અને પ્રત્યારોપણ વધારે! કેવું ખરાબ અભયારણ્ય! શિકાર માટે, ખૂબ જ સરસ રીતે જાળવેલો પ્રદેશ! ગેરકાયદે શિકાર કરનાર શિકારીઓએ એને નકામો બનાવી દીધો હતો! તેમને સૌને તો એમની છાતી પર લેબલ લગાવી ઝાડ પર લટકાવી દેવા જોઈએ. કાયદેસરનો શિકાર મુશ્કેલ બની રહ્યો છે. માત્ર એક-બે વરસ જવા દો અને કોઈ શિકાર બાકી જ નહીં રહે! થોડાં વર્ષો માટે શિકાર પર પ્રતિબંધ કેમ નથી મૂકી દેતા? હા! ના! ટૂંકમાં, સવારથી કોઈ પણ શિકાર ન કરી શકેલા શિકારીઓની આ પ્રાર્થના હતી.

થોડી વાર પછી પોન્ટેક્લો અને મેટીફેટ વચ્ચે પેલા જૂના વિવાદે ફરી પાછું માથું ઊંચક્યું, તેતરના પેલા અસંદિગ્ધ શિકાર વિશે જેને પોતે માર્યું હોવાનો બંનેનો દાવો હતો. બીજાઓ પણ આ વિવાદમાં ઘસડાયા. મને લાગ્યું કે આ વિવાદનો અંત મારામારીથી જ આવશે કે કેમ?

છેવટે એક કલાકના વિરામ બાદ અમે ફરીથી અમારા રસ્તે નીકળ્યા — આ તરફના લોકો જે કહે છે તે રીતે — ખોરાક લઈને અને અમારી સીટીઓને ધારદાર બનાવીને, કદાચ સાંજના ભોજન પહેલાં અમારું નસીબ પલટાય! એ જ સાચો શિકારી છે, જે છેલ્લી ઘડી સુધી આશાનો તાંતણો ન છોડે. જ્યાં સુધી રાત ન થાય ત્યાં સુધી પોતાના ઘેર કુટુંબ પાસે જવાનો વિચાર સુદ્ધાં ન આવે!

અમને સૌને મોટા શિકારી હોવાનો વહેમ હતો. ફરી પાછા અમે આગળ ચાલ્યા. કૂતરાઓ પણ હવે તો અમારી જેમ ફરિયાદ કરતા હોય તેમ આગળ વધી રહ્યા હતા. તેમના માલિકો તેમને ઘાંટા પાડીને આદેશ આપતા હતા. જાણે કોઈ અંગ્રેજી જહાજનો જાલિમ કૅપ્ટન નાવિકો પર હુકમો છોડતો હોય!

હું અસ્થિરપણે તેમને અનુસરી રહ્યો. મને એવું લાગવા માંડ્યું કે જાણે મને કોઈએ ફટકો માર્યો હોય. મારી શિકારની બૅગ ખાલી જ હતી, પરંતુ મારા ખભા પર મને એનું વજન લાગતું હતું. મારી બંદૂક માની ન શકાય તેટલી ભારે લાગતી હતી. ચાલવાની લાકડીનો ટેકો લેવાની મને તીવ્ર ઇચ્છા થઈ આવી. બંદૂકનો પાઉડર ભરેલી બાટલી, ગોળીઓની બૅગ, આ બધું જ હું પેલા ગામડિયા છોકરાઓને ખુશી ખુશી આપવા તૈયાર

હતો. એ છોકરાઓ હું શેનો શિકાર કરીશ તે જોવા માગતા હોય અને મજાક કરતા હોય તે રીતે મારી સાથે સાથે ચાલતા હતા, પણ હવે ગોળી ચલાવવાની હિંમત પણ મારામાં રહી ન હતી.

બીજા બે કલાક, બે જીવલેણ કલાકો પણ પસાર થઈ ગયા. અમે પગપાળા દસ માઈલ જેટલું ચાલ્યા હોઈશું. મને એક વાત સાફસાફ દેખાઈ રહી હતી કે આ સાહસિક અભિયાન બાદ ઘેર લઈ જવા માટે તેતર નહીં, પણ કમરનો દુખાવો જ મળવાનો છે.

અચાનક જ કંઈક સળવળાટના અવાજે મારું ધ્યાન ખેંચ્યું! આ વખતે ખરેખર જ ઝાડીઓમાંથી ઉપર તરફ ઊડતું તેતરનું ટોળું જ હતું. બધાએ એ દિશામાં એકીસાથે ગોળીઓ છોડી! જેને જે રીતે મન થાય તે રીતે! ૧૫ જેટલી ગોળીઓ છોડવાનો એકસામટો અવાજ આવ્યો. એમાંથી એક ગોળી મારી પણ હતી.

પછી ધુમાડાની વચ્ચે કોઈનો દુ:ખભર્યો ઊંહકારો સંભળાયો! મેં ત્યાં નજર કરી.

અચાનક ઝાડીઓમાંથી એક ચહેરો દેખાયો.

એ એક ગામડિયો હતો. એનો જમણો ગાલ એવી રીતે સૂજી ગયો હતો કે જાણે એણે મોઢામાં નાનું સફરજન ભર્યું હોય.

"'અરે, અકસ્માત!' બ્રેટીગ્નોટ બોલ્યો.

"હવે એ જ બાકી હતું!" દુવાન્ચેલેએ સણસણતો કટાક્ષ કર્યો.

આ ઘટના અંગે તેમની પાસે બોલવા માટે આટલા શબ્દો જ હતા. નેપોલિયનના શબ્દોમાં "મારી નાખવાના હેતુ વગરની, ઘાયલ કરવાની સજા" અને આ માણસો, માનવતાવિહોણા આ માણસો, તેમના કૂતરાઓ પાછળ ગાંડા હોય તે રીતે દોડ્યા. કૂતરાઓ બે તેતરને લઈને આવ્યા — બંને ફક્ત ઘાયલ હતાં. હજી તેમાં શ્વાસ ધબકતો હતો. દયામણી નજરે તેઓ જીવનની ભીખ માગી રહ્યાં હોય તેમ મેં અનુભવ્યું, પરંતુ તેમણે પોતાનાં જૂતાં વડે તેમની ડોક મરડી નાખી. જો આવા નિર્દય લોકોને ક્યારેક ખતમ કરવાની જરૂરત પડે તો તેમને પણ આ જ રીતે ખતમ કરવાની મને ઇચ્છા થઈ આવી.

આ સમય દરમિયાન પેલો ગામડિયો તો બિચારો ત્યાં જ ઊભો હતો. સૂજેલા ગાલને કારણે કંઈ પણ બોલી શકવા અસમર્થ. બ્રેટીગ્નોટ અને એના સાથીઓ પાછા આવતા દેખાયા.

"અરે ઓ ભાઈ, શું થયું,?" મેટીફેટે આશ્વાસનના સૂરે પૂછ્યું.

"એને જડબામાં વાગ્યું છે." મેં કહ્યું.

"આ તો કંઈ જ નથી!" દુવાન્ચેલેએ કહ્યું.

"હા! હા!" પેલા ગામડિયાને ઘણું વાગ્યું છે. તે બાબત પર ભાર મૂકવા ભયંકર દુખાવો થતો હોય તેવો ચહેરો બનાવવા માંડ્યો.

“પણ આ બિચારા ગરીબની જિંદગી જોખમમાં મૂકી દે એવું અણઘડ અહીં કોણ છે?” બધાની સામે પ્રશ્નાર્થ નજરે જોતાંજોતાં બ્રેટીગ્નોટે પૂછ્યું. છેવટે એણે મારા પર નજર ઠેરવી. બધાની જ નજર મારા તરફ હતી.

“તેં ગોળી ચલાવી?” મેક્ષીમોને મને પૂછ્યું.

“હા, મેં પણ ગોળી છોડી... બધાની જેમ જ!”

“બસ તો આ જ છે!” દુવાચેલ બોલ્યો.

“તું જ નેપોલિયન જેવો ઘૃણાત્મક શિકારી છે!” પોન્ટેક્લો તિરસ્કારભર્યા અવાજે બોલ્યો.

“હું! હું!” હું આશ્ચર્યપૂર્વક બોલી પડ્યો.

“તારા સિવાય બીજું કોઈ હોઈ જ ન શકે!” બ્રેટીગ્નોટ ગંભીરતાપૂર્વક બોલ્યો.

મેટીફેટે આગળ ચલાવ્યું, “આ મહાશય ખરેખર ખતરનાક છે.”

પોન્ટેક્લોએ ઉમેર્યું, “એ બિલકુલ બિનઅનુભવી છે. એમણે આવા આમંત્રણનો સ્વીકાર જ શા માટે કરવો જોઈએ? આવી ઘટના બને એના. કરતાં અક્કલ વાપરી એણે પહેલેથી જ આવા આમંત્રણનો અસ્વીકાર કરી દેવો જોઈતો હતો!” અને એ ત્રણે ત્યાંથી સિફતપૂર્વક ખસી ગયા. મને ખ્યાલ આવી ગયો કે પેલા ઘાયલ સાથે વાતની પતાવટ કરવા મને છોડી દીધો છે.

મેં વાત પતાવી. મારા પાકીટમાંથી એ બિચારાને મેં ૧૦ ફ્રાન્ક આપ્યા. જેવા એને નાણાં મળ્યા કે તરત જ એના ગાલનો સોજો ઊતરી ગયો. એણે મોઢામાં મૂકેલું ફળ ગળી ગયો હોય એમ લાગ્યું.

“હવે ઠીક છે?” મેં પૂછ્યું.

“ઓહ, ઓહ... ફરીથી દુખાવો શરૂ થયો લાગે છે.” એના જમણા ગાલને ફુલાવતો તે બોલ્યો.

“ના... ના... આ વખતે એક જ ગાલ પૂરતો છે.” મેં કહ્યું અને હું ઝડપથી આગળ વધી ગયો.

(૮)

હું પેલા દેશી ગામડિયા સાથે વાત કરી, તેનાથી છૂટકારો મેળવતો હતો તે દરમિયાન મારા સાથીઓ મારા કરતાં ઘણા આગળ નીકળી ગયા. ચોક્કસ એ સૌ મને એવું જતાવી રહ્યા હતા કે મારા જેવા અણઘડની સોબતમાં તેઓ અગવડ અનુભવતા હતા. એમની સામાન્ય બુદ્ધિ કહેતી હતી કે મારાથી તેમણે દૂર જ રહેવું જોઈએ. બીજાઓનું તો ઠીક, બ્રેટીગ્નોટે પણ મારો ભાવ પૂછ્યો નહીં.

એ જ એક બાબત ઘણી કઠવા લાગી એ અન્યાય ભરેલી બાબતથી હું સમસમી ઊઠ્યો કે મારા મિત્ર બ્રેટીગ્નોટે પણ મને ત્યજી દીધો. જાણે કે હું મેલી નજર ધરાવતી

ચૂડેલ ન હોઉં! થોડી વારમાં તો તે સૌ ડાબી બાજુ નાનકડી ઝાડીની પાછળ ગાયબ થઈ ગયા. સાચું કહું તો મને એ વાતનું કોઈ દુ:ખ ન હતું. હવે પછી હું જે ખરેખર કરીશ તેના માટે જ જવાબદાર હોઈશ, બધાથી અલગ થવા માટે એ સારું આશ્વાસન હતું.

મને એકલો છોડી દેવામાં આવ્યો હતો — અનંત લાગતા આ કાંટાળાજનક મેદાનમાં બિલકુલ એકલો. હે ભગવાન, હું અહીં મારી પીઠ પર આ બધો સામાન લાદીને શા માટે આવ્યો? મારી બંદૂકને ચલાવવાની તક આપતું એક પણ પારેવડું દેખાતું નથી! મારા ઘેર, મારા વાચનકક્ષમાં શાંતિથી બેસીને કંઈક વાંચવા-લખવાને બદલે હું અહીં ક્યાં આવી પડ્યો! કંઈ પણ કર્યા વગર શાંતિથી ઘરે બેસી રહ્યો હોત તો પણ શું ખોટું હતું?

હું મનફાવે તેમ ચાલતો રહ્યો. ઊબડખાબડ રસ્તાને બદલે મેં સતત વપરાશથી સપાટ બનેલ રસ્તાને પસંદ કર્યો. દસેક મિનિટ તો હું બેઠો પણ ખરો. વીસેક મિનિટ ચાલ્યો. ત્રણ માઈલ સુધી ના કોઈ ઘર કે ના કોઈ દેવળનો ઊંચો મીનારો. વેરાન પ્રદેશ હતો. થોડાથોડા અંતરે રાહદારીઓ માટે ભેદી શિલાલેખ હોય તેવી સૂચના લખેલાં પાટિયાં ગભરાવતાં હતાં, "પશુપક્ષીઓ માટેના રક્ષણનો પ્રદેશ."

અભ્યારણ્ય? શાનું અભયારણ્ય? કોને અભય બનાવવાના હતા? અરે ત્યાં શિકારલાયક કંઈ હોય તો ને?

હું આ રીતે સપનાં જોતો, દાર્શનિક જેવા તર્ક કરતો કરતો બંદૂક લટકાવીને મારા પગ ખેંચતો ચાલતો રહ્યો. મારા કમનસીબે સૂર્ય પણ અસ્ત પામવાનું નામ લેતો ન હતો. શું કોઈ આધુનિક જોશુઆએ, મારા આ ઝનૂની મિત્રો માટે અવકાશી પદાર્થોના નિયમોને બદલીને સૂર્યની રોજની ગતિને અટકાવી દીધી હતી? શું આ ભયાનક દિવસનો અંત કરવા રાત્રિ આવશે જ નહીં?

(૯)

પરંતુ દરેક બાબતનો અંત હોય છે — અભયારણ્યનો પણ! મેદાન પૂરું થયું અને મને નાનકડો વનપ્રદેશ દેખાયો. અડધા માઈલ વધારે અને હું ત્યાં પહોંચી જઈશ.

ઉતાવળ કર્યા વગર મેં ચાલવાનું ચાલુ રાખ્યું. અડધો માઈલ ચાલી નાખ્યું અને જંગલમાં કિનારે પહોંચી ગયો.

દૂરદૂર ધડાકાભડાકા સંભળાયા. ૧૪મી જુલાઈના ફટાકડા જેવા.

"તેઓ ખૂબ ખૂનામરકી ચલાવી રહ્યા છે." મેં વિચાર્યું, "આવતા વર્ષ માટે કંઈ બાકી રાખે એમ લાગતું નથી."

અને ત્યાર બાદ — આ જ બતાવે છે કે આપણે શું કરી શકીએ છીએ! મને વિચાર આવ્યો કે ખુલ્લા મેદાન કરતાં આ વનપ્રદેશમાં મારું પણ નસીબ ઊઘડી શકે છે. આ આ ઝાડોની ઊંચી શાખાઓ પર નિર્દોષ ચકલીઓ મળી શકે એમ છે. આ ચકલીઓને સરસ રીતે ભૂંજીને લાવરીના નામે ઘણી સારી હોટલમાં પીરસાય છે.

મુખ્ય રસ્તાની નજીકના વનના ખુલ્લા ભાગને અનુસરતો હું આગળ ચાલ્યો.

શિકારના દાનવે તમારા આ નમ્ર સેવક પર ફરી પાછો કબજો જમાવી દીધો હતો. હા, હું મારી બંદૂકને હવે ખભા પર બોજની જેમ લટકાવીને ચાલતો ન હતો. મેં ધ્યાનપૂર્વક એમાં ગોળી ભરી અને ગોળી છોડવા તૈયાર થઈ ગયો. વ્યાકુળતાથી હું ડાબી તેમ જ જમણી તરફ જોતો રહ્યો. કંઈ જ નહીં! એમાં કોઈ શંકા ન હતી કે ચકલીઓએ તો જાણે પેરિસની હોટલોમાં શરણ લીધું હતું, તેથી આ વગડામાં દેખાતી ન હતી. એક-બે વાર મેં નિશાન તાક્યું પણ ખરું, પરંતુ એ તો ઝાડ પર હાલતાં પાંદડાં જ હતાં અને બેશક હું પાંદડાં પર તો બંદૂક ન જ ચલાવું ને!

સાંજના પાંચ વાગ્યા. મને ખ્યાલ હતો કે લગભગ ૧૫ મિનિટમાં જ તો હું મારી સરાઈમાં પાછો વળીશ. ત્યાં અમારે વાળું લેવાનું હતું અને ત્યાર બાદ અમારા વાહનમાં બેસી પાછા ફરવાનું હતું. એ વાહન જેમાં જાનવરો અને માણસો સમાન હતા. જે અમને મરેલા કે જીવતા પાછા એમિયન્સ — અમારા શહેરમાં પરત લઈ જવાનું હતું.

તેથી મેં જંગલના એક પહોળા રસ્તા પર આગળ વધવાનું ચાલુ રાખ્યું. આ રસ્તો હેરીઝાર્ટના જંગલ તરફ વળતો હતો. મારી આંખો સતત શિકારને શોધતી રહી હતી.

અચાનક જ હું અટક્યો... મારું દિલ ઝડપથી ધડકવા લાગ્યું...

ઝાડીની નીચે, ૫૦ ડગલાં દૂર, કાંટાદાર ઝાડીઓ અને ઝાડીઝાંખરાની વચ્ચે કંઈક તો ચોક્કસપણે હતું જ. રૂપેરી કિનારવાળું અને કાળાશ પડતું કંઈક હતું. એક સમયે તો તે પોતાની લાલ આંખોથી મારી સામે કંઈક જોઈ રહ્યું હોય એવો પણ ભાસ થયો.

પણ એક વાત ચોક્કસ હતી કે ત્યાં રુવાંટીવાળો કે પીછાવાળો, શિકારને લાયક કોઈક જીવ તો હતો જ — મને બરાબર ખ્યાલ ન આવ્યો કે કોણે ત્યાં ઓથ લીધી હતી. મને શંકા હતી કે એ સસલું હતું કે મરઘા જેવું તેતર હતું. શા માટે નહીં! જો હું જાડુંપાડું પંખી કે પ્રાણીને ઘરે લઈ જઈ શકું તો મારા સાથીદારોમાં મારું માન કેટલું વધી જાય?

ધીરેથી સાવચેતીપૂર્વક મારી બંદૂક ઉઠાવીને હું એ દિશામાં આગળ વધ્યો. હું ખૂબ જ ઉત્તેજિત થઈ ગયો. હા, એટલો ઉત્તેજિત કે ઉવાન્ચેલે, મેક્ષીમોન અને બ્રેટીગ્નોટ ત્રણેની ઉત્તેજના ભેગી કરો એટલો!

છેવટે હું તેની નજીક પહોંચી ગયો. લગભગ ૨૦ કદમ — બરાબર નિશાન તાકી શકાય તે માટે જમીન પર ઘૂંટણિયે બેસી ગયો. મારી જમણી આંખ બરાબર ખુલ્લી, મને ડાબી બરાબર બંધ. નિશાન બરાબર મધ્યમાં દેખાય તે રીતે. મેં બરાબર નિશાન તાકીને ગોળી છોડી.

"એ વાગ્યું!" મેં જોરથી મારી જાતને કહ્યું, "આ વખતે મારી આસપાસ આ કામ બીજા કોઈનું છે એ બોલવા માટે બીજું કોઈ જ નથી."

અને ખરેખર, મેં થોડાં પીછાં ઊડતાં જોયા — અથવા તો થોડી રુવાંટી — મારી નજર સમક્ષ!

કૂતરો તો હતો નહીં, હું જાતે જ ઝાડી તરફ ધસી ગયો. માંડમાંડ હાથમાં આવેલા શિકારને ઝડપી લેવા મેં દોટ મૂકી. શિકાર પર તૂટી પડ્યો. એમાં કોઈ જાન બચી ન હતી. મેં એને ઉઠાવી લીધું...

અરે! પણ આ શું? એ તો ફ્રેન્ચ પોલીસની કલગીવાળી ટોપી હતી. રૂપેરી ભરતકામ અને ત્રિરંગી કલગીવાળી પોલીસની ટોપી? એનો મધ્ય ભાગ મારી સામે જોઈ રહેલી આંખ જેવો હતો!

મારું નસીબ સારું હતું કે મેં જ્યારે ગોળી ચલાવી ત્યારે એ ટોપી એના માલિકના માથા પર ન હતી!

પછી તરત જ એક લાંબો માણસ ત્યાંના ઝાખરા છાંયડામાંથી ઊભો થઈ બહાર આવ્યો.

હું ગભરાયો. લાલ પટ્ટીઓવાળું ભૂરું પેન્ટ, રૂપેરી બટનવાળું અંગરખું, તલવારનો પટ્ટો અને પીળો ખભાપટ્ટો — મને આ બધું ઓળખવામાં જરાપણ વાર ન લાગી. મારા બદનસીબ ગોળીબારે એને જગાડી દીધો હતો.

"તો, હવે તમે પોલીસની ટોપીઓ પર ગોળીથી નિશાન લગાવવાનો અભ્યાસ કરો છો એમ જ ને?" અમલદારની લાક્ષણિક અદાથી એણે સવાલ કર્યો.

"પોલીસભાઈ, હું તમને ખાતરી આપું છું કે..." મારી જીભ લથડવા લાગી.

"અને એથી વિશેષ શું હોઈ શકે? તમે એની કલગીની વચ્ચોવચ ગોળી મારી છે!"

"સાહેબ, મને લાગ્યું છે કે એ સસલું છે! ભૂલ થઈ ગઈ... ભલે, હું એની કિંમત ચૂકવી દઈશ!"

"એ તો તમે કરશો જ... ઉપરાંત એ વાત પણ છે કે પોલીસની ટોપી પર ગોળીબાર... ખાસ કરીને બંદૂકના પરવાના વગર!"

હું ગભરાઈ ગયો. મારું લોહી તો ઠરી જ ગયું એ ખરેખર કષ્ટદાયી બાબત હતી.

"તમારી પાસે બંદૂક ચલાવવાનો પરવાનો છે?" પોલીસે જવાબ માગ્યો.

"પરવાનો!"

"હા, પરવાનો! પરવાનો એટલે શું તેની તમને ખબર તો છે ને!"

"ના, મારી પાસે પરવાનો નથી. એક દિવસના શિકાર માટે મને પરવાનાની જરૂર ન લાગી, પરંતુ મને લાગ્યું કે આવા સંજોગોમાં સામાન્ય રીતે બધા જે કહેતા હોય છે તે મારે કહેવું જોઈતું હતું કે હું મારો પરવાનો ઘરે ભૂલી ગયો છું."

કાનૂનના આ અદના ચાકરના મોં પર વિજયનું સ્મિત રેલાઈ ગયું. એ સ્મિતમાં એ મારી વાત ન માનતો હોય તેવો ભાવ હતો અને મારા પરત્વે તિરસ્કાર દેખાતો હતો.

"તો તો મારે તમને પોલીસચોકી પર બોલાવવા પડશે." એ બોલ્યો. એના અવાજમાં ગુનેગારને પકડી પાડવામાં મળેલી સફળતાના સંતોષનો ભાવ હતો. એના ચહેરા

ઉપરથી લાગતું હતું કે ગુનેગારને પકડવાનું ઇનામ એની નજર સામે જ તરવરી રહ્યું હતું.

"કેમ? આવતી કાલે હું તમારી પાસે આવીશ."

"હા, મને બધી જ ખબર છે." પોલીસ બોલ્યો, "પણ મારે તમને ચોકી પર બોલાવવા તો પડશે જ."

"સારી વાત છે, બોલાવજો. તમને નવશિખાઉ માટે કોઈ હમદર્દી નથી?"

રહેમ અને હમદર્દી — આ ગુણો હોય તો એ પોલીસ થોડો જ હોય? એણે એના ખિસ્સામાંથી પીળા રંગની કવરવાળી નોટબુક કાઢી.

"તમારું નામ..." એણે પૂછ્યું.

હવે શું! મને ખબર ન હતી કે આવા ગંભીર સંજોગોમાં મિત્રનું નામ કાયદાને આપી દેવું કેટલું યોગ્ય છે? એ સમયે જો હું એમિયન્સની અકાદમીના સભ્ય હોવાનું બહુમાન મને મળ્યું હોત તો કદાચ મારા કોઈ પણ સાથીનું નામ આપતા મેં ખચકાટ અનુભવ્યો ન હોત, પણ મેં પેરિસના મારા એક જૂના મિત્રનું નામ આપી સંતોષ માન્યો. મારો એ શાળાનો મિત્ર, જે જાણીતો સંગીતકાર હતો. બેશક, એ ઘડીએ, એ ભલો માણસ બિચારો ચાર આંગળીઓથી સંગીતનો અભ્યાસ કરી રહ્યો હતો. એણે તો સ્વપ્ને પણ નહીં વિચાર્યું હોય કે શિકારના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ એની સામે પગલાં લેવાનો તખતો તૈયાર થઈ રહ્યો હતો!

પોલીસે ધ્યાનપૂર્વક એના શિકારનું નામ, ઉંમર, ધંધો અને સરનામું લખ્યું. પછી એણે મારી પાસે ખૂબ જ નમ્રતાથી મારી બંદૂક એને સોંપી દેવા જણાવ્યું — મેં ઝડપથી એની વાત માની લીધી. જે હોય તે, મારા માટે તો એટલું વજન ઓછું. મેં એને વિનંતી કરી કે બંદૂકની સાથેસાથે મારી શિકારની બૅગ, ગોળીઓ, દારૂગોળો ભરવાની બાટલી જેવી વસ્તુઓનો કબજો પણ લઈ લે, પરંતુ એણે દુ:ખ સાથે રસ બતાવ્યા વગર ના પાડી દીધી.

તો પણ પેલી ટોપીનો પ્રશ્ન તો ઊભો જ હતો. એ સમયે સોનાના ટુકડામાં એ સોદો પાકો થયો અને પોલીસને આનાથી સંતોષ થયો.

મેં એમને કહ્યું, "એ બહુ દુ:ખની વાત છે કે તમારી ટોપી ઘણી સારી હાલતમાં હતી."

"અરે! એ તો નવી જ હતી!" એણે જવાબ આપ્યો, "માત્ર છ વર્ષ પહેલાં જ મેં એક નિવૃત્ત થઈ રહેલા એન.સી.ઓ. પાસેથી લીધી હતી."

એણે નિયમાનુસાર એની ટોપી પાછી પોતાના માથા પર મૂકી દીધી. શાનદાર વ્યક્તિત્વ ધરાવતો એ પોલીસ, પાછળનો ભાગ હલાવતો હલાવતો એના રસ્તે જતો રહ્યો અને હું મારા રસ્તે.

એક કલાક પછી હું મારી હોટલ પર પહોંચ્યો. બંદૂક ક્યાં ગઈ તે વાતનો ઢાંકપિછોડો થાય તેટલો કર્યો અને મારા આ સાહસ વિશે બોલવાનું તો ટાળ્યું જ!

મને કહેવા દો કે મારા સાત સાથીઓ બે તેતર અને એક પારેવડાને મારીને લાવ્યા હતા. પોન્ટેક્લો અને મેટીફેટની વાત કરું તો, તેમની વચ્ચે થયેલા વિવાદને કારણે તેઓ મૃત્યુપર્યંત એકબીજાથી દૂર જ રહેશે એમ લાગતું હતું. તે ઉપરાંત મેક્ષીમોન અને દુવાન્ચેલ વચ્ચે તો પેલા હજી પણ હાથ ન આવેલા સસલા બાબતે મુક્કાબાજી પણ થઈ ગઈ.

(૧૦)

એ યાદગાર દિવસે, મારે લાગણીઓના ઉતાર-ચડાવ કરાવે એવા પ્રસંગોની હારમાળાનો સામનો કરવો પડ્યો. શક્ય છે કે કદાચ મેં એક તેતરનો શિકાર કર્યો હોય કે પારેવડાંને વિંધ્યું હોય, એક ગામડિયાને ઈજા પહોંચાડી હોય કે પોલીસની ટોપીને વીંધી હોય! શિકારના પરવાના વગર પકડાયો હોઉં, મારી સામે સરકારી સમન્સ થયો હોય. જોકે કોઈ બીજાના નામે! મેં સરકારી અધિકારીને છેતર્યા હોય! શિકારની શાળાના નવશિખાઉને શરૂઆતમાં આથી વધારે શું થઈ શકે?

એ કહેવાની જરૂર નથી કે મારા સંગીતકાર મિત્રને ડોલેન્સ ખાતે કોર્ટમાં હાજર થવાનો સમન્સ મળ્યો, ત્યારે તે આરોપનામું વાંચીને આશ્ચર્યચકિત થઈ ગયો. મને પાછળથી ખબર પડી કે એ પોતે આરોપનામામાં જણાવેલ સમયે ક્યાંક બીજે જ હતો તેવું સાબિત કરી શક્યો ન હતો. એને ૧૬ ફ્રાન્કનો દંડ થયો. ઉપરાંત તેટલો જ અન્ય ખર્ચ પણ થયો.

મારે આ વાત ઉમેરવી જ રહી કે થોડા સમય પછી મારા એ મિત્રને એક પત્ર મળ્યો. તેના પર લખ્યું હતું 'ક્ષતિપૂર્તિ.' બાવન ફ્રાન્કનો એ પોસ્ટલ-ઑર્ડર હતો, તેને થયેલા ખર્ચના બદલામાં! એને તો ક્યારેય ખબર નહીં પડે કે એ નાણાં ક્યાંથી આવ્યા, પરંતુ એ બિચારો હજી પણ માથે ગુનાનું કલંક લઈને ફરે છે અને હવે પોલીસ એને ઓળખે છે.

(૧૧)

મેં પહેલાં જ જણાવ્યું હતું કે મને શિકારીઓ ગમતા જ નથી. ખાસ કરીને જ્યારે તેઓ તેમના સાહસોની વાત કરતા હોય. જોકે મેં તમને હમણાં જ મારા અનુભવની કડવી કથા કરી. મને માફ કરજો. હવે કદી આવી ભૂલ નહીં થાય.

લેખકનું આ સાહસ પહેલું અને છેલ્લું જ રહેવાનું હતું, પરંતુ એને આ અનુભવે ઘણી સારી-ખરાબ યાદો આપી, તેથી જ્યારે પણ એને કોઈ શિકારી હાથમાં બંદૂક લઈને કૂતરાની પાછળ જતો દેખાય, તો એ તરત જ એને શુભકામનાઓ જરૂરથી પાઠવે છે, કારણ કે એવી માન્યતા છે કે, આવું કરવાથી એનું નસીબ એને સાથ નથી આપતું.

મગજ એક અદ્‌ભુત અંગ, પણ જોઈએ તેને દિશાનો સંગ

ઉપયોગ થાય તો રંગ, ન થાય તો વ્યંગ!

દર્શાવે અંતર માનવ અને વાનર વચ્ચે

બુદ્‌ધિની શક્તિ દરેક બળ કરતાં ઊંચી.

(૯)

જીલ બ્રાલ્ટર

(૧)

તેઓ બધા મળીને લગભગ ૭૦૦ કે ૮૦૦ જેટલા હશે. સામાન્ય ઊંચાઈ, પણ મજબૂત, સ્ફૂર્તિલા, ચપળ, લાંબી છલાંગો મારી શકે એવા એ બધા જ સાંજના સમયે રમતિયાળપણે પહાડોમાં કૂદકા મારી રહ્યા હતા. થોડા સમય પછી તેઓ રસ્તાની પશ્ચિમ તરફ ઊભેલી પર્વતશ્રેણીની ઊંચાઈ પર સ્થિર થયા. લાલઘૂમ વિશાળ રકાબી થોડી જ વારમાં ક્ષિતિજ પાર અદૃશ્ય થઈ જવાની તૈયારીમાં હતી. ધીરેધીરે નદીની ઘાટીમાં કાળું અંધારું ફેલાવા માંડ્યું હતું. નદીની આ ઘાટી સાનોરે અને રોન્ડા પર્વતશ્રેણીઓ અને સૂમસામ પ્રદેશ કુર્વોથી ઘેરાયેલી હતી.

અચાનક જ આગળ વધતું આખેઆખું દળ સ્થિર થઈ ગયું. એમનો આગેવાન, પહાડી પ્રદેશના ખચ્ચરની પીઠ જેવા ઊંચા ખડક ઉપર દેખાયો. આ વિશાળ ખડકના દૂરના છેડે બ્રિટિશ લશ્કરની છાવણી હતી તો ખરી, પરંતુ ખડકની ઓથ અને ઝાડીઓને કારણે આ દળને છાવણીમાંથી જોઈ શકાય એવી શક્યતા હતી જ નહીં.

“સ્રીસ...સ્રીસ” — તેમના આગેવાનનો અવાજ સંભળાયો. આ અવાજ કરતી વખતે તેના હોઠ મરઘીની ચાંચની જેમ આગળ આવી વિચિત્ર પ્રકારની હરકત કરતા હતા. આને કારણે એની સિસોટીને વિશેષ પ્રકારની તીવ્રતા મળતી હતી.

“સ્રીસ... સ્રીસ...” એની આ વિચિત્ર પ્રકારની સેનાએ સંપૂર્ણ એકતા સાથે એ અવાજનો પડઘો પાડ્યો.

એમનો આગેવાન એક વિશેષ-વ્યક્તિ હતો. ઊંચો, રુવાંટીવાળા માંકડાની ચામડીમાં લપેટાયેલો, વિખરાયેલા વાળ, અસ્તવ્યસ્ત રીતે વધેલી રૂક્ષ દાઢીને કારણે સખત દેખાતો ચહેરો, ખુલ્લા પગ અને ઘોડાની ખરી જેવી સખત અને ત્રિકોણાકાર પગની પાની□□!

પોતાનો હાથ એણે ઊંચો કર્યો અને પહાડના નીચેના ભાગ તરફ લંબાવ્યો. એના બધા જ અનુયાયીઓએ એકસાથે એ ચેષ્ટાને દોહરાવી. એમાં એક સૈન્યની શિસ્ત હતી. સાથે યંત્રની ચોકસાઈ પણ હતી. એણે પોતાનો હાથ નીચો કર્યો તો દળના તમામ

સભ્યોએ પણ પોતાના હાથને નીચો કર્યો. એ જમીન તરફ વાંકો વળ્યો તો તેઓ પણ એ જ રીતે વાંકા વળ્યા. એણે એક લાકડી લીધી અને એને ઘુમાવી, તો તે સૌએ પણ પવનચક્કીની જેમ પોતપોતાની લાકડી ઘુમાવી. જાણે એ બધા કઠપૂતળીની જેમ એક જ દોરી સાથે બંધાયેલા ન હોય!

ત્યાર બાદ તેમનો આગેવાન ઝડપથી ફર્યો. લશ્કરી થાણાની દિશામાં નજર નાખી. ઝાડીઓમાં નીચે ઊતર્યો અને તેની વચ્ચે ગોઠણભેર થઈ આગળ વધ્યો. આખેઆખું દળ પણ એની પાછળ પાછળ ગોઠણભેર આગળ વધ્યું.

વરસાદથી ભીના બનેલા પહાડી રસ્તા ઉપરથી તેઓ સૌ નીચે ઊતરવા માંડ્યા. શિસ્તબદ્ધ રીતે ચૂપકીદીથી તેઓ આગળ વધ્યા. કોઈને પણ એની ગંધ આવે એવી શક્યતા ન હતી. કોઈ પણ જાતની ઉતાવળ કે રઘવાટ વિના નીરવ શાંતિમાં સૌ ચૂપકીદીથી આગળ વધતા રહ્યા. પહાડ પરના પથ્થરોએ પણ તેમની હાજરી જાહેર ન કરી.

લગભગ પા કલાક પછી એમનો આગેવાન અટક્યો. તેઓ સૌ પણ ધરતી સાથે જાણે જડાઈ ગયા.

૨૦૦ યાર્ડ નીચે દેખાઈ રહ્યું હતું, શહેર! ઝગારા મારતી સ્ટ્રીટ લાઇટો શહેરના રસ્તાઓ, થાંભલાઓ, ઘરો, વિલાઓ અને તેના રક્ષણ માટે અહીંતહીં ગોઠવેલી તોપોને છતી કરતી હતી. તેની આગળ દેખાતાં હતાં, દરિયામાં લંગર નાખેલાં યુદ્ધજહાજો, વેપારી જહાજો અને છીછરી નાવડીઓના બનેલા પુલો! તેની ઉપરનો દીવડાઓનો પ્રકાશ નદીના સ્થિર પાણી પર પ્રતિબિંબિત થઈ રહ્યો હતો. એનાથી પણ આગળ, યુરોપ પૉઇન્ટની આગળ, દીવાદાંડીની ટોચેથી ફેંકાતા પ્રકાશના શેરડા દેખાતા હતા.

બરાબર એ જ વખતે તોપનો ધડાકો સંભળાયો. પહેલો ધડાકો, છુપાયેલી અનેક તોપોમાંની એકમાંથી એ ધડાકો થયો. પછી તરત જ ઢોલનગારાં તેમ જ તીણો વાંસળીનો અવાજ સંભળાયો.

નગરજનોને પોતપોતાનાં ઘરો તરફ પાછા ફરવાનો એ સંકેત હતો. હવે પછી કોઈ પણ અજાણી વ્યક્તિને સેનાના અધિકારીઓના સાથ વગર શહેરમાં ફરવાનો અધિકાર ન હતો. વહાણના કર્મચારીઓને પોતપોતાના વહાણ પર જવાનો એ સમય હતો. સંત્રીઓ સતત ફરતા જ રહેતા. રખડતા અને દારૂ પીધેલા લોકોને પકડીને સંત્રીરૂમમાં લઈ જતા હતા. એટલી હલચલ બાદ બધે શાંતિ જ શાંતિ ફેલાયેલી રહેતી. જનરલ મેકાકમેલ બંને આંખો બંધ રાખીને ઊંઘી શકતા હતા.

એવું લાગતું હતું કે એ રાત્રે જિબ્રાલ્ટરના આ સંસ્થાન માટે બ્રિટને ચિંતા કરવા જેવું કંઈ જ ન હતું.

(૨)

બધાને જ જાણ હતી કે જિબ્રાલ્ટરનો આ ખડક એના વિશાળ કદ અને વિચિત્ર આકારને લીધે, જોનારને ગભરાવી દે તેવો હતો. એ કંઈક અંશે ધીરેધીરે ઘૂંટણિયાભેર આગળ વધતા મહાકાય સિંહ જેવો આકાર ધરાવતો હતો. એનું મસ્તક સ્પેન તરફ હતું

અને પૂંછડી સમુદ્રમાં ડૂબેલી હતી અને મોંમાં દાંત દેખાતા હતા — ખડક પરની બારીઓમાંથી બહાર નીકળેલા ૭૦૦ તોપોના નાળચાં — એને ત્યાંના સ્થાનિકો વૃદ્ધ સ્ત્રીના દાંત તરીકે ઓળખતા હતા. જો એ તરફથી કોઈ હુમલો થાય તો એવા હુમલાખોરના દાંત ખાટા કરી નાખે તેવી એની રચના હતી.

ઍડન, માલ્ટા અને હૉંગકૉંગ જેવા બંદર સંસ્થાનોની જેમ જ અહીંના ખડકો પર બ્રિટન વ્યવસ્થિત રીતે સ્થાયી થયેલું હતું. આધુનિક યંત્રોની મદદથી વિકાસ પામેલ આ પ્રદેશને બ્રિટિશરોએ એક અભેદ ગઢમાં તબદિલ કરી દીધો હતો.

ટૂંકમાં, જિબ્રાલ્ટર નામની આ ૧૫ માઈલ લાંબી પટ્ટી પર બ્રિટનના તાજને બિનહરીફ આધિપત્યની ખાતરી મળી ગઈ હતી. એબીલા અને કાલ્પેની વચ્ચેના ભૂમધ્ય સમુદ્રનો આ એ જ ઐતિહાસિક ભાગ હતો. જેના ઊંડાણ અને રહસ્યો હરક્યુલસની લાકડીથી ખુલ્લાં થયાં હતાં.

લાગતું હતું કે સ્પેનિશ લોકોએ પોતાના દેશની કલગી સમાન આ પ્રાયદ્વીપ પાછો મેળવવાની આશા ગુમાવી દીધી હતી. જોકે હવે એવો તો પ્રશ્ન જ આવતો ન હતો. એનું કારણ પણ સ્પષ્ટ હતું કે કુદરતે જ આ પ્રદેશને સમુદ્ર તેમ જ જમીન બંને માર્ગે અભેદ્ય બનાવી દીધો હતો.

આમ છતાં કોઈક એવું હતું કે જે વ્યૂહાત્મક રીતે અજેય ગણાતા અને બચાવ તેમ જ હુમલા બંને માટે યોગ્ય એવા આ પ્રદેશને ફરીથી જીતી લેવાના વિચારને મમળાવી રહ્યું હતું. એ એક દળનો નાયક હતો. બહારની દુનિયાની દૃષ્ટિએ તો એ લગભગ ગાંડો માણસ હતો. એક શક્તિશાળી સામ્રાજ્યની સામે પડેલો બહારવટિયો હતો. જે પોતાને જીલ બ્રાલ્ટર નામે ઓળખાવતો હતો. આ નામ દ્વારા એ પોતાના વતનનો વિજય આગળથી જ નક્કી કરી શકશે એમ માનતો હતો. એની બુદ્ધિ એને રોકી શકતી ન હતી અને એનું નામ આખા પ્રદેશમાં દંતકથારૂપ બની ગયું હતું, પણ દસ વર્ષમાં એનું શું થયું તે વિશે કોઈને કશી જ માહિતી ન હતી. કોઈએ એને જોયો ન હતો. શું એ બહારની દુનિયા માટે અદૃશ્ય થઈ ગયો હતો? જોકે સાચું કહું તો, એણે એનું પૈતૃક ઘર ક્યારેય છોડ્યું જ ન હતું. એ ત્યાં જ જંગલમાં એક ગુફાવાસીની જેમ રહેતો હતો. એક મોટી ગુફામાં અને ખાસ કરીને સાન મીગુલના વણખેડાયેલા ઊંડાણમાં આવેલી ગુફાઓમાં. આ ગુફાઓ સમુદ્રની નીચેની ગુફાઓ તરીકે જાણીતી હતી. આમ તો એ મૃત જ મનાતો હતો, પરંતુ એ હજી પણ જીવતો જ હતો, જંગલીની જેમ. માનવીય બુદ્ધિશક્તિથી વંચિત અને માત્ર પ્રાણી પ્રકૃતિના આદેશ માનતો, પ્રાણીઓની જેમ. પ્રાણીઓ સાથે આ મૃત મનાયેલો માનવી જીબ્રાલ્ટર પાછું મેળવવાની આશા સાથે જીવતો હતો.

(૩)

જનરલ મેકાકમેલ, એ સમયે જિબ્રાલ્ટરમાં બ્રિટિશ ગેરીસનનો સેનાપતિ હતો. બંને આંખો બંધ કરીને, નિયમ પ્રમાણે જેટલી પરવાનગી હતી તેના કરતા લાંબા સમય સુધી આરામથી ઊંઘતો રહ્યો. એના હાથ લાંબા હતા. ભરાવદાર ભ્રમરોની અંદર ઊંડે ગોળગોળ આંખો હતી. ઠૂંઠી દાઢીથી સજાવેલો ચહેરો, ચહેરાના દુ:ખભર્યા હાવભાવ,

એની ભાવભંગીમાં, અભૂતપૂર્વ રીતે બહાર પડતું જડબું હતું. એ અસાધારણ રીતે કદરૂપો હતો — બ્રિટિશ જનરલની વાત કરીએ તો પણ! ટૂંકમાં કહીએ તો એ માંકડા જેવો દેખાતો હતો. ભલે એનો આવો દેખાવ વાંદરા જેવો હોય, પણ એ સિપાહી ઉમદા દરજ્જાનો હતો.

હા, એવો — જનરલ મેકાકમેલ — વૉટરપૉર્ટ મહોલ્લા ખાતે આવેલા એના આરામદાયક ઘરમાં આરામ ફરમાવી રહ્યો હતો. શહેરની ફરતેનો મુખ્ય રસ્તો વૉટરપૉર્ટ દરવાજાથી અલામેડા દરવાજા તરફ વળે ત્યાં જ હતો આ વૉટરપૉર્ટ મહોલ્લો. બ્રિટિશ સામ્રાજ્યનો એ વફાદાર સૈનિક જાણે સપનું જોઈ રહ્યો હતો કે ઇંગ્લૅન્ડે ઇજિપ્ત, તુર્કી, હૉલૅન્ડ, અફઘાનિસ્તાન, સુદાન, બોઅર રિપબ્લિક — ટૂંકમાં એમની સગવડ મુજબ પૃથ્વીના દરેક ભાગ પર કબજો જમાવી, એ તમામ પ્રદેશને સામ્રાજ્યના તાજની તાબેદારીમાં લાવવામાં આવ્યા હતા. જોકે એવું સપનું એને એવી ઘડીએ આવ્યું હતું કે જ્યારે એને જિબ્રાલ્ટર ખોવું પડે એવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું હતું.

એના શયનકક્ષનો દરવાજો જોરથી અવાજ સાથે ખૂલ્યો.

"આ શું થઈ રહ્યું છે?" ટટ્ટાર બેસીને એણે પૂછ્યું.

"સર," બૉમ્બધડાકાની જેમ અંદર પ્રવેશેલા એના મદદનીશે કહ્યું, "શહેર પર હુમલો થયો છે!"

"સ્પેન?"

"સંભવ છે, સર."

"તેઓની આવી હિંમત…"

જનરલે એનું વાક્ય પૂરું ન કર્યું. એ ઊઠ્યો. એના માથાની શોભા વધારતી રાત્રે પહેરવાની ટોપી એણે ઝટકાથી ઉતારી ફેંકી દીધી. હાંફળાફાંફળા બનીને પાટલૂન પહેર્યું, કોટ ચડાવ્યો, એના જૂતામાં પગ ઘુસાડ્યા, લશ્કરી હેલ્મેટ પર તબલા વગાડ્યા અને તલવારને પેટ સાથે બક્કલથી બાંધી અને સાથેસાથે પૂછ્યું, "આ બહાર શેનો કોલાહલ છે?"

"પથ્થરોના ટુકડાઓ બરફના તોફાનની જેમ શહેર પર પડી રહ્યા છે સાહેબ, એનો અવાજ છે."

"એનો અર્થ એ થયો કે દુશ્મનો મોટી સંખ્યામાં છે!"

"હા, સર, હોવા જ જોઈએ."

"સમુદ્રકિનારે વસતા બધા જ બાગીઓએ આપણને ઊંઘતા ઝડપવા હાથ મિલાવ્યા લાગે છે — રોન્ડાના દાણચોરો, સાન રોકના માછીમારો અને ગામડાંઓમાં મોટી સંખ્યામાં એકત્રિત થયેલા શરણાર્થીઓ!"

"હા સાહેબ, મને પણ એનો જ ડર છે."

“ગવર્નરને ચેતવણી આપી?”

“ના સાહેબ, એમના યુરોપા પૉઇન્ટ પરના રહેઠાણ સુધી અમે પહોંચી શકીએ એમ નથી. બધા દરવાજા પર આ હુમલાખોરોએ કબજો કરી લીધો છે અને શેરીઓ દુશ્મનોથી ઊભરાઈ રહી છે.”

“વૉટરપૉર્ટ દરવાજા પાસેના સૈનિકોના બેરેક્સની શી હાલત છે?”

“ત્યાં પણ જઈ શકાય એમ નથી. બધા જ તોપચીઓને બેરેક્સમાં પૂરી દીધા હોય એમ લાગે છે.”

“તમારી પાસે હાલમાં કેટલા માણસો છે?”

“લગભગ ૨૦, સાહેબ — ત્રીજી રેજિમૅન્ટના માણસો ત્યાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યા છે.”

“ઓ, સેઇન્ટ ડનસ્ટાન!” જનરલ મેકાકમેલ ચીસ પાડી ઊઠ્યા, “જિબ્રાલ્ટર ઇંગ્લૅન્ડ પાસેથી પેલા — પેલા — નારંગી વેચવાવાળા લઈ લેશે! એ તો શક્ય બને જ નહી! ના! કદી નહી!”

તે જ ઘડીએ શયનખંડનો દરવાજો ઊઘડ્યો અને એક વિચિત્ર માણસ જનરલના ખભા પર કૂદ્યો.

(૪)

“શરણે આવી જાઓ!” એ એવા કર્કશ અવાજે બોલ્યો કે જે માણસના અવાજ કરતાં પ્રાણીની ગર્જના જેવો વધારે લાગતો હતો.

કૅમ્પ સહાયક સાથે કક્ષમાં પ્રવેશેલા ઘણા માણસો પોતાની જાતને પેલા માણસ પર નાખવા તૈયાર જ હતા, પરંતુ કક્ષના પ્રકાશમાં એને જોતાં જ ગભરાઈને પાછળ હટી ગયા.

“જીલ બ્રાલ્ટર!” તેઓ જોરથી ચીસ પાડી ઊઠ્યા.

એ ખરેખર જ પેલો ભાગેડુ બહારવટિયો જ હતો. જેને કોઈએ લાંબા સમય સુધી જોયો જ ન હતો. સાન મીગુલની ગુફાઓનો પેલો જંગલી!

“તમે શરણાગતિ સ્વીકારો છો કે નહીં?” એ જંગલીની જેમ બરાડ્યો.

“કદી નહીં” જનરલ મેકાકમેલે જવાબ આપ્યો.

અચાનક જ સૈનિકો એને ઘેરી વળ્યા. એ સમયે જીલ બ્રાલ્ટરે તીણો, લાંબો અવાજ કાઢ્યો — સ્રીસ. એ જ ઘડીએ એ મકાનની આગળનો ખુલ્લો ભાગ આક્રમણ કરતી સેનાથી ઊભરાઈ ગયો.

એ ન માની શકાય એવી વાત હતી! એ બધા વાનરો હતા, વાનરો — હજારોની સંખ્યામાં! શું એ સૌ બ્રિટિશરો પાસેથી એ પહાડી પ્રદેશને પડાવી લેવા આવ્યા હતા? આ પહાડ જેના એ ખરેખરા માલિક હતા! આ ટેકરીઓ જેના પર તેઓ સ્પેનિશ લોકો

કરતાં પણ પહેલેથી વસતા હતા! અને ચોક્કસપણે ક્રોમવેલે એને બ્રિટન માટે જીતવાનો વિચાર કર્યો તેના કરતાં પણ ઘણા પહેલાંના!

હા, ખરેખર તેઓ જ હતા! તેમની સંખ્યા તેમને અજેય બનાવતી હતી. આ પૂંછડી વગરના વાનરો સાથે શાંતિથી રહેવું હોય તો તેમની ચોરી કરવાની આદતને સહન કરવી પડે. એ લુચ્ચા અને દુષ્ટ પ્રાણીઓ — છંછેડાઈ ન જાય તેની સતત કાળજી રાખવી જ પડે. તેઓ પોતાની રીતે વળતો ઘા કરવા હંમેશ તૈયાર જ રહેતા. ઘણી વાર એવું બન્યું પણ છે — કાંઈ નહીં તો શહેર પર મોટા મોટા પથ્થરો ફેંકીને પણ એમણે કબજો કરનારાઓ પર વેર લીધું હતું!

એવા આ વાનરોની હવે એક સેના બની ગઈ હતી. જેને તેમના જેવો જ જંગલી જીલ બ્રાલ્ટર નેતા તરીકે મળ્યો હતો. તેઓ એને જ ઓળખતા હતા. જે આ ચોપગાઓની સાથે આઝાદ જીવન વિતાવતો હતો. નામ હતું — વિલિયમ ટેલ — એનું અસ્તિત્વ એક જ બાબત માટે સમર્પિત હતું. સ્પેન દેશની પોતાની આ ધરતી પરથી વિદેશીઓને ભગાડવાનું!

જો આ પ્રયાસ સફળ થાય તો યુનાઇટેડ કિંગડમ માટે તો કેવી નાલેશીભરી વાત થાય! અંગ્રેજો, હિંદુઓ, અબીસિયન્સ, ટાસ્માનિયન્સ, ઑસ્ટ્રેલિયાના કાળા વતનીઓ, હોટેનટોટ્સ અને બીજા અનેકના વિજેતા, અંગ્રેજોને આવા જંગલી વાનરો હરાવી ગયા!

જો આવી દુર્ઘટના ખરેખર જ બને તો? જનરલ મેકાકમેલે પોતાને ગોળી જ મારી દેવી પડે! શું એ કદી પણ આટલી મોટી અપકીર્તિ સહન કરી જીવી શકે ખરા? કદી નહીં!

જંગલીઓની આ સેના, તેમના નેતાની સિસોટી સાંભળી અંદર પ્રવેશી એને મદદ કરે તે પહેલાં તો થોડા સૈનિકોને પોતાની જાતને જીલ બ્રાલ્ટર પર નાખી એને દબાવી દેવામાં સફળતા મળી હતી. એ ગાંડા માણસમાં અમાનવીય શક્તિ હતી. એણે પોતાની જાતને છોડાવવા ઘણા ફાંફાં માર્યા, પણ સૈનિકો વધારે સંખ્યામાં હતા. આખરે ઘણી મુશ્કેલી બાદ તેઓ એના પર કાબૂ મેળવી શક્યા. એણે ધારણ કરેલી વાંદરાની ચામડી સૈનિકોએ ખેંચી કાઢી. એને એક ખૂણામાં ધકેલી દેવાયો. લગભગ નિર્વસ્ત્ર એવા એનું મોં દબાવીને તે અવાજ કરી ન શકે એ રીતે બાંધી દેવામાં આવ્યું. એ કોઈ પણ પ્રકારનું હલનચલન કે અવાજ ન કરી શકે એવી પરિસ્થિતિમાં મૂકી દીધો. થોડી વાર પછી જનરલ મેકાકમેલ મનોમન કંઈક નક્કી કરીને બહાર નીકળ્યા. સેનાની પરંપરા મુજબ જીતવું યા મરવું!

બહાર જોખમ ઓછું ન હતું. લગભગ થોડા સૈનિકો વૉટરપૉર્ટ દરવાજા પર ભેગા થઈ શક્યા હતા. તેઓ જનરલના ઘર તરફ આગળ વધી રહ્યા હતા. બજાર અને વૉટરપૉર્ટ મહોલ્લામાં ગોળીબારનો અવાજ સંભળાઈ રહ્યો હતો. જોકે વાનરસેનાની સંખ્યા એટલી વધારે હતી કે એમની સામે કોઈ રીતે ટકી શકે તેમ ન હતું. એ સાથે બીજી બાજુનો પણ ભય હતો. અંગ્રેજોએ જે સ્પેનિશ શાસનને અહીંથી પાછળ ધકેલી દીધું હતું તે સ્પેનિશ લોકો પણ આ વાનરો સાથે પોતાનું ધ્યેય જોડી દે તો આ

કિલ્લાઓને અંગ્રેજોએ છોડવા જ પડે. તોપોને તેમ જ ભારે લશ્કરી શસ્ત્ર સરંજામને ત્યાં જ ત્યજી દઈ ભાગવું પડે અને આ કિલ્લાને બચાવવા એક પણ માણસ નહીં રહે એવી પરિસ્થિતિ ઊભી થાય તેમ હતું.

પરંતુ આ શું થયું? એકાએક પરિસ્થિતિ બદલાઈ ગઈ!

ટૉર્ચના પ્રકાશમાં વાનરો ખરેખર પીછેહઠ કરતા દેખાયા. સૌની આગળ કૂચ કરી રહ્યો હતો, લાકડી ઘુમાવતો, એમનો આગેવાન! અને બધા જ, એના હાથપગની ગતિ તથા લયને એ જ ઝડપે અનુસરતા જોઈ રહ્યા.

તો પછી શું જીલ બ્રાલ્ટર પોતાની જાતને બંધનોમાંથી છોડાવી શક્યો? શું એને જે કક્ષમાં કેદ કરાયો હતો ત્યાંથી એ ભાગી છૂટ્યો હતો? એ બાબતમાં કોઈ શંકા ન હતી, પરંતુ એ હવે ક્યાં જઈ રહ્યો હતો? શું એ હવે યુરોપા પૉઇન્ટ પાસે આવેલા રાજ્યપાલના નિવાસસ્થાન તરફ જઈ રહ્યો હતો? શું એ ત્યાં હુમલો કરી એમને શરણે આવવાનું કહેવા ગયો હતો?

ના! એ ગાંડો માણસ અને એની સેના તો વૉટરપૉર્ટ સ્ટ્રીટમાં ઊતરી રહ્યાં હતાં. પછી અલામેડા દરવાજો પસાર કરીને એક તરફ થઈને બાગમાંથી પસાર થઈ પહાડોના ઢાળ પર જતા રહ્યા.

એક કલાક પછી તો જિબ્રાલ્ટરના હુમલાખોરોમાંથી એક પણ દેખાતો ન હતો.

શું થયું હતું? શાનો આ ચમત્કાર હતો?

એ રહસ્ય તો પાછળથી ખૂલ્યું, જ્યારે જનરલ મેકાકમેલ બાગના કિનારા તરફથી આવતો દેખાયો.

એ વાનરસેનાને જંગલો તરફ દોરનાર તો એ પોતે જ હતો. સંજોગોને જોતાં એણે અફલાતૂન રસ્તો અપનાવ્યો હતો. જનરલે પોતાની જાતને કેદ પકડાયેલા એ હુમલાખોર નેતાએ ઓઢેલી વાંદરાની ખાલમાં લપેટી લીધી હતી. અને ત્યાર બાદ એણે જ આ વાનરસેનાને પીછેહઠ તરફનો રસ્તો બતાવ્યો હતો. આ બહાદુર લડવૈયાનો દેખાવ વાંદરાને એટલો બધો મળતો આવતો હતો કે એ આખી વાનરસેનાને છેતરી શક્યો. એણે તો ફક્ત એમની સમક્ષ આવી જવાનું હતું અને એ સૌ એની પાછળ પાછળ હતા એની નકલ કરતા... શહેરની બહાર પોતાના મૂળ સ્થાન તરફ ચાલી નીકળ્યા હતા.

તીક્ષ્ણ બુદ્ધિમત્તા ધરાવતા એક બ્રિટિશ જનરલની આ એક અદ્ભુત કલ્પના હતી. એના કારણે જ એને સંત જ્યૉર્જના ક્રૉસના ઑર્ડરના સન્માનથી નવાજવામાં આવ્યો!

(૬)

અને...

એમના નેતા જીલ બ્રાલ્ટરની વાત કરીએ તો યુનાઇટેડ કિંગ્ડમે રોકડા પૈસા લઈને એને એક બરનુમ સરકસને સોંપી દીધો. આ સરકસે યુરોપના નગરોમાં પોતાના ખેલ દરમિયાન આ વાનરનું પ્રદર્શન કરી મબલખ નાણાં કમાઈ લીધાં. બરમુન સરકસે તો લોકોને એ પણ માનવા દીધું કે એ જેને એના કાર્યક્રમમાં દર્શાવી રહ્યો હતો તે માણસ સાન મીગુલની ગુફાઓનો જંગલી નથી, પણ જનરલ મેકાકમેલ પોતે જ હતો.

આ બનાવ બ્રિટિશ સામ્રાજ્યની સરકાર માટે એક મોંઘો નહીં, પણ સાવ સસ્તો પદાર્થપાઠ સાબિત થયો. એમને ખાતરી થઈ ગઈ કે જો જિબ્રાલ્ટર પર માનવીય કબજો ન હોય તો એ વાનરોની દયા પર જ જીવવું પડે એવી સ્થિતિ હતી. તે માટે વ્યવહારકુશળ ઇંગ્લૅન્ડે નક્કી કર્યું કે ભવિષ્યમાં તેઓ આ પ્રદેશમા તેમના સૌથી કદરૂપા સેનાપતિને જ મોકલશે કે જેથી જરૂરત પડ્યે વાનરોને ફરીથી બેવકૂફ બનાવી શકાય!

આ સાદી સરળ વ્યૂહરચના એમને જિબ્રાલ્ટર પર પોતાનો કબજો કાયમી રાખવામાં મદદરૂપ બની ગઈ.